# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સુવર્ણજયંતી મહોત્સવ કાર્યક્રમો તથા નકરાઓની વિગત

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સ્થાપના તેની પુરોગામી સંસ્થાના સ્વરૂપમાં તા. ૧૪-૪-૧૯૬૩ના રોજ કરવામાં આવેલ હતી. ત્યારબાદ આ સંસ્થા તેના વિવિધ તબક્કાઓના ચડતા-ઉતરતા ક્રમાંકમાંથી પસાર થઇ હાલે તે એક વિશાળ વટવૃક્ષ સમાન ઊભી રહેલ છે. અનેકવિધ કાર્યકરોના જે-તે સમયના અથાગ પ્રયાસો બાદ તે આજની સ્થિતિએ પહોંચી શકેલ છે. **શનિવાર તા. ૧૪-૪-૨૦૧૨ ના દિવસે આ સંસ્થા તેના અસ્તિત્વના ૪૯ વર્ષ પૂરા કરી ૫૦મા વર્ષમાં પ્રવેશે છે. સમાજના ટ્રસ્ટ બોર્ડે ૫૦મા વર્ષને 'સુવર્ણ જયંતી વર્ષ' તરીકે ઉજવવાનું નક્કી કરેલ છે.**

તેના અનુસંધાને "સુવર્ણ જયંતી વર્ષ"ના કાર્યક્રમોની રૂપરેખા નક્કી કરી લેવામાં આવેલ છે. વિગતવાર માહિતી નીચે મુજબ છે.

### સુવર્ણ જયંતી મહોત્સવ – વિગતવાર કાર્યક્રમ

| ક્રમ | મહિનો | કાર્યક્રમ તારીખ | રિમાર્ક | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|---|
| ૧. | એપ્રિલ-૨૦૧૨ | શનિવાર, તા. ૧૪-૪-૨૦૧૨ | આંબેડકર જયંતી | ● સુવર્ણ જયંતી મહોત્સવ પ્રારંભ<br>● રાત્રે મનોરંજન કાર્યક્રમ |
| ૨. | મે-૨૦૧૨ | રવિવાર, તા. ૧૩-૫-૨૦૧૨ | - | ● મુંબઇ ખાતે ભારતભરની કચ્છી જૈન સંસ્થાઓના પદાધિકારીશ્રીઓનું સંમેલન. (ચેમ્બુર ખાતેનું "સુમતિ ગૂર્જર ભુવન" બુક કરાવી લેવામાં આવેલ છે.) |
| ૩. | જૂન-૨૦૧૨ | ગુરુવાર, તા. ૨૧-૬-૨૦૧૨ | અષાઢી બીજ - કચ્છી નવું વર્ષ | ● અમદાવાદ ખાતે કચ્છી ગાયકો દ્વારા પ્રસ્તુત "કચ્છી ડાયરો" |
| ૪. | જુલાઇ-૨૦૧૨ | રવિવાર, તા. ૨૨-૭-૨૦૧૨ | (તા. ૩-૭-૨૦૧૨ ચાતુર્માસ પ્રારંભ) | ● અમદાવાદ ખાતે મુંબઇ સ્થિત કચ્છી સંસ્થા દ્વારા પ્રસ્તુત "કચ્છી નાટક" |
| ૫. | ઓગસ્ટ-૨૦૧૨ | બુધવાર, તા. ૧૫-૮-૨૦૧૨ | સ્વાતંત્ર્ય દિન | ● સારા ક્રમાંકે ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન<br>● વિદ્યાર્થીઓને અનુરૂપ અન્ય કાર્યક્રમો |
| ૬. | સપ્ટેમ્બર-૨૦૧૨ | (a) રવિવાર, તા. ૯-૯-૨૦૧૨ | (ગુરુવાર, તા. ૧૩-૯-૨૦૧૨ - પર્યુષણ પ્રારંભ) | ● ભારત જન વિજ્ઞાન જાથા આયોજિત કાર્યક્રમ 'ચમત્કારોથી ચેતો' અથવા 'સાહિત્ય સંમેલન' |
| | | (b) રવિવાર, તા. ૩૦-૯-૨૦૧૨ | સંવત્સરી પછીનો બીજો રવિવાર | ● સ્નેહમિલન સમારંભ, સ્વામિવાત્સલ્ય જમણવાર. |
| ૭. | ઓક્ટોબર-૨૦૧૨ | (a) રવિવાર તા. ૨૦-૧૦-૨૦૧૨ | છઠ્ઠું નવરાત્ર | ● નવરાત્રિ મહોત્સવ (યોગ્ય ઓપન ગ્રાઉન્ડ પર) |
| | | (b) સોમવાર, તા. ૨૯-૧૦-૨૦૧૨ | શરદ પૂનમ | ● શરદોત્સવ-દાંડિયા રાસ (શ્રી કચ્છી જૈન ભવનના પટાંગણમાં) |
| ૮. | નવેમ્બર-૨૦૧૨ | બુધવાર તા. ૧૪-૧૧-૨૦૧૨ | નૂતન વર્ષ - વિક્રમ સંવત ૨૦૬૯ | ● નૂતન વર્ષ મિલન સમારંભ |
| ૯. | ડિસેમ્બર-૨૦૧૨ | રવિવાર તા. ૨-૧૨-૨૦૧૨ | (તા. ૨૯-૧૧-૨૦૧૨, ચાતુર્માસ પૂર્ણાહુતિ) | ● સમાજના બાળકો, તરુણો તથા યુવા વર્ગ દ્વારા પ્રસ્તુત 'મનોરંજન કાર્યક્રમ' |

*સત્ય મશાલ છે જે ધુમ્મસને વિખેરી નાખવાને બદલે તેની વચ્ચે પણ ઝળહળ્યા કરે છે.*

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦. | જાન્યુઆરી-૨૦૧૩ | (a) રવિવાર તા. ૬-૧-૨૦૧૩ | – | ● ગત વર્ષ દરમ્યાન સમાજના સદ્‌ગત પરિવારજનોને 'શ્રદ્ધાંજલિ કાર્યક્રમ' |
| | | (b) શુક્રવાર તા. ૧૮-૧-૨૦૧૩થી રવિવાર તા. ૨૦-૧-૨૦૧૩ | – | ● અમદાવાદ ખાતે ઑપન ગ્રાઉન્ડ ઉપર કચ્છી મેળો (કચ્છી ક્રાફટસ તથા કચ્છી ફુડ ફેસ્ટિવલ) |
| ૧૧. | ફેબ્રુઆરી-૨૦૧૩ | રવિવાર તા. ૧૭-૨-૨૦૧૩ | – | ● અમદાવાદ ખાતે ગુજરાત સ્થિત કચ્છી જૈન યુવાઓનું સંમેલન |
| ૧૨. | માર્ચ-૨૦૧૩ | (a) રવિવાર તા. ૧૭-૩-૨૦૧૩ | – | ● ભુજ ખાતે કચ્છના વિકાસના પ્રશ્ને સેમિનાર |
| | | (b) સોમવાર તા. ૧૮-૩-૨૦૧૩થી બુધવાર તા. ૨૦-૩-૨૦૧૩ | – | ● કચ્છ દર્શન (૩ દિવસનો કાર્યક્રમ) |
| ૧૩. | એપ્રિલ-૨૦૧૩ | શનિવાર તા. ૧૩-૪-૨૦૧૩ | – | ● પૂર્ણાહુતિ મહોત્સવ |

***આ સમય દરમ્યાન નીચે મુજબના અન્ય કાર્યક્રમોના આયોજનો પણ ગોઠવવામાં આવનાર છે.***

- અમદાવાદ સ્થિત કચ્છી જૈન પરિવારોનું વસતિ પત્રક
- અમદાવાદ સ્થિત સમગ્ર કચ્છીઓની બિઝનેસ ડિરેક્ટરી
- સમાજના સભ્યો માટે ક્રેડિટ સોસાયટી
- અંદાજિત ૩૦૦ ચો. ફૂટથી ૫૦૦ ચો. ફૂટના ૨૫૧ આવાસોની આવાસ યોજના, જે યોગ્ય જમીન સંપાદિત થાય, તેના પર આધારિત છે.

સમાજ તરફથી આશા સેવવામાં આવે છે કે ઉપરોક્ત "સુવર્ણ જયંતી મહોત્સવ"ના કાર્યક્રમોમાં સમાજના સભ્ય પરિવારની દરેક વ્યક્તિ ઉમળકાભેર ભાગ લઇ આ કાર્યક્રમને દીપાવશે. તે અંગેના આયોજનો અત્યારથી શરૂ કરી દેવામાં આવેલ છે. જે-તે કાર્યકરને જે-તે કાર્યક્રમની જવાબદારી સુપરત કરવામાં આવી રહેલ છે. મહોત્સવના શુભારંભ સમયે "અતિથિ વિશેષ" તરીકે ઉપસ્થિત રહેવા આમંત્રણો પાઠવાઇ ગયેલ છે અને તેના જવાબો આવવાના પણ શરૂ થઇ ગયેલ છે. બહારગામના કાર્યક્રમોની પણ તૈયારી આરંભી દેવામાં આવેલ છે. સમાજની જે કોઇ વ્યક્તિ ઉપરોક્ત સૂચવ્યા અનુસારના કોઇપણ કાર્યક્રમની જવાબદારી સ્વીકારવા ઉત્સુક હોય તેઓએ પોતાના નામો અને કાર્યક્રમની જવાબદારીની વિગત વહેલી તકે સમાજની ઓફિસ પર મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.

ઉપરોક્ત કાર્યક્રમોના ખર્ચને પહોંચી વળવા તેના નકરાઓની વિગત પણ સમાજના ટ્રસ્ટ બોર્ડ તરફથી નક્કી કરી લેવામાં આવેલ છે. સમાજના સક્ષમ વર્ગને અપીલ કરવામાં આવે છે કે સમાજના આ "સુવર્ણ જયંતી મહોત્સવ" કાર્યક્રમમાં પોતાનો યથા યોગ્ય સહકાર આપી આ કાર્યક્રમને પૂરેપૂરો દીપાવે.

સમાજ તરફથી રજૂ કરવામાં આવનાર કાર્યક્રમના નકરાઓની વિગત સમાજના ટ્રસ્ટ બોર્ડ દ્વારા નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે.

| *ક્રમ* | *કાર્યક્રમની તારીખ* | *કાર્યક્રમની વિગત* | *નકરો* |
|---|---|---|---|
| ૧. | શનિવાર, તા. ૧૪-૪-૨૦૧૨ | સુવર્ણ જયંતી મહોત્સવ સમારંભ | રૂા. ૧.૫૧ લાખ |
| ૨. | શનિવાર, તા. ૧૪-૪-૨૦૧૨ | રાત્રે મનોરંજન કાર્યક્રમ | રૂા. ૧.૫૧ લાખ |
| ૩. | રવિવાર, તા. ૧૩-૫-૨૦૧૨ | મુંબઇ ખાતે ભારતભરની કચ્છી જૈન સંસ્થાઓના પદાધિકારીશ્રીઓનું સંમેલન | રૂા. ૨.૫૧ લાખ |
| ૪. | ગુરુવાર, તા. ૨૧-૬-૨૦૧૨ | કચ્છી નૂતન વર્ષ નિમિત્તે કચ્છી ડાયરો | રૂા. ૧.૫૧ લાખ |
| ૫. | રવિવાર, તા. ૨૨-૭-૨૦૧૨ | કચ્છી નાટક | રૂા. ૧.૫૧ લાખ |
| ૬. | બુધવાર, તા. ૧૫-૮-૨૦૧૨ | સરસ્વતી સન્માન તથા અન્ય કાર્યક્રમો | રૂા. ૧.૫૧ લાખ |
| ૭. | રવિવાર, તા. ૯-૯-૨૦૧૨ | જાથા દ્વારા ચમત્કારોથી ચેતો અથવા સાહિત્ય સંમેલન | રૂા. ૧.૫૧ લાખ |

***સંકલ્પવાન માણસ નિષ્ફળ જાય તો પણ હતાશ થતો નથી.***

| | | | |
|---|---|---|---|
| ૮. | રવિવાર, તા. ૨૧-૧૦-૨૦૧૨ | નવરાત્રિ મહોત્સવ (અન્ય ઓપન ગ્રાઉન્ડ ઉપર) | રૂા. ૧.૫૧ લાખ |
| ૯. | સોમવાર, તા. ૨૯-૧૦-૨૦૧૨ | શરદ પૂનમ- શરદોત્સવ (શ્રી કચ્છી જૈન ભવનના પટ્ટાંગણ પર) | રૂા. ૦.૫૧ લાખ |
| ૧૦. | બુધવાર, તા. ૧૪-૧૧-૨૦૧૨ | નૂતન વર્ષ મિલન સમારંભ | રૂા. ૧.૫૧ લાખ |
| ૧૧. | રવિવાર, તા. ૨-૧૨-૨૦૧૨ | સમાજના યુવા બાળકો દ્વારા મનોરંજન કાર્યક્રમ | રૂા. ૧.૫૧ લાખ |
| ૧૨. | શુક્રવાર, તા. ૧૮-૧-૨૦૧૩થી રવિવાર તા. ૨૦-૧-૨૦૧૩ | કચ્છી મેળો (કચ્છી ક્રાફ્ટસ તથા કચ્છી ફૂડ ફેસ્ટિવલ) | રૂા. ૨.૫૧ લાખ |
| ૧૩. | રવિવાર, તા. ૧૭-૨-૨૦૧૩ | ગુજરાત સ્થિત કચ્છી જૈન યુવાઓનું સંમેલન | રૂા. ૧.૫૧ લાખ |
| ૧૪. | રવિવાર, તા. ૧૭-૩-૨૦૧૩ | ભુજ ખાતે કચ્છના વિકાસના પ્રશ્ને સંમેલન | રૂા. ૧.૫૧ લાખ |
| ૧૫. | સોમવાર, તા. ૧૮-૩-૨૦૧૩થી બુધવાર તા. ૨૦-૩-૨૦૧૩ | કચ્છ દર્શન (૩ દિવસ) | રૂા. ૧.૫૧ લાખ |
| ૧૬. | શનિવાર, તા. ૧૩-૪-૨૦૧૩ | સુવર્ણ જયંતી વર્ષ - પૂર્ણાહુતિ મહોત્સવ | રૂા. ૧.૫૧ લાખ |
| ૧૭. | શનિવાર, તા. ૧૩-૪-૨૦૧૩ | અમદાવાદ સ્થિત કચ્છી જૈન પરિવારોનું વસતિ પત્રક | રૂા. ૧.૫૧ લાખ |
| ૧૮. | શનિવાર, તા. ૧૩-૪-૨૦૧૩ | અમદાવાદ સ્થિત સમગ્ર કચ્છી એકમોની બિઝનેસ ડિરેક્ટરી | રૂા. ૧.૫૧ લાખ |

સુવર્ણ જયંતી મહોત્સવ નિમિત્તે સમાજની વિવિધ સમિતિઓના કાર્યક્રમો નક્કી કરવામાં આવી રહેલ છે. મુખ્ય કાર્યક્રમોની તારીખો બાદ કરતાં વિવિધ સમિતિઓના કાર્યક્રમોની વિગતવાર માહિતી તૈયાર થઇ જતાં તેનું પ્રસારણ પણ 'મંગલ મંદિર' દ્વારા કરવામાં આવશે.

સહુને યોગ્ય સહકાર આપવા અંતમાં ફરીથી અપીલ કરવામાં આવે છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**અશોક મહેતા**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# આગામી કાર્યક્રમો

| | તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● | રવિવાર, તા. ૧૧-૧૨-૨૦૧૧<br>સવારના ૯.૦૦થી ૧૨.૦૦ | મેડિકલ સેન્ટર,<br>શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | તબીબી સેવા સમિતિ આયોજિત<br>ઈ.એન.ટી., ઓડિયોગ્રામ તથા ડેન્ટલ કેમ્પ. |
| ● | રવિવાર, તા. ૧૮-૧૨-૨૦૧૧<br>સવારના ૧૦.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ આયોજિત<br>બાળકો માટે એપ્ટીટ્યૂડ ટેસ્ટ. |
| ● | રવિવાર, તા. ૮-૧-૨૦૧૨<br>સવારના ૯.૩૦ | શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાલા)<br>સાંસ્કૃતિક કેન્દ્ર, શ્રી કચ્છી જૈન ભવન. | વર્ષ ૨૦૧૧ દરમ્યાન સમાજના અવસાન પામેલા<br>આપ્તજનોને શ્રદ્ધાંજલિ સ્વરૂપે સમૂહ પ્રાર્થના. |
| ● | રવિવાર, તા. ૮-૧-૨૦૧૨<br>બપોરના ૨.૩૦થી ૬.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | યુવા વિકાસ સમિતિ આયોજિત સ્પર્ધાઓ.<br>(૧) સંગીત હરીફાઈ (નૃત્ય)<br>(૨) સંગીત હરીફાઈ (વાદ્ય)<br>(૩) સંગીત હરીફાઈ (કંઠ્ય) |
| ● | રવિવાર, તા. ૨૨-૧-૨૦૧૨<br>સવારના ૯.૦૦થી ૧૨.૦૦ | મેડિકલ સેન્ટર,<br>શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | તબીબી સેવા સમિતિ આયોજિત<br>ગાયનેક તથા પીડિયાટ્રીક કેમ્પ. |
| ● | રવિવાર, તા. ૨૯-૧-૨૦૧૨<br>સવારના ૯.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | યુવા વિકાસ સમિતિ આયોજિત<br>જનરલ નોલેજ હરીફાઈ (ક્વીઝ કોન્ટેસ્ટ) |

*જેટલીવાર આપણે એક મિત્ર ગુમાવીએ તેટલીવાર આપણું મૃત્યુ થાય છે.*

# ઊડતી નજરે....

**સપ્ટેમ્બર + ઓક્ટોબર-૨૦૧૧ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........................................................ | **૧૦,૨૦૪** |
| | | કે જેમાંથી – | |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ.............................. **૭૬૯** | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .................................................. **૪૮** | |
| | (ખ) | મોતિયા - આંખના ઓપરેશન .................................................. **૪૧** | |
| | (ગ) | સોનોગ્રાફી ........................................................ **૧,૧૮૪** | |
| | (ઘ) | ટી.એમ.ટી. ........................................................ **૨૫** | |
| | (ચ) | બોડી ચેક-અપ ........................................................ **૪૬૪** | |
| | (છ) | અન્ય ........................................................ **૭,૬૭૩** | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .................................................. **૪,૭૫૯**<br>શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં લાભ લેનાર અન્ય વ્યક્તિઓ..**૧૧,૪૪૭**<br>શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ ................................ **૩,૪૪૯** | **૧૯,૬૫૫** |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .................................................. **૧,૮૩૦**<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ......... **૬,૦૨૫** | **૭,૮૫૫** |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........................................................ | **૧૨૦૯** |
| | | સપ્ટેમ્બર + ઓક્ટોબર-૨૦૧૧ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ..... | **૩૮,૯૨૩** |

## લોગો અને સ્લોગન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું સુવર્ણ જયંતી વર્ષ નજદીકના ભવિષ્યમાં આવી રહેલ છે અને તેની ઉજવણીના અનુસંધાને (તા. ૧૪-૪-૨૦૧૨થી તા. ૧૩-૪-૨૦૧૩) અનેકવિધ કાર્યક્રમોનું આયોજન થઇ રહેલ છે.

**સમાજ તેનાં સુવર્ણજયંતી વર્ષ નિમિત્તે એક લોગો અને સ્લોગન નક્કી કરવા માંગે છે.**

સમાજના સભ્યો તથા મંગલ મંદિરના અન્ય વાચક વર્ગને અપીલ કરવામાં આવે છે કે સમાજના તથા તેનાં સુવર્ણ જયંતી વર્ષના મહોત્સવને અનુરૂપ બંને વસ્તુની ડિઝાઈન કરીને શ્રી કચ્છી જૈન ભવનના સરનામે, વહેલાસર મોકલાવી આપે, જેથી સમાજ તેની મૂલવણી કરી યોગ્ય નિર્ણય કરી શકે.

પસંદગી પામનાર લોગો તથા સ્લોગનના ડિઝાઈનરને યોગ્ય પુરસ્કારથી નવાજવામાં આવશે.

આશા છે કે આ બાબતે રસ દાખવનાર વ્યક્તિઓનો અમને સહકાર મળી રહેશે.

***પ્રતાપ નારાણજી દંડ***

*માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

છેલ્લા ૩૬ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**
અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
સૂરજલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**સુડોકુ**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

**શબ્દ રમત**
સૂરજલાલ મોતીલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)

**મંગલમંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ**
ચંદ્રા મહેન્દ્ર શાહ (૦૭૯ - ૨૬૭૬૦૨૬૬)

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

**– મુખ્યતંત્રી**

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક પાના નં.*


- તંત્રી લેખ : કચ્છમાં સિંધુ નદીના પાણીનો ફરી પ્રવેશ ........ અશોક મહેતા ...... ૧૧


*લેખ વિભાગ :*

## કચ્છ


- કચ્છનું શ્વેત રણ! ........ ભરત'કુમાર' પ્રા. ઠાકર ...... ૧૩


## વિચાર-વિમર્શ


- જિંદગીમાં 'કન્ટ્રોલ' કરવા જેવી ત્રણ મહત્ત્વની બાબત ........ ડૉ. ચંદ્રકાંત મહેતા ...... ૧૭
- માળખાકીય શોષણના અંતની શરૂઆત ........ મુરજી ગડા ...... ૧૯
- ધર્મનો મર્મ ........ રવિલાલ એમ. વોરા ...... ૨૩


## માહિતી


- વૃક્ષારોપણ થકી પ્રકૃતિ અને સંસ્કૃતિની રક્ષા
  આંતરરાષ્ટ્રીય વન વર્ષ - ૨૦૧૧ ........ સંજય પી. ઠાકર ...... ૨૫


## તંદુરસ્તી


- બાળકોમાં માથાનો દુઃખાવો........ ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) ...... ૨૭
- શરીરમાં થતા અસહ્ય દુઃખાવા ........ ૨૯


## હળવાશની ક્ષણોમાં


- છેલ્લા દિવસે ........ ચિત્રસેન શાહ - ગાંધીનગર ...... ૩૧
- બાલુડેં જ્યું ગાલિયું ........ સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૩૩


## મહિલા વિશ્વ


- રેસિપી – જૈન વાનગી માટે ........ સુરભિ નીરવ વસા ...... ૩૫


## વાર્તા


- જિંદગી ગુજરે તે ઘર ........ ચંદ્રહાસ ત્રિવેદી ...... ૩૬
- શશી ........ પૃથ્વી શાહ ...... ૩૮


## નિયમિત વિભાગો


- આંજો કાગર ........ ૪૧

- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૪૯
- મંગલ મંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ ........ સંકલન : ચંદ્રા મહેન્દ્ર શાહ ...... ૫૨
- 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ........ ૫૩
- સાર સમાચાર ........ સંકલન : શાંતિલાલ સંઘવી ...... ૫૫
- જાણવા જેવું ........ સંકલન : સૂરજલાલ મહેતા ...... ૫૬
- શબ્દ રમત-૬૫ ........ સંકલન : સૂરજલાલ મહેતા ...... ૫૭
- સુડોકુ – ૧૦૨૨ ........ રજનીકાંત ધરમશી પારેખ ...... ૫૯
- વલોવતન ........ સંકલન : રજનીકાંત ધરમશી પારેખ ...... ૬૧
- લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી ........ ૬૪
- સમાજ દર્પણ ........ ૭૩
- સંસ્થા સમાચાર ........ ૭૫
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ........ ૮૪


## જીવનભાવના

થોડી વસ્તુઓથી સંતુષ્ટ રહેવું,
વૈભવને બદલે સુંદરતા અને
ફેશનને બદલે સુઘડતા પસંદ કરવી,

સન્માનનીય થવા કરતાં –
સન્માનને ઝંખવાને બદલે
માનને યોગ્ય અને પાત્ર બનવું.

સંપત્તિવાન નહીં પણ સમૃદ્ધ બનવું
સખત પરિશ્રમ - ઊંડો અભ્યાસ કરવો.
શાંત ચિત્તે વિચાર કરવો, મૃદુ રીતે વાત કરવી,
નિખાલસપણે વર્તવું.

તારાઓ, પંખીઓ, બાળકો અને સાધુજનોનાં
હૃદયગાન ખુલ્લા દિલથી સાંભળવા.
બધું આનંદથી ખમી લેવું, હિંમતથી કાર્ય કરવું.
અવસરની રાહ જોવી, ઉતાવળ કદી કરવી નહિ.

– ટૂંકમાં, સામાન્યતામાં અણકથી અને
અભાનપણે રહેલી આધ્યાત્મિક્તાને પ્રકટવા દેવી

– આ મારી જીવનભાવના છે.

*– વિલિયમ હેનરી ચેનીંગ*




શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ០૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
(ઘર) ૨૬૬૦૩૪૫૮, (ઓ) ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦


**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦


***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***



Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## કચ્છમાં સિંધુ નદીના પાણીનો ફરી પ્રવેશ

*– અશોક મહેતા*

૩ નવેમ્બર, ૨૦૧૧ના અમદાવાદથી પ્રસારિત થતા અંગ્રેજી દૈનિક 'અમદાવાદ મિરર' માં અને ૮ નવેમ્બર, ૨૦૧૧ના ભુજથી પ્રસારિત થતા દૈનિક 'કચ્છ મિત્ર'માં કચ્છ માટે ખૂબજ લાભદાયક કહી શકાય તેવા સમાચાર પ્રસિદ્ધ થયેલ. જેમાં એવું જણાવવામાં આવેલ હતું કે સદીઓ (બારમી સદીના ભૂકંપ) બાદ સિંધુ નદીના વહેણ ફરી બદલાઇ રહ્યા છે અને તે વિઘોકોટ નજીકથી કચ્છના મોટા રણમાં પ્રવેશી, ત્યાંથી નાના રણમાંથી પસાર થઇ, નળ સરોવર તથા ભાલ પ્રદેશમાં પ્રવેશી રહ્યા છે. સાથે સાથે એવા સમાચાર પણ પ્રસિદ્ધ થયેલ છે કે ઇ.સ. ૧૮૧૯ના ભૂકંપ અગાઉ 'નરાકા' વહેણમાંથી કચ્છના રણમાં પ્રવેશી જે ફાંટો લખપત તરફ જતો હતો તે નરાકા વહેણમાંથી પણ સિંધુ નદીના પાણી કચ્છના રણમાં પ્રવેશ્યા છે.

ગુજરાતના જળ સંસાધનો પર સંશોધનની કામગીરી કરી રહેલા અને "વાતાવરણના બદલાવ"ના વિષય સાથે અનુસ્નાતક થયેલા ૨૬ વર્ષીય યુવાન રોહન ઠક્કરે કેટલીક તાજી ઉપગ્રહીય તસવીરોનો અભ્યાસ કરીને આ તારણ કાઢેલ છે. ઇસરો સાથે જોડાયેલા અને સેટેલાઇટ આર્કિયોલોજિસ્ટ તરીકે કામ કરતા રોહનના પિતા ડૉ. પી.એસ. ઠક્કરે પણ આ તસવીરોનું નિરીક્ષણ કર્યા બાદ નિવેદન આપેલ છે કે ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૦ અને ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૧ના લીધેલ સેટેલાઇટ તસવીરોના અભ્યાસ કર્યા બાદ જાણવા મળે છે કે છેલ્લા બે વર્ષથી સિંધુ નદીના પાણી કચ્છના રણમાં પ્રવેશી રહ્યા છે.

**કચ્છની દૃષ્ટિએ ૨૧મી સદીના આ સમાચારને અત્યાર સુધીના સમાચારોમાં ખૂબજ અગત્યના અને ખૂબજ લાભકારક પુરવાર થઇ શકે તે શ્રેણીમાં મૂકી શકાય.**

બારમી સદીના ધરતીકંપ અગાઉ સિંધુ નદી હિમાલયની ગિરિમાળામાંથી નીકળી, વિવિધ પ્રદેશોમાંથી પસાર થઇને કચ્છના મોટા રણમાં પ્રવેશતી. ત્યાંથી નાના રણમાં થઇને વાગડની ઉત્તરેથી ઝીંઝુવાડા અને નળ સરોવર તથા ભાલ પ્રદેશ થઇને ધોલેરા બંદર પાસે ખંભાતના અખાતને મળતી હતી. સંશોધન ત્યાં સુધી કહે છે કે કચ્છના રણના અત્યારના સમગ્ર પ્રદેશને પણ સપ્તસિંધુનો પ્રદેશ કહેવાતો હતો કારણ કે સિંધુ નદી ઉપરાંત સરસ્વતી, જેલમ, ચિનાબ, રાવી, બિયાસ અને સતલજના પાણી પણ અહીં ઠલવાતા અને અહીં સાગર જેવું વિશાળ દૃશ્ય સર્જાતુ હતું. **ધોળાવીરાનો વિકાસ આ સંસ્કૃતિનુંજ પરિણામ હતું.** સંશોધન દ્વારા એવી પણ જાણકારી મેળવવામાં આવેલ છે કે બાદશાહ સિકંદર હિન્દુસ્તાન પરની ચડાઇ બાદ ઝીંઝુવાડા બંદરેથી વહાણ દ્વારા કચ્છની ઉત્તરે થઇને પરત ફરેલ હતો.

બારમી સદીના ધરતીકંપે આ પ્રદેશની ભૌગોલિક પરિસ્થિતિ સંપૂર્ણપણે બદલી નાંખી. સિંધુ નદી પશ્ચિમ તરફ સરકી ગઇ. સરસ્વતી નદી લુપ્ત થઇ ગઇ. અન્ય નદીઓના વહેણ પણ પશ્ચિમ તરફ ખસી ગયા. કાળાંતરે સપ્ત સિંધુનો પ્રદેશ સૂકો ભટ પ્રદેશ બની ગયો. ધોળાવીરાના અવશેષ માત્ર રહી ગયા. ઝીંઝુવાડા બંદર નષ્ટ થઇ ગયું. સમગ્ર પ્રદેશ પર વેરાનતા ફરી વળી.

બારમી સદીના ધરતીકંપ બાદ સિંધુ નદીનો એક માત્ર ફાંટો 'નરાકા'ની વાટે થઇ લખપત તરફ વહેતો રહ્યો કે જે પણ ૧૮૧૯ ના ભૂકંપ બાદ અલ્લાહબંધના કુદરતી નિર્માણના કારણે બંધ થઇ ગયો. સમગ્ર કચ્છ પ્રદેશ આજ દિન સુધી સમગ્રતયા વેરાન મુલક તરીકે પ્રસ્થાપિત થયો.

**અત્યારના વાતાવરણના બદલાવ (ક્લાઇમેન્ટ ચેન્જ)નો અભ્યાસ કરતા નીચેના બે મુદ્દા મુખ્યત્વે ઉપસી આવે છે.**

૧. છેલ્લા નવ વર્ષથી ચોમાસા દરમ્યાન કચ્છમાં સતતપણે વરસાદ વરસી રહેલ છે અને દુષ્કાળની પરિસ્થિતિ ઉત્પન્ન થયેલ નથી.

૨. પાકિસ્તાનમાં સિંધુ નદીના કિનારાના કાંપનું ધોવાણ થવાના કારણે છેલ્લા બે વર્ષથી સિંધુ નદીના વહેણ પૂર્વ તરફ વહેતા થયા છે અને સિંધુ નદીના પાણી કચ્છના રણમાં ઠલવાતા થયા છે.

આ બંને મુદ્દાઓ આવનારા વર્ષોમાં કચ્છ માટે ખૂબ જ લાભદાયક પુરવાર થાય તેવા અણસાર અત્યારથી વર્તાઇ રહેલ છે. પ્રથમ મુદ્દા પ્રમાણે અગાઉ કચ્છમાં ૧૦ વર્ષમાંથી ૭ વર્ષ દુષ્કાળના પસાર થતા ત્યારે તે સામે હાલે કચ્છમાં સતતપણે ૯ વર્ષ સારા પસાર થયા છે તેના વૈજ્ઞાનિક કારણો તો આ વિષયના તજજ્ઞો જ આપી શકે. બીજા મુદ્દા બાબત **આપણે ઇચ્છીએ**

**કે સિંધુ નદીના કાંઠા પરના કાંપમાં વધુને વધુ ધોવાણ થતું રહે અને સિંધુ નદી વધુને વધુ પૂર્વ તરફ વહેતી રહે. નરાકા ક્રીક અગાઉની માફક સક્રિય થાય તો કચ્છનો પશ્ચિમ વિભાગ લીલોછમ બની શકે. મોટા-નાના રણમાં વધુને વધુ પ્રમાણમાં નદીના મીઠા પાણી ઠલવાય તો આ તરફનો સમગ્ર વિસ્તાર હરિયાળો બની શકે.**

પ્રશ્ન એ ઉદ્ભવે છે કે સિંધુ નદીના વહેણ પર આવતા દિવસોમાં જો માનવીય પ્રભુત્વ રહેશે તો પાકિસ્તાન પોતાના પ્રદેશના પાણીનો લાભ પાકિસ્તાનના બદલે ભારતને મળે તો તેમ થતું કદાચ અટકાવે. સિવાય કે કુદરત પાસે મનુષ્ય લાચાર બની જાય. **આપણે ઇચ્છીએ કે સિંધુ નદીના પાણી મોટા રણ દ્વારા ભારતમાં પ્રવેશે કે જેથી ધોળાવીરા સંસ્કૃતિને જીવંત કરી શકાય. બન્ની, ખડીર, ખાવડા, વાગડ વિસ્તાર, ઝીંઝુવાડા બંદર વગેરે હરિયાળા બની શકે. જૂની જાહોજલાલી ફરી પ્રાપ્ત થઇ શકે.**

**આ સમાચારે એક હકીકત ફરી સહુની નજરમાં ઉપસ્થિત કરી દીધેલ છે કે કચ્છ, એ સિંધુ તટનો પ્રદેશ ગણાય અને તેને સિંધુના પાણીનો લાભ મળવો જોઇએ.** નર્મદા નદીના પાણી કે ભાકરા નાંગલ ડેમના પાણી પર રાજસ્થાનનો જે હક્ક લાગે તેના કરતાં અનેક ઘણો હક્ક સિંધુ નદીના પાણી પર કચ્છનો બની શકે છે. **આંતરરાષ્ટ્રીય સંધિના કારણે સિંધુ નદીના પાણીનો હક્ક કચ્છ ગુમાવતું હોય તો ભારત સરકારે તેના વિકલ્પો કચ્છ માટે ઊભા કરવા જોઇએ.** તા. ૧૯-૯-૧૯૬૦ના પંડિત જવાહરલાલ નહેરૂ અને પાકિસ્તાનના ફિલ્ડ માર્શલ અયુબખાન વચ્ચે વિશ્વ બેંકની મધ્યસ્થી દ્વારા સિંધુના જળ કરારની કરાંચીમાં જે અધિકૃત જાહેરાત કરવામાં આવી અને જેનાથી સિંધુ નદીના પાણી કચ્છને મળે તેવી કોઇ શક્યતા જ ન રહેવા પામી તેની સામે આ પ્રશ્ને ફેર વિચારણાનો પ્રશ્ન લોકોના દિલો-દિમાગમાં આવતા દિવસોમાં જડબેસલાક બેસી જવાનો અને સમગ્ર કચ્છના વાતાવરણમાં આ પ્રશ્ન ચર્ચાતો રહેવાનો.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (ઘર) ૨૬૮૭૨૩૨૮ મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

# વર્ષ ૨૦૧૧ના અંતે ખૂબ જ સરસ અને આવકારદાયક સમાચાર

## કચ્છી જૈન ઉદ્યોગપતિઓના જૂથને સલામ!

**પોતાના નવા ઉદ્યોગ સ્થાપવાનું સાહસ ખેડવા થનગનતા કચ્છી ઉદ્યોગ સાહસિકો માટે અઢળક નાણાંની મદદ કરવા સામે ચાલીને રાહ જોવાઈ રહી છે.** અગ્રણી કચ્છી ઉદ્યોગપતિઓના એક જૂથે સરહદી જિલ્લામાંથી આવતા સાહસિકોને કોઈ કારોબાર શરૂ કરવામાં મદદરૂપ થવા એક 'સાહસિક મૂડી ભંડોળ' શરૂ કર્યું છે. પરંતુ તે માટે એક પૂર્વશરત છે... તે ઉદ્યોગ 'જૈન સિદ્ધાંતો'ને અનુકૂળ હોવો જોઈએ.

**'કચ્છી ઍંજલ નેટવર્ક' (કે.એ.એન.) તરીકે પ્રચલિત આ ભંડોળની રચના કચ્છી જૈન ઉદ્યોગ જૂથો મેસર્સ એન્કર ગ્રૂપ, નવનીત પબ્લિકેશન્સ, ગાલા પ્રિસાઈઝન એન્જિનિયરિંગ, આરતી ઈન્ડસ્ટ્રીઝ અને અંતરા જ્વેલરી દ્વારા કરાઈ છે.**

આ જૂથ દ્વારા પ્રત્યેક વર્ષે જણાવેલ ફંડમાં રૂપિયા પચ્ચીસ કરોડનું રોકાણ કરશે અને **પ્રારંભિક મૂડી તરીકે ૫૦ લાખથી પાંચ કરોડ રૂપિયા અપાશે.**

એક અંગ્રેજી દૈનિકના અહેવાલ મુજબ આ શરૂઆતના માધ્યમથી 'અમે જૈન સિદ્ધાંતને પ્રોત્સાહન આપવાનો આશય ધરાવીએ છીએ' તેવું આ ફંડની પહેલ કરવાનો વિચાર જેમને પ્રથમ આવ્યો તે અમદાવાદ તથા મુંબઈ સ્થિત નવનીત પબ્લિકેશન્સના નાણાકીય વિભાગના અધ્યક્ષ શ્રી સુનિલ ગાલાએ જણાવ્યું હતું.

જોકે, આલ્કોહોલ, મરઘાં ઉછેર, માછીમારી, ચર્મોદ્યોગ, તમાકુ સંબંધિત ઉત્પાદનોના યુનિટો સ્થાપવા ઈચ્છતા સાહસિકોને આ પ્રકારના ઉદ્યોગો જૈન સિદ્ધાંતોથી વિરુદ્ધ હોવાથી જણાવેલ ફંડમાંથી મદદ મળશે નહીં. તેવી સ્પષ્ટતા જૂથ દ્વારા કરવામાં આવી છે.

**આ શરૂઆત કરવાનો હેતુ, સમાજનો સમગ્ર રીતે વિકાસ કરીને મજબૂત કરવા માટેનો છે.** કચ્છી સમુદાય સાહસિક છે પરંતુ તેમાં કોઈ નાણાકીય કે વ્યુહાત્મક મદદના સંદર્ભે અવરોધનો સામનો કરતો હોય તો તે સ્થાને **ભંડોળ આપવા ઉપરાંત જૂથ સાહસિકોને જરૂરી માર્ગદર્શન પણ આપશે.** અમારો ઉદ્દેશ ૧૦૦થી વધારે પ્રયોજકો મેળવવાનો છે તેમ તેમણે જણાવ્યું હતું.

આ પ્રકારની યોજનાની શરૂઆત માસ માર્ચ-૨૦૦૧થી થઈ છે અને તે દરમ્યાન જૂથને ૨૫ દરખાસ્તો મળી ચૂકી છે. જૂથ દ્વારા પ્રથમ રોકાણ મુંબઈ સ્થિત ડેલટેક્ષ ઈન્ફોટેકને કરવામાં આવ્યું છે. જૂથ દ્વારા સૌપ્રથમ વહીવટી સંચાલન અને કૌશલ્યતા તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ટોચના અન્ય કારોબારમાં પણ આ પ્રકારનું રોકાણ કરવાનું જૂથ દ્વારા નક્કી થયું છે.

રોકાણકાર બાયબેક દ્વારા, બીજાને વેચાણ દ્વારા, વ્યૂહાત્મક વેચાણ દ્વારા કે આઈ.પી.ઓ. દ્વારા ૫ થી ૭ વર્ષમાં સાહસમાંથી નીકળવાની આકાંક્ષા રાખી શકે છે.

કચ્છના વિવિધ એસોસિએશન્સ, સમાજના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ સાથે જોડાણ કરીને કારોબાર અને પ્રમોટર્સની તારવણી થઈ ગઈ છે **તેમ કે.એ.એન. જૂથના સી.ઈ.ઓ. શ્રી રાહુલ શાહે વધુમાં કહ્યું હતું.** ■

કચ્છ

# કચ્છનું શ્વેત રણ!

● ભરત'કુમાર' પ્રા. ઠાકર ●

*દર વર્ષે ડિસેમ્બરની ગુલાબી ઠંડી વચ્ચે ધોરડો મુકામે યોજાતા 'રણોત્સવ' પ્રસંગે કચ્છ આવતા પર્યટકો આ રેતાળ મુલકનાં હેતાળ હૈયાનું પ્રેમાળ આતિથ્ય માણે છે. પ્રસ્તુત છે, મહોત્સવના શીર્ષકમાં સ્થાન પામેલા અને વિશિષ્ટ અનુભૂતિ કરાવતા કચ્છના રણપ્રદેશની કેટલીક રોચક હકીકતો...!*

રણ, દરિયો અને ડુંગર જેવી ત્રણેય પ્રાકૃતિક વિશિષ્ટતાઓથી વીંટળાયેલો કચ્છ જિલ્લો તેના ઇતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિથી ગુજરાતમાં અલગ તરી આવે છે. કચ્છ પ્રદેશની ભાતીગળ કળા, સંસ્કૃતિ, લોકજીવનના પરિવેશને વૈશ્વિક ફલક આપવા અને કચ્છ સાથે રાજ્યમાં પ્રવાસીઓને આકર્ષવા આજથી બે દાયકા પહેલાં ૧૯૯૨થી કચ્છમાં પ્રતિ વર્ષ પ્રવાસન નિગમ દ્વારા 'રણ મહોત્સવ' (કચ્છ ઉત્સવ) યોજાતા રહ્યા છે. વચ્ચે ભૂકંપના કારણે ૨૦૦૧ અને ૨૦૦૨ એમ બે વર્ષ તે મોકૂફ રહ્યો હતો. ૨૦૧૦ સુધી ૧૭ રણ મહોત્સવો યોજાઇ ચૂક્યા છે.

## ● વિશેષતા અને વિસ્મય :

આ રંગારંગ વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમના શીર્ષકમાં 'રણ'ને સ્થાન મળ્યું છે. બીજી અનેક વિશેષતાઓ સાથે કચ્છ ખાસ તો તેના વિશિષ્ટ રણપ્રદેશ માટે પણ જાણીતું છે. **કચ્છ માટે બહુધા સામાન્ય સમજ એવી રહી છે કે કચ્છ એટલે રણપ્રદેશ. વસ્તુતઃ રણમાં કચ્છ આવેલું નથી, પણ કચ્છમાં રણ આવેલું છે! આમ, કચ્છ માત્ર રણ નથી. કચ્છનો તે એક ભૌગોલિક હિસ્સો છે.**

કચ્છનું રણ એટલે જાણે 'વિસ્મયનું મહાકાવ્ય!' જાણે કોઇ અલખ જોગીડો પડખે લાંબો થઇને સૂતો છે. એક નિર્જન, વનસ્પતિહીન, બંજર, આંખ આંજતી ક્ષારયુક્ત ભૂમિ, બરફીલો વિસ્તીર્ણ પટ, નંગધડંગ અને તેમાં દિગ્ભ્રમિત કરતાં મૃગજળ...આ બધું રણની અચરજ ગાથા સમાન છે!

કચ્છની વાત કરતી વખતે 'કચ્છના રણ'નો ઉલ્લેખ અવશ્ય જોવા મળે. એનું સાદું કારણ કદાચ એ હોઇ શકે કે કચ્છમાં વસવાટી જમીન (૨૨,૩૪૨ ચો.કિ.મી.) કરતાં રણનો વિસ્તાર (૨૩,૩૧૦ ચો.કિ.મી.) વધારે છે! બીજા શબ્દોમાં કહીએ તો કચ્છના કુલ ક્ષેત્રફળ (૪૫,૬૫૨ ચો.કિ.મી.)માં અડધાથી પણ વધુ જમીન પર રણ ફેલાયેલું છે. **વળી, વિશ્વના અજાયબ પ્રદેશોમાંનો તે એક પ્રદેશ હોવાથી પણ એનું અનેરું મહત્ત્વ રહ્યું છે.**

## ● તાજથી પણ સુંદર રણ!

પ્રવાસનની દૃષ્ટિએ એક વિશિષ્ટ અનુભૂતિ જગાવતા રણની વિગતોમાં આપણે ખોવાઇએ તે પહેલાં કચ્છના રણથી માત્ર તજજ્ઞો નહિ, આપણા અભ્યાસુ રાજનેતાઓ પણ કેટલા અભિભૂત છે તેના તાજેતરનાં ઉદાહરણોથી પ્રારંભ કરીએ. અમદાવાદમાં નવરાત્રિ મહોત્સવ (૨૦૦૪) ના ઉદ્ઘાટન પ્રસંગે **ત્યારના રાષ્ટ્રપતિ ડો. અબ્દુલ કલામે ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રે વિકાસની જે ઉજળી તકો રહેલી છે તેમાં કચ્છમાં 'ડેઝર્ટ ટૂરિઝમ' પર ભાર મૂકી સરકારને તે દિશામાં આગળ વધવા સૂચન કરેલું.**

તો, **ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્રભાઇ મોદીને** કચ્છના રણપ્રદેશની સુંદરતાએ રીતસર મોહી લીધા છે! ૧૫મી નવેમ્બર, ૨૦૦૮ના 'ગિફ્ટ સિટી પ્રોજેક્ટ' અંગે અમદાવાદમાં તંત્રીઓ સાથે યોજાયેલી બેઠકનો પ્રારંભ કચ્છના રણોત્સવની વાતથી કરતાં એમણે કહેલું કે **કચ્છનું સફેદ રણ તો અદ્ભુત છે. તાજમહલ કરતાંય આ કુદરતી નમક સરોવર જોવાલાયક છે અને તેમાં પ્રવાસન વિકાસની ભરપૂર શક્યતાઓ સમાયેલી છે.**

આમ, પ્રવાસ-પર્યટનની દૃષ્ટિએ કચ્છના રણે છેલ્લાં કેટલાંક વર્ષોથી અનેક ક્ષેત્રોને ઘેલું લગાડ્યું છે, જેમાં સિનેસૃષ્ટિનો પણ સમાવેશ થઇ જાય છે. કચ્છના રણમાં ઠંડા પીણાની એક વિજ્ઞાપન તૈયાર થયા પછી ગણનાપાત્ર એડ્ અને ફીચર ફિલ્મોનું ચિત્રાંકન અહીં કરાયું છે. તેમાં બોલીવુડની કેટલીક નામાંકિત ફિલ્મોનો પણ સમાવેશ થાય છે.

## ● ખારાશ અને મીઠાશનું સંમિશ્રણઃ

દક્ષિણ-પશ્ચિમે અગાધ અરબી સમુદ્ર અને ઉત્તર-પૂર્વે અફાટ રણપ્રદેશ.... આ બે પ્રાકૃતિક અને પર્યાવરણીય આવરણોની વચ્ચે કચ્છનું ભાતીગળ ભૂપૃષ્ઠ રચાયેલું છે. પશ્ચિમ ભારતને કુદરતી સરહદી રક્ષણ અર્પતું કચ્છનું રણ એક આહ્લાદક અનુભૂતિ છે! આ રણ સિંધુ ખીણની સંસ્કૃતિનું સાક્ષી છે. તેમાં સમુદ્રની ખારાશ અને મહાનદી સિંધુના જળની મીઠાશ આજે પણ જાણે મૃગજળ બનીને તરવરે છે!

જગતનાં રણપ્રદેશોમાં કચ્છનો રણપ્રદેશ તદ્દન નિરાળું સ્થાન ધરાવે છે. કેમકે પરંપરાગત અર્થમાં દુનિયાનાં અન્ય રણોની જેમ તે 'રેતીનું રણ' (રેગિસ્તાન) નથી, પરંતુ અલગ જ પ્રકારનું રણ છે. અફાટ ખારાપાટનો સપાટ ભૂમિ પ્રદેશ તથા અગાધ લવણ જળ ભર્યા સરાણો ધરાવતું તે એક વિશિષ્ટ રણ બની રહે છે. (રણનો મીઠાંથી છવાયેલો પ્રદેશ 'ખારોપાટ' કહેવાય છે અને અહીં કાયમી તેનાં થર જામેલાં રહેતાં હોય છે.)

*અનુભવ એટલે જેના ઉપર બાંધકામ કરવાનું છે એવો પાયો.*

કુલ ૨૩,૩૧૦ ચો.કિ.મી. માં વિસ્તરેલું અને સબરસે રસેલું કુદરતના કરિશ્મા સમાન કચ્છનું આ ભૌગોલિક અંગ 'નાનું રણ' અને 'મોટું રણ' એમ બે ભાગોમાં વહેંચાયેલું છે. કચ્છ જિલ્લાની ઉત્તર, વાયવ્ય અને ઈશાને મોટું રણ (૧૮,૧૩૦ ચો.કિ.મી.) તથા અગ્નિએ નાનું રણ (૫,૧૮૦ ચો.કિ.મી.) વીંટળાઈને પડ્યું છે. મોટા રણમાં સુરખાબનગરે, નાના રણમાં ઘુડખર અભ્યારણ્યે તથા રણની ઉત્તર કાંધીએથી શરૂ થતા ભાતીગળ બન્ની પ્રદેશે રણને અને કચ્છને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવી છે.

**● રૂપેરી ચાદરનું લાવણ્ય :**

સમતળ, વેરાન અને વિસ્તીર્ણ એવા આ રણમાં દૂરસુદૂર દેખાતા મૃગજળ અને સૂસવાટા મારતી રેતીની આંધીઓ વચ્ચે રણના ઉગ્ર સૌંદર્ય અને ઘેરા નીરવ સૂનકારનો અનુભવ થાય છે. અહીંના નિસ્તબ્ધ વાતાવરણ વચ્ચે તમને ક્યાંક ચિંકારા, શિયાળ, ઘુડખર, મોટા કાચીંડા પણ જોવા મળી જાય. રણકંઠારે વસતા લોકોને સાહસિક અને ખડતલ બનાવવામાં ભયાનક પણ ભવ્ય દીસતા રણનો હિસ્સો પણ અવગણ્ય નથી.

કચ્છના અખાતમાં કોરી ક્રીકના મુખ વાટે દરિયાઇ ભરતીના પાણી રણમાં ઠલવાય છે અને વરસાદી પાણી સાથે ભળે છે. તેનું બાષ્પીભવન થતાં મીઠાંનાં થર બાઝતાં જાય છે. તેનાં પડોમાં ભળેલું મીઠું વાતાવરણમાંના ભેજને આકર્ષી સપાટીને ભેજવાળી બનાવે છે. એટલે લવણાચ્છાદિત એ ભૂમિ પ્રખર ઉનાળામાં પણ એટલી જ સખત રહેતી હોય છે. આ પ્રક્રિયા સદીઓથી ચાલુ છે. તેથી જ તો ખાવડા પાસેના કાળા ડુંગરની ટોચ પર ઊભીને નજર કરીએ તો પશ્ચિમથી પૂર્વ સુધીના મોટા રણમાં નમકની રૂપેરી ચાદર પથરાયેલી હોય એવું અદ્‌ભુત દૃશ્ય જોવા મળે છે!

સુરખાબને તેના પ્રજનન માટે આ ભૂમિ પર વિશેષ લગાવ છે. વરસાદ પછી આ રણનો ભૂખર પટ અવનવાં પક્ષીઓના કલશોર અને રંગોના ઉત્સવથી મુખર થઇ ઊઠે છે. ઋતુ ઋતુએ રંગછટા બદલતા પ્રકૃતિના આ કાવ્યને નીરવ અને નિરભ્ર રાત્રિએ માણતાં ધરવ જ ન થાય. કુદરતની આ પરમ શાંતિનો અનુભવ તો માણે તે જ જાણે!

**● પ્રકૃતિની અવનવી રંગછટા :**

રહસ્યભર્યા રણનું એક વધુ મનોહર આકર્ષણ તેના ઝાંઝવાનાં પ્રકૃતિચિત્રો છે. બરફ જેવા ઉજળા મીઠાના પડ પર સૂર્યબિંબની જે પ્રક્રિયા થાય છે તેથી ઝાંઝવાનાં અપૂર્વ અને અદ્‌ભુત દૃશ્યો ખડાં થાય છે! ક્ષણેક્ષણે વિવિધ અને નવીન રૂપ ધારણ કરતા એ દૃશ્યો 'રણની રમણિયતા'નું સારું રૂપદર્શન કરાવે છે અને અવનવી ઊર્મિઓ ઉત્પન્ન કરે છે.

મોટા રણમાં ખાવડા (કાઢવાંઢ) અને ખડીર (ત્રગડીબેટ) વચ્ચે ઉપરથી સૂકો જણાતો, પરંતુ નીચે ભીના કાદવવાળો ભૂભાગ આવે છે. તેથી વાહન ફસાવાની અને માર્ગ ભૂલાવાની શક્યતા રહે છે. વળી, દિવસે મીઠાના ઝળહળાટ અને સૂર્યતાપથી પણ બચવું પડે છે. આ બધાના કારણે રણની મુસાફરી બહુધા ઢળતી સાંજે, રાત્રે અને સવારે કરવામાં આવે છે. ૨૦૦૫ના અહેવાલ પ્રમાણે આ રૂટ પર કેન્દ્ર સરકાર રૂા. ૪૦ કરોડના ખર્ચે પાકો રસ્તો બાંધવાની હોવાથી ભવિષ્યમાં ખાવડા-ખડીર નજીક આવી જશે.

દિવસે રણની મુસાફરી જેટલી કંટાળાભરી લાગે છે તેટલી જ રાત્રે આકાશના તારાજડિત ચંદરવા નીચે ભેદી અગમ્યતામાં ગમગીન સૌંદર્ય નિહાળતા અને સંગેમરમરનો ભાસ આપતા તેના નમકાચ્છાદિત પટ પરથી માર્ગ કાપતા રસજ્ઞ પ્રવાસીને એ જ રણ ચાંદનીના ઝલઝલામાં મુલાયમ ભાસે છે! રણનું આકાશદર્શન અવિસ્મરણીય લહાવો બની રહે છે.

ક્ષાર, ઝીણી રેતી, નમક, ઘાસ, ઘુડખર, સુરખાબ, રણદ્વીપ, ઝાંઝવાના જળ, ક્યાંક જોરથી ફૂંકાતા શેતાની વાયરા અને ક્યારેક વળી ધૂળની ડમરી, ક્ષિતિજમાં ડોકું કાઢતાં જ સીધો મધ્યાકાશે પહોંચતો સૂર્ય અને નીચે હાંફતી જમીન... આ બધું એકઠું થાય એટલે કચ્છના રણનું સાહિત્યિક કલ્પનાચિત્ર સામે આવે!

આ સઘળી વિશેષતાઓ થકી જ લેફ. બર્જેસે લખ્યું છે : 'જગતમાં આ વિશાળ રણપ્રદેશની બીજી કોઇ જોડ નથી.' એટલે જ કચ્છ વિશે સમગ્રતયા કહેવાયું છે : 'અહીં જળ છે અને મૃગજળ પણ; અહીં મહેરામણ છે અને રણ પણ...!'

**● થોડી મહત્ત્વની બાબતો :**

કચ્છની રણકાંધી પરના ખડીર બેટમાં આવેલ 'ધોળાવીરા' હજારો વર્ષ જૂની સિંધુ સંસ્કૃતિના વારસાના કેન્દ્ર તરીકે પ્રસ્થાપિત થઇ ચૂક્યું છે. ત્યારે ૧૯૯૯માં પ્રકાશમાં આવેલી બે બાબતોએ આ વિસ્તારનું મહત્ત્વ અનેકગણું વધારી દીધું છે. ખાવડા વિસ્તારની રણ કાંધીએ કુંવરબેટ પાસેથી ડાયનાસોરનાં અશ્મિઓ મળી આવતાં કચ્છ હવે કરોડો વર્ષ પ્રાચીન જુરાસિક યુગમાં પ્રવેશ્યું છે.

પશ્ચિમ કચ્છમાંથી 'કાળા સોના' જેવાં કિંમતી ખનીજો શોધી કઢાયાં છે તેમ કચ્છના રણપ્રદેશમાં 'સફેદ સોના' જેવું ટનબંધ મીઠું પણ ધરબાયેલું હોવાનાં વૈજ્ઞાનિક સર્વેક્ષણો બહાર આવતાં રણના કરિશ્મામાં એક નવું પરિમાણ ઉમેરાયું છે. દક્ષિણ ગુજરાતનો દરિયાકાંઠો ચિંતાજનક ઝડપે આગળ વધી રહ્યો છે તેમ કચ્છમાં પણ રણના આક્રમણને ખાળવા થોડા વખત પહેલાં વનવિભાગે નાના અને મોટા રણની કાંધી પરનાં ગામો પાસે વૃક્ષોનું વાવેતર કર્યું છે. ખારાપાટમાં હજારો રોપાઓની હરિયાળી જોઇને 'રણ તો લીલાંછમ'ની અનુભૂતિ થાય!

**● 'ડેઝર્ટ ટૂરિઝમ'નો વિકાસ :**

આધુનિક સમયમાં પ્રવાસનમાં જે વિવિધ પાસાં અને પ્રકારો વિકસી રહ્યાં છે તેમાં ઇકો ટૂરિઝમ, યુથ ટૂરિઝમ, રૂરલ ટૂરિઝમ, એડવેન્ચરસ ટૂરિઝમ સાથે 'ડેઝર્ટ ટૂરિઝમ'નો ખ્યાલ પણ આપણે ત્યાં ઠીક-ઠીક વિકસ્યો છે. રાજસ્થાનની જેમ કચ્છમાં પણ 'રણ પ્રવાસન'ની ઉજળી સંભાવનાઓ રહેલી છે.

નોંધનીય છે કે ૨૦૦૫માં કચ્છના મોટા રણને 'જૈવ-સંયોજન આરક્ષિત ક્ષેત્ર' (બાયોસ્ફિયર રિઝર્વ) તરીકે જાહેર કરાયું છે, જે ગુજરાતનું પ્રથમ અને દેશનું ૧૫મું આવું વિશિષ્ટ અભયારણ્ય બને છે! કચ્છનું મોટું રણ હવેથી પંચમઢી, સુંદરવન, નીલગિરિ, નંદાદેવી, ગુલમર્ગ, ફ્લાવર ઑફ વેલી જેવાં

*આપણે જેમ વધુ જાણતા થઈએ છીએ તેમતેમ આપણને આપણા અજ્ઞાનનું વધુને વધુ જ્ઞાન થતું જાય છે.*

દેશનાં અન્ય પ્રાકૃતિક-જીવસૃષ્ટિ અભયારણ્યોની હરોળમાં મૂકાયું છે.

સમગ્ર વિશ્વમાં 'ઘુડખર અભયારણ્ય' (૧૯૭૨) માત્ર કચ્છના નાના રણમાં આવેલું છે. ૨૦૦૪ની ગણતરી પ્રમાણે ૩,૮૬૩ ઘુડખરોની સંખ્યા નોંધાઇ છે. ઉલ્લેખનીય છે કે ૨૦૦૬માં યુનેસ્કો દ્વારા જાહેર થયેલ 'બાયોસ્ફિયર રિઝર્વ લોકેશન્સ'ની યાદીમાં ભારતનાં તેર અભયારણ્યોમાં ગુજરાતમાંથી એકમાત્ર કચ્છનું ઘુડખર અભયારણ્ય પણ સ્થાન પામ્યું હતું!

કેન્દ્ર સરકાર દ્વારા 'ગ્રામ્ય પ્રવાસન'ને ઉત્તેજન આપવાની યોજના હેઠળ રણ વિસ્તારના હોડકો ગામે 'શામ-એ-સરહદ' નામે કાયમી ધોરણે પ્રવાસન કેન્દ્ર સ્થપાયું છે. તો, કચ્છના જાણીતા પર્યાવરણવિદ્ જુગલકિશોર તિવારી મોટી વિરાણી (તા. નખત્રાણા) ખાતે 'સેન્ટર ફોર ડેઝર્ટ એન્ડ ઓસન' (રણ અને સમુદ્ર માટેનું કેન્દ્ર) ચલાવી રહ્યા છે.

- **રણમાં પ્રવેશી 'કાર રેલી'!**

૨૦૦૮ના રણોત્સવથી વિવિધ કાર્યક્રમો વચ્ચે એક નવતર પ્રયોગ રૂપે કાર શોખીનો માટે 'રણમાં કાર રેલી' યોજવાનું પણ અનોખું આયોજન થયું છે. તેની સાથે કચ્છમાં 'એડવેન્ચર્સ ટૂરિઝમ' (સાહસિક પ્રવાસન) નું પાસું પણ ઉમેરાઇ રહ્યું છે. લાગે છે કે આ પહેલ હવે પછી દર વર્ષે રણોત્સવના એક ઓર આકર્ષણ રૂપે પરંપરા બની રહેશે.

*'શિવમ્', ૪૦/બી, વૃંદાવન નગર, વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦. ફોન : ૦૨૮૩૬-૨૪૦૧૩૯ મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

## શ્રી પ્રેમજીભાઈ શિવજી રાંભિયાને અભિનંદન

કચ્છ રામાણિયાના અને હાલે મુંબઈ નિવાસી **શ્રીમતી હેમલતાબહેન** અને **શ્રી પ્રેમજીભાઈ (બચુભાઈ) શિવજી રાંભિયા (સુંદર બિલ્ડર્સ, બ્રિચકેન્ડી)** તાજેતરમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ હેઠળના શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતેના ભવનમાં પધાર્યા હતા. તે સમયે ઔપચારિક મુલાકાતમાં સમાજના અગ્રણી અને ટ્રસ્ટી શ્રી કલ્યાણજી હીરજી રાંભિયા તથા શ્રી નીતિનભાઈ ધનજી ગાલાએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને તેના દ્વારા સંચાલિત ભવન સંબંધિત વિગતવાર માહિતી આપી હતી.

ઉપરોક્ત મુલાકાતના સમયે શ્રી પ્રેમજીભાઈ રાંભિયાએ શ્રીમતી હેમલતાબહેન પ્રેમજી રાંભિયાના સૌજન્યથી "કંઠનું આભૂષણ સત્ય અને હાથનું આભૂષણ દાન" યુક્તિને સાર્થક કરતાં શ્રી કચ્છી વિશ્રામ ગૃહના પ્રત્યેક અતિથિ રૂમમાં જૂના સેટના સ્થાને ૫૧ નવા ટી.વી. સેટો આપવાની સ્વૈચ્છિક ઉદાર દિલની જાહેરાત કરી છે.

સમાજ પ્રત્યે શ્રી પ્રેમજીભાઈ રાંભિયા પરિવારજનોની ઉમદા લાગણી અને પ્રેમભાવથી પ્રેરાઈને જે જાહેરાત કરી છે તેનો સમાજ હૃદયપૂર્વક સ્વીકાર કરે છે અને આ માટે તેમના પરિવારજનો પ્રતિ ખૂબ ખૂબ આભારની લાગણી વ્યક્ત કરે છે.

***માનદ્ મંત્રી***

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

વિચાર વિમર્શ

# જિંદગીમાં 'કન્ટ્રોલ' કરવા જેવી ત્રણ મહત્ત્વની બાબત

● ડૉ. ચંદ્રકાંત મહેતા ●
પૂર્વ ઉપકુલપતિ - ગુજરાત રાજ્ય

એક મોટી કંપનીના માલિકે અહંકાર સાથે કહ્યું : 'તમે એમ ન માનશો કે કંપનીનો કાબૂ તમારા હાથમાં છે. પરસેવો વહીને જમીન પર પડે છે અથવા આપમેળે સુકાઇ જાય છે. ધન વહેતું વહેતું તિજોરીમાં આવે છે. **મારી પાસે ધનની તાકાત છે એટલે કંપની પર મારો કન્ટ્રોલ છે.** બોલો, કોઇએ કહેવું છે કશું?'

બધા કર્મચારીઓ ચૂપ રહ્યા, પણ એક કર્મચારીએ કહેવાનું સાહસ કર્યું : 'શેઠ, કંપની પર આપનો કાબૂ છે, એ કબૂલ, પણ આપનો આપની જાત પર કાબૂ છે ખરો? આસમાનમાં પડઘાતા શબ્દો કોનું નસીબ ક્યારે પલટી નાખશે કોને ખબર? એટલે જે જાતને જીતશે, તે જ અંતે કામિયાબી હાંસલ કરશે. **શુભ વિચારો જ માણસની શક્તિ બની શકે છે. અશુભ વિચારો પોતે જ અભિશાપ છે! જય રામજી કી.'**

શેઠ સમસમીને બેસી રહ્યા પણ કર્મચારીએ કહેલી વાત તેમનો પીછો છોડતી નહોતી. મિટિંગ પત્યા પછી પણ એમને ચેન નહોતું.

વૈદિક ઋષિઓ એટલે જ સર્વ દિશાઓમાંથી શુભ વિચારો પ્રાપ્ત કરવાની આકાંક્ષા સેવતા હશે. દુનિયામાં જાતજાતના શુદ્ધીકરણ પ્લાન્ટસ નંખાય છે, પણ વિચારો કે વાસનાઓના શુદ્ધીકરણનો પ્લાન્ટ એ વ્યક્તિ અને વિશ્વના જીવનની પ્રાથમિક આવશ્યકતા છે.

નાનકડો સુવિચાર કે કુવિચાર મનોજગતમાં હલચલ મચાવીને માણસની વાણી, વર્તન કે વ્યવહારમાં પરિવર્તન સર્જી શકે છે! ચિત્તની ચંચળતાનું નિયંત્રણ એ માનવી સામેનો સૌથી મોટો પડકાર છે.

આપણે વિજયના પ્રકાશને બદલે પરાજયના અંધકારની ચાદર ઓઢીને ઘૂમવાનું વધુ પસંદ કરીએ છીએ. આપણું મન માંદલું રહે, તન માંદલું રહે, વાણી નિરાશાગ્રસ્ત રહે, વિચારો લક્વાગ્રસ્ત રહે, અભિવ્યક્તિ લંગડી હોય તો જિંદગીમાં આપણે કશું જ પામી શકીશું નહીં. જિંદગી આપણા મનોવલણનું પ્રતિબિમ્બ છે. તમે જગતના ભલે રાજા ન હો, પણ જાતના રાજા છો. તમારી અંદરના રાજાનું સન્માન જાળવો. અસ્થિર અને ડગમગતા કદમે નહીં, શાનદાર કદમે ચાલો, શાનદાર રીતે બોલો અને શાનદાર રીતે જીવો, પળે-પળે આત્મવિશ્વાસની સુવાસને પ્રસરવા દો.

આપણું જીવન માત્ર 'ઇમોશન' અને 'પેશન'ના હાથનું પૂતળું બની જશે તો આપણે 'કર્તા' રહેવાને બદલે 'ભોક્તા' (માઠાં પરિણામોના) બની જશું. જીવનમાં ઇમોશન્સ એટલે કે લાગણીઓ, ભાવ, આવેશ, ઊર્મિ વગેરેને જાકારો આપવાની જરૂર નથી પણ એને છુટ્ટો દોર આપવાને બદલે રચનાત્મક નિયંત્રણમાં રખાય. 'પેશન' એટલે કે તીવ્ર મનોભાવો, જેવા કે ગુસ્સો, ક્રોધાવેશ વગેરેને માણસ નિયંત્રણમાં ન રાખે તો 'શુભ'ને બદલે 'અશુભ' વિચારો તેના મનનો કબજો લઇ લે. **મનને શાંત અને સ્વસ્થ રાખવું એ પણ જિંદગીનું એક મહત્ત્વનું 'મિશન' છે.**

માણસ પોતાના મનુષ્યત્વની સાંગોપાંગતાની સાધના અને તેની અભિવ્યક્તિ માટે જન્મ્યો છે અને એ માટે મન રૂપી કલ્પવૃક્ષ પરમાત્માએ આપણી અંદર ગોઠવ્યું છે... માગો તે આપશે, પણ માગણ બનીને મન પાસે જશો તો નહીં, પણ અધિકારપૂર્વક તેનાં દ્વાર ખખડાવશો તો તે પોતાનો અક્ષયકોશ તમારે હવાલે કરી તમને ચમત્કારિક પરિણામો આપશે. **આપણને સ્પષ્ટ રીતે વિચારતાં નથી આવડતું એટલે જીવનદેવતા પાસે સ્પષ્ટ રીતે માગતાં નથી આવડતું!** પરમેશ્વર કે પરમ પિતા તો બ્રહ્માંડનો રાજાધિરાજ છે અને આપણે છીએ તેના પૃથ્વી પરના વારસદાર! કયો પિતા એવું ઇચ્છે કે તેનો પુત્ર કંગાલ રહે?

આજની સૌથી મોટી સમસ્યા હોય તો એ છે કે માણસનાં વસ્ત્રો તો સુંદર છે પણ વિચારોનું ગંદાપણું-ગોબરાપણું દિવસે દિવસે વધતું જાય છે! બિનવિશ્વાસપાત્ર જબાન, બિનવિશ્વાસપાત્ર વાયદા, કાયદાનાં સ્વાર્થલક્ષી અર્થઘટનો, કર્મ સાથે પલાયનવાદી વ્યવહાર, સ્વજનો-પરિજનો-ગ્રાહકો અને નાગરિકો સાથે પ્રવંચનાયુક્ત પેંતરા, બહાનાંબાજી, શોષણખોરી અને ભ્રષ્ટાચાર! માનવીની અંદર બીજો બેઇમાન માણસ જીવી રહ્યો છે, જે માણસની બહારની વર્તણૂકનો સંચાલક અને નિયંત્રક છે! શુદ્ધ કાર્યો માટે અનિવાર્ય છે શુદ્ધ વિચારો. પણ એની શુદ્ધતા તરફ આંખ આડા કાન કરવા એને આજનો માણસ પોતાનો બુદ્ધિસિદ્ધ અધિકાર માને છે. ઠપકા અને ભપકાનો ચસકો એ આજના માણસના જીવનનાં મહત્ત્વનાં રસકેન્દ્રો છે. બીજાને ઠપકો આપવાની કે આત્મપ્રદર્શનની એક પણ તક માણસ ગુમાવવા તૈયાર નથી.

**માણસે જિંદગીમાં 'કન્ટ્રોલ' કરવા જેવી ત્રણ મહત્ત્વની બાબતો કઈ?**

**૧. જિંદગી પરત્વેનો પોતાનો ઉદ્દેશ કે ધ્યેય.**

**૨. જિંદગી પ્રત્યેનું પોતાનું મનોવલણ**

**૩. પોતાની લાગણી અને તીવ્ર**

*જેને પોતાનામાં વિશ્વાસ છે તે જ બીજાનો વિશ્વસનીય બની શકે છે.*

**મનોભાવો.**

બર્નાર્ડ શૉના મતે આપણા લક્ષ્યાંકો આપણે પસંદ કરીએ ત્યારે આપણે એ પણ યાદ રાખવું જોઇએ કે આપણે પસંદ કરેલા ધ્યેયો શુભ હોય અને પ્રાપ્ત કરી શકવાની પાત્રતા ધરાવતા હોય. એ ધ્યેયની સિદ્ધિ કાજે અટલ અને મજબૂત નિર્ધારનું પીઠબળ પૂરું પાડો.

જિંદગીમાં બીજી મહત્ત્વની વસ્તુ છે જીવન પ્રત્યેનું આપણું મનોવલણ કે દૃષ્ટિકોણ. રચનાત્મક કે સકારાત્મક મનોવલણ એ ધ્યેયની સાધના માટેનું પ્રથમ સોપાન છે. પોતાનો એકાંગી અને ઉતાવળિયો વિચાર કેવી રીતે બદલી શકાય, એ વિચારવાનું અને તેને અમલી બનાવવાનું મનોવલણ જ આપણને અણધાર્યા, આઘાતજનક કે હાનિકારક પરિણામોથી બચાવી શકે! સકારાત્મક વિચારોની વૃદ્ધિ થતી રહે અને નકારાત્મક વિચારોની બાદબાકી થતી રહે એ જોવાની જવાબદારી પણ સ્વપ્નદૃષ્ટા અને ધ્યેયનિષ્ઠ વ્યક્તિ તરીકે આપણી પોતાની જ છે.

પોતાની લાગણીઓ, આવેશો અને તીવ્ર મનોભાવોને વશમાં રાખવા એ જીવનનું અતિ મહત્ત્વનું કાર્ય છે. લાગણીના અશ્વોની ચાલને નિયંત્રણમાં નહીં રાખો તો તે તમને પતનની એવી ખીણમાં હડસેલી દેશે કે ત્યાંથી ઊગરવાનો આરો-ઓવારો નહીં રહે. **લાગણીઓ તથા તીવ્ર મનોભાવોનું સમયોચિત નિયંત્રણ એ જ સફળ વ્યક્તિત્વનો માપદંડ છે. જીવનમાં રચનાત્મક અને વિનાશાત્મક પરિબળો ચાલતાં રહેવાનાં. ગંગા પણ વહેતી રહે છે અને ગટર પણ. પરંતુ આપણે ગંગાજળ સંઘરીએ છીએ, ગટરનું પાણી નહીં.** માણસના તીવ્ર મનોભાવો રચનાત્મક પણ બની શકે અને વિઘાતક પણ. માણસ તેનો ઉપયોગ ક્યાં, ક્યારે અને કેવી રીતે કરે છે તેનો વિવેક જ તેને માટે પડકાર રૂપ બને છે.

જીવનમાં કોણ પ્રગતિ કરી શકે? જેનું હૈયું કૂણું અને કરુણાશીલ હોય, જેનું રક્ત ધસમસતું અને ઉષ્માભર્યું હોય, જેનું દિમાગ ત્વરિત અને ઉચિત નિર્ણયશક્તિથી ધમધમતું હોય, જેનું લક્ષ્ય કેવળ વૈભવી જીવન નહીં પરંતુ ઉચ્ચ મનન-ચિંતન અને શુદ્ધ વિચારોને કારણે આધ્યાત્મિક સુવાસ અને શાંતિથી છલકાતું હોય!

આપણે આપણી જાતને પ્રત્યેક ક્ષણે એક વાત સંભળાવવી જોઇએ કે હું સુયોગ્ય રીતે જીવી રહ્યો છું, કારણ કે હું સ્વસ્થ છું, આનંદિત છું, કઠોર પરિશ્રમ કરતા હું અચકાતો નથી, મારા હાથમાં આવેલા કામને હું 'પતાવતો' નથી પણ દીપાવું છું. એમ પણ બને છે કે આપણે સદાય એવું કરવા સમર્થ ન રહીએ, પણ જ્યારે એવી અસમર્થતા ડોકાય કે આપણને અવરોધે ત્યારે આપણે પૂર્વે જે કાંઇ સુંદર કરી શક્યા એનાં સ્મરણોને વાગોળવાનો હક્ક આપણી પાસેથી કોણ છીનવી શકે છે?

તમે જો જીવનને વિતાડશો તો જીવન તમને વિતાડશે. જીવનના ચાહક અને પ્રશંસક બનવામાં જ શાણપણ છે, આલોચક કે સમીક્ષક બનવામાં નહીં.

*૧૬, હેવનપાર્ક, રામદેવ નગર પાસે,*
*સેટેલાઇટ રોડ નજીક, અમદાવાદ-૧૫.*
*ફોન : ૨૬૯૨૯૨૯૧, મો. ૯૮૨૪૦ ૧૫૩૮૬*

# માળખાકીય શોષણના અંતની શરૂઆત

● મુરજી ગડા ●

અગાઉ માળખાકીય શોષણ કેવા સ્વરૂપે અને કેટલું ફેલાયેલું છે એના વિશે લખ્યું હતું. એ વિષયને આગળ વધારતાં માળખાકીય શોષણનો અંત લાવવાના પ્રયાસ, એમની સફળતા/નિષ્ફળતા, શોષણના નવા પ્રકાર વગેરે વિશે અત્રે ચર્ચા કરી છે.

**કોઇપણ માનવ સમાજમાં, એક વર્ગની જરૂરિયાતો અને હક્કો છીનવી બીજા વર્ગને ખૂબ વધુ સત્તા અને સગવડો આપનારી વ્યવસ્થા માળખાકીય અન્યાય કહેવાય છે.** આવી ગોઠવણથી દરેક પ્રકારનું શોષણ આસાન બને છે. દુનિયાની બધી સંસ્કૃતિઓ, બધા ધર્મો, બધાં રાજ્યો, બધી સમાજ વ્યવસ્થાઓમાં આદિકાળથી ખૂબ જ કુશળતાપૂર્વક એક યા બીજા સ્વરૂપે માળખાકીય અન્યાય ઊભો કરવામાં આવ્યો છે.

રાજાશાહી અને સરમુખત્યારશાહી વિશ્વવ્યાપી હતા. એની સામે બળવો કરી લોકશાહી સ્થાપવાની શરૂઆત અમેરિકા અને ફ્રાંસમાં આશરે અઢીસો વરસ પહેલાં થઇ છે. એની પહેલાનાં લોકશાહીના જે દાવા કરવામાં આવે છે તે લોકશાહી નહીં પણ અમીરશાહી (એરિષ્ટ્રોક્રેસી) હતી. પ્રજાને ત્યારે મતાધિકાર નહોતો. વીસમી સદીના મધ્યભાગથી લોકશાહી ઝડપથી ફેલાવા લાગી છે. એનું તાજેતરનું દૃષ્ટાંત હાલ કેટલાક આરબ દેશોમાં થઇ રહેલ આંતર વિગ્રહો છે. **હજી બાકી રહેલ દેશોમાં આવતા થોડા દાયકાઓમાં આ પ્રકારનો સત્તાપલટો લાવી લોકશાહી સ્થપાવાની પૂરી શક્યતા છે.**

બધા દેશોની લોકશાહી હજી ઉત્ક્રાંતિકાળમાંથી પસાર થઇ રહી છે. વિવિધ દેશોની શાસનપદ્ધતિ વચ્ચે પણ ઘણો ફરક હોઇ શકે છે. એની બધી નબળાઇઓ છતાં લોકશાહી શાસન વ્યવસ્થા અન્ય શાસન વ્યવસ્થાઓ કરતાં ઓછી શોષણકર્તા છે. એની ઉત્ક્રાંતિ સાથે માળખાકીય શોષણ કાળક્રમે ઘટતું જવાની પૂરી શક્યતા છે.

માળખાકીય અન્યાયનું બીજું ક્ષેત્ર સમાજ-વ્યવસ્થાનું છે. આ ક્ષેત્રે સ્ત્રીઓનું શોષણ વિશ્વવ્યાપી હતું. પશ્ચિમના દેશોમાં આવેલ ઔદ્યોગિક ક્રાંતિ તેમજ બે વિશ્વયુદ્ધોએ સ્ત્રીઓને ઓફિસ અને કારખાનાઓમાં કામ કરવાની ફરજ પાડી. એના માટે શિક્ષણ લેવું જરૂરી હતું. ધીરેધીરે અન્ય દેશોમાં પણ સ્ત્રીઓ શિક્ષિત થઇ બહાર કામ કરતી થઇ છે. આ રીતે ઊભી થયેલ તકે સ્ત્રીઓને આર્થિક રીતે સ્વાવલંબી બનાવી જેથી એમની સાથે થતા અન્યાય અને શોષણમાં ઘટાડો થવા લાગ્યો છે.

**સ્ત્રીશોષણનો બીજો પ્રકાર હતો બહુપત્નીત્વની પ્રથાનો.** એ હવે નાબૂદ થવાથી એની ચર્ચા જરૂરી નથી. જોકે સ્ત્રીઓ સાથે થતા બળાત્કારના બનાવો જરા પણ ઓછા થયા નથી. આવા બનાવોમાં કાયદો-વ્યવસ્થાતંત્ર ગુનેગારને જ્યારે સજા કરે ત્યારે ખરું પણ સમાજ તો ભોગ બનેલ સ્ત્રીને જ દોષિત ગણી સામાજિક બહિષ્કારની આકરી સજા ફરમાવી દે છે. ઘણા કિસ્સામાં સમાજનું વર્તન એટલું ક્રૂર હોય છે કે સ્ત્રી આપઘાત કરવા પ્રેરાય છે. ગુનેગારને બદલે એના ભોગ બનેલાને દોષિત ઠરાવવાની સમાજની માનસિકતા સ્ત્રીઓ સાથેના માળખાકીય અન્યાયને લીધે પાંગરી છે.

સામાજિક અન્યાયનો બીજો વિશ્વવ્યાપી કિસ્સો છે શારીરિક કે માનસિક ખામીવાળા પ્રત્યેનું સમાજનું વર્તન. આ અન્યાય કોઇ વ્યવસ્થાએ ઊભો કરેલ નથી પણ માનવ પ્રકૃતિનો એક દુર્ગુણ છે. સમાજનો સૌથી નબળો વર્ગ એનો ભોગ બને છે એટલે એને અતિશય હીન પ્રકારનો અન્યાય કહેવો પડે.

આવોજ બીજો માનવ પ્રકૃતિના દુર્ગુણનો કિસ્સો વર્ગ-વિગ્રહનો છે. વર્ગવિગ્રહ માત્ર એટલા માટે હોય છે કે એક વર્ગ બીજા વર્ગથી અમુક બાબતોમાં જુદો હોય છે. આ ભિન્નતા ધાર્મિક માન્યતાઓની હોય, જ્ઞાતિની હોય, ભાષા કે પ્રદેશ આધારિત હોય, રંગભેદી હોય કે અન્ય કોઇ કારણસર હોય. આ પ્રકૃતિ શોષણનું સ્વરૂપ ધારણ કરે અથવા ન પણ કરે તોયે બન્ને પક્ષે અવિશ્વાસ પેદા કરે છે. એનાથી કોઇને દેખીતો ફાયદો ન થતો હોય તોયે પરસ્પર પ્રત્યેનો અવિશ્વાસ વર્ગવિગ્રહમાં પરિણમી શકે છે. મોટેભાગે અલ્પસંખ્યાને લીધે લઘુમતી વર્ગ દબાયેલો રહે છે. **સદ્‌ભાગ્યે શિક્ષણ અને શહેરીકરણને લીધે આ પ્રકારનું શોષણ હવે ઓછું થઇ રહ્યું છે.**

માનવ પ્રકૃતિદત્ત નહીં પણ માળખાકીય રીતે ઊભા કરેલ સામાજિક શોષણનો વધુ એક કિસ્સો ભારતની વર્ણવ્યવસ્થામાં છે. આ વર્ણવ્યવસ્થાને લીધે ઉપલા વર્ણો દ્વારા નીચલા વર્ણોના થયેલા શોષણ વિશે ઘણી ચર્ચા થઇ ગઇ છે. એનું પુનરાવર્તન કર્યા વગર વર્ણવ્યવસ્થાનું બધાની નજરબહાર રહી ગયેલું બીજું એક પરિણામ છે. એણે ઉચ્ચ વર્ણોમાં શારીરિક શ્રમ પ્રત્યે હીનપણાનો ભાવ પેદા કર્યો છે. એ વૃત્તિ હવે આર્થિક રીતે સદ્ધર વર્ગમાં પણ આવી ગઇ છે. એના સારા નરસા પરિણામ બધા પોતાની રીતે વિચારી શકે છે.

બુદ્ધ અને મહાવીરે વર્ણવ્યવસ્થાનો વિરોધ કર્યો હતો પણ એનાથી ખાસ ફરક પડ્યો નહીં. એમની વાતો, એમનો ઉપદેશ સમાજલક્ષી ઓછા અને વ્યક્તિલક્ષી વધુ હતા.

*દુ:ખમાં કોઈની જરૂર નથી, પણ સુખને પૂરું માણવું હોય તો તમારી સાથે કોઈ ભાગીદાર હોવો જોઈએ.*

આ હકીકત બધાજ ધર્મપ્રવર્તકો અને ધર્મગુરુઓને લાગુ પડે છે. છૂટાછવાયા અપવાદ બાદ કરતાં, દરેક ધર્મપુરુષની વાતો વ્યક્તિલક્ષી રહી છે. બીજા શબ્દોમાં કહીએ તો વ્યક્તિલક્ષી ઉપદેશકને આપણે ધર્મપુરુષ કહ્યા છે જ્યારે સમાજલક્ષી બદલાવની વાત કરનારને સમાજ સુધારક કહ્યા છે.

સમાજ વ્યક્તિઓનો બનેલો છે અને વ્યક્તિ સમાજનું એક અંગ છે. એમના પ્રશ્નો અલગથી ઉકેલવા એ અધૂરપની નિશાની છે. એકજ વ્યક્તિમાં બન્નેના પ્રશ્નો ઉકેલવાની પ્રતિભા હોય એ આવકારદાયક છે. એવા દાખલા વર્તમાનમાં જોવા મળે છે. આપણા ગાંધીજી એમનામાંના એક હતા.

વર્ણવ્યવસ્થાની ઉપપેદાશ એવી અસ્પૃશ્યતા નિવારવા અને સ્ત્રીઓને સામાજિક ક્ષેત્રે કાર્યાન્વિત કરવા ગાંધીજીએ પ્રયાસ કર્યો હતો. જોકે એમનું મુખ્ય ધ્યેય રાજકીય આઝાદી હોવાથી સામાજિક સ્તરે જોઇએ એટલું ધ્યાન આપી શક્યા નહીં.

**અસ્પૃશ્યતા નિવારણમાં ગાંધીજી, આંબેડકર કે અન્ય કોઇએ જેટલો ભાગ ભજવ્યો છે એના કરતાં ઘણો વધારે ફાળો શહેરીકરણનો છે.** ગામડાંઓમાં હજી મોજૂદ અસ્પૃશ્યતા, શહેરોમાં ઝડપથી ભૂંસાઇ રહી છે. એ ઉપરાંત ઉચ્ચ શિક્ષણ, બૌદ્ધિક વર્કફોર્સમાં સ્ત્રીઓનું આગમન વગેરેનો ઘણો યશ શહેરીકરણને આભારી છે.

ઔદ્યોગિકીકરણને લીધે શહેરીકરણ આવ્યું છે. ઔદ્યોગિકીકરણ ટેકનોલોજીને લીધે શક્ય બન્યું છે. આ બધાનો આંધળો વિરોધ કરનારાઓએ આટલું ધ્યાન રાખવું જોઇએ કે શહેરીકરણના અન્ય ફાયદા ગેરફાયદા ઉપરાંત એણે સદીઓથી ચાલ્યા આવતા માળખાકીય અન્યાય અને શોષણને નાબૂદ કરવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે.

આપણી અસ્પૃશ્યતા જેવો, ચોક્કસ પ્રદેશને લગતો, સામાજિક શોષણનો બીજો કિસ્સો છે પશ્ચિમના દેશો દ્વારા આફ્રિકાના વતનીઓને પકડી ગુલામ બનાવવાનો ટ્રેન્ડ. આ શોષણને અટકાવવાની શરૂઆત નોંધનીય છે. એના માટે શોષણકર્તા વર્ગના એક ભાગે પોતાના જ વર્ગના બીજા ભાગ સાથે લોહિયાળ યુદ્ધ કર્યું હતું. અમેરિકાના તત્કાલિન પ્રમુખ અબ્રાહમ લિંકનની આગેવાનીમાં થયેલ આ આંતરવિગ્રહમાં ત્રણ લાખથી પણ વધુ લોકોએ પોતાના પ્રાણ ગુમાવ્યા હતા. ગુલામી પ્રથાના અંતની આ શરૂઆત હતી. ત્યાર પછીના દોઢસો વરસમાં બનેલા ઘણા બનાવોના કારણે સદીઓ સુધી ચાલેલા આ શોષણનો અંત આવી ગયો છે એમ કહી શકાય. (આ વિશે ઓછી જાણીતી એક હકીકત એ છે કે ઉત્તર અમેરિકા ખંડના દેશો કરતાં દક્ષિણ અમેરિકા ખંડના દેશોમાં કેટલાયે ગણા વધારે ગુલામ હતા. એનો ઉલ્લેખ ભાગ્યેજ ક્યાંય દેખાય છે.)

કાળા ધોળાઓની આ ગુલામી પ્રથા બહુચર્ચિત છે પણ એકમાત્ર નથી. દુનિયાનું દરેક સામ્રાજ્ય હારેલી પ્રજાના ગુલામો વડે રચાયું છે અને વિકસ્યું છે. ફરક માત્ર ગુલામોના શોષણની તીવ્રતાનું છે.

**ત્રીજો વિશ્વવ્યાપી માળખાકીય અન્યાય આર્થિક ક્ષેત્રે છે.** આ અન્યાય સામે ધરખમ ફેરફારની વાત કરનારાઓમાં કાર્લ માર્કસનું નામ આગળ પડતું છે. એણે મૂડીવાદને બદલે સામ્યવાદ દ્વારા આર્થિક અન્યાય દૂર કરવાની વાત કરી હતી. સૈદ્ધાંતિક રીતે એ સારી હતી. સોવિયેટ રશિયા અને ચીન જેવા દેશોએ એનો અમલ કરી ઉત્પાદન, વ્યાપાર, વિતરણ વગેરે બધી આર્થિક વ્યવસ્થાઓનું કેન્દ્રીકરણ કર્યું. એનાથી રાજકિય અને આર્થિક બન્ને સત્તાઓ શાસનકર્તા વર્ગના હાથમાં આવી ગઇ. દેશની સામૂહિક સમૃદ્ધિ (GDP) વધી અને સાથે લશ્કરી તાકાત પણ વધી. પણ જનતાની ગરીબી દૂર થઇ નહીં. ટૂંકમાં, આર્થિક ન્યાયનું કાર્લ માર્કસનું ધ્યેય સાધવા માટે સામ્યવાદ નિષ્ફળ ગયો છે.

ભારત જેવા ઉગતા લોકશાહી દેશે ધર્મ/ ઈશ્વર વિરોધી, દમનકારી સામ્યવાદને બદલે સમાજવાદની વાત કરી. એ માટે ભારે ઉદ્યોગોનું કેન્દ્રીકરણ કર્યું, આર્થિક ન્યાયના નામે અતિ ભારે કરવેરા નાંખ્યા. એના લીધે બિનહિસાબી નાણાનું સમાંતર અર્થતંત્ર અસ્તિત્વમાં આવ્યું અને સર્વત્ર ભ્રષ્ટાચાર ફેલાયો. ભારતનો સમાજવાદ ન તો આર્થિક ન્યાય લાવી શક્યો ન તો ગરીબી દૂર કરી શક્યો.

**મૂડીવાદી અર્થવ્યવસ્થાનું એક જમા પાસું એ છે કે એમાં રાજતંત્ર અને અર્થતંત્રનું વિકેન્દ્રીકરણ કરવામાં આવે છે.** એમાં ધંધાકીય સાહસિકતાને ઉત્તેજન આપવામાં આવે છે. એમાં બજારના માગ/પુરવઠાના બળે (ડિમાન્ડ/સપ્લાય) આપમેળે ભાવ-નિયંત્રણ કરી આર્થિક ન્યાય સ્થાપિત કરવાની ધારણા છે. જોકે અહીં માનવ પ્રકૃતિમાં રહેલ લોભ અને સટ્ટાખોરીને નજરઅંદાજ કરવામાં આવેલ. જેના પરિણામ આજે સર્વત્ર જોવા મળે છે.

મૂડીવાદમાંથી પાંગરેલ અને બધે ઝડપથી ફેલાઇ રહેલ વૈશ્વિકીકરણ અને મુક્ત વ્યાપારનીતિ હજી સુધી આર્થિક ન્યાય લાવી શક્યા નથી. છતાં તે અન્ય આર્થિક વ્યવસ્થા કરતાં વધુ ન્યાયી છે. અન્ય ક્ષેત્રોની જેમ આર્થિક ક્ષેત્ર પણ ઉત્ક્રાંતિકાળમાંથી પસાર થઇ રહ્યો છે. આ ક્ષેત્રે વિશ્વના બધા દેશ એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. વધારે ન્યાયી અને કાર્યક્ષમ અર્થતંત્ર વિકસાવવાની બધે કોશિશ થઇ રહી છે.

આર્થિક સમાનતા લાવવા ગાંધીવાદી ત્યાગ, સ્વાવલંબી ગામડાં વગેરેની વાતો વ્યવહારુ નથી. ભારતની ફાટફાટ થતી વસતિ માત્ર ખેતી અને ગ્રામોદ્યોગ પર નભી ન શકે. ભારતે ઘણા વરસથી દુકાળ જોયો નથી એટલે એની ભયાનકતા વિસરાઇ ગઇ છે. **જ્યારે પૂરી દુનિયા ઔદ્યોગિકીકરણને માર્ગે જતી હોય ત્યારે આપણે ભૂતકાળમાં પાછા**

**જવાની વાતો કરીએ તો દેશમાં એની વિરુદ્ધ ક્રાંતિ થવાની પૂરી શક્યતા છે.** બધાને આધુનિક સગવડો જોઇએ છે જે માત્ર આધુનિકીકરણથી જ મળી શકે છે.

અહીં માત્ર આર્થિક ન્યાયની વાત કરી છે, સમાનતાની નહીં. આર્થિક સમાનતા એક માનવીય અપેક્ષા માત્ર છે. એ શક્ય નથી. દરેકની પ્રતિભા અને આવડત અલગ હોય છે અને તે પ્રમાણે એને વળતર મળે છે, જે વાજબી છે. જ્યારે કોઇને એના કામનું યોગ્ય વળતર મળતું નથી ત્યારે એનું શોષણ થયું ગણાય છે.

સદીઓથી ચાલ્યા આવતા માળખાકીય અન્યાયોમાંથી બહાર નીકળવું અઘરું હોવા છતાં અશક્ય નથી. અન્યાયને અટકાવવા માટે નીચલા સ્તરને ઉપર ઉઠાવવાની સાથે ઉપલા સ્તરની સત્તા અને સાધનોને મર્યાદિત કરવા પણ એટલા જ જરૂરી છે.

કેટલાક અન્યાય કોઇ વ્યક્તિના પ્રયત્નથી અટકાવી શકાયા છે તો કેટલાક અન્યાય સમયના વહેણ સાથે આપોઆપ નામશેષ થઇ ગયા છે. આ દિશામાં ધરખમ પ્રગતિ કરનાર કેટલાક દેશોના દાખલા મોજૂદ છે. ત્યાં ગરીબી દૂર કરાઇ છે, વ્યવહારુ રીતે શક્ય એટલો આર્થિક ન્યાય છે, પ્રજાનું જીવનધોરણ ઊંચું છે, વર્ગવિગ્રહ નહિંવત છે. આ બધું શક્ય બનાવવામાં કઇ બાબતોએ ભાગ ભજવ્યો છે તે જોઇએ.

આવા બધા દેશોમાં લોકશાહી રાજ્યવ્યવસ્થા છે, શિક્ષણનું પ્રમાણ ઊંચું છે, કાયદો-વ્યવસ્થા મજબૂત છે, ભ્રષ્ટાચાર ઓછો છે, પડોશી રાજ્યો સાથે ક્લેશ નથી, ધાર્મિક ઘેલછા ઓછી છે અને સૌથી અગત્યની વાત આવા દેશની વસતિ ઘણી ઓછી છે. એ યાદીમાં સમાવિષ્ટ કરી શકાય એવા નામ છે : સ્વીડન, ડેન્માર્ક, નોર્વે, ફિનલેન્ડ, સ્વીટ્ઝર્લેન્ડ, નેધરલેન્ડ, કેનેડા, લક્સમબર્ગ, હોંગકોંગ, સીંગાપોર વગેરે. **ઓછી વસતિ દરેક ક્ષેત્રની પ્રગતિને ઝડપી બનાવે છે.** એના કારણે આ દેશોએ છેલ્લા ૫૦-૬૦ વરસમાં ઘણું બધું હાંસલ કર્યું છે.

પરંપરાગત અન્યાયને દૂર કરવાની સાથે નવા પ્રકારના અન્યાય પેદા ન થાય એનો ખ્યાલ રાખવો પણ જરૂરી છે. અફસોસની વાત એ છે કે જ્યારે એનો ખ્યાલ આવે છે ત્યારે ઘણું મોડું થઇ ગયું હોય છે. એના દાખલા પણ મોજૂદ છે.

આર્થિક રીતે સમૃદ્ધ થયેલ દેશ કલ્યાણરાજ્ય (વેલફેર સ્ટેટ) બનવાના માર્ગે જાય છે. એટલે કે એ દેશોમાં રહેતા વૃદ્ધો, બેરોજગાર, આર્થિક રીતે નબળા, શારીરિક અને માનસિક ખામીવાળા, પતિ વિના બાળકો ઉછેરતી સ્ત્રીઓ વગેરે દરેક જરૂરતમંદ ગણાતા વર્ગને સરકાર તરફથી આર્થિક સહાય મળે છે. ઉમદા હેતુથી શરૂ કરવામાં આવેલ આ બધી માનવતાવાળી યોજનાઓ હદ બહાર વધી જતાં નવા પ્રશ્નો ઊભા થાય છે. આવી વ્યવસ્થા કેટલાક લાભાર્થીઓને આળસુ અને પરાવલંબી બનાવે છે. આરોગ્ય ક્ષેત્રે થયેલ શોધખોળોને લીધે સરેરાશ આયુ વધતી જાય છે. પરિણામે અર્થતંત્ર પર આવી યોજનાઓનું ભારણ ખૂબ વધી રહ્યું છે. **પશ્ચિમના દેશોની હાલની આર્થિક મુશ્કેલીઓ માટે આ યોજનાઓ પણ કેટલેક અંશે જવાબદાર છે.** આની સીધી અસર કરદાતાઓ પર પડે છે. ત્યાંના કરવેરા અન્યાય કહી શકાય એટલી હદે વધી ગયા છે. આને નવા પ્રકારનું માળખાકીય શોષણ કહી શકાય.

સ્ત્રી સશક્તીકરણને લીધે વિકસિત દેશોમાં નારીવાદી સંગઠનોએ એમના હિતમાં ઘણા કડક કાયદા બનાવડાવ્યા છે. ત્યાંના છૂટાછેડા અને ભરણપોષાણના એકતરફી કાયદાઓને લીધે કેટલાક દેશોમાં ૨૦-૨૫ ટકા પુરુષોએ અપરિણીત રહેવાનું યોગ્ય ગણ્યું છે. આનાથી વળી નવા સામાજિક પ્રશ્નો ઊભા થાય છે. **સ્ત્રીઓના હિત સાચવવાની કોશિશમાં પુરુષોનું અને સાથે સમાજનું અહિત થતું હોય તો એને પણ નવા પ્રકારનું માળખાકીય શોષણ કહી શકાય.**

માળખાગત અન્યાય અને શોષણની બાબતમાં ભારતની પરિસ્થિતિ શું છે? ભારત લોકશાહી દેશ ખરો પણ એ લોકશાહી અધકચરી છે. વસતિની રીતે ભારત બીજા નંબરે છે અને થોડા દાયકાઓમાં પહેલા નંબરે આવી જશે. અત્યારે પણ ભારતની વસતિ ત્રીજા નંબરના દેશ કરતાં ચાર ગણી છે. વધુ વસતિ અને પ્રજાની વિવિધતાને લીધે બધા પ્રશ્નો જટિલ બની જાય છે.

અન્યાય અને શોષણના જન્મદાતા એવા કાયદા-વ્યવસ્થામાં ઢીલ, ભ્રષ્ટાચાર, ધાર્મિક ઘેલછા, જ્ઞાતિ, વર્ણ, ભાષા, ધર્મ વગેરે આધારિત ઊંચનીચના ભેદભાવ, પુરુષપ્રધાન સમાજ રચના વગેરે વિશે લખવાની જરૂર નથી. બધાને એ ખબર છે.

આ ઉપરાંત ભારત પણ આજે કલ્યાણ રાજ્ય બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે, જે અત્યારે જરૂરી પણ છે. આવી યોજનાઓ જ્યારે હદબહાર વધી જાય છે ત્યારે ત્યાંથી પાછા વળવું અશક્ય જેવું હોય છે. **ચૂંટણી પહેલાં બધા લોકશાહી દેશોની સરકાર પ્રજાને સવલતોની લહાણી કરે છે, જે લાંબે ગાળે મોંઘી પડે છે. લોકશાહીની આ સૌથી નબળી કડી છે.**

આર્થિક પ્રગતિ સાથે વિશ્વમાં ભારતનું સ્થાન આગળ આવી રહ્યું છે. એની સાથે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે રાજકીય પ્રભાવ વધે વગેરે બધું સાચું, પણ એનાથી દેશમાં ગરીબી, અન્યાય, શોષણ વગેરે દૂર થતાં નથી. આ બાબતે આપણે છેલ્લી હરોળમાં બેઠા છીએ એવું કહેવામાં અતિશયોક્તિ નથી.

અન્યાય અને શોષણ દૂર કરવા એ દબાયેલા લોકો માટે આઝાદીની લડાઇ છે. દરેક વ્યક્તિ, વંચિતોનું શોષણ ન કરી, આ લડતમાં પોતાનો ફાળો નોંધાવી શકે છે.

*૧, શ્યામ વાટિકા સોસાયટી,*
*વાસણા રોડ,*
*વડોદરા-૩૯૦ ૦૦૭.*

# ધર્મનો મર્મ

• રવિલાલ એમ. વોરા •

શ્રી વર્ધમાન જૈન બોર્ડિંગ - કટારિયા (કચ્છ)માં હું ભણતો હતો ત્યારે અમારા બુદ્ધિશાળી શિક્ષક દિનકરભાઇ (જાતે બ્રાહ્મણ હતા) એ એક પ્રયોગ કર્યો. ત્યારે અમો ૪૫ વિદ્યાર્થી હતા તેમાંથી વ્યવસ્થિત અને હોંશિયાર એવા ૨૨ વિદ્યાર્થીને અલગ તારવી દરેકને એક લાઇનમાં ઊભા રાખ્યા. છેલ્લા વિદ્યાર્થીને બે લાઇનની એક વાક્ય રચના આપવામાં આવી. એ વિદ્યાર્થીએ તેનાથી થોડા દૂર ઊભા રહેલને એ વાક્ય રચના કહેવાની હતી. આ રીતે એક પછી એક જણ પોતાને જે રીતે યાદ રહેલ હોય તે રીતે વાક્ય રચના કહેતા ગયા. અંતિમ વિદ્યાર્થી પાસે તે વાક્ય રચના પહોંચી, પછી મૂળ વાક્ય રચના સાથે તેને સરખાવવામાં આવી. આખી વાક્ય રચનાનો મૂળ ભાવાર્થ જ બદલાઇ ગયો હતો.

એ જ રીતે આજે ભગવાન શ્રી મહાવીર સ્વામીનો ધર્મ મૂળભૂત સિદ્ધાંતથી અલગ રીતે સંપૂર્ણપણે ક્રિયાકાંડનો ધર્મ થઇ ગયો. આજે ધર્મની વ્યાખ્યા એટલે દર્શન-પૂજા તપશ્ચર્યા/ સામાયિક-પ્રતિક્રમણ-વરઘોડા અને સ્વામિવાત્સલ્ય-આટલું કરો એટલે તમે ધર્મના ધૂરંધર. પછી ભલે તમે સૂક્ષ્મ હિંસા કરતા હો, અસત્ય બોલતા હો, વેપારમાં ચોરી કરતા હો, પરિગ્રહી હો, બ્રહ્મચર્યને અને તમારે બાર ગાઉનું અંતર હોય! તમને માત્ર પૂછવામાં આવશે - દર્શન કરો છો? પૂજા કરો છો? શક્ય હોય તો એકાદ અનુષ્ઠાન કરાવો વગેરે વગેરે... પરંતુ ભગવાન શ્રી મહાવીર સ્વામીના મૂળભૂત સિદ્ધાંતો અંગે એક વાક્ય પણ આચાર્યો, સાધુ, સાધ્વીઓ નહીં પૂછે.

ભગવાનશ્રી મહાવીર સ્વામીને પૂજનારાના કેટલા ગચ્છ? પંથ, સંઘાળા અને દરેકનો દાવો સાચા અધિકારીઓ છીએ, અમો જ તમને મોક્ષ માર્ગે લઇ જશું, બીજાને તમારે સાંભળવા નહીં. ગચ્છ-પંથ-સંઘાળા માત્રને માત્ર અહંનો ટકરાવ છે. દરેક જણ પોતાની લીટી લાંબી દેખાડવા માટે બીજાની લીટીને નાની દેખાડે છે. જીવનજંજાળથી થાકી ગયેલ શ્રાવકને પોતાના ગુરુમાં ઉદ્ધારક દેખાય છે. હકીકતમાં તો તેઓ પોતે અહંકાર, ક્રોધ, રાગદ્વેષથી પીડાતા હોય છે. તે તમને કઇ રીતે મોક્ષ માર્ગ પર લઇ જશે. દરેકને વિનંતી છે કે તમો સૂક્ષ્મ નિરીક્ષણ કરશો તો તમને પોતાને તેની પ્રતીતિ થશે. ભગવાનશ્રી મહાવીર સ્વામીના પાંચ સિદ્ધાંતો, એ જ જૈન ધર્મનો પાયો, ક્રિયાકાંડ નહીં. અને જેનો પ્રચાર અને પ્રસાર ખુદ ભગવાનશ્રી મહાવીર સ્વામીએ કરેલ છે અને તેમણે પ્રરૂપેલ છે. આ પાંચ સિદ્ધાંતો જો તમે મન-વચન-કાયાથી પાળો તો તમારે બીજું કંઇ કરવાનું રહેતું નથી.

- **અહિંસા :**

મન-વચન-કાયાથી કોઇપણ જાતની હિંસા ન કરવી ન કરાવવી, ન અનુમોદવી કોઇ જીવને વિના કારણ દુઃખ પહોંચાડવું તે પણ એક જાતની હિંસા છે. વરઘોડા કાઢીને અનેક ઇન્દ્રીય, દ્વિઇન્દ્રીય અને વાયુ કાયના જીવોની થતી હિંસા, રથ જોડે જોડેલ બળદ-ઘોડા ઉપરની સવારીથી આ જીવોને થતી વેદના. અતિચારમાં પણ આ અંગે કહેવાયેલ છે. ભગવાનશ્રી મહાવીરે કોઇ જગ્યાએ કહેલ નથી કે ધર્મના પ્રચાર-પ્રસાર માટે આ બધું કરવું જરૂરી છે. ત્યાગના ભોગ માટે આ આપણે કરીએ છીએ. ભગવાનશ્રી મહાવીરના મૂળભૂત સિદ્ધાંતને જ આપણે બાજુમાં મૂકી દીધો છે.

- **સત્ય :**

મન-વચન-કાયાથી જૂઠ ન બોલવું કે ન અનુમોદવું. આ સિદ્ધાંતનો તો આપણે સરેઆમ ભંગ કરીએ છીએ- ઉગ્રમાં ઉગ્ર તપશ્ચર્યા કરનારો- પૂજા કરનારો સામાયિક-પ્રતિક્રમણ કરનાર છડેચોક જરા પણ શરમ રાખ્યા વગર જૂઠનો લગભગ સહારો લેતો હોય છે, જૂઠને ઉત્તેજન અને અનુમોદન આપતો હોય છે. ભગવાન મહાવીરના આ સિદ્ધાંતનો આપણે બેશરમ રીતે ભંગ કરીએ છીએ.

- **ચોરી ન કરવી :**

મન-વચન-કાયાથી ચોરી ન કરવી, ન કરાવવી કે ન અનુમોદવી. આપણને તક મળે ત્યારે આપણે ઇન્કમટેક્ષ-સેલ્સટેક્ષની તો ચોરી કરીએ જ છીએ પરંતુ ગ્રાહકને તોલ-માપ, ખોટા વચન, ભેળસેળ, વિશ્વાસનો ભંગ જરા પણ શરમ રાખ્યા વગર કરીએ છીએ. આ પણ એક જાતની ચોરી છે. ત્યારે આપણને દહેરાસર-ઉપાશ્રય-તપશ્ચર્યા કાંઇ યાદ નથી આવતું. ફક્ત ધનલાભ પર જ નજર હોય છે. આ સિદ્ધાંતનો પણ ભંગ કોઇ જગ્યાએ ઇરાદાપૂર્વક કે કોઇ જગ્યાએ અજાણતા કરીએ છીએ.

- **બ્રહ્મચર્ય :**

(ભગવાન પાર્શ્વનાથના કાળ દરમ્યાન ૪ સિદ્ધાંત (યામ) હતા આ સિદ્ધાંતનો ઉમેરો ભગવાન શ્રી મહાવીર સ્વામીએ કરેલ છે)

મન-વચન-કાયાથી મૈથુન-વ્યભિચાર ન કરીએ ન કરાવીએ કે કરવાવાળાને ન અનુમોદન કરીએ. ઉગ્રમાં ઉગ્ર તપશ્ચર્યા કરનાર, દરરોજ સવારે પ્રથમ દહેરાસર જનાર દરરોજ પૂજા કરનારને પૂછશો કે દિલ પર હાથ રાખીને કહે કે સુંદરતાને જોઇને સ્ખલન નથી થતું? તમને લલચાવનારી કોઇ મેનકા મળે તો શાન-ભાન નથી ભૂલતા? આ સિદ્ધાંતનો

*સ્વતંત્રતાને ચાહનારા બહુ ઓછા હોય છે. મોટાભાગના તો સ્વચ્છંદતાને ચાહનારા હોય છે.*

પણ લગભગ આપણે ભંગ કરીએ છીએ.

● **અપરિગ્રહ :**

મન-વચન-કાયાથી પરિગ્રહ એટલે કે ધન આદિ ન રાખવું, ન રાખવા દેવું કે રાખવાવાળાને અનુમોદન આપવું.

વધારે મા વધારે આ સિદ્ધાંતનો ભંગ આજના કાળમાં લગભગ આચાર્યો, સાધુ, સાધ્વી અને શ્રાવકો કરે છે. અપરિગ્રહ નામનો શબ્દ તો કાળક્રમે લુપ્ત થઇ જશે, ત્યારે સિદ્ધાંતની વાત તો ક્યાં કરવી. આજે પોતાના નામનાં ટ્રસ્ટો તેમાં વધારેમાં વધારે ધનનો સંચય કેમ થાય તેના પેંતરા રચવા, સાધન શુદ્ધિની ખેવના રાખ્યા વગર અઢળક ધન કાળા બજારિયા - જનતાને લૂંટતા અને બિલકુલ નીતિ વિહોણા લોકો પાસેથી લેવું. જૂના જમાનાના રજવાડા જેવો ઠાઠમાઠ રચવો, સંકૂલો બનાવવા — આ શું છે? ભગવાન મહાવીરે તો આવું કોઇ જગ્યાએ કહેલ નથી કે કરેલ નથી.

પ્રબુદ્ધ શ્રાવકો- વિચારશીલ લોકો જો હાલમાં જે રીતે ધર્મને દિશા મળી છે તે રીતે ચાલશે તો આપણે ક્રિયાકાંડને જ ધર્મ સમજશું. ઉપરોક્ત સિદ્ધાંતો ભગવાન મહાવીર સ્વામીના છે અને તે રીતે જ ધર્મનો પ્રચાર અને પ્રસાર તેમણે કરેલ હતો. તેમણે જે કંઇ તપશ્ચર્યા કરી તે પોતાની આત્મશુદ્ધિ અને જ્ઞાનદીપક પ્રગટાવવા માટે કરી હતી આપણે જે કંઇ અત્યારે કરીએ છીએ તેમાં દેખાદેખી-દંભ અને પારણાં સમયે મળતી મહત્તા અને ઉજવણી મહદ્અંશે આ હેતુ હોય છે. સાર્વત્રિક આ કદાચ સાચું ન પણ હોય પણ એટલું નક્કી છે કે આપણે ન તો આપણા આત્માની શુદ્ધિની ખેવના રાખીએ છીએ કે ન કોઇ સાચું જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરીએ છીએ.

ભગવાનશ્રી મહાવીરના આ સિદ્ધાંતો એકદમ સરળ છે પણ તેનો અમલ કરવો અઘરો છે. એટલે ભગવાન મહાવીરના મૂળભૂત સિદ્ધાંતોને બાજુમાં રાખીને આપણા ગુરુજનોએ આપણને ક્રિયાકાંડનો માર્ગ બતાવ્યો. પરંતુ એક વસ્તુ નોંધી રાખજો કે અહીં વેપારી હિસાબ નથી, જમામાંથી ઉધાર બાદ થાય અથવા તો ઉધારી વધી જાય તો જમા બાદ થાય. કર્મના અને ધર્મના સિદ્ધાંત પ્રમાણે જમા હશે તે સુખ ભોગવવાનું મળશે અને ઉધાર હશે તેનું દુઃખ ભોગવવું પડશે.

એક દાખલો આપીને વિરમું છું.

મહાભારતના યુદ્ધ બાદ યુધિષ્ઠિર સ્વર્ગમાં પહોંચ્યા. ત્યાં તેમણે જે દૃશ્ય જોયું તેનાથી અત્યંત ક્રોધિત થયા. તેમણે ઇન્દ્રને પૂછ્યું આ શું? પાંડવો નરકમાં અને કૌરવો સ્વર્ગમાં? ઇન્દ્રે જવાબ આપ્યો, 'રાજન, કૌરવોએ થોડું પુણ્યકાર્ય કરેલ છે તે સમય પૂરતાં જ તેઓ સ્વર્ગમાં છે. અંતિમ જીવન તો નરકમાં જ વ્યતીત કરવાનું છે અને પાંડવોએ થોડાં પાપ કરેલ છે તે સમય પૂરતાં તેઓ નરકમાં છે. અંતિમ જીવન તો સ્વર્ગમાં જ વ્યતીત કરવાનું છે.'

વાસ્તવમાં આપણે અતિ ધાર્મિક બની ગયા અને ધર્મના મૂળભૂત સિદ્ધાંતોને સમજીને જીવનમાં ઉતારવાને બદલે ક્રિયાકાંડો અને ચમત્કારોમાં ખોવાઇ ગયા.

*૩૬, વસંતકુંજ સોસાયટી,*
*નવા શારદામંદિર રોડ,*
*અમદાવાદ-૩૮૦ ૦૦૭.*

માહિતી

# વૃક્ષારોપણ થકી પ્રકૃતિ અને સંસ્કૃતિની રક્ષા
# આંતરરાષ્ટ્રીય વન વર્ષ - ૨૦૧૧

• સંજય પી. ઠાકર •

*યુનાઈટેડ નેશન્સે ૨૦૧૧ના વર્ષને આંતરરાષ્ટ્રીય વન વર્ષ જાહેર કરીને વન, વન્યજીવન અને વનસંરક્ષણ પ્રત્યે ધ્યાન ખેંચવા પ્રયાસ કર્યો છે ત્યારે વન, વૃક્ષ અને વન્યજીવન પર એક દૃષ્ટિપાત!*

વૃક્ષોનું મહત્ત્વ અને વૃક્ષો માટે વર્ષાઋતુની અનિવાર્યતા આપણે સૌ સારી રીતે જાણીએ છીએ. વર્ષ ૨૦૧૧ને આંતરરાષ્ટ્રીય વન વર્ષ તરીકે જાહેર કરવામાં આવેલ છે. હાલમાં વર્ષાઋતુનો અવસર છે અને વૃક્ષારોપણનો અનેરો મહોત્સવ માણવાની આ ઘડીઓ છે. વૃક્ષાચ્છાદિત વિસ્તાર વધારવાના પ્રયાસરૂપે ઠેર-ઠેર વન મહોત્સવનું આયોજન થઈ રહેલ છે. બધી દિશાઓમાંથી વૃક્ષારોપણ જેવા ઉમદા કાર્યો કરવા માટે આચાર-વિચાર-પ્રસાર થઈ રહેલ છે. **દરેક વ્યક્તિએ વૃક્ષ વાવેતર અને સંરક્ષણ માટે સંકલ્પબદ્ધ થઇ અમલ કરવાની કાળજી લેવી પડશે, છોડમાં રણછોડની ભાવના જાગૃત કરવી પડશે.**

યુનાઈટેડ નેશન્સની સામાન્ય સભામાં વર્ષ ૨૦૧૧ને 'આંતરરાષ્ટ્રીય વન વર્ષ' (ઇન્ટરનેશનલ ફોરેસ્ટ્રી યર) તરીકે જાહેર કરવામાં આવ્યું છે. આ માટે સરકારી, બિનસરકારી ખાનગી સંસ્થાઓને સક્રિય થઈ સહભાગી થવા માટે વિનંતી કરાઈ છે. આ પાછળનો મુખ્ય ઉદ્દેશ પ્રવર્તમાન અને ભાવિ પેઢીના વિકાસ, હિત માટે જુદા-જુદા બધાજ પ્રકારના વનોનાં વ્યવસ્થાપન અને સંરક્ષણ પ્રત્યે જાગૃતિ વધે તેવો રહેલો છે.

આપણે પ્રતિવર્ષ ૨૧ માર્ચના દિવસને 'વિશ્વ વન દિવસ' તરીકે ઉજવીએ છીએ. આ માટેનો પ્રથમ વિચાર વર્ષ ૧૯૭૧માં યુરોપિયન ફેડરેશન ઓફ એગ્રિકલ્ચરની ૨૩મી સામાન્ય સભા દરમ્યાન આવેલો હતો. આ જ વર્ષે યુનાઈટેડ નેશન્સના ફૂડ અને એગ્રિકલ્ચર ઓર્ગેનાઈઝેશન (એફ.એ.ઓ.) દ્વારા ૨૧મી માર્ચનો દિવસ 'વિશ્વ વન દિવસ' તરીકે ઉજવવાનું જાહેર કરવામાં આવ્યું. રોજિંદા જીવનમાં આપણે વનોના મહત્ત્વને ધ્યાનમાં લેતા નથી. આ દિવસ વનોની ઉપયોગિતાને સમજીને તેના પ્રત્યે ધ્યાન ખેંચવા માટેનો છે અને વન વિષયક ઉત્પાદન, સંરક્ષણ અને મનોરંજન પ્રત્યે જાગૃતિ લાવવાનો હેતુ છે.

પ્રતિ વર્ષ વિશ્વ વન દિવસની ઊજવણી માટે થીમ નક્કી કરવામાં આવે છે. **તે મુજબ આ વર્ષનું વન દિવસનું થીમ હતું : 'બાયોડાયવર્સિટી એન્ડ ક્લાઇમેટ ચેન્જ' (જૈવિક વિવિધતા અને આબોહવા પરિવર્તન)**

આંતરરાષ્ટ્રીય વન વર્ષ નિમિત્તે આપણે વન અને વૃક્ષોની થોડી વાતો કરીએ. સમગ્ર વિશ્વમાં પ્રતિવર્ષ ૧ ટકા જંગલ આગથી નાશ પામે છે. પ્રાથમિક રીતે ૩૦ ટકા જંગલો લાકડું અને અન્ય ગૌણ વન પેદાશો માટે ઉપયોગમાં લેવાય છે. છેલ્લા ૩૦ વર્ષમાં વિશ્વના ૨૦ ટકા ચેરના જંગલો નાશ પામ્યા છે. આ કારણથી દરિયા કાંઠાઓ વધુને વધુ ભયજનક બની રહ્યા છે. આનું ઉદાહરણ કચ્છના ચેરનો થયેલો દસ વર્ષનો નાશ છે. ૧.૩૦ લાખ હેક્ટર કુદરતી જંગલો પ્રતિવર્ષ નાશ પામી રહ્યાં છે જેનો વિસ્તાર ગ્રીસ દેશ જેટલો થાય છે. વિશ્વનું લાકડાનું ઉત્પાદન ૩.૪ બિલિયન ઘનમીટર છે જે પૈકી અડધું લાકડાના કામોમાં અને અડધું બળતણ તરીકે વપરાય છે. જંગલ કાપવાથી વનવાસીઓની સંસ્કૃતિ લુપ્ત થઈ રહી છે અને તેમની જીવન જીવવાની પદ્ધતિ પણ બદલાઈ રહી છે. કુદરતી વનો વાવેતરોથી ઊભા કરેલા જંગલો કરતાં વધુ કાર્બન સંચય કરે છે. મોટાભાગના બધા જ પ્રાઈમેટસ (અગ્રીમ) કુળના પ્રાણીઓ વનોમાં કે વનના આધારે જીવન જીવે છે તે પૈકી ઘણાં બધા હવે ખૂબ જ ભય હેઠળની જાતિઓની યાદીમાં સમાવિષ્ટ પામ્યા છે.

આંતરરાષ્ટ્રીય વન વર્ષ નિમિત્તે વૃક્ષો વિશે જાણવું રસપ્રદ રહેશે. વૃક્ષો તેના ૯૦ ટકા પોષક તત્ત્વો વાતાવરણમાંથી મેળવે છે. ફક્ત ૧૦ ટકા પોષક તત્ત્વો જમીનમાંથી પ્રાપ્ત કરે છે. સરેરાશ કદના વૃક્ષમાંથી ૧ લાખ ૭૦ હજાર જેટલી પેન્સિલ બની રહે છે. એક વૃક્ષ પ્રતિવર્ષ ૨૬૦ પાઉન્ડ જેટલો ઑક્સિજન પેદા કરી શકે છે. આટલો પ્રાણવાયુ ચાર વ્યક્તિને શ્વાસ પૂરો પાડે છે. એક કાર ૭૫૦૦ માઈલ ચાલે ત્યારે જેટલો કાર્બન ડાયોક્સાઈડ મુક્ત થાય છે તેટલો કાર્બન ડાયોક્સાઈડ એક વૃક્ષ એક વર્ષ દરમિયાન શોષે છે. **એક વૃક્ષ વાતાવરણને ઠંડું રાખવામાં મદદરૂપ બને તેનાથી એરકંડિશનિંગનો ૨૦ ટકા જેટલો ખર્ચ ઘટી શકે છે.** વૃક્ષો અવાજના પ્રદૂષણને અવરોધે છે તે અવાજ અવરોધક તરીકે કાર્ય કરે છે. વૃક્ષના મૂળ જમીનને બાંધે છે, સ્થિર કરે છે અને પ્રદૂષણ ફેલાતું રોકે છે. વૃક્ષ વન્ય જીવોને ખોરાક અને આશરો આપે છે. આપણે વૃક્ષને જ નથી કાપતા, વન્યજીવોના ઘર અને ખોરાકને પણ નષ્ટ કરીએ છીએ.

*શરીર માટે જેમ અન્ન અનિવાર્ય છે તેમ આત્મા માટે પ્રાર્થના અનિવાર્ય છે.*

ભારતમાં જંગલ બહાર વૃક્ષ આચ્છાદિત વિસ્તાર કુલ ભૌગોલિક વિસ્તારના ૨.૮૨ ટકા છે જ્યારે ગુજરાતમાં જંગલ બહાર વૃક્ષ આચ્છાદિત વિસ્તાર કુલ ભૌગોલિક વિસ્તારના ૪.૨૮ ટકા છે. **ગુજરાતનો મોટાભાગનો વિસ્તાર સૂકો છે તેમ છતાં ગુજરાતમાં વન વિસ્તાર બહાર વૃક્ષની સરેરાશ ઘનતા દેશની સરેરાશ ઘનતા કરતાં વધારે છે.** ભારતમાં મહારાષ્ટ્ર પછી વન વિસ્તાર બહાર સૌથી વધારે વૃક્ષ આચ્છાદિત વિસ્તાર ૮,૩૯૦ ચો.કિ.મી. ગુજરાત રાજયમાં છે. આમ ભારતમાં ગુજરાત બીજા સ્થાને છે. વૃક્ષોની સંખ્યા વર્ષ ૨૦૦૪ ના રિપોર્ટમાં ૨૫.૧૦ કરોડ એટલે કે ૧૪.૧ વૃક્ષો પ્રતિ હેક્ટર હતી, જે વધીને વર્ષ ૨૦૦૯માં ૨૬.૮૭ કરોડ એટલે કે ૧૬.૨ વૃક્ષો પ્રતિ હેક્ટર થયેલી છે.

જંગલની જમીનો ખેતી માટે પરિવર્તિત કરવી, ઇમારતી લાકડાં માટે કપાણ, નબળું જમીન વ્યવસ્થાન, જંગલોમાં માનવ વસાહતો ઊભી કરવા જેવા વનોના વિનાશના મુખ્ય કારણો છે. વનોના વિનાશને કારણે વિશ્વ બેન્કના જણાવ્યા પ્રમાણે ૨૦ ટકા ગ્રીન હાઉસ ગેસ મુક્ત થઇ રહ્યાં છે, જે ગ્લોબલ વોર્મિંગ માટે કારણરૂપ છે. એફ.એ.ઓ.ના અંદાજ પ્રમાણે વિશ્વના જંગલો અને જંગલની જમીન ૧ ટ્રિલિયન ટન કાર્બનનો સંચય કરી શકે છે. જે વાતાવરણમાં રહેલા કાર્બન કરતાં બે ગણો થાય છે. વિશ્વ બેન્કના અંદાજ પ્રમાણે જંગલો વિશ્વની ૨/૩ જાતિઓને આવાસ-આશરો પૂરો પાડે છે. **ટ્રોપિકલ રેઇન ફોરેસ્ટ્રી ઉષ્ણ કટિબંધીય વર્ષા વનોના કપાણને કારણે જૈવ વિવિધતાને મોટું નુકસાન થઇ રહ્યું છે.** તેના લીધે પ્રતિદિન સો જેટલી જાતિઓ લુપ્ત થઇ રહી છે.

**વિશ્વનું જૂનામાં જૂનું પ્રાચીનતમ વૃક્ષ ગ્રેટ બેસીન બ્રીસ્ટલેકોન છે. આ વૃક્ષ સ્વીડન દેશમાં આવેલું છે. તેની ઉંમર ૯૫૫૦ (નવ હજાર પાંચસો પચાસ) વર્ષથી વધુ છે.**

*'શિવમ્', ૪૦/બી, વૃંદાવન નગર,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : ૦૨૮૩૬-૨૪૦૧૩૯*
*મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

## તમારા ભાગે આવેલ કામ શ્રેષ્ઠતાપૂર્વક કરો

જીવનમાં આપણા ભાગે જે કામ આવ્યું છે તે અવિરતપણે શક્ય એટલી ઉત્તમ રીતે આપણે કરવાનું છે. દરેક માણસ પાસે વ્યવસાયિક નિપુણતા ન હોઈ શકે. પ્રખર બુદ્ધિમાન વિજ્ઞાની અથવા પૂર્ણ કલાકાર તો વળી એનાથીય ઓછા હોય. મોટાભાગના તો કારખાનામાં, ખેતરમાં કે શેરીમાં કામ કરતા કામદાર જ હોય. પણ કોઈ જ કામ નાનું કે નગણ્ય નથી. માનવજાત માટે ઉપયોગી હોય તે દરેક કામ ગૌરવપૂર્ણ છે. તેને પૂરેપૂરી ચીવટથી કરવું જોઈએ.

જો કોઈ સફાઈ કામદાર શેરીની સફાઈ કરે તો એ કામ એણે એ રીતે કરવું જોઈએ, જે રીતે માઈકલ એન્જેલો ચિત્રકામ કરતો કે બીથોવન સંગીતની તર્જ બનાવતો કે શેક્સપિયર નાટક-કવિતા રચતો. તેણે સફાઈ કામ એ રીતે કરવું જોઈએ કે પૃથ્વી ઉપર માનવો અને સ્વર્ગમાંથી દેવો એનું અભિવાદન કરતા કહે, 'અહીં એક સફાઈ કામદાર વસે છે, જે પોતાનું કામ શ્રેષ્ઠ રીતે કરે છે.'

***માર્ટીન લ્યુથર કિંગ, જુનિયર***

તંદુરસ્તી

# બાળકોમાં માથાનો દુઃખાવો

• ડૉ. (પ્રો.) મણિલાલ ગડા - ડૉ. દીપ્તિ શાહ (ગડા) •

વૃશાલી, ૧૪ વર્ષની ૯માં ધોરણમાં ભણતી કિશોરીને છેલ્લા દસેક મહિનાથી માથાનો દુઃખાવો સતત રહેતો હતો. છેલ્લા આઠેક મહિનાથી માથાના દુઃખાવાને કારણે સ્કૂલે ગઇ ન હતી. ૯માં ધોરણની વાર્ષિક પરીક્ષા પણ વૃશાલીએ આપી ન હતી. સાથે માથું ભારી રહેતું હતું. કોઇક વખત ચક્કર જેવું લાગતું હતું.

માથાનો દુઃખાવો સતત રહેતો હતો. વચ્ચે વચ્ચે દુઃખાવાનું પ્રમાણ ખૂબ જ વધી જતું. ઘણી વખત વૃશાલી ચોધાર આંસુએ રડતી. એ વખતે એની મમ્મી પણ વૃશાલી જોડે રડતી હતી. વૃશાલીની મમ્મી વૃશાલીના માથા પર બામ ઘસતી. એકાદ કલાક બાદ દુઃખાવામાં થોડી રાહત મળતી. દુઃખાવો સદંતર બંધ થતો. સવારના ઊઠતાંની સાથે દુઃખાવો શરૂ થઇ જતો.

ઉત્તર પ્રદેશના નાનકડા શહેરમાં વૃશાલી રહેતી હતી. વારાણસી લઇ આવી હોસ્પિટલમાં દાખલ કરેલ. મોટા ડોક્ટર, ફિઝીશિયનને બતાડેલ. લોહીની તપાસ-હિમોગ્લોબીન, રક્તકણ, સફેદ કણ, ઇ.એસ.આર., થાઇરોઇડ હોરમોન્સ વગેરે બધું જ નોરમલ આવ્યું. મગજનો સી.ટી. સ્કેન, એમ.આર.આઇ. સ્કેન પણ નોર્મલ હતા. મગજનો ગ્રાફ - ઇ.ઇ.જી. (E.E.G.) પણ નોર્મલ આવ્યા. હોસ્પિટલમાં સારવાર દરમ્યાન થોડીક રાહત મળી. ડોક્ટરોએ અભિપ્રાય આપ્યો કે ચિંતા કરવા જવું નથી. ધીમે ધીમે સારું થઇ જશે. હોસ્પિટલમાંથી રજા મળી. ઘરે પોતાના શહેરમાં લઇ ગયા. બે અઠવાડિયામાં તો ફરીથી દુઃખાવાનું પ્રમાણ વધી ગયું. ફરીથી પહેલાંની જેમ જ સતત માથું દુઃખવાનું થયું. વૃશાલીની મમ્મીને ખૂબ જ ચિંતા રહેતી હતી.

ન્યુરોલોજિસ્ટને બતાડ્યું. ફરીથી મગજના સી.ટી. સ્કેન, એમ.આર.આઇ. સ્કેન તથા ઇ.ઇ.જી. કર્યા. ફરીથી બધું નોર્મલ નીકળ્યું. આધાશીશીનો એક ભાગ્યે જ થતા પ્રકાર (Unusual form of Migraine Headache)નું નિદાન કર્યું. દર્દનાશક દવાઓ આપી. આધાશીશી માટેની દવાઓ આપી. દુઃખાવામાં થોડીક રાહત મળી. દુઃખાવો સંપૂર્ણ બંધ ન થયો. દુઃખાવાને લીધે વૃશાલી શાળામાં જઇ શકતી ન હતી.


**ડૉ. (પ્રો.) મણિલાલ ગડા**
એમ.ડી., ડી.પી.એમ., એફ.આઇ.પી.એસ.

મનોચિકિત્સક અને સ્ટ્રેસ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ,
મનોસ્મૃતિ પોલીક્લિનિક, પ્રભુકૃપા,
એલ.બી.એસ. માર્ગ, સર્વોદય હોસ્પિટલની બાજુમાં,
હોટેલ રાધાક્રિષ્ણની બાજુમાં, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૮૬.
ફોન : ૨૫૧૪૮૮૫૯

**ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા)**
*એમ.ડી. (ગોલ્ડ મેડલ), ડી.પી.એમ., એમ.આઈ.પી.એસ., બાળ મનોચિકિત્સક*

જાગૃતિ પોલીક્લિનિક,
કામદાર હૉસ્પિટલ, કિરણ નિકેતન, ભાટિયાવાડીની બાજુમાં, તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૭૭.
ફોન : ૨૫૧૨૪૪૦૪, મો. ૯૮૨૧૩ ૨૬૨૬૯


છ મહિના બીજા નીકળી ગયા. આ દરમ્યાન માથાનો દુઃખાવો સતત રહેતો હતો. થોડાઘણા પ્રમાણમાં દુઃખાવામાં વધઘટ થતી. વૃશાલી શાળાએ જઇ શકતી ન હતી. વાતચીત દરમ્યાન વૃશાલી કહેતી કે મને શાળામાં જવું છે, આગળ ભણવું છે. પણ માથાના દુઃખાવાના લીધે લાચાર છું. શું કરું?

એક હિતેચ્છુએ મુંબઇ જઇ મનોચિકિત્સકને બતાડવાની સલાહ આપી. કુટુંબીજનોએ દલીલ કરી કે (૧) વૃશાલીને સાચે જ માથાનો દુઃખાવો થાય છે એ દુઃખાવાની કલ્પના નથી કરતી. (૨) શાળામાં ન જઇને વૃશાલીનું નુકસાન થાય છે. (૩) વૃશાલી ભણવામાં હોંશિયાર છે. એનો નંબર પહેલા ત્રણ માં આવે છે. (૪) ઘરમાં બધું જ બરોબર છે કોઇ સ્ટ્રેસ નથી તો મનોચિકિત્સકને શા માટે બતાડવું? શા માટે એનો અભિપ્રાય લેવો? હિતેચ્છુએ જોર પાડીને કહ્યું કે મારા ખાતર મુંબઇ જઇને અભિપ્રાય લઇએ. કુટુંબીજનો ના ન પાડી શક્યા અને વૃશાલીને લેખકને બતાડવા લઇ આવ્યા.

ઊંડાણમાં જરૂરી માહિતી મેળવી, માથાના દુઃખાવાની સાથે મનની તપાસ પણ કરી નીચે પ્રમાણેના મહત્ત્વના મુખ્ય મુદ્દાઓ વિશે જાણકારી મળી.

**૧. વર્ગશિક્ષકે વૃશાલીને ૨૬મી જાન્યુઆરીની ગણતંત્ર દિવસની ઉજવણીના ભાગરૂપે પરેડમાં ભાગ લેવા કહ્યું હતું.** પરેડમાં ભાગ લેવાની વૃશાલીની બિલકુલ મરજી ન હતી. પરાણે, ન છુટકે વૃશાલીને પરેડમાં ભાગ લેવો પડ્યો હતો. વૃશાલીએ પરેડનો ગણવેશ (Uniform of Parade) પહેર્યા વગર ભાગ લીધો હતો. આથી બીજા વિદ્યાર્થી-વિદ્યાર્થીઓની હાજરીમાં શિક્ષક વૃશાલી પર ગુસ્સે થયા હતા. વૃશાલીને પોતાનું અપમાન થયા જેવી લાગણી થઇ હતી. શિક્ષક પરનો ગુસ્સો, વૃશાલીને દબાવી દેવો પડ્યો હતો. (પડ્યા પર પાટું - પરાણે પરેડમાં ભાગ લેવો અને ઉપરથી અપમાનિત થવું બધાની હાજરીમાં.)

ઘરે પાછા ફરતી વખતે વૃશાલીના મનમાં આ પ્રસંગ અને વિચારોનું ઘમસાણ યુદ્ધ ચાલુ હતું. જેને લીધે માથું સખત દુઃખી આવ્યું, માથું ભારી થઇ ગયું તથા ચક્કર આવવા લાગ્યા. અન્ય બહેનપણીઓએ એને પકડી લીધી નહીં તો વૃશાલી પડી જાત. પકડીને વૃશાલીને ઘરે લઇ આવ્યા.

*રૂપિયા મળવાથી મનુષ્ય સ્વાધીન થતો નથી, પણ રૂપિયાનો પરાધીન થાય છે.*

**૨.** પંદરેક દિવસ બાદ યુનિટ ટેસ્ટ શરૂ થવાની હતી. દરેક ટેસ્ટ વખતે વૃશાલીને સ્ટ્રેસ-ટેન્શન-તાણ રહેતી. જો કે પછી સારા ગુણાંક મળતા. આ વખતની યુનિટ ટેસ્ટ માટેની તૈયારી યોગ્ય રીતે થઇ ન હતી. તેમાં પણ ઉપરોક્ત પ્રસંગને લીધે જે ટાઇમ ટેબલ તૈયારી માટે ગોઠવ્યું હતું એમાં ગરબડ થઇ ગઇ. યુનિટ ટેસ્ટમાં ગુણાંક ઓછા મળશે એ ડરના લીધે તથા યોગ્ય તૈયારી ન કરી શકવાને લીધે સ્ટ્રેસ ખૂબ જ વધી ગયું. આગળના પ્રસંગની નકારાત્મક અસરમાંથી વૃશાલીનું મન પૂર્ણપણે બહાર આવે એ પહેલાં એક વધારે સ્ટ્રેસની સંવેદનશીલ મન પર અસર ચાલુ થઇ ગઇ. **(Cumulative stress) આથી માથાના દુઃખાવામાં રાહત મળવાને બદલે દુઃખાવાનું પ્રમાણ વધી ગયું.**

**૩.** વૃશાલીને ભણવાનું સ્ટ્રેસ / ટેન્શન વધારે જ રહેતું હતું. ૮૫% થી ૯૦% ગુણાંક મળતા હતા. છતાં હંમેશાં ડર રહેતો હતો કે ગુણાંક ઓછા મળશે. શિક્ષકો તથા બહેનપણીઓમાં પોતાની છબી ખરડાશે (impression). બે વર્ષ પહેલાં ગણિતના પેપરમાં બે ગુણાંકનું લખવાનું રહી ગયું હતું. (ફક્ત એક જ વિદ્યાર્થી પૂર્ણપણે ગણિતનું એ પેપર લખી શકેલ). ત્યારે વૃશાલી બે દિવસ રડતી રહી હતી તથા એનો મૂડ ખરાબ રહ્યો હતો.

**૪.** વૃશાલીનો સ્વભાવ સંવેદનશીલ હતો (emotional), ભાવનાશીલ હતો. બધાની એને ચિંતા રહેતી હતી. અન્યના દુઃખ વિશે જાણીને વૃશાલીને તકલીફ થતી હતી. ઘરમાં વૃશાલી બધાની લાડકી હતી. બધા વૃશાલીને ફૂલની જેમ રાખતા હતા. એની બધી માંગણીઓ પૂર્ણ થતી હતી. પોતાનું ધાર્યું ન થાય તો વૃશાલીને મનમાં ખૂબ જ તકલીફ થતી હતી. મન બેચેન, અસ્વસ્થ થઇ જતું હતું. સિનેમામાં કે ટી.વી.માં દુઃખના દશ્યો વખતે વૃશાલી રડી પડતી હતી.

**૫.** વૃશાલીની મમ્મીનું વારંવાર માથું દુઃખી આવતું હતું. કામનો બોજો વધી જાય, ઘરે મહેમાન જમવા આવવાના હોય ત્યારે અચૂક માથું દુઃખી આવે. દર્દનાશક દવાઓ (Pain Killers) વૃશાલીની મમ્મી અવારનવાર લેતી હતી.

- **નિદાન :**

આંતરરાષ્ટ્રીય વર્ગીકરણ મુજબ વૃશાલીના કિસ્સામાં નીચે પ્રમાણે મનોનિદાન કરાય છે.

Axis - I Primary dignosis : મુખ્ય નિદાન-સોમેટાઇઝેશન (somatization)

Axis - II Personality- વ્યક્તિત્વ : સંવેદનશીલ વ્યક્તિત્વ

Axis - III Medical Illness- શારીરિક બીમારી - કોઇપણ નહીં.

Axis - IV Stress level-તાણનું પ્રમાણઃ મધ્યમકક્ષાનું (moderate level)

Axis - V Level of functioning - રોજિંદું જીવન : શાળાએ જવાનું બંધ છે.

ઉપરોક્ત પાંચ મુદ્દા સાથે આનુવંશિકતાનો મુદ્દો (વૃશાલીની મમ્મીને પણ માથું વારંવાર દુઃખે છે) પણ નિદાનમાં ધ્યાન લેવો જરૂરી છે.

- **સારવાર :**

**(અ) દવાઓ :** સ્ટ્રેસની શરીર પર થતી અસર ઓછી કરવા માટે દવાઓ ચાલુ કરી. અઠવાડિયામાં આ સારવારના પરિણામો જોવા મળ્યા. દર્દનાશક દવાઓ (pain killers) આપ્યા વગર સ્ટ્રેસ ઓછું કરવાની દવાથી દુઃખાવામાં રાહત મળી. બે અઠવાડિયામાં ૬૦થી ૭૦% દુઃખાવામાં રાહત મળી. એક મહિનામાં માથાનો દુઃખાવો બંધ થઇ ગયો. **દર્દનાશક દવાઓ દુઃખાવો ઘટાડી ન શકી જ્યારે સ્ટ્રેસ ઘટાડવાની દવાથી દુઃખાવામાં રાહત મળી.** કારણકે માથાનો દુઃખાવો થવાનું કારણ સ્ટ્રેસ હતું.

**(બ) કાઉન્સેલિંગ :-** કોગ્નિટિવ બિહેવિયર થેરાપીની સાથે સાથે કાઉન્સેલિંગ શરૂ કર્યું. ઘરની જવાબદારી વૃશાલી પર મૂકવાની શરૂઆત કરવા ઘરના કુટુંબીજનોને સમજાવાયું. માથામાં દુઃખાવો હોવા છતાં દરરોજ સાંજે માર્કેટમાંથી શાકભાજી તથા ઘરની અન્ય રોજની જરૂરિયાતની વસ્તુઓ લાવવાનું કહ્યું. વૃશાલી જે પણ કામ કરે એના વખાણ કરી પ્રોત્સાહન આપવાનું પણ કુટુંબીજનોને સમજાવાયું. ધીમે ધીમે વૃશાલી ઉપરોક્ત જવાબદારી લેવા લાગી. કુટુંબીજનોએ પણ વૃશાલીના કામના વખાણ કર્યા. જેથી વૃશાલીની કામ કરવાની ધગશ વધી. આને લીધે વૃશાલીનું ધ્યાન દુઃખાવા તરફથી હટીને કામ પ્રત્યે વધવા માંડ્યું. જેને લીધે દુઃખાવામાં રાહત મળવા લાગી.

કુટુંબીજનોને સમજાવાયું કે માથામાં દુઃખાવો થાય છે કે નહીં એ વિષે વૃશાલીને પૂછવાનું નથી. દુઃખાવો મટી ગયો છે એમ સમજી વૃશાલી જોડે વાતચીત તથા વ્યવહાર કરવો. જવાબદારી લઇ કામ કરવાની રીતના વખાણ કુટુંબીજનો તથા આડોસપાડોસના લોકો પણ કરવા લાગ્યા.

**દવાઓ તથા કોગ્નિટીવ બિહેવિયર થેરાપીને લીધે બે મહિનામાં તો વૃશાલીનો માથાનો દુઃખાવો સદંતર બંધ થઇ ગયો.** વૃશાલી એકદમ પહેલાની જેમ દોડતી થઇ ગઇ. ત્યારબાદ વ્યક્તિત્વના વિકાસ પર ધ્યાન આપ્યું. મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરવાની ક્ષમતા વધારવાની, સહનશક્તિ વધારવાની, નેતૃત્વ લેવાની કળા, નિર્ણયો કરી અમલમાં જાતે લાવવાની કળા વગેરે વિકસાવવાની પદ્ધતિઓ વિશેની સારવાર વિશે સમજાવાયું.

છ મહિના બાદ વૃશાલી પોતાના શહેરમાં પાછી ગઇ. ત્યાં પોતાનો અભ્યાસ ફરી શરૂ કર્યો. ૧૦મા ધોરણની પરીક્ષા સારા ગુણાંકે પાસ કરેલ છે. આગળ અભ્યાસ કરે છે.

- **સારાંશ :**

**માથાનો દુઃખાવો બાળકો તથા કિશોરોમાં સતત થતો હોય કે વારંવાર થતો હોય ત્યારે શરીરની તપાસ જોડે મનની તપાસ કરવી જરૂરી છે.** મનની યોગ્ય તપાસ મનોચિકિત્સક પાસે કરાવી, યોગ્ય નિદાન કરી યોગ્ય સારવારના પરિણામો ખૂબ જ સારા આવે છે. સ્ટ્રેસને લીધે શારીરિક દુઃખાવો થાય છે તથા સ્ટ્રેસની યોગ્ય સારવાર કરવાથી શારીરિક દુઃખાવો મટી જાય છે. (દર્દનાશક દવાઓ આપ્યા વગર)

સ્ટ્રેસની પ્રક્રિયા તથા શરીરમાં થતાં ફેરફારો તથા લક્ષણો અને સારવાર વિશે આવતા લેખમાં ચર્ચા કરશું. ■

*ઈશ્વર કેવળ ભક્તિ માર્ગ પર મળે છે અને પ્રેમ એનો દરવાજો છે.*

# શરીરમાં થતા અસહ્ય દુખાવા

• ડૉ. હેમાક્ષી અંબાણી •

દર્દ એ મનુષ્યના જીવનનો એક અભિન્ન ભાગ છે. એવી કોઇપણ વ્યક્તિ નહીં મળે જેને ક્યારેય કોઇ દુખાવો ન થયો હોય. લાંબા સમયનો દુખાવો એ શું છે, જેણે સહન કર્યું હોય એને જ એની માત્ર ખબર પડે. લાંબા સમયનો દુખાવો એ રોગનું ચિહ્ન નહીં પણ એક રોગ જ છે જે શરીરનાં એકથી વધારે તંત્ર (system)ને માઠી અસર કરે છે. લાંબા સમયના દુખાવાનાં કારણે દર્દીની કાર્યક્ષમતા, હરવા-ફરવાની ક્ષમતા ઓછી થઇ જાય છે. શારીરિક તકલીફો તથા માનસિક સંતાપ થાય છે. જેના લીધે માનસિક, સામાજિક અને કૌટુંબિક સમસ્યાઓ પણ ઉદ્ભવે છે. ઘણા લોકોને 'આ બધું સહન કરવા કરતાં મરી જવું સારું' એવી લાગણી પણ ઉદ્ભવે છે.

પેઇન મેનેજમેન્ટ એ મેડિકલ સાયન્સની એવી આધુનિક બ્રાંચ છે કે જેમાં લાંબા સમયનાં દુખાવાની સારવાર આધુનિક ઉપકરણોની મદદથી 'ઇન્ટરવેન્શનલ પ્રોસિજર્સ' દ્વારા ઓપરેશન વગર કરવામાં આવે છે. આ માટે જરૂરી ઉપકરણોમાં આઇ.આઇ.ટી.વી., નર્વ લોકેટર, રેડિયો ફ્રિક્વન્સી મશીન, ઇન્ટ્રાથિકલ/ એપિડ્યુરલ ઇન્ફ્યુઝન ડિવાઇસ, પરક્યુરેનિયસ ડિસ્કેક્ટોમી ડિવાઇસ, સ્પાઇનલ કોર્ડ સ્ટિમ્યુલેશન, પેરિફેરલ નર્વસ્ટિમ્યુલેશન વગેરેનો સમાવેશ થાય છે.

આ પ્રકારનાં સામાન્ય દુખાવા જોઇએ તો :

૧. **કમરનો દુખાવો :** બધાં જ દુખાવામાં સૌથી વધારે જોવા મળતો આ દુખાવો ઘણા કારણોથી થાય છે. તેના મુખ્ય કારણોમાં ગાદીનું દબાણ, સ્નાયુનો દુખાવો, કેલ્શિયમની ઊણપ, ઉંમરના લીધે થતો સાંધાનો ઘસારો વગેરે છે. આ ઉપરાંત વજન વધુ હોવાથી, લાંબા સમય સુધી અયોગ્ય રીતે બેસવાથી, વધુ પડતું વજન ઊંચકવાથી પણ આ દુખાવો થઇ શકે છે. દર્દીને કમરનાં દુખાવાની સાથે ઊભા રહેવામાં, બેસવામાં, ચાલવામાં તકલીફ પડે છે. ઘણીવાર પગમાં દુખાવો આવે છે અને ખાલી પડે કે ઝણઝણાટી લાગે તેવું પણ થાય છે.

૨. **ડોકનો દુખાવો :** આ દુખાવો મુખ્યત્વે ગાદીની તકલીફ, વધારાની પાંસળી હોવાથી, સ્નાયુનાં ખેંચાણથી, મણકાનાં ઘસારા કે ઇજા થવાથી થાય છે. લાંબો સમય સુધી નીચે જોઇને કામ કરવાથી, કોમ્પ્યુટર પર કામ કરવાથી, વધુ પડતાં શ્રમવાળું કામ કરવાથી પણ આ દુખાવો થાય છે. ઘણીવાર ડોકનાં દુખાવાની સાથે ડોકનું હલનચલન ઓછું થઇ જવું, હાથમાં દુખાવો થવો, કળતર કે ખાલી ચડવી જેવાં ચિહ્નો જોવા મળે છે.

૩. **ખભાનો દુખાવો :** આ દુખાવો ડાયાબિટીસનાં દર્દીઓમાં વધારે પ્રમાણમાં જોવા મળે છે. સાંધાના ઘસારાને કારણે અથવા ઇજા થવાથી પણ આ દુખાવો થઇ શકે છે. અહીં દુખાવાનાં કારણે ખભાનું હલનચલન ઓછું થાય છે અને ધીરે-ધીરે બંધ થઇ જાય છે.

૪. **પગની / એડીનો દુખાવો :** પાનીનાં પડમાં સોજો આવી જવાથી ચાલવામાં તકલીફ પડે છે.

૫. **લોહીનું પરિભ્રમણ ઓછું થવાથી હાથ-પગમાં થતો દુખાવો (Ischemic Limb Pain) :** અમુક રોગોમાં હાથ કે પગમાં લોહીનું પરિભ્રમણ ઓછું થવાથી આ દુખાવો થાય છે. દર્દીને કાર્ય કરવામાં/ચાલવામાં તકલીફ પડે છે. થોડું ચાલીને બેસી જવું પડે છે.

૬. **હર્પીસ ઝોસ્ટર :** આ એક ચેતાતંત્રને અસર કરતો વાઇરસથી થતો રોગ છે. જેમાં દર્દીને અસહ્ય પીડા થાય છે. ઘણા દર્દીઓને આ હર્પીસ ઝોસ્ટર મટી ગયા પછી પણ દર્દ ચાલુ રહે છે. જને Post Herpetic Nueralgia કહેવાય છે.

૭. **કેન્સરનો દુખાવો :** કેન્સરના દર્દીને ઓપરેશન થયાં પછી પણ અમુક દુખાવો રહેતો હોય છે. ઘણા દર્દીને ઓપરેશન કરવાનું શક્ય હોતું નથી. આવા કિસ્સામાં દુખાવામાં રાહત કરી શકાય છે.

૮. **અંગ કપાઇ ગયાં પછી રહેતો દુખાવો (Phantom Limb Pain) :** ઇજા થવાથી કે અમુક રોગ હોવાથી હાથ કે પગ કાપવો પડ્યો હોય તેવા દર્દીઓને હાથ કે પગ ન હોવા છતાં ભ્રામક દુખાવો રહેતો હોય છે. જે અંગ નથી તેનું હલન ચલન થયા કરવું, ત્યાં દુખાવો થવો તેને Phantom Limb Pain કહેવાય છે.

૯. **મોં પર થતો દુખાવો (Trigeminal Neuralgia) :** લાંબા ગાળાનો મોં પર થતો દુખાવો નસ પરના સોજાને કારણે અથવા નસની ઉપર દબાણને કારણે

*મુસીબતોમાં મનોબળ જાળવો, હતાશા હટાવો.*

હોય છે. દુખાવાની સાથે, ઝણઝણાટી-ખાલી ચડવી જેવાં ચિહ્નો પણ જોવા મળે છે.

૧૦. **માથાનો દુખાવો** : એસીડિટી, ચિંતા, લોહીનું વધારે પડતું દબાણ, મગજનાં રોગો, માઈગ્રેઈન, અમુક નસનું દબાણ (Occipital Neuralgia)નાં કારણે આ દુખાવો થાય છે.

૧૧. **સાંધાનો દુખાવો** : ઉંમરના કારણે થતો સાંધાનો ઘસારો અથવા જુદા-જુદા પ્રકારના વાનાં કારણે આ તકલીફ થાય છે. દુખાવાના કારણે ઊઠવા-બેસવાની, હરવા-ફરવાની તકલીફ શારીરિક અને માનસિક તકલીફ આપે છે. બહેનોમાં માસિક ગયા પછી આ દુખાવો વધુ જોવા મળે છે.

૧૨. **બહેનોમાં થતો દુખાવો** : અમુક પ્રકારનાં સ્નાયુનાં રોગોમાં જુદી-જુદી જગ્યાએ (tendor point) દુખાવો થાય છે. જેના કારણે ઊંઘી શકાતું નથી અને શારીરિક તકલીફો પણ થાય છે. અમુક ઉંમર પછી માસિક બંધ થતાં અમુક તત્ત્વોની (હોર્મોન્સની) ખામીનાં કારણે કેલ્શિયમની ઊણપ થઇ જુદાં-જુદાં સાંધાઓમાં દુખાવો થવો, વિટામિન્સની તથા બીજા જરૂરી તત્ત્વોની ઊણપનાં કારણે સ્નાયુનો દુખાવો થવો, થાક લાગવો, નાની-નાની વાતમાં ગુસ્સો આવવો વગેરે લક્ષણો જોવા મળે છે.

૧૩. **હાથ-પગનું જકડાઇ જવું (Spasticity)** : નાના બાળકોમાં જન્મથી રહેલી ખોડ-ખાંપણનાં કારણે આ તકલીફ થાય છે. તેમાં સ્નાયુઓ કડક થઇ જાય છે. ચાલવામાં/ઊભા રહેવામાં તકલીફ પડે છે કમરનાં મણકામાં ઈજા થવાથી પણ આ તકલીફ થઇ શકે છે.

૧૪. **CPRS** : અમુક વખત ઈજા થયા પછી ચેતાતંત્રનું કાર્ય બરાબર થતું નથી. અહીં હાથ કે પગમાં લાલાશ આવવી, સોજો ચડવો, હલન-ચલનમાં તકલીફ પડવી, અસહ્ય દુખાવો થવો, ઝણઝણાટી થવી જેવી તકલીફો થાય છે.

આ પ્રકારનાં ઘણા દર્દોમાં દુખાવાના ડોક્ટર આપને મદદ કરી શકે છે.

- **કયા પ્રકારનાં દર્દી માટે આ સારવાર છે?**

★ ઘણા લાંબા સમયથી દવા ચાલતી હોય છતાં ફાયદો ન થતો હોય.

★ દુખાવા માટે ઘણી બધી દવાઓ લેવી પડતી હોય.

★ ઓપરેશન કરવાની સલાહ આપવામાં આવી હોય પણ દર્દી તૈયાર ન હોય.

★ ઓપરેશન કરી ન શકાય એવી બીજી તકલીફો હોય. દા.ત. હૃદય નબળું હોય, શ્વાસની વધારે તકલીફ હોય વગેરે

★ ઓપરેશન કર્યા પછી પણ દુખાવો ચાલુ રહેતો હોય અથવા ઓપરેશન કર્યાના અમુક સમય પછી ફરી દુખાવો ચાલુ થયો હોય.

*ડૉ. હેમાક્ષી અંબાણી, M.D. (Anaesth.)*
*ઈન્ટરવેન્શનલ પેઈન થેરાપિસ્ટ*
*કચ્છી જૈન સેવા સમાજ,*
*નવનીત મેડિકલ સેન્ટર, અમદાવાદ.*

**હળવાશની ક્ષણોમાં**

# છેલ્લા દિવસો....

• ચિત્રસેન શાહ - ગાંધીનગર •

૨૦૧૧ની નવરાત્રીના પ્રથમ દિવસે લખવાની શરૂઆત કરી હતી તે લેખ હવે નવેમ્બર ૨૦૧૧ માં પૂરો થઇ રહ્યો છે! નવરાત્રીના માહોલમાં બીજા બધાં કામો 'માળિયે' ચડી જાય છે! જે ત્યારબાદ ગૃહિણીઓ 'દિવાળી' કાઢે તે રીતે દિવાળીએ માળિયેથી ઉતારીને પૂરા કરાય છે! જોકે આ વર્ષે તો નવરાત્રીને બદલે આઠ રાત્રી જ હતી! અમારા એક મિત્રનું માનવું છે કે આ નવ કે આઠ નોરતાં નક્કી કરનારાં પંડિતોએ ખરેખર તો એકાદ નોરતું વધારે રાખવું જોઇએ! **અરે, અમારા પરિચિત એક ઉત્સાહી ખેલૈયાએ તો મજાકમાં કહ્યું કે આખું વર્ષ 'નવરાત્રી' ચાલતી હોય તો કેવી મજા પડી જાય!** (જોકે તો તેને નવરાત્રી નહીં પણ '૩૬૫ રાત્રી' કહેવાય!)

એ નવરાત્રી બાદ 'સાલ મુબારક'ની સીઝન પણ પૂરી થઇ. તેથી હવે જો સારા વાંચકો ફ્રી થયા હોય તો ફરીથી આપણી 'વાંચે ગુજરાત' વાળી ગાડી પાટે ચડાવી દઇએ! આ લેખ હવે પૂરો કરે જ છૂટકો!

અમારા એક મિત્રની પત્નીએ (નામ અધ્યાહાર રાખીને!) જ્યારે કહ્યું કે 'તેમના હવે છેલ્લા દિવસો ચાલે છે!' ત્યારે ઘણા લોકોને ગેરસમજ થઇ! ઘણી મહિલાઓએ તો તે વાતને મેટરનિટી હોમ સાથે પણ જોડી દીધી! પરંતુ વાત એ નથી પણ બીજી જ છે! આટલું લખતાં રાતના બાર વાગી ગયા છે! સવારે મોર્નિંગ વોકમાં જવાનું છે તેથી ફરીથી આ લેખ અહીં અધૂરો છોડું છું! (આ લેખ અધૂરો છોડાય પણ પુનિતવનમાં મોર્નિંગ વોક તો ન જ છોડી શકાય!) કારણ કે વરસાદની મોસમ પછી મોર્નિંગ વોકની મજા જ બેવડાઇ જતી હોય છે! ચારે બાજુ ભીનાશભર્યું લીલુંછમ વાતાવરણ, લીલીછમ હરિયાળી પર પડેલા પીળા ફૂલો એવા લાગે છે કે જાણે બોમ્બે ડાઇંગની લીલી ચાદર પર પીળા ફૂલોની ડિઝાઇન! પક્ષીઓના કલરવ અને મોરના ટહુકાઓના આહ્લાદક વાતાવરણમાં ઘણા સદ્‌વિચારો આવે, ઘણી સદ્‌ભાવનાઓ પણ જાગે અને ઘણા સત્કાર્ય કરવાના અને સત્કાર્યોની સરાહના કરવાના વિચારો પણ આવે! અમારા ઘરથી ચાલતા ચાલતા, પુનિતવન પહોંચતા સાડી બાવીસ મિનિટ થાય! એ સાડી બાવીસ મિનિટમાં ઘણી વાર ૨૩ સારા વિચારો આવી જાય!

ટૂંકમાં આખી માનસિકતા પોઝિટિવ બની જાય! મોરના ટહુકાની બાબતમાં અમારા એક જોલી સ્વભાવના મિત્રે આ પ્રમાણે ટિપ્પણી કરી - આ વર્ષે (૨૦૧૧માં) લેઇટ લતીફની માફક ચોમાસું મોડું શરૂ થયું! જૂનના બદલે છેક ઓગસ્ટમાં! અને પછી તો આખા રાજ્યમાં વરસાદ બધી જગ્યાએ મન મૂકીને વરસ્યો! તાપી સહિત ઘણી નદીઓમાં તો પૂર પણ આવ્યાં! ઘણાં શહેરોની શેરીમાં સ્કૂટર, કારને બદલે નાવો ફરવા (ફરવા નહીં...પણ તરવા!) લાગી! સ્કૂટર ડીલર્સે પોતાના બિઝનેસ બદલી નાખ્યા- 'નાવ'ની એજન્સી લઇ લીધી! આજકાલ થાઇલેન્ડ, વગેરે દેશોમાં નાવો તરતી ટીવીમાં દેખાઇ રહી છે તે જ રીતે! હવે આવા સંજોગોમાં પણ મોરે (લોકોએ!) તો પોતાના સ્વભાવ પ્રમાણેના 'મે-આવ, મે-આવ'ના ટહુકા ચાલુ રાખ્યા! ત્યારે અમારા મિત્રે મોરને શાંતિ અને સંયમ જાળવવાની અપીલ કરી! **જેમ દિલ્હીની રાજગાદી પર બેસનારાઓ દરેક આતંકવાદી હુમલા પછી આતંકનો ભોગ બનેલા નિર્દોષ લોકોને શાંતિ અને સંયમ જાળવવાનું કહે છે તે જ રીતે!** આતંકવાદીઓને 'લાલ આંખ' બતાવવામાં 'વૉટબેન્ક' આડે આવે છે! જેમ કાગડા બધે જ કાળા તેમજ દિલ્હીની રાજગાદી જ એવી છે કે તેના પર બેસનારા રાજકારણીઓ (પછી તે ગમે તે પક્ષના હોય) કાચીંડાની માફક પોતાનો રંગ તરત બદલી નાખે છે! રાજકારણીઓની વાત જવા દઇએ અને ભ્રષ્ટાચાર દૂર કરવા માટેની શ્રી અન્ના હઝારેની ટીમના સભ્યોની બાબતમાં પણ (ન્યૂઝપેપરના રિપોર્ટ પ્રમાણે) ભ્રષ્ટાચારી રીતરસમો દેખાય જ છે ને? 'ભ્રષ્ટાચાર' શબ્દ જ લપસણો છે! ભલભલા લપસી પડે!

મોર્નિંગવૉકની વાત પરથી આપણે ભ્રષ્ટાચાર પર ઊતરી પડ્યા! (સાહિત્યિક રીતે આને ભ્રષ્ટાચાર કહી શકાય?! - જોકે સાહિત્યની દુનિયામાં પણ તે ચાલે જ છે ને! ભ્રષ્ટાચાર ક્યાં નથી? એ કે.બી.સી.માં પૂછવા જેવો સવાલ છે!)

મૂળ ટ્રેક પર પાછા ફરીએ તો- મારી બાબતમાં મોર્નિંગ વૉકમાંથી પાછા ફરતી વખતે ઊગતા સૂર્યના 'ડી' વિટામિનવાળા કિરણો હંમેશાં એક જ ગાલ પર પડવાને કારણે એ બાજુના ગાલનો કલર બદલાઇ જાય છે! તેથી ગાલના કલરમાં યુનિફોર્મિટી રાખવા માટે કાં તો સૂર્યે પશ્ચિમમાં ઊગવાનું રાખવું પડે અથવા તો મારે મારી દિશા બદલવી પડે! સૂર્યને પશ્ચિમમાં ઊગવાનું તો કહેવાય નહીં! (જોકે ઘણી વાર લાગે છે કે 'ઓહો, આજે તો સૂર્ય પશ્ચિમમાં ઊગ્યો!)' તેથી ચાલો, હું દિશા બદલું છું- આ લેખમાં. વાંચો હવે 'છેલ્લા દિવસો...'વાળી વાત! મોર્નિંગ વૉકમાં એક સુંદર સવારે એક સરસ કામની સરાહના કરવાનો વિચાર આવ્યો અને પરિણામે લખાયો આ લેખ!

*લાલચુ માણસ બીજાની સાથે ખુદનેય નુકસાન કરે છે.*

**કમનસીબે અમારા એક સ્નેહી મિત્રને બ્રેઈન ટ્યુમરનું ઓપરેશન કરાવવું પડ્યું.** ઑપરેશન સફળ રહ્યું પરંતુ ડૉક્ટરે કહ્યું કે જો આ ટ્યુમર ફરીથી થાય તો આયુષ્ય બહુ ટૂંકું થઈ જાય. એમ કહી ડૉક્ટરે પેશન્ટના હાથની હસ્તરેખા જોઈ! (ડૉક્ટર પામીસ્ટ્રીમાં પણ રસ ધરાવતા હોવા જોઈએ!) તેમણે કહ્યું કે લાઈફલાઈન ઘણી જ લાંબી છે! હથેળીની બહાર નીકળી જાય તેટલી લાંબી છે! પણ ટ્યુમર ફરીથી થાય તો તે એકાદ વર્ષ સુધીની થઈ જાય.

એકાદ વર્ષની સમય મર્યાદામાં હવે છેલ્લા દિવસો ચાલતા હતા! એ પેશન્ટ ત્યારબાદ અમેરિકા તેમના દીકરાઓ પાસે ગયા અને ત્યાં તેમણે કેન્સરની વેક્સીન અંગે **રિસર્ચ કરી રહેલાં રિસર્ચર પાસે ટ્રીટમેન્ટ શરૂ કરાવી! તે વાતને ચાર-ચાર વર્ષ વીતી ગયા અને પેશન્ટ આજે પણ હેલ્ધી જીવન જીવી રહ્યાં છે!** મેડિકલ સાયન્સની સાથે જો ઈશ્વરની કૃપા પણ ભળે તો ચમત્કાર આજે પણ બને છે!

*તેમની ટ્રીટમેન્ટ દરમિયાન તે પેશન્ટના વાંચવામાં એક Book આવી જેનું નામ છે - 'THE ANSWER TO CANCER.'*

*તે બુક તેમણે વાંચી જ નહીં પણ પચાવી ગયા!*

*આ બુક વાંચવાથી અને અનુસરવાથી ઘણા કેન્સરના દર્દીઓના જીવનમાં ઉજાસ ફેલાઈ જવાની પૂરેપૂરી શક્યતા છે.*

*આવી રિસર્ચ ટ્રીટમેન્ટ ટાઈપની કાર્યવાહી અગર ઈન્ડિયામાં પણ ઉપલબ્ધ થઈ શકે તો ઘણાં લોકોને ફાયદો થાય.*

*આ પેશન્ટ કમ Book Donorનું નામ છે - શ્રી હરખચંદ કે. સાવલા. તેઓનું રહેણાંક આમ તો ગાંધીનગર સેક્ટર-૧૯માં છે પરંતુ વર્ષમાં આઠેક મહિના તેઓ અમેરિકા રહે છે અને શિયાળામાં યાયાવર પક્ષીની માફક ગાંધીનગર આવે છે!*

મોર્નિંગ વૉકમાં લેખ લખવા માટે ઘણા ઘણા સારા વિચારો આવે તેથી થયું કે ચાલો આજે આ લેખ દ્વારા એક સત્કાર્યને બિરદાવીએ!

***ચિત્રસેન શાહ***
***પ્લોટ નં.-૩૧૪/એ, સેક્ટર-૨૦, રાજશ્રી સિનેમા પાસે,***
***ગાંધીનગર-૩૮૨ ૦૨૦. ફોન : (૦૭૯) ૨૩૨૬૦૫૮૨***

## શિક્ષણને આત્મસાત્ કરવું પડે છે

હું 'શિક્ષણ' શબ્દ તેના ગહન અર્થમાં વાપરું છું. પશુઓને તાલીમ આપી શકાય છે, ફક્ત મનુષ્યોને જ શિક્ષિત કરી શકાય છે. શિક્ષણમાં અંગત રીતે ભાગ લેવાની અને પરિવર્તનની જરૂર પડે છે. શિક્ષણ કોઈને આપી શકાતું નથી, એ અંતરથી આત્મસાત્ કરવું પડે છે. શિક્ષણમાં મનની કેળવણીનો સમાવેશ થાય છે, એનો હેતુ ફક્ત બજારમાં વેચતા માલ તરીકે મૂકાવાનો નથી હોતો.

એચ.જી. વેલ્સે બહુ સમજપૂર્વક કહ્યું હતું કે, 'માનવ ઈતિહાસ વધુને વધુ પ્રમાણમાં શિક્ષણ અને સર્વનાશ વચ્ચેની સ્પર્ધા જેવો બનતો જાય છે.'

***– નાની પાલખીવાળા***

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે સામે જે ફ્લેટમેં નટુભાઈ રેંતા સે, અનજે છોરે અજ બોરો લોઠાંતે.... જીવણીયા હી કઈ જાતજી ફેશન આય.... વાળ લંમા લંમા વધારે આય, કનમેં હીરેજી બુટ્ટી પેરે આય, હથમેં ત્રે-ત્રે કડા ચડાય આંય ને ગલેમેં લાલ પીરો રૂમાલ બંધે આય... તડેં જીવણીયો ચેં બાપા હી તા ફેશન આય... તડેં નટુભાઈ ચ્યાં જહન્નમમેં વઈ તોજી ફેશન. અજને અજ વેનેને તોજા વાળ કપાય અચ. સે નટુકાકા હેડા મડે ખારા કુલા થ્યા વા સે જરા તપાસ ત કર...

બચુડો : (તપાસ કે ને ચેં) ઈતા ઈં ગાલ વી ક અનજી વડી ભેણકે નેરેલા જોકો છોકરા આવ્યાતે, તે જીણીયે કે પાસ કઈંધા વા તેમેં નટુકાકા બોરા ખારા થ્યા વા.

## ખિલજા મ ભલા

જુહારીમલ : (એક ફકીરને) બાબા કોઈ એવો મંત્ર આપો જેથી મારા ધનમાં વૃધ્ધિ થાય.

ફકીર : હું આપું છું એક અતિ અક્સીર મંત્ર. આ મંત્ર તું જ્યાં જ્યાં વધુ માણસો ભેગા મળ્યા હોય ત્યાં વારંવાર બોલતો રહેજે તો તારા ધનમાં ચોક્કસ વધારો થશે. મંત્ર છે : ‘ભગવાન કે નામ પે દેદે, ભગવાન કે નામ પે દે દે બાબા....’

☺ ☺ ☺ ☺ ☺

મોહનભાઈ : મારી ચામડી ધૂળ માટીથી બહુ ખરાબ થઈ રહી છે. મારે શું કરવું?

બાજુમાં ઊભેલો રંગનો સેલ્સમેન : એશિયન પેઈન્ટ રોજ સવારે લગાવ્યા કરો. જેનાથી ધૂળ માટી જામે જ નહીં.

☺ ☺ ☺ ☺ ☺

વાળંદ : (ગ્રાહકને) મૂછો રાખવાની છે?

ગ્રાહક : હા, ભાઈ હા.

વાળંદે અસ્ત્રાથી આખી મૂછ કાઢી હાથમાં આપીને કહ્યું, લ્યો, જ્યાં રાખવી હોય ત્યાં રાખો.




સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

☺ ☺ ☺ ☺ ☺

બંટી : (બબલીને) આઈ લવ યુ.

બબલી : એઈ બોલવામાં જરા સભ્યતા રાખ.

બંટી : જયભારત સાથે જણાવવાનું કે હું આથી જાહેરમાં જણાવું છું કે હું તને પ્રેમ કરું છું. આ પ્રસ્તાવનો સ્વીકાર કરવા નમ્ર વિનંતી. એ જ આપના પ્રેમનો ઉત્સુક બંટી.

☺ ☺ ☺ ☺ ☺

ગેબીલાલ : અરે, તારો ભાઈ આજકાલ શું કરે છે?

ભેદીલાલ : તેણે દુકાન ખોલી હતી. પણ આજકાલ જેલમાં છે.

ગેબીલાલ : કેમ જેલમાં?

ભેદીલાલ : તેણે દુકાન હથોડાથી ખોલી હતી.

☺ ☺ ☺ ☺ ☺

ઈતિહાસ શિક્ષક : બાળકો, તમે સૌથી વધુ નફરત કોને કરો છો?

બધા બાળકો એક સાથે : રાજા રામ મોહનરાયને.

ઈતિહાસ શિક્ષક : કેમ...? એ તો ઘણા સુધારાવાદી અને સારા માણસ હતા...

બાળકો : પણ એમણે બાળ વિવાહ બંધ કરાવ્યા હતા.

☺ ☺ ☺ ☺ ☺

મોહન : ખબર નથી પડતી જૈન સમાજવાળા શરદ પવારનું સન્માન કેમ કરવા માંગે છે?

સોહન : એમાં સમજવાનું શું છે? જૈનો જે વરસોથી ન કરી શક્યા તે શરદ પવારે બે મહિનામાં કરી બતાવ્યું. ડુંગળીનો અસહ્ય ભાવવધારો કરી લોકોને ડુંગળી ખાતા જ બંધ કરી દીધા.

☺ ☺ ☺ ☺ ☺

મોન્ટુ : (રાતના ૪ વાગે) વરસતા વરસાદમાં એક જણના ઘરનો દરવાજો ખખડાવી કહ્યું, ભાઈ સાહેબ, જરા ધક્કો મારી આપશો?

અંદરથી ચીન્ટુ : અલ્યા આ કંઈ ધક્કો લગાવવાનો સમય છે? પછી થયું સામેવાળો ખરેખર મુશ્કેલીમાં લાગે છે. એટલે બોલાવીને કહ્યું, પણ હમણાં જ ધક્કો મારવો જરૂરી છે?

મોન્ટુ : હા.

ચીન્ટુ : પણ તમે ક્યાં જઈ રહ્યા છો?

મોન્ટુ : બગીચામાં હીંચકા ઉપર બેસવા માટે.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*એક કલાક ભક્તિ, ત્રેવીસ કલાક અવળાં કામો, એથી શું વળે?*

## પ્રતિષ્ઠા

ભારતની સ્વતંત્રતા માટેના રાષ્ટ્રીય આંદોલનમાં ડૉ. રામમનોહર લોહિયાએ અંગ્રેજોના શાસન સામે પ્રચંડ વિરોધ દર્શાવતું એક પ્રવચન કર્યું. એ બદલ કલકત્તાની પોલીસે એમની ધરપકડ કરી અને અદાલત સમક્ષ ખડા કર્યા. તે સાથે પોલીસે પ્રવચનનાં નોંધી લીધેલાં કાગળિયાંઓ ન્યાયમૂર્તિ સમક્ષ રજૂ કર્યાં. એ કાગળિયાંઓ અદાલતમાં વાંચી સંભળાવવામાં આવ્યાં.

અદાલતમાં ઉપસ્થિત તમામ લોકોએ અને ડૉ. લોહિયાએ એ બધું ધ્યાનપૂર્વક સાંભળ્યું.

પણ કાગળિયાં વંચાઈ ગયાં કે તરત જ ડૉ. લોહિયા બોલી ઊઠ્યા : 'આ નોંધમાં ઘણી ભૂલો છે અને તે માટે મારો સખત વાંધો છે!'

ન્યાયમૂર્તિએ એ સાંભળી ડૉ. લોહિયાને કહ્યું : 'તમને પોલીસનું આ લખાણ જો ભૂલવાળું લાગતું હોય તો તમે જાતે એ પ્રવચન લખીને અદાલત સમક્ષ રજૂ કરી શકો છો.'

બાદ, અદાલત બીજા દિવસ સુધી મુલતવી રખાઈ.

બીજે દિવસે ડૉ. લોહિયાએ પોતાનું પ્રવચન જાતે લખીને અદાલતમાં રજૂ કર્યું.

ન્યાયમૂર્તિએ આખું પ્રવચન ધ્યાનપૂર્વક વાંચ્યું અને ડૉ. લોહિયાને કહ્યું : 'મિ. લોહિયા, તમારું લખેલું આ પ્રવચન તો પોલીસે લખેલા નિવેદન કરતાં પણ અંગ્રેજો સામે વધુ આક્રોશભર્યું અને આગના તણખા જેવું છે. તમે લખેલા આ પ્રવચનના આધારે થનાર સજા કરતાં વધુ આકરી સજા થવા પામે.'

ડૉ. લોહિયાએ જવાબ આપ્યો : 'આપ નામદાર મારા લખેલા પ્રવચનને જ સાચું માનો અને તે અનુસાર મને સજા કરો. પણ પોલીસ દ્વારા નોંધાયેલા પ્રવચનનો આશ્રય તો ન જ લેતા.'

'કેમ?'

ડૉ. લોહિયાએ કહ્યું : 'પોલીસે લીધેલી નોંધ પરથી તો લોકોને એમ જ લાગશે કે ડૉ. લોહિયાને અંગ્રેજી આવડતું નહિ હોય અને તેથી જ એમણે આવું કંગાળ અંગ્રેજીવાળું પ્રવચન કર્યું હશે. અંગ્રેજી અંગે લોકોમાં મારા જ્ઞાનની સારી એવી પ્રતિષ્ઠા છે. તેને જવા દઈને મારે કોઈ નાલેશીનો ભોગ નથી બનવું. આપ મારા લખેલા પ્રવચનના આધારે સખત સજા કરી શકો છો. સજાના ભયથી હું મારી પ્રતિષ્ઠા જવા દેવા માંગતો નથી.'

*સત્યમ્*
*'પ્રેરક પ્રસંગો'માંથી સાભાર*
*મંગલ મંદિર, એપ્રિલ-૧૯૯૬*

**સાચો મિત્ર એ છે**
**જે તમને નખશિખ પિછાણે છે, છતાં તમને ચાહે છે.**

## થેલેસેમિયા

૧. થેલેસેમિયા એક જીવલેણ રોગ છે.
૨. આપ તંદુરસ્ત હો તો પણ આપને થેલેસેમિયા માઈનોર હોઈ શકે છે.
૩. થેલેસેમિયા માઈનોર એ કોઇ રોગ નથી.
૪. ભારતમાં ૪ થી ૫ કરોડ થેલેસેમિયાના કેરીઅર છે.
૫. દરેક ૨૫ (પચ્ચીસ)માં ૧ માણસ થેલેસેમિયાનો કેરીઅર છે.
૬. થેલેસેમિયા કેરીઅરને થેલેસેમિયા માઈનોર કહેવાય છે.
૭. થેલેસેમિયા મેજર જીવલેણ રોગ છે જેમાં દર્દીને રેગ્યુલર બ્લડ ચડાવવું પડે છે.
૮. એક થેલેસેમિયા માઇનોરે બીજા થેલેસેમિયા માઇનોર સાથે લગ્ન ના કરવા જોઇએ. પણ થેલેસેમિયા માઇનોર કોઇ નોર્મલ વ્યક્તિ સાથે લગ્ન કરી શકે છે.

**ઉદાહરણ :**

અ. જો એક પતિ અને પત્ની બંને થેલેસેમિયા માઈનોર હોય તો... • ૨૫% સંભાવના છે કે તેમનું બાળક થેલેસેમિયા મેજર હોઇ શકે... • ૫૦% સંભાવના છે કે તેમનું બાળક થેલેસેમિયા માઈનોર હોઇ શકે. • ૨૫% સંભાવના છે કે બાળક નોર્મલ હોઇ શકે છે.

બ. જો પતિ કે પત્ની માંથી કોઇપણ એક થેલેસેમિયા માઈનોર હોય તો... • ૫૦% સંભાવના છે કે તેમનું બાળક થેલેસેમિયા માઈનોર હોઇ શકે અને • ૫૦% સંભાવના છે કે બાળક નોર્મલ હોઇ શકે...

૯. જો પતિ અને પત્ની બંને થેલેસેમિયા માઈનોર હોય અને પત્ની પ્રેગનેન્ટ હોય તો આપના ડોક્ટરને જણાવો અને થેલેસેમિયા માટે ગર્ભ પરીક્ષણ કરાવો.
૧૦. સારા સમાચાર એ છે થેલેસેમિયાનો ટેસ્ટ કોઇપણ પેથોલોજી લેબોરેટરીમાં બ્લડ ટેસ્ટ દ્વારા થઇ શકે છે. આ ટેસ્ટ જીવનમાં એક વાર જ કરવો પડે છે.

તો લગ્ન પહેલાં કુંડળી જોવડાવવાની સાથે થેલેસેમિયા ટેસ્ટ પણ કરવાનો આગ્રહ રાખો.

**આપ કેવી રીતે મદદરૂપ થઇ શકો?**

★ વધુ અને વધુ લોકોમાં આ જાણકારી ફેલાવો.
★ જરૂરિયાતમંદ લોકોને ટેસ્ટ કરવામાં મદદ કરો.
★ લગ્ન પહેલાં થેલેસેમિયા ટેસ્ટ કરવાનો આગ્રહ રાખો.
★ થેલેસેમિયા મેજર દર્દીને બ્લડ ડોનેટ કરી મદદ કરો.

***ચાલો આપણે સમાજમાંથી થેલેસેમિયા નાબૂદ કરવા કટિબદ્ધ થઈએ.***

મહિલા વિશ્વ

# રેસિપી – જૈન વાનગી માટે

● સુરભિ નીરવ વસા ●

## ● શોરબા એટલે શું?

શોરબાનો ઈન્ડિયન વર્ઝન એટલે સૂપ.

શોરબા થોડું ફ્લેવરવાળું અને પાતળી કન્સિસટન્સીનું બને છે. શોરબામાં વેજિટેબલનાં પોતાના ટેસ્ટ સાથે તજ, લવીંગ, મરી, જીરૂ, તમાલપત્ર, લીંબુ મરચું, આદુ વગેરેની અલગ અલગ ફ્લેવર ઉમેરાય છે.

***સામગ્રી :*** ૨૫૦ ગ્રામ ટામેટા, ૨ કપ પાણી, ૧/૪ ટી.સ્પૂન સફેદ મરી પાવડર, ૧ નાનો ટુકડો આદુ, ૧ નંગ લીલો મરચો, ૧ ટે. ઝીણી સમારેલી કોથમીર, ૧ ટી.સ્પૂન બટર, મીઠું, તમાલપત્ર- ૧ નંગ, ૨ ટી. ખાંડ, ૧/૨ ટી.સ્પૂન જીરાનો અધકચરો પાવડર.

***રીત :*** કૂકરમાં ટમેટાના ટુકડા, મરી પાવડર, આદું, લીલું મરચું અને પાણી ઉમેરી ૨ સીટીથી બાફો, પછી હેન્ડ બ્લેન્ડરથી ક્રશ કરી ગાળવું.

એક પૅનમાં બટર લઈ તેમાં જીરાનો પાવડર અને તમાલપત્રના ટુકડા ઉમેરી ટમેટો પ્યુરી ઉમેરી ઉકાળો. તેમાં મીઠું, ખાંડ, એકદમ ઝીણી સમારેલ કોથમીર ઉમેરી મીક્ષ કરી સર્વ કરો.

આ શોરબા ટમેટો સૂપ જેટલો સ્વીટ નથી હોતો.

## કેબેજ પીસ આલ્મન્ડ સૂપ

***સામગ્રી :*** ૧૫૦ ગ્રામ કેબેજ, ૫૦ ગ્રામ વટાણા, ૧૫-૨૦ નંગ બદામ, ૨ ટી.સ્પૂન બટર, ૧ ટી.સ્પૂન મરી પાવડર, ૧/૨ ટી.સ્પૂન ખાંડ, મીઠું સ્વાદ અનુસાર, ૨ ટી.સ્પૂન છીણેલું ચીઝ.

***રીત :*** વટાણા અને કોબીને કૂકરમાં લઈ ૧ ગ્લાસ પાણી ઉમેરી ૨-૩ સીટી વગાડી બાફવું. ત્યારબાદ હેન્ડ બ્લેન્ડરથી ક્રશ કરી ગાળવું. બદામને ઉકળતા પાણીમાં ઉમેરી ૪-૫ મિનિટ રહેવા દઈ, પછી બહાર કાઢી તેના ઉપરના છોતરા કાઢી લેવા. (આ પ્રક્રિયાને બ્લાન્ચ કરવું કહેવાય.) હવે તેમાંથી ૫-૬ બદામની કતરણ કરવી અને બાકીની બદામને ક્રશ કરી તેની પેસ્ટ બનાવવી.

એક પૅનમાં બટર લઈ તેમાં કોબી અને વટાણાનો પલ્પ ઉમેરવો. તેમાં લગભગ ૧/૨ ગ્લાસ પાણી ઉમેરી થોડું ઉકાળવું. હવે તેમાં બદામની પેસ્ટ, મરી પાવડર, મીઠું અને ખાંડ તથા બદામની કતરણ ઉમેરી મીક્ષ કરવું. ૧-૨ મિનિટ ઉકાળી બાઉલમાં લઈ છીણેલી ચીઝ અને બદામની કતરણથી સજાવી સર્વ કરો.

## પાસ્તા સલાડ

***સામગ્રી :*** ૧ કપ બાફેલા પાસ્તા, ૧ નંગ લાંબુ સમારેલ કેપ્સીકમ, ૧/૨ કપ લાંબી સમારેલ કોબી.

***ડ્રેસીંગ માટે :*** ૪ ટે.સ્પૂન ટોમેટો કેચપ, ૧ ટી.સ્પૂન લાલ મરચું પાવડર, ૧/૪ ટી.સ્પૂન મરી પાવડર, ૧/૨ ટી.સ્પૂન ચીલી ફ્લેક્સ.

***રીત :*** એક બાઉલમાં ડ્રેસીંગ માટેની સામગ્રી મીક્ષ કરો. તેમાં ૧ ટી.સ્પૂન તેલ ઉમેરી મીક્ષ કરો.

તેમાં પાસ્તા, કેપ્સીકમ, કોબી ઉમેરી સારી રીતે મીક્ષ કરો. સર્વ કરો.

## ક્રંચી સલાડ

***સામગ્રી :*** ૧ કપ બાફેલા કાબૂલી ચણા, ૨ નંગ ઝીણા સમારેલ ટામેટા, ૨ નંગ ઝીણી સમારેલ કાકડી, ૪ ટે.સ્પૂન મકાઈ દાણા, ૨ ટે.સ્પૂન કોથમીર, ૩ ટે.સ્પૂન તળેલી દાળ, ૨ ટે.સ્પૂન દાડમના દાણા.

***ડ્રેસીંગ માટે :*** ૧/૪ કપ ફુદીનો, ૧/૨ કપ કોથમીર, ૨ ટે.સ્પૂન દહીં, ૨ નંગ તીખા લીલા મરચા, મીઠું.

***રીત :*** સૌપ્રથમ ડ્રેસીંગ માટેની સામગ્રી મીક્ષી જારમાં ઉમેરી ક્રશ કરો અને ચટણી જેવું બનાવો. હવે આ ચટણીને બાઉલમાં લઈ તેમાં ૧ ટી. તેલ ઉમેરી મીક્ષ કરો.

એક બાઉલમાં દાળ સિવાયની બધી જ સામગ્રી મીક્ષ કરો. તેમાં તૈયાર કરેલ ચટણી ઉમેરી સારી રીતે મીક્ષ કરો. હવે ઉપરથી દળેલી દાળ ઉમેરી મીક્ષ કરી સર્વ કરો.

*એ/૩, નિર્માણ ફ્લેટ, વ્રજરાયજી કોલોની,*
*સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કૂલ સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*
*ફોન : ૨૭૯૧૦૭૧૩, મો. ૯૯૯૮૯ ૫૭૫૨૦*

વાર્તા

# જિંદગી ગુજરે તે ઘર

• ચંદ્રહાસ ત્રિવેદી •

રમાબહેન એમના નાનકડા બંગલાના ઓટલા ઉપર આજે ક્યારનાય આંટા-ફેરા કર્યા કરતા હતા. સાંજના લંબાતા ઓળા હવે તો ઓટલાનેય વટાવીને ધીમે ધીમે વિદાય થઇ રહ્યા હતા. પણ હજુ રાજેશભાઇ આવ્યા ન હતા. આમ જોઇએ તો કંઇ ખાસ મોડું થયું ન હતું પણ રમાબહેનને હૈયે એટલો ઉચાટ હતો કે તેમને એમ લાગ્યા કરતું હતું કે ઘણું મોડું થઇ ગયું છે. રસ્તા ઉપર દૂરથી કોઇના સ્કૂટરનો અવાજ સંભળાય ત્યાં રમાબહેન ઓટલાના બે પગથિયાં ઉતરીને ઝાંપે આવીને ઊભાં રહી જતાં હતાં. પણ રાજેશભાઇને ન જોતાં નિરાશ થઇને પાછાં ઓટલા ઉપરની બેઠક ઉપર ગોઠવાઇ જતા હતાં. રમાબહેન જેમ જેમ અધીરાં થતાં જાય તેમ તેમ રાજેશભાઇને મોડું થતું જાય. થોડીક વારમાં તો સાંજ લપાતી-છૂપાતી સરકી ગઇ અને આછો અંધારો સાંજને હડસેલીને આગળ વધવા લાગ્યો હતો. દૂર દૂરના થાંભલાઓ ઉપર હવે તો વીજળીના દીવાઓ પણ ઝબુકવા લાગ્યા હતા.

રમાબહેન અને રાજેશભાઇનો બંગલો આમ તો શહેરમાં જ કહેવાય પણ વિસ્તરતા શહેરના છેવાડે આવેલી સોસાયટીમાં હતો. તેથી ત્યાંની હવામાં હજુ ગામડાની મહેક વર્તાતી હતી. સોસાયટીમાં થોડાક બંગલા છૂટાછવાયા પથરાવા લાગ્યા હતા. પણ વચ્ચે પડેલી કેટલીય ખાલી જગા હજુ ખસવાનું નામ દેતી ન હતી. જો કે તેના ઉપર ભીંસ તો વધી રહી હતી જેનાથી તે ગૂંગળાતી હોય તેમ લાગતું હતું.

રમાબહેન ઘરમાં જવાની તૈયારી કરતાં હતાં ત્યાં રાજેશભાઇના સ્કૂટરની ઘરઘરાટી સંભળાઇ અને રમાબહેન ઘરમાં અંદર જવાને બદલે ઝાંપે આવી ગયાં. રાજેશભાઇ આવ્યા એ વાતે તેમને નિરાંત થઈ પણ સાથે સાથે તેમના મુખ ઉપરની રેખાઓ સંકોચાઇને મૂંઝાતી હોય તેમ વળ લેવા લાગી. રોજની જેમ રાકેશભાઇને સ્કૂટર ઉપર બેઠા બેઠા ઝાંપાને પગથી ઠેલવો ન પડ્યો. તેમનું સ્કૂટર હજુ ઝાંપે આવે તે પહેલાં રમાબહેને ઝાંપો ખોલી નાખ્યો હતો. એટલે રાજેશભાઇનું સ્કૂટર વિના રોક-ટોક બંગલાની અંદર આવીને ઊભું રહ્યું. રાજેશભાઇએ સ્કૂટરને જરા રેઇસ કરીને તેની ચાવી કાઢી લીધી. સ્કૂટરના રેઇસ થવાને કારણે બંગલામાં રાજેશભાઇની હાજરી ફરી વળી તો બીજી બાજુ સ્કૂટર થોડોક ધૂમાડો ઓકીને જાણે છેલ્લો શ્વાસ લઇને તરફડીને શાંત થઇ ગયું.

સ્કૂટર હજુ તો માંડ બંધ થયું હશે ત્યાં રમાબહેને ઉતાવળે ઉતાવળે આગળ વધીને સ્કૂટર ઉપર લટકતી શાકભાજીની થેલીઓ કાઢી લીધી અને રાજેશભાઇએ સ્કૂટરની ડિકીમાંથી કંઇક કાઢ્યું તે પણ રમાબહેને તેમના હાથમાંથી ઝૂંટવી લીધું. પછી તો ભાર વિનાના થઇ ગયેલા રાજેશભાઇ હળવે હળવે રમાબહેનની પાછળ ઓટલાના પગથિયાં ચઢી ગયા. એટલામાં તો રમાબહેન બંગલાનું બારણું પણ ધક્કો મારીને જરા વધારે ખોલી નાંખી આગળ પડેલ ટીપોઇ ઉપર ઝોળીઓ મૂકતાં મૂકતાં બોલ્યા “શંકર આવ્યો છે.”

શંકરનું નામ સાંભળતાં રાજેશભાઇના મુખ ઉપરની રેખાઓ જરા ખેંચાઇ ગઇ અને બારણામાં પેસતા પેસતા જ તેઓ બોલ્યા, “હવે શું કામ?” રાજેશભાઇના શબ્દોમાં વાતનો અણગમો સ્પષ્ટ વર્તાતો હતો.

રમાબહેન તો રાજેશભાઇના પ્રશ્ન સાથે તેમને કંઇ ખાસ સંબંધ ન હોય તેમ બોલતાં રહ્યાં, “બિચારો, સાવ અડધો થઇ ગયો છે.”

“તેમાં આપણે શું કરીએ? પણ જો સાંભળ. આપણે હવે તેને બિલકુલ રાખવો નથી. તું જરાય ઢીલી પડીશ નહિ.”

“અરે, એ જ બિચારો ઢીલોઢસ થઇ ગયો છે. તેની સામેય જોવાતું નથી.”

“પણ તું તેની સામે જુએ છે જ શું કરવા?”

“લો, કરો વાત. તેના આવા સમયે જો આપણે તેની સામે ન જોઇએ તો કોણ જુએ!”

“જે લોકોને ત્યાં આપણું કામ રખડાવીને રોકડી કરવા વારે વારે જતો રહેતો હતો તે લોકો જુએ. મને એ નથી સમજાતું કે હવે આપણે ત્યાં કેમનો આવ્યો છે.”

“કહેતો હતો કે હવે તે બીજા કોઇને ત્યાં ક્યારેય જવાનો નથી અને જીવશે ત્યાં સુધી આપણું જ કામ કરશે.”

“હું પણ ગણેશને છોડવાનું ક્યાં કહું છું? શંકર કહેતો હતો કે તે ગણેશને એવો તૈયાર કરી દેશે કે જેથી આપણને તેની ખોટ ક્યારેય નહિ વર્તાય.”

“એનો અર્થ એ છે કે આપણે એકને બદલે બે નોકર રાખવાના. લોકોને એક નોકર

રાખવાના સાંસા હોય છે ત્યાં તમારે હવે બે જણ રાખવા છે - એમ જ ને!"

"શંકર કહેતો હતો કે હવે તેને પગાર જોઈતો નથી. કહે છે કે હવે મારે પગારનું શું કરવાનું? મારે ઘર તો છે નહિ. જે ગણો તે આ છે. મારે ફક્ત થોડીક બીડીઓ જોઇએ- તે મને લાવી આપજો. કારણ કે હવે તે વ્યસન છૂટશે નહિ. બાકી ખાવા-પીવામાં તો હું તમારા બધામાં સહેજે ભળી જઇશ. તેનો તમને ભાર પણ નહિ વર્તાય."

"એટલે આપણે બે માણસોને ખવડાવવાનું. આ મોંઘવારીમાં તેનો હિસાબ તમે ગણ્યો છે?"

રમાબહેન ખવડાવવાની વાત સાંભળતાં જરા ખિન્ન થઇને બોલ્યાં, "તમે એવા વિચારો ન કરો. આપણે તેને ખવડાવનારા કોણ? ખવડાવનારો તો ભગવાન છે. તે કોઇને ભૂખ્યો સૂવાડતો નથી અને હવે તે બિચારો કેટલું ખાવાનો અને કેટલા દિવસ ખાવાનો."

વાત ન સમજાતાં રાકેશભાઇ બોલ્યા, "એટલે તમે શું કહેવા માંગો છો?"

"મેં કહ્યું ને કે તે બિચારો માંદો છે. સાવ નંખાઇ ગયો છે. જાણે મરવાને વાંકે જીવે છે." રમાબહેનના અવાજમાં દર્દ હતું.

"તો પછી તેણે તેના ભાઇને ત્યાં જવું જોઇએ. તે અહીં રહે તે મને ઠીક નથી લાગતું."

"તમે કેવી વાત કરો છો? જીવતાં ક્યારેય તેના ભાઇએ તેની સામે નથી જોયું તે હવે તેને સંઘરશે! માણસ ગમે ત્યાં હરે-ફરે પણ છેવટે તો તેને ઘરે જ આવે."

"અને તે વળી આપણા ઘરે?" રાજેશભાઇના બોલમાં જરા કડવાશ હતી.

"જુઓ, એવું ન બોલશો. ઘર કોઇનુંય થયું નથી અને થવાનું નથી. જ્યાં જિંદગી ગુજરે તે ઘર. પછી ભલેને તે ચોરાનો ઓટલો હોય કે મંદિરની પડાળી હોય. હવે આ બાબત તમે એક શબ્દ બોલશો નહિ અને તેને એવું કંઇ કહેશો નહિં. આપણી છેલ્લી ઘડીએ આપણે પણ કોણ જાણે ક્યાં પડ્યાં હોઇશું." અને રમાબહેનની આંખો આંસુથી ભરાઇ ગઇ.

વાતે અણધાર્યો વળાંક લેતાં રાજેશભાઇ મૂંઝાઇ ગયા. ત્યાં રમાબહેન બોલ્યાં, "તમે થાક્યા-પાક્યા હશો, પણ તમે એક વાર અંદર જઇને તેને મળી આવો અને ખબર પૂછી આવો એટલે તે બિચારાનો જીવ હેઠો બેસે. ત્યાં સુધી હું તમારા બધાની ચ્હાની વ્યવસ્થા કરું છું."

શંકરની ખબર પૂછવા રાજેશભાઇ બંગલાની પાછળ જઇ રહ્યા હતા ત્યાં પાછળથી રમાબહેન બોલ્યાં, "જો તમે તેને બીજું કંઇ કહો તો તમને મારા સમ છે."

હજુ રમાબહેન રસોડામાં ગયાં પણ ન હતાં ત્યાં રાજેશભાઇ જેવા ગયા હતા તેવાજ પાછા આવ્યા. રમાબહેને પ્રશ્નસભર નજરે તેમની સામે જોયું. રાજેશભાઇ નીચી નજરે એટલું જ બોલ્યા, "હવે શંકર નથી રહ્યો આ દુનિયામાં."

ક્ષણભર રમાબહેન સ્તબ્ધ થઇ ગયાં. પછી એકદમ દોડીને રાજેશભાઇનો હાથ પકડીને તેમની છાતી ઉપર માથું મૂકી ડૂસકાં લેવા લાગ્યાં. તે વખતે રાજેશભાઇનો હાથ રમાબહેનની પીઠ ઉપર પ્રેમથી ફરતો હતો અને તેમની આંખોમાંથી પડતા આંસુઓથી રમાબહેનની પીઠ ભીંજાઇ રહી હતી. ■

## સુંદરતા

સુંદર ચહેરો –
ગોરો કે શ્યામ
ધરે પારદર્શક પ્રામાણિકતાનો રંગ.

સુંદર આંખો
સ્ફટિક શી નિર્મળ,
તરે આંતરિક પ્રેમનું પ્રતિબિંબ.

સુંદર હોઠ
ધનુર્વત્ બંકિમ
વહે હૃદયની વાણી સુગમ

સુંદર હાથ
શૂરવીર, સ્નેહાળ
કરે અવિરત શ્રમ કે સર્જન.

સુંદર પગ
સતત ગમનાગમન
લક્ષ ચોર્યાસી દ્વારનું ઇજન.

સુંદર આત્મા, સુંદર જીવન, સુંદર મૃત્યુ,
સ્વર્ગ, પૃથ્વી, પાતાળ પ્રમાણી
પ્રભુના ચરણે સર્વસમર્પણ.

## પ્રભુ

હું તને ચાહું છું,
તું જે છે તેના માટે નહિ,
તારી હાજરીમાં હું જે બનું છું તેના માટે.

હું તને ચાહું છું,
તારા રૂપ કે વ્યક્તિત્વ માટે નહિ,
તેં મારા વ્યક્તિત્વને જે રૂપ આપ્યું છે તેના માટે.

હું તને ચાહું છું, કેમકે
તું મારા હૃદયમાં ઝાંકી,
તેમાંથી દરેક મૂર્ખતા, દરેક અપૂર્ણતાને હળવેથી દૂર કરે છે.

એ બધો કચરો તું ત્યાં જોઈ જ નથી શકતો
જે કદી કોઈની નજરે નથી ચઢ્યો
તે સદ્‌ગુણોના અમૂલ્ય ખજાનો તું દૃષ્ટિગોચર કરે છે.

તું મારા જીવનનો કર્કશ કોલાહલને બદલે સૂરીલા સંગીતનું રૂપ આપે છે.

અદશ્ય, અસ્પર્શ્ય અને નિઃશબ્દ રહીને કરે છે તું આ બધું
છતાં મને રહે છે સતત તારા અસ્તિત્વનો અહેસાસ.
હું તને વંદું છું.

*– રોય ક્રોફ્ટ*

# શશી

• પૃથ્વી શાહ •

તમે કેટલા મહાન છો, વ્યવહારકુશળ છો, આધુનિકતાના પૂજારી છો, સંસ્કારી છો એ બાબતે કેટકેટલાં ચિત્રો મેં ઓળખીતા-પારખીતા સમક્ષ રજૂ કર્યાં છે છતાંય જાણું છું કે તમે ખરેખર એવા તો નથી જ.

પેલો ભાનો ઝાડુવાળો એની પત્નીને ક્યારેક મારઝૂડ કરે છે, પણ વહાલ કરતોય જોવા મળે છે. ઘણી વખત બન્ને સાથે બેસી ગલ્લાની બાજુમાં મસ્તીથી ચા પીવે છે. કદી દુકાનમાં સાથે ઊભેલાં જોવા મળે છે. અને ભાનો પત્નીને બંગડી ખરીદી અપાવે છે. એ દિવસે તો બન્નેને સાથે સિનેમાઘરનાં પગથિયાં ચઢતાં પણ મેં જોયેલાં છે.

અને તમે? તમે તમારા અહંકારમાંથી બહાર નીકળી શકતા જ નથી. આ બધું અનુભવવા છતાં લોકો સમક્ષ તમારું જે ચિત્ર મેં ઉપસાવ્યું છે એ ભૂંસી નાખીને તેમજ તમને મેળવીને હું ધન્ય બની છું એવા ભ્રામક ખ્યાલમાંથી બહાર આવી જઇને હું મારી જાતને દુઃખી ચીતરવા માગતી નથી.

એ દિવસે તમે મને કલબમાં મળ્યા હતા. મારા પગ પર તમારા પગનો અંગૂઠો દબાવ્યો હતો. મારી આંખોની પાંપણ ઊંચકાઇ હતી. તમે મલકયા હતા. માથું હલાવી મને સાથે આવવાનો ઈશારો કરીને ઊભા થયા હતા. એ અંગૂઠામાં અને આંખોમાં પ્રેમ ઝલકતો હતો.

પ્રેમભર્યું આમંત્રણ પણ તમારા તરફથી મળ્યું હતું. મેં તો તમારી લાગણીનો સ્વીકાર કરી તમને સાથ આપ્યો હતો.

આમ જોઇએ તો એ કંઇ આપણા વચ્ચેની પ્રથમ મુલાકાત ન હતી. અગાઉ પણ હું કલબમાં જતી હતી. તમેય કલબમાં આવતા હતા. કદી ઉતાવળે ડગલે પસાર થતાં મને જોઇ એકાદ ક્ષણ અટકી આગળ વધી જતા હતા. એક દિવસ તો મેનેજર પાસે ઊભા રહી મારી તરફ તીરછી નજરથી જોઇને મારો પરિચય મેળવ્યો હતો, એ વાત પણ મારાથી છાની રહી ન હતી.

ધવલ, નાયબ કલેક્ટરના હોદ્દાની રૂએ તમને ગાડી, આલીશાન બંગલાની સવલત વગેરે પ્રાપ્ત થયાં હતાં. અધિકારી તરીકે તમારા હાથમાં ઘણી સત્તાઓ હતી. એ સત્તા વડે તમે એક હરીફાઇ ગોઠવી હતી. નાની બચતના ખ્યાલને વિકસાવવા અને બચત યોજનાને પ્રોત્સાહન આપવા તમે બહેનોની એક વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કર્યું હતું. આ હરીફાઇમાં નિર્ણાયક તરીકેની જવાબદારી તમે મારા શિરે નાખી હતી.

સ્પર્ધાની શરૂઆતમાં મારી ઓળખ આપતાં તમે મારાં કેટલાં બધાં વખાણ કર્યા હતાં? ‘આ છે પ્રોફેસર શશી, અંગ્રેજી સાહિત્યનાં તેઓ પ્રખર અભ્યાસી છે. તેમના લેખ પણ અવારનવાર જાણીતાં સામયિકોમાં પ્રસિદ્ધ થાય છે. આજના પ્રસંગે તેમની સેવા ઉપલબ્ધ થઇ એ આપણા માટે ગૌરવની વાત છે.’

પછી તમે અવારનવાર મને મળતા. આપણે મળતાં ત્યારે વિદેશી સાહિત્યકારોની વાતો પણ થતી. હું શેક્સપિયર, વિકટર હ્યુગો, કેનેરી, વુડ-રોફ વગેરે લેખકો અને તેમના પુસ્તકોની વાતો કાઢતી. તમે પણ મારી વાત ઝીલી લેતાં. એક વાર તો પ્રતિભાવ આપતાં તમે કહેલું, ‘શશી, શેક્સપિયરની ઓથેલો, મેકબેથ, એન્ટોની-કિલયોપેટ્રા તો મેં વાંચી છે. તેમાંય મેકબેથની વાર્તા તો મને બોધપાઠ લેવા જેવી લાગે છે. તું તો જાણે છે શશી કે સ્કોટલેન્ડના રાજા ડંકનનો સેનાપતિ મેકબેથ ભારે વિચિત્ર નીકળ્યો. પોતાને આગળ લાવનાર ડંકનનું જ તેણે ખૂન કર્યું. તેના બે પહેરેગીરોને યમસદન પહોંચાડ્યા. પોતાના મિત્રને પણ પૂરો કરી નાખ્યો. મેકડફ જેવા પવિત્ર માણસના કુટુંબની હત્યા કરાવી આખરે મેકડફના હાથે જ તેનો અંતિમ અંજામ આવ્યો. **બીજાને દુઃખી કરનાર અને જીવનને નહીં સમજનારા અંતે દુઃખી જ થાય છે એ કદી ન ભૂલવું જોઇએ.’**

તમારી સાથે ઓળખાણ થઇ એ દિવસોમાં હું કલબમાં જતી હતી. મને પત્તા રમવાનો શોખ હતો. રમી અને બ્રિજ રમવામાં હું નિષ્ણાત ગણાતી. બ્રિજ એસોસિએશન તરફથી યોજાયેલ ટુર્નામેન્ટમાં વિજેતા નીવડીને મેં ઈનામો પણ મેળવ્યાં હતાં. મને સિગારેટ પીવાનો પણ શોખ હતો. સાડી હું ભાગ્યે જ પહેરતી. મોટાભાગે પંજાબી કે ચાઈનીઝ ડ્રેસમાં બહાર નીકળતી. માત્ર કૉલેજના કલાકોમાં સાડીમાં સજ્જ રહેતી. આ બધું તમે જોયું હતું. તમને એ ગમ્યું હતું એટલે તો તમે મારો પરિચય કેળવવા પ્રયત્ન કરતા હતા.

વકતૃત્વ સ્પર્ધાના પ્રસંગ બાદ આપણે અવારનવાર મળવા લાગ્યા હતાં. તમે મારે ઘેર આવતા થયા હતા. એક દિવસ તમે કહ્યું હતું, ‘શશી, તારો હાથ તો બતાવ.’

‘શું તમને હાથ જોતાં આવડે છે?’ મેં પૂછ્યું. ત્યારે મારો હાથ તમારા હાથમાં લેતાં તમે કહ્યું હતું : ‘જ્યોતિષીએ એક વખત મારું ભવિષ્ય ભાખતાં જણાવ્યું હતું કે કોઇ પાંદડા આકારનું મુખડું ધરાવતી યુવતી મારું ભવિષ્ય ઊજળું બનાવશે. તેના પગલે મને નોકરીમાં

*જાત મહેનતથી કરેલું કાર્ય હંમેશાં આપણને સંતોષ આપે છે.*

બઢતી મળશે. તને જોઇ ત્યારથી મને થતું કે જ્યોતિષીનું વર્ણન તો તારામાં સમાયેલું છે.' અને આ વાત કરતાં કરતાં તમે મારા હાથમાં તમારું અને મારું નામ લખ્યું હતું.

'તમે તો કેવા નાદાન છો? સાવ છોકરમત છો! તમે નાયબ કલેક્ટર છો એય ભૂલી જાઓ છો' મેં કહ્યું. ત્યારે તમે મારો હાથ ગળે વીંટાળી મારી હથેળીમાંના અક્ષરોને ચુંબન કર્યું હતું અને સ્વપ્ન સાકાર થઇ રહ્યાનો આનંદ માણ્યો હતો.

ટૂંક સમયમાં જ આર્ય સમાજ વિધિથી લગ્ન પતાવી આપણે દમણ ફરવા ગયાં હતાં. ડીલક્ષ હોટલમાં રહ્યાં હતાં. હોટલના ટેબલ પર ડબલ ફીશ છાપ બીયરની બે બોટલો, કાજુ, વેફર વગેરે મંગાવ્યા હતાં. તમારા લાઇટરથી સિગારેટ જલાવવામાં મને સહયોગ આપ્યો હતો. સાંજે મોડે સુધી આપણે દરિયા કિનારે ફર્યા હતાં અને આથમતા સૂરજને નિહાળવાનો લહાવો માણ્યો હતો.

કોણ જાણે કેમ, તમે ધીરે-ધીરે બદલાતા ગયા. એક દિવસ તમે કહ્યું : 'શશી, હવે તું કલબમાં જાય એ સારું નથી લાગતું. હવે તું નાયબ કલેક્ટરની પત્ની છે. તું કલબમાં સિગારેટ હાથમાં લઇ કોઇ પાર્ટનર સાથે પત્તાં રમતી હોય તો લોકો આપણા વિશે કેવું બોલે છે?' અને મેં કલબમાં જવાનું અને સિગારેટને અડવાનું પણ બંધ કર્યું હતું.

વળી, એક દિવસ તમે કહ્યું હતું, 'શશી, હવે તારે વિમલ સાથેનો સંબંધ તદ્દન ઓછો કરવો જોઇએ. મને ખબર છે કે તેણે તને ભૂતકાળમાં ઘણી મદદ કરી છે, પણ તું જાહેરમાં તેની સાથે બજારમાં જાય તો લોકો તારા વિશે શું બોલશે એનો તો વિચાર કર.'

તમે તો જાણતા જ હતા કે, હું આ ગામમાં નવીસવી આવી ત્યારે રહેવા માટે ભાડે મકાન મેળવવાની તકલીફ હતી. ગામ માટે હું તદ્દન અજાણી, અપરિચિત હતી. એ સમયે વિમલે જ ડોક્ટરની, મેડિકલ સ્ટોર્સવાળાની, પ્રોવિઝન સ્ટોર્સવાળાની ઓળખાણ કરાવી હતી. ગામના ઉતાર જેવા માણસો અંગે પણ ખાનગીમાં મને વાકેફ કરી હતી. તમે પણ શરૂઆતમાં વિમલને ખૂબ આવકાર આપતા. તેને ઘણી વખત સાથે જ જમાડ્યો હતો. તમે બન્ને સાથે લટાર મારવા માટે પણ નીકળતા હતા. આવા ભલા અને નિર્દોષ માનવી જોડે સંબંધ ઓછો કરવાની વાત તમે કરી ત્યારે પણ મેં મારી લાગણીઓને કચડીને વિમલ ઘરમાં આવે ત્યારે રૂમમાંથી બહાર આવવાનું લગભગ બંધ કર્યું.

એ દિવસે તમે કહ્યું હતું, 'શશી, તૈયાર થા. સારાં કપડાં પહેરજે. કપડાં પર સેંટ છાંટજે. આજે આપણે મિ. ગીતેશને ત્યાં જવાનું છે. તે આપણા નવા કલેક્ટર છે. તેમની પત્ની સાથે બહેનપણા રાખજે. મારા માટે સારી રિમાર્ક લખવી એ તેમના હાથમાં છે.' હું ગીતેશને ત્યાં મનેકમને તમારી સાથે અવારનવાર આવતી.

એ દિવસે મેં મારી બાળપણની બહેનપણીની વાત કાઢી હતી : 'શીતલને ત્યાં મારી સાથે આવશો? તે જાણીતી પત્રકાર છે. તેના લેખ તો અવારનવાર તમે વાંચ્યા છે. શીતલને પણ ઘણા મોટા માનવીઓ જોડે પરિચય છે.'

ત્યારે તમે મારી પર ગુસ્સે થયા હતા : 'શશી, તું કેમ ભૂલી જાય છે કે હું નાયબ કલેક્ટર છું. પત્રકાર તો મારે મન છૂંછા છે. એમની તે શી હેસિયત? શીતલને ઘેર મારે તો શું, તારે પણ જવાની જરૂર નથી.' અને એમ તમે મારી લાગણીને ઠુકરાવી હતી. વાસ્તવમાં પત્રકારોની આગળ-પાછળ થતાં તમને મેં જોયા છે. અવારનવાર પત્રકારોને લંચ કે ડીનર માટે હોટલોમાં આમંત્રણ આપો છો એ ય મારાથી ક્યાં અજાણ છે? તમારું નામ કે ફોટાઓ છાપામાં આવે ત્યારે બીજાના ઘેરથી છાપાં મંગાવી છાપાંઓની એ કાપલીઓ હોંશભેર અંગત ફાઇલમાં સાચવી રાખો છો એય મને ખબર છે.

હવે દરેક બાબતમાં તમે તમારી રીતે વર્તો છો. આપણી ઓળખાણ થઇ ત્યારે મારી ઇચ્છાઓને પ્રાધાન્ય અપાતું. મને સિગારેટ પીવાનો શોખ હતો, પત્તાં રમવાં ગમતાં, અંગ્રેજી સાહિત્યમાં ખોવાઇ જવાની આદત હતી. નિર્જન રસ્તા પર દૂર સુધી એકલા ચાલવાની ટેવ હતી. સામાજિક મેળાવડાઓમાં ભાગ લેતી અને એ બાબતે તમે ખુશી પણ વ્યક્ત કરી હતી.

આજે પણ હું તમારી સંપૂર્ણ કાળજી રાખું છું. તમને ઉપમા, ઉત્તપા, વેઢમી ભાવે છે તેથી સાંજના સમયે અલગ અલગ દિવસે એ વાનગીઓ બનાવું છું. તમારા કપડાં જાતે ધોઇ, ઇસ્ત્રી કરીને રાખું છું. તમારી સૂચના અનુસાર આવેલ પત્રોનો યોગ્ય નિકાલ કરું છું.

મને તો આજે પણ બે ચોટલા વાળવાનું મન થાય છે. પંજાબી, ચાઇનીઝ ડ્રેસ કે બેલબોટમ પહેરી કલબમાં જવાની રમણા થાય છે. તમારી સંગાથે બેસી વુડરોફ, હરમન હેઇઝ, કેનેટી અને શેક્સપિયર જેવા લેખકોની કૃતિઓની સમીક્ષા કરવાનું મન થાય છે. મારા મનમાં તો સાહિત્યની હજાર-હજાર વાતો ગોપાયેલી છે. પણ એ વાતો તો મેં દફનાવી જ દીધી છે. **કારણ, હવે તમને એ બધું નથી ગમતું. તમને દુઃખ થાય એવું કોઇ પગલું હું હરગીઝ ભરવા માગતી નથી.**

ઘણીય વખત મનમાં વિચાર આવે છે કે કહી દઉં....'તમે તે કેવા માણસ છો?' પરંતુ કહીનેય શું મળવાનું? તમે તો આજે પણ નાયબ કલેક્ટર છો. હું ક્યારેક પ્રોફેસર હતી. આજે તો માત્ર તમારી પત્ની છું. તમે મારા દિલને સમજવા જ નથી માગતા, પછી આવી વાતો કહેવાથી શો ફરક પડવાનો? ■

## સુંદર વૃદ્ધત્વ

એક રિપોર્ટરે એક વખત ૧૦૪ વર્ષના એક માજીને સવાલ પૂછ્યો કે, 'તમારી ઉંમરના લોકો માટે તમારે શું કહેવું છે?'

પેલા માજી કહે, 'જિંદગીની સૌથી ઉત્કૃષ્ટ એવી આ ઉંમરમાં લોકો આનંદથી રહેવાને બદલે ડિપ્રેશનથી - હતાશાથી પીડાતા હોય છે. અરે! કોઇ જ જાતની ફિકર વગર ઇશ્વરની નજીક રહીને જીવનને માણવાની આજ તો ઉંમર છે!

'ઘડપણ Old Ageને તમે કઇ રીતે મૂલવશો'? તેવા સવાલના જવાબમાં સિસ્ટર મેરી જેમ્મા બ્રૂંક અદ્‌ભુત શબ્દોમાં કહે છે : 'જૂના - ઘરડા સફરજનના ઝાડ પર જ સૌથી મીઠાં સફરજન આવતાં હોય છે! સૌથી જૂના રોઝવૂડના વૃક્ષો જ ગૌરવપૂર્ણ ઊંચાઇએ પહોંચે છે!

જૂના વાયોલિનમાંથી જ સૌથી સુંદર અને ઉચ્ચ કક્ષાના સૂરો નીકળે છે! મદિરા પણ જેમ જૂની થાય તેમ તેનો સ્વાદ વધતો હોય છે. પુરાણા સિક્કા, ટિકિટ કે પુરાણા ફર્નિચરને અમૂલ્ય ગણવામાં આવે છે. જૂના મિત્રોને જ આપણે સૌથી વધારે પ્રેમ કરતા હોઇએ છીએ.

હે ભગવાન! તારો ખૂબ ખૂબ આભાર કે તેં વૃદ્ધાવસ્થા આપી! જિંદગીને સમજવાનો મોકો આપ્યો. ધૈર્ય અને ડહાપણનો અનુભવ કરાવ્યો. શારીરિક તકલીફો છતાં નિઃસ્વાર્થ સ્મિત કરવાની શક્તિ આપી. ખરેખર વૃદ્ધાવસ્થા અદ્‌ભુત છે!'

અને પછી છેલ્લે ઉમેરે છે કે, 'Beautiful people are acts of nature, but beautiful old people are works of art....' સુંદર યુવાન કે યુવતી એ કુદરતની કલા છે પણ સુંદર વૃદ્ધ વ્યક્તિત્વ એ માણસની કલાનું - મહેનતનું પરિણામ છે!'

***આઇ.કે. વીજળીવાલા લિખિત 'મોતીચારા'માંથી સાભાર***
***પ્રેષક : ચંદ્રિકા દેઢિયા***

## જતાં આવતાં, જોયેલું - જાણેલું

આજકાલ આપણાં દેશના ચલણમાં બનાવટી નોટો (મોટેભાગે પાંચસો-હજારની) મોટા પ્રમાણમાં ઘૂસાડી દેવામાં આવી છે. દેશહિત વિરુદ્ધનું આવું કામ આ લોકો કેવી રીતે કરતા હશે તે નીચેના પ્રસંગ પરથી જણાઇ આવશે.


ડોંબીવલી જવા હું દાદરથી કલ્યાણ જતી સાંજની ટ્રેનમાં બેઠો. થાણા સુધી ફાસ્ટ જતી આ ટ્રેન ત્યાર પછીના બધા સ્ટેશનો પર ઊભી રહે છે. ધીરે ધીરે ખાલી થતી જતી આ ટ્રેનમાં નાની નાની ચીજો વેચવા ફેરિયાઓ ફરતા જોવા મળે છે. તે દિવસે એક ફેરિયો મોબાઇલ કવર વેચતો ફરતો હતો. કલવાથી એક જણ ટ્રેનમાં ચડ્યો. ફેરિયાને તેણે કહ્યું, "મારે મોબાઇલ કવર જોઇએ છે પણ તારી પાસે પાંચસોના છૂટા છે?"

"હા સાહેબ, છૂટા છે. તમારો મોબાઇલ બતાવો તો એના માપનું કવર કાઢી આપું." ફેરિયાએ તેને કહ્યું.

"હમણાં મારી સાથે મોબાઇલ નથી, ઘરે પડ્યું છે. તું કોઇપણ એક કવર આપ." એમ કહી તે માણસે ફેરિયાને પાંચસોની નોટ આપી. ફેરિયાએ મોબાઇલ કવર અને બાકીના રૂપિયા તેને આપી દીધા. ન ભાવ પૂછ્યો, ન માલ જોયો. પેલા માણસે મોબાઇલ કવર અને પૈસા લઇ ખિસ્સામાં નાખી દીધા અને પછીના મુંબ્રા સ્ટેશન આવતાં ઊતરી ગયો.

મને જરા આશ્ચર્ય થયું પણ પછી વિચાર કરતાં સમજાયું કે આજકાલ ખોટી નોટો ઘૂસાડતા લોકો આવા ફેરિયાઓ, શાકભાજીવાળા કે નાના દુકાનદારોને જ પોતાનો શિકાર બનાવતા હશે. રોજ આવા કેટલાય લોકોને આ ઠગ લોકો ઠગતા હશે. છેતરપિંડીમાં હોંશિયાર લોકો આજની આધુનિક ટેકનોલોજીથી બનાવટી નોટો પણ અસલી જેવી જ બનાવે છે અને આ રીતે ચલણમાં ફેરવતા હોય છે. જો જો હોં... તમે નોટોની લેતીદેતીમાં સાવચેત રહેજો.

***જેઠાલાલ ગંગર 'મંગલમ્'***




## "મંગલ મંદિર" ૪૦૦મો અંક

"મંગલ મંદિર"નો ૪૦૦મો અંક મળ્યો. કોઇ એક જ્ઞાતિનું મુખપત્ર સમગ્ર કચ્છની ભૌગોલિક, ઐતિહાસિક, શૈક્ષણિક, સામાજિક અને સાહિત્યિક બાબતો અંગેના લેખો જે તે ક્ષેત્રના અભ્યાસુ સર્જકોને આમંત્રીને એક વિશેષ પ્રકારનો અંક પ્રકાશિત કરે એ ઘટના પોતે જ ઐતિહાસિક છે અને જ્ઞાતિઓના મુખપત્રોમાં નવો ચીલો પાડનારી છે. આ માટે આપને અને 'મંગલ મંદિર'ની સમગ્ર ટીમને સાનંદ ધન્યવાદ.

આ અંકના વિશિષ્ટ લેખ કચ્છની જળ અસ્મિતા, કચ્છ ભૂકંપ પહેલા અને પછી, પુરાતત્ત્વ અને ઇતિહાસના સંદર્ભમાં કચ્છની ગઇકાલ, આજ અને આવતીકાલ, કચ્છનું ધોળાવીરા, કચ્છના ગૃહઉદ્યોગો, Initiative of NGO's in Kutch Region, રાજકીય અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ, કચ્છના મ્યુઝિયમો, કચ્છનો બંદરીય વિકાસ, કચ્છના પાળિયાઓ, કચ્છનું પત્રકારત્વ વગેરે એના લેખકોની અધ્યયનનિષ્ઠા દર્શાવે છે. **લેખ વિભાગ મંગલ મંદિરને માત્ર જૈન સમાજનું મુખપત્ર નહીં પણ સમગ્ર કચ્છનું મુખપત્ર હોવાનું ગૌરવ બક્ષે છે.**

સંપૂર્ણ અંક વાંચતાં 'કચ્છનું સાહિત્ય : ગઇ કાલ, આજ અને આવતી કાલ' પાસે અટકવું પડ્યું. કચ્છના સમગ્ર સાહિત્યનું આલેખન સૂચવતા આ લેખમાં મુખ્યત્વે માત્ર ગુજરાતી ભાષાના ઇતિહાસનું આલેખન થયું છે. કચ્છી ભાષાના સાહિત્યનો અછડતો ઉલ્લેખ છે. અલબત્ત સિંધી અને કચ્છી ભાષા અંગે બે સ્વતંત્ર લેખ છે જ તેથી એનું શીર્ષક ગુજરાતી પૂરતું મર્યાદિત રાખવાની જરૂર હતી અન્યથા સંસ્કૃત અને અન્ય ભાષાઓના સાહિત્યનો પણ સમાવેશ જરૂરી હતો. પણ કચ્છના ગુજરાતી સાહિત્યના નિરુપણમાં પણ સમગ્ર લેખ ચાર પાંચ સર્જકોને સમર્પિત રહ્યો હોય એવી છાપ પડે છે.

અનેક લબ્ધપ્રતિષ્ઠિત સર્જકો જેવા કે રામજી અર્જુન ગજકંધ બકુલેશ, ચંદ્રશંકર અમૃતલાલ બુચ 'સુકાની', રસિક મહેતા, અશોક રતનશી હર્ષ, વિનુભાઇ કેશવાણી, કવિ જીવરામ અજરામર ગોર, પ્રીતમલાલ કવિ, જયંત સચદે 'કસુંબી', દેવજીભાઇ વાઘેલા, માણેકલાલ કંગનવાલા, મહેશ સોલંકી 'બેનામ', 'વંચિત' કુકમાવાલા, નિરંજન અંતાણી, અનિલ કોઠારી, બિપિન ધોળકિયા, હીરાલાલ ફોફલિયા, રજનીકાંત સોની, રવિ પેથાણી 'તિમિર', પ્રભાશંકર ફડકે વગેરે. આ યાદી હજુ પણ ઘણી લાંબી થાય તેમ છે. ઉદેશ જો સાહિત્યની ગઇ કાલ આજ અને આવતીકાલને નિરુપવાનો હોય તો આ બધા સર્જકોનો ઉલ્લેખ ન કરવા પાછળનું કારણ સમજાતું નથી. વળી આમાંથી રસિક મહેતાની નવલકથાઓ તો પંચોતેરથી પણ વધુ છે. 'સુકાની'નું દરિયાઇ નવલકથાઓનું પ્રદાન જાણીતું છે. બકુલેશના ટૂંકી વાર્તા ક્ષેત્રના પ્રદાનની નોંધ તો ગુજરાતીના સમર્થ વિવેચકોએ પણ લીધી છે. અકાદમી અને અન્ય પ્રતિષ્ઠિત ઍવૉર્ડથી સન્માનિત સર્જકોનો ઉપરોક્ત યાદીમાં સમાવેશ છે જેમનો ઉલ્લેખ પણ આ લેખમાં નથી. કેટલાક એવા સર્જકો પણ છે જેને વાંચીને એક પેઢી તૈયાર થઇ છે. નવાઇની વાત તો એ છે કે આ અભ્યાસમાં એવા લેખકોના નામ છે જેમનું એક પણ પુસ્તક ન હોય અથવા કોઇ એક એવી કૃતિ પણ ન હોય કે જેને કારણે ઉપરોક્ત નામોને બાજુએ મૂકીને પણ એમના નામો સમાવવા પડે.

લેખિકાનો પરિચય પણ અસ્પષ્ટ છે. તેઓએ અનેક કાવ્ય સંગ્રહો અને નવલકથાઓ પ્રકાશિત કરેલ છે એવું લખવામાં આવ્યું છે. એમની સ્વલિખિત નવલકથાઓ અને એમના કાવ્યસંગ્રહોના નામ આપવામાં આવશે તો ગમશે. જોકે આવું તો બનતું હોય છે.

અલબત્ત લેખિકા પ્રત્યે અને એમના સાહિત્યિક પ્રદાન પ્રત્યે પૂર્ણ આદરની ભાવના છે. પણ ગુજરાતી સાહિત્યના આ અભ્યાસ લેખમાં એમણે પોતાની કૃતિઓનો ઉલ્લેખ જરૂર કરવો જોઇએ જે એમણે નથી કર્યો.

મૂળ તો આ અભ્યાસલેખ ગુજરાતી સાહિત્યના પોતાને ગમતા ચારપાંચ સર્જકોને ધ્યાનમાં રાખીને લખવાનો હોય એવું લાગે છે. જો એમ હોય તો એનું શીર્ષક એ પ્રમાણે હોવું જોઇએ. જેથી આ લખવાનું કારણ ઊભું ન થાત.

**સમગ્રતયા આ સંપૂર્ણ અંક કચ્છીઓ અને કચ્છ અંગેનો અભ્યાસ કરનાર માટે અત્યંત મહત્ત્વનો અને હંમેશ માટે સાચવી રાખવા જેવો બન્યો છે. 'મંગલ મંદિર'ના તંત્રીમંડળ અને સમગ્ર ટીમને અભિનંદન અને આવા અભ્યાસપૂર્ણ વિશિષ્ટ અંકોની પરંપરા જાળવી રાખીને કચ્છની સેવા કરતા રહેશો એવી અપેક્ષા સાથે.**

*ડો. કાંતિ ગોર - માધાપર, ભુજ, કચ્છ*

• • • • •

## "મંગલ મંદિર" — ૪૦૦મો અંક

મંગલ મંદિરનો ૪૦૦મો વિશેષ અંક સપ્ટેમ્બરની ૩૦મીએ મળ્યો. પોસ્ટ ખાતાને અભિનંદન આપીએ કે બે મહિના સુધી સાચવી રાખી અંક મને પહોંચાડ્યો.

કચ્છની ગઇકાલ, આજ અને આવતીકાલ, 'ત્રિકાળજ્ઞાન' દ્વારા 'મંગલ મંદિર'ને સમૃદ્ધ બનાવ્યું તે બદલ તંત્રીમંડળને અભિનંદન.

**વિશેષ અંકના મુખપૃષ્ઠ ખૂબ જ ગમ્યા. અંક વાંચવાનું બાકી છે પરંતુ વાંચન દરેક વાંચકને ગમતું જ હોય છે એમાં શંકા નથી.**

*જેઠાલાલ વી. ગંગર - મુંબઈ*

• • • • •

*જે મિત્ર નથી, તે શત્રુ બનતો નથી. પણ જે મિત્ર છે તે જ એક દિવસ શત્રુ બને છે.*

## "મંગલ મંદિર" — એક મંદિર

"મંગલ મંદિર" સૌ વાચકો માટે એક અદ્‌ભુત "સરસ્વતી મંદિર સમાન છે. છેલ્લા બે વર્ષથી દર મહિને નિયમિત રીતે મંગલ મંદિર અમો પ્રથમ પાનાથી તેના અંતિમ પાના સુધી એક જ બેઠકે એકધારું વાંચી આનંદની અનુભૂતિ અનુભવીએ છીએ.

એકએકથી ચઢિયાતા અંકો દર મહિને સમયાનુસાર હાથમાં આવતાં ઘડીભર એમ થાય છે કે કાશ બધાના હાથમાં અંક શા માટે ન હોય!

સુંદર છપાઇ, સુંદર કવરપેજ સાથે, સુઘડ-સુવ્યવસ્થિત લખાણ, અવનવા વિભાગો, નાનાથી મોટેરા-સૌનું મન જીતી લેતું અને સમાજની દરેક વ્યક્તિને ખબર આપતું આ મંગલમય - "મંગલ મંદિર" ખરેખર જેણે એક વખત વાંચ્યું હશે તેને અચૂક વારંવાર વાંચવાનું મન થાય એવું છે.

**મંગલ મંદિરના દરેક અંકો "એકથી બઢકર એક છે' કોને ઉત્તમ અને કોને ઉતરતી કક્ષાનું કહેવું? બધા જ અંકો ચઢિયાતા અને મનભાય લાગ્યા છે. અમારી દરેકને એટલી જ અભ્યર્થના. "વાંચો-વંચાવો અને વસાવો એક અનોખું મંદિર - 'મંગલ મંદિર.' "**

*ડૉ. ઠાકરશી મૈશેરી - આણંદ*

• • • • •

## "મંગલ મંદિર" — ૪૦૦મો અંક

મંગલ મંદિરનો ૪૦૦મો અંક દળદારભર્યો પ્રગટ થયો છે. જેમાં 'અણ પોંખાયેલું, કચ્છનું પોરસીલું પત્રકારત્વ' એ શીર્ષક હેઠળ મૂળ કચ્છી-ગુજરાતી પત્રકાર શ્રી દેવજી ભીમજીએ અખબારી ક્ષેત્રે ઝંપલાવ્યું ત્યારથી કચ્છ તથા કચ્છ બહાર અખબારો પ્રગટ થતાં તેની વિસ્તૃત માહિતી લેખક પ્રવીણચંદ્ર શાહે રજૂ કરી.

હું પણ અખબારો સાથે સંકળાયેલો હતો અને કચ્છના અખબારોમાં ૪૨ વર્ષ ઉપર કામગીરી બજાવી તેના કેટલાંક સંસ્મરણો તાજાં થયાં છે.

૧૯૫૧-૫૨ થી મેં 'આઝાદ કચ્છ'માં કંપોઝિટર તરીકે કામગીરી બજાવી. 'આઝાદ કચ્છ' ઉપરાંત 'નૂતન કચ્છ', અંજારના પત્રકાર મોહનલાલ વરૂના તંત્રીપદે 'જાગૃત કચ્છ' પણ પ્રગટ થતું. તેમજ લેખકશ્રી પ્રવીણચંદ્ર શાહના સંપાદન હેઠળ 'ચેતન' નામનું ફિલ્મ-સાહિત્યને લગતું સાપ્તાહિક પ્રગટ થતું. લેખકશ્રી સહતંત્રી તરીકે ફરજ બજાવતા હતા. મેં દસ વર્ષ પ્રાણલાલ શાહના અખબારમાં કામ કર્યું.

છેલ્લે 'કચ્છ મિત્ર'માં ૧૮ વર્ષ કામ કર્યું અને ૧૯૯૪માં નિવૃત્ત થયો. આમ અખબારી ક્ષેત્રે ૪૨ વર્ષ કામ કર્યું. ઉપરાંત નાના-મોટા સાપ્તાહિકોનું પણ કામ કરતો.

પ્રવીણચંદ્ર શાહના લેખ ઉપરાંત અશોક મહેતા, પ્રા. સૂર્યકાંત ભટ્ટ, શશીકાંત ઠક્કર, હરેશ ધોળકિયા, વિનીત રાણા, પ્રા. પૃથ્વી શાહ, ભરત 'કુમાર' ઠાકર, ધનજી ભાનુશાલી, ડૉ. દર્શનાબહેન ધોળકિયા, ડૉ. કાંતિ ગોર, વખતસિંહ જાડેજા, નરેશ અંતાણી, દિલીપ કે. વૈદ્ય, ઉમિયાશંકર અજાણી, લીલાધર ગડા, પુષ્પદાન ગઢવી, તારાચંદ છેડા, સંજય ઠાકર, દિનકર મહેતા, ચૌલા કુરૂવા, ચંદાબહેન શ્રોફ, નિખિલ પંડ્યા, જિતેન્દ્ર વી. શાહ, ડૉ. વિશનજી નાગડા, હસમુખ પટેલ, ડૉ. જેઠો લાલવાણી વગેરેના માહિતીસભર લેખો છે. **ખરેખર મંગલ મંદિરનો ૪૦૦મો અંક વસાવવા જેવો છે. તંત્રી મંડળના સાહસને અભિનંદન આપવા ઘટે.**

*તુલસીદાસ જે. શાહ - ભુજ, કચ્છ*

• • • • •

"ખોરાકની પસંદગી" (લેખક : ડૉ. મૂળજી ગડા) — ઉપરનો લેખ બહુજ સરસ છે પણ કાંઇક ટૂંકમાં લખાયેલ છે. બધું લખ્યા પછી સ્વાસ્થ્ય માટે શું ખાવું, શું ન ખાવું તેના વિશે જરા વિગતવાર લખ્યું હોત તો સારું રહેત. આજે તો જ્યાં જુઓ ત્યાં પીઝા, દાબેલી, બર્ગર અને પાણીપુરી તથા ઠંડાપીણાઓ જોરદાર ખપી રહ્યા છે. તો આ બધી ચીજો શરીરને કેટલું પોષણ આપે છે કે નુકસાન કરે છે તે વિશે કાંઇ લખેલ નથી. **લેખક શ્રી મુરજીભાઇ ગડાને વિનંતી કે જરા વિગતવાર લખશે તો ખૂબજ ઉપયોગી થશે.**

*લક્ષ્મીચંદ વી. ધરમશી - બીજાપુર*

• • • • •

## "મંગલ મંદિર" — સંભારણાં વિશેષાંક

અકલ્પ્ય પ્રયાસથી સંભારણાં વિશેષાંક ભાગ-૧ અને ૨ દીપોત્સવી અંક તરીકે મેળવીને ખૂબ ધન્યતા અનુભવી. વર્ષ ૧૯૭૫થી ૨૦૦૪ સુધીના અંકોમાંથી યોગ્ય માહિતીઓનું સંકલન કરી આ બેનમૂન અંકો ઉપલબ્ધ કરાવવા બદલ ખૂબખૂબ આભાર. ખરે જ આ એક ઐતિહાસિક માહિતી સંચય, **મંગલ મંદિરનો એન્સાઇક્લોપીડિયા** કહી શકાય. સંભારણાંનું તો આ હજી અલ્પવિરામ જ છે. જે પણ સભ્યોએ અગાઉના અંકો ન જોયા-માણ્યા હોય તેઓને આ અંક મેળવ્યા પછી અફસોસ નહીં રહે. ખરેજ આ એક અતિ પ્રશંસનીય પ્રયાસ કહી શકાય. જૂની તેમજ નવી પેઢી જે મંગલ મંદિર નિયમિત વાંચે છે તે આ સંકલનથી ખૂબજ આનંદિત અને ભાવવિભોર બની જશે. આ બે અંકોમાં પ્રસ્તુત માહિતીથી આપણો સમાજ કેટલી અને કેવી પ્રવૃત્તિઓ કરે છે, લેખકો કેવી કેવી માહિતીઓ સમાજ માટે લખે છે તે પણ વિસ્તૃત રીતે જાણવા મળેલ છે. **ખરેખર સંભારણાં વિશેષાંક એટલે મંગલ મંદિરનો ભવ્ય ભૂતકાળ એમ કહી શકાય.**

આ અંકને ખરેખર સંભારણાં વિશેષાંક બનાવવા માટે શ્રી અશોકભાઇ મહેતા, શ્રી સૂરજલાલ મહેતા, શ્રી મનુભાઇ શાહ, શ્રી દિનેશચંદ્ર મહેતા અને અન્ય સર્વે કે જેમણે અથાક મહેનત કરી છે તે સર્વેને હાર્દિક અભિનંદન. ભવિષ્યમાં પણ આપના સર્વે પ્રયાસોને ઝળહળતી સફળતા મળે એજ અંતરની અભ્યર્થના.

*ગુલાબચંદ ધારશી રાંભિયા - અમદાવાદ*

• • • • •

*અશક્ય એ કોઈ હકીકત નથી, પણ માત્ર એક મત છે.*

## નૂતન વર્ષ મિલન સમારંભ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદ દ્વારા આયોજિત નૂતન વર્ષ મિલન સમારંભ તા. ૨૭-૧૦-૨૦૧૧ના કચ્છી જૈન ભવન પાલડી ખાતે મનભરીને માણ્યો. પાંચ વાગ્યાથી જ સમાજની વિવિધ વ્યક્તિઓનું આગમન અને પોતાના તેમજ લાગતા વળગતા સર્વેને પરસ્પર નૂતન વર્ષના અભિનંદન પાઠવ્યા. ભાષણના ભાર વગરનો કાર્યક્રમ અને સ્વાદિષ્ટ ભોજન, આનંદ અને ઉમંગપૂર્વક માણતા માણતા લોકો અન્યોન્ય વાતચીત કરતા જ રહ્યા. ભવિષ્યમાં પણ આવા પ્રયોગો આવકાર્ય છે. **કારણ કે અહીં કોઇ જ પારકું નથી હોતું, હોય છે સૌ પોતાના. વિવિધતામાં એકતા એ આનું નામ.**

*ગુલાબચંદ ધારશી રાંભિયા - અમદાવાદ*

• • • • •

## "મંગલ મંદિર" — ૪૦૦મો અંક

મંગલ મંદિરનો ૪૦૦મો અંક ખરેખર દળદાર છે. એનું આયોજન અને પ્રયાસ સરાહનીય છે. આ માહિતી પ્રચુર અંક, કચ્છની જાણકારીમાં રસ ધરાવનારાઓએ સાચવવા જેવો છે.

એક વાત. મંગલ મંદિર માટે અત્યાર લગી શ્રી સૂરજલાલ મહેતાએ જે પરિશ્રમ ઉઠાવ્યો છે એનો માત્ર અછડતો ઉલ્લેખ છે એ પૂરતું નથી જ એમ હું માનું છું.

*કીર્તિચંદ્ર શાહ - મલાડ (ઈસ્ટ), મુંબઈ*

• • • • •

## "મંગલ મંદિર" — ૪૦૦મો અંક

નિયમિત પ્રગટ થતાં દળદાર અને સમૃદ્ધ શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદના લબ્ધ પ્રતિષ્ઠિત માસિક-મુખપત્ર મંગલ મંદિરે ઓગસ્ટ-૨૦૧૧માં ૪૦૦માં અંકની યશસ્વી મજલ કાપી છે. આ અંકના ૨૪૦ જેટલા સભર પૃષ્ઠો અને અન્ય માસના અંકોમાં આશરે ૧૦૮ થી ૧૧૦ પૃષ્ઠો સંગીનતા અને બુલંદીનો બોલતો પુરાવો છે. પ્રતિ માસ ૧૧-૧૧ જેટલા વૈવિધ્યપૂર્ણ માહિતીસભર રોચક વિભાગ સમર્થ અને પરિતોષજન્ય તો હોય જ છે સાથે બૃહદ કચ્છનો તાદશ સર્વાંગપૂર્ણ ચિતાર આપનારા પણ હોય છે. **આ સિદ્ધિ ઉપલબ્ધિને નવાજવા કે બિરદાવવા શબ્દો ઓછા પડે. આપને ધન્યવાદ અને અંતરના અભિનંદન.**

'મંગલ મંદિર'ના અંકોમાં લેખ વિભાગ- વિચાર વિમર્શ, વિચાર મંથન, કચ્છ વિશેની માહિતી અને સમાચાર કે લેખો, વ્યક્તિ વિશેષ, મહિલા વિશ્વ, નિયમિત વિભાગો ઇત્યાદિ વાચનક્ષમ અને રોચક હોય છે. અંકોનું ગેટ અપ, સુઘડ મુદ્રણ, મુખપૃષ્ઠ, ચિત્રો-રેખાંકનો વગેરે આંખને ગમે, મનને જચે અને અંતરને પુલકિત-પ્રસન્ન કરે તેવા છે.

સપ્ટેમ્બર ૨૦૧૧ના અંકથી માઇલ સ્ટોન ૪૦૧ અંક બતાવે છે. આજ સુધીના ૬૦ જેટલા વિશિષ્ટ વૈવિધ્યપૂર્ણ વિષયો પરના વિશેષાંકો સિદ્ધિની હરણફાળના દાર્શનિક પુરાવાઓ છે. **મંગલ મંદિર એટલે કચ્છનો શબ્દદેહ - અક્ષર દેહ. કચ્છના દર્પણ સમા તેમાં કચ્છનું બહુઆયામી સુરેખ પ્રતિબિંબ ઝીલાયું છે.**

૪૦૦મો 'કચ્છ : ગઇકાલ, આજ અને આવતીકાલ' વિશેષાંક આગત, સાંપ્રત અને અનાગત ત્રણેય સમય વિશેષની સુરેખ તાદશ ઝાંખી કરાવે છે અને ઉજ્જવળ ભાવિનાં મંગલ દ્વાર ખોલી આપે છે.

*રાજેન્દ્ર ઉપાધ્યાય - અમદાવાદ*

• • • • •

## મંગલ મંદિર — ૪૦૧મો અંક

'મંગલ મંદિર' માસ સપ્ટેમ્બર-૨૦૧૧ના અંકમાં **પર્વાધિરાજ પર્યુષણ પર્વ અંગેનો લેખ વાંચીને ઘણું બધું જાણવા મળેલ છે.** આ લેખમાં પર્યુષણ પર્વનો મહિમા સમજાવેલ છે. જૈન ધર્મનું પદાર્થ વિજ્ઞાન સ્પષ્ટ છે. આપણો જૈન ધર્મ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ વિશ્વનો ધર્મ કહેવાય છે. વિદ્વાનોએ જૈન ધર્મ વિષે આપેલ અભિપ્રાય, જૈન ધર્મના સિદ્ધાંતો, જૈન ધર્મ મનને હકીકતમાં શાંત કરે છે. પર્યુષણ પર્વનો શાબ્દિક અર્થ ખૂબ જ સમજવા લાયક છે. જૈન ધર્મમાં 'જીવો અને જીવવા દો'ની નીતિ છે. આજે અનેક ક્ષેત્રોમાં વ્યવહારિકતાની દૃષ્ટિએ આનો ઉપયોગ થાય છે. ભગવાન મહાવીર સ્વામીએ આપણને આ ધર્મ વિશે ખૂબજ ઊંડાણપૂર્વક સમજ આપેલ છે. **આવી અનેક બાબતો વાંચીને હકીકતમાં માણસને ઘણું બધું સમજવાનું અને જાણવાનું મળે છે. આવો સુંદર લેખ લખવા બદલ લેખકશ્રીને અભિનંદન..**

*ભવાનજી શીવજી નાંગલપુરવાલા - મુંબઈ*

• • • • •

## "મંગલ મંદિર" — ૪૦૦મો અંક

મંગલ મંદિરનો ૪૦૦મો અંક દળદાર તથા વિશિષ્ટ માહિતી માટે સંઘરવા જેવો છે. દરેક લેખકના યોગદાન માટે આભાર.

બીજું, કચ્છના વિશિષ્ટ વ્યક્તિત્વોમાં લોકસભાના માજી સભ્યો સ્વ. શ્રી ભવાનજી અરજણ ખીમજી, હિંમતસિંહજી તેમજ રાજ્યસભાના માજી સભ્ય ડો. મહિપતરાય મહેતાનો ઉલ્લેખ જરૂરી હતો.

**'કચ્છનો બંદરીય વિકાસ' લેખમાં પશ્ચિમ કચ્છના સાગર કાંઠા પટ્ટીના નાના બંદરો પીંગલેશ્વર અને મોટી સિંધોડી ભૂલાઇ ગયા!**

'કચ્છનાં ગામડાનાં આરોગ્ય પ્રશ્નો'માં ધ્યાન બહાર રહી ગયું કે **ગામડાઓમાં સર્પદંશના દાખલા હજી થયા કરે છે.** અબડાસા તાલુકાના મોટી સિંધોડી ગામમાં ઝેરી સર્પ દંશથી ચારણ માતાની તબિયત વણસતી ચાલી અને ગામના કે આજુબાજુના ગામોથી કોઇ દવા માવજત ઉપલબ્ધ ન થતાં કમનસીબે મોતને શરણ થઇ.

*કાંતિલાલ કેશવજી મોતા - મુંબઈ*

• • • • •

*જીવનમાં અચાનક આવી પડેલી આફતનો હસતા મોઢે સામનો કરો.*

સપ્ટેમ્બર-૧૧નો અંક મળ્યો. આભાર. **'અણ્ણા હજારેની લડત' તંત્રી લેખ જનજાગૃતિ કરનારો છે.** મુરજી ગડાના લેખો ક્રાંતિકારી માનસ તૈયાર કરે છે. ટોકરશી વોરાનો 'પિશાચી લાલસાઓ' માણસના મનની વાત કહી જાય છે તો ડો. ગિરીશ વીંછીવોરાની કલમ ગમી જાય એવા લેખ લખતી હોય છે. સૌ લેખકમિત્રોને અભિનંદન. સૂરજલાલ મહેતાનું સંકલન જાણવા જોગ હોય છે.

સરસ્વતી સન્માન મેળવનાર તેજસ્વી તારલાઓના ફોટા જોઈ મન ખુશ થઈ ગયું. **આપણી ભવિષ્યની આશાઓ જેમના પર નિર્ભર છે એ સૌ બાળકો ખૂબ ખૂબ પ્રગતિ કરે એજ શુભકામના.**

*જેઠાલાલ વી. ગંગર - મુંબઈ*

• • • • •

## 'મંગલ મંદિર'નો વિશેષાંક

આપના સમાજ દ્વારા પ્રકાશિત થતા "મંગલ મંદિર"નો ૪૦૦ મો વિશેષાંક અંક "કચ્છ : ગઈકાલ, આજ અને આવતીકાલ" ખૂબજ સુંદર રીતે પ્રકાશિત કરવા બદલ મુખ્યતંત્રી શ્રી અશોક મહેતા અને તંત્રી મંડળને ખૂબ ખૂબ અભિનંદન.

ખરેખર અંકના દરેક લખાણો અને "કચ્છ ગઈકાલ-આજ અને આવતીકાલ" વિશેની પૂરતી છણાવટ દરેક કચ્છીઓને ખૂબજ ગમશે એવી આશા.

**ફરીવાર આવા સુંદર અંકો બહાર પાડવા બદલ અને ભવિષ્યમાં આવા સારા અંકો પ્રકાશિત કરવા માટે તંત્રી મંડળ અને ટીમને શુભેચ્છા.**

*જગદીશ આર. ઠક્કર - અમદાવાદ*

• • • • •

નમસ્કાર. ઓગસ્ટ-૨૦૧૧નું "મંગલમંદિર" વાંચ્યું. હું એને "અંક" કહેવાને બદલે કચ્છના ભૂતકાળ વર્તમાન અને ભવિષ્યનો "ગ્રંથ" કહીશ.

'કચ્છ : ગઈકાલ, આજ અને આવતીકાલ'ના પાને પાને ઠાંસી ઠાંસીને ભરાયેલી માહિતીમાંથી કચ્છની માટીની સુગંધ પમરી રહી છે. જેને કચ્છ વિશે કંઈક જાણવાની ઈચ્છા છે, જેને માટે કચ્છ પોતીકું છે, કચ્છનું સાહિત્ય, ઉદ્યોગો, રાજ્ય વહીવટ, પૌર્વિક ઈતિહાસ, પાળિયાઓ, સંસ્કૃતિ અને પ્રકીર્ણ માહિતી વિશે કંઈક જાણવું હોય તો તેવા વાચકો માટે એકજ બેઠકે વાંચવાનું મન થાય તેવા અને તેટલા વિષયોનો **આ સંગ્રહ પુસ્તકોની અલમારીનું એક અલભ્ય અંગ બની રહેશે.**

**આપ સહુએ આ અંક માટે કેટલો બધો શ્રમ લીધો હશે? અમદાવાદનો કચ્છી જૈન સમાજ ભાગ્યશાળી છે કે એક નાનકડા સમુદાયમાં મહત્વાકાંક્ષી વ્યક્તિઓને લીધે પ્રવૃત્તિઓનો વ્યાપ તો વધ્યો છે સાથે સાથે અક્ષરોની સૃષ્ટિ દ્વારા અન્ય સંસ્થાઓને આપ પ્રેરક બની શક્યા છો.**

કચ્છની બહાર વસતા કચ્છીઓ માટે હજી ઘણી માહિતીઓ આપ પ્રસિદ્ધ કરી શકો છો. જે તેમના ઘર, જમીન અને અન્ય મિલકતો ધરાવતી વ્યક્તિઓ માટે ઉપયોગી બની શકે.

**કચ્છની પંચતીર્થી કરી આવ્યા એટલે કચ્છ ફરી આવ્યા તેવું ઘણાં લોકો સમજે છે. પણ ૪૫,૦૦૦ કિ.મી.નું ક્ષેત્રફળ ધરાવતાં કચ્છને જોવા માટે આઠ દિવસ પણ ઓછા પડે તેવું સમજાવતો એક "પ્રવાસ અંક" પ્રસિદ્ધ કરવો જોઇએ.**

આવા અંકમાં કચ્છની ચારે દિશામાં પથરાયેલાં **ભાતીગળ સ્થળોની પ્રવાસ-યાત્રા આઠ દિવસમાં** કેવી રીતે સંપન્ન કરી શકો તેની સરળ સમજ આપી શકો.

જેમાં કચ્છના જિનાલયો, મંદિરો, હસ્ત ઉદ્યોગો, ભૂંગાઓ, ધોળાવીરા જેવી સંસ્કૃતિઓના ઉત્ખનનનો, સુંદર અને કલાત્મક સ્થાપત્ય અને કલા ધરાવતાં સ્થળો, રણ, કાળો ડુંગર, ખરીદીના સ્થળો વગેરેની વિસ્તૃત નહિ પણ ખપ પૂરતી માહિતીઓનો સમાવેશ થઈ શકે.

એ અંકમાં રહેવાના સ્થળો, સરનામા, ટેલિફોન નંબર, સ્થળો વચ્ચેનું અંતર બધું જ સામેલ હોય તેવો અંક પ્રસિદ્ધ કરવો જોઈએ. એ અંકમાં તમારા અન્ય વિભાગો જુદી પૂર્તિમાં પ્રસિદ્ધ કરો તો લોકો એ અંકને સાચવી રાખે, અને એ અંક તમારું કાયમી સંભારણું બની રહે.

**ઇચ્છું છું કે તમારા દરેક ખાસ અંકમાં અન્ય વિભાગો જુદી પૂર્તિમાં છાપશો તો વખત જતાં આ અંકો લેન્ડમાર્કનું સ્વરૂપ ધારણ કરશે. વિચારજો.**

"પ્રવાસ અંક" બહાર પાડો તો હું જરૂર સહાયરૂપ બની શકીશ.

"કચ્છ-ગઈકાલ, આજ અને આવતીકાલ" અંકની સિદ્ધિને બિરદાવવા સાથે આપ સહુને મારા અને પ્રભાના હાર્દિક અભિવાદન સ્વીકારવા વિનંતી.

*પન્નાલાલ ખીમજી છેડા (છેડા જ્વેલરી માર્ટ) - મુંબઈ*

• • • • •

## 'મંગલ મંદિર' — ૪૦૦મો વિશેષાંક

મંગલ મંદિરનો ૪૦૦મો વિશેષાંક 'કચ્છ-ગઈકાલ, આજ અને આવતી કાલ'ના થીમ સાથે આપની સંસ્થાએ બહાર પાડેલ છે તે બદલ આપ સૌ સાથીઓને જેટલા અભિનંદન આપું તેટલા ઓછા છે. આ અંકમાં "કચ્છના ઈતિહાસમાં જૈન યતિ આચાર્યોનું વિદ્યાભ્યાસમાં પ્રદાન" એ લેખને સ્થાન આપી આપે મને ઉપકૃત કરેલ છે. હું કોઈ લેખક કે વિદ્વાન નથી પરંતુ ઈતિહાસમાં સાહિત્ય ક્ષેત્રે જૈન યતિઓનું જે પ્રદાન હતું અને મને જે થોડી માહિતી હતી તે વિગત કચ્છના સાહિત્ય પ્રેમી લોકો સમક્ષ રજૂ કરવા 'મંગલ મંદિર'ને ઉત્તમ માધ્યમ જાણ્યું. જે આપે પ્રસિદ્ધ કર્યો તેનો મને આનંદ છે. **આપનો આ ૪૦૦મો અંક ખરેખર કચ્છનાં લોકો માટે એક અતિ જરૂરી માર્ગદર્શક બુક બની રહેશે તેવો મને વિશ્વાસ છે.**

*પુષ્પદાન ગઢવી - ભુજ, કચ્છ*

• • • • •

*દરિદ્રતા ધન મળવાથી જતી નથી પણ ધનની તૃષ્ણા છોડવાથી જાય છે.*

### 'મંગલ મંદિર' — ૪૦૦મો વિશેષાંક

મંગલ મંદિર - ૪૦૦મો અંક અનેક રીતે એક વિશિષ્ટ અંક છે. દળદાર તો છેજ પણ સાથે અનેકવિધ વિષયો અંગેના માહિતીસભર અને અભ્યાસપૂર્ણ લેખો પણ પ્રચૂર માત્રામાં છે. તેમાંય કચ્છના બંદરો, કચ્છના ઉદ્યોગો માટે ડિસેલિનેશન પ્લાન્ટ તથા કચ્છનું પત્રકારત્વ ખાસ ધ્યાન ખેંચનારા છે.

**મંગલ મંદિરના સુપર્બ ટાઇટલ કવર હંમેશાં ચિત્તાકર્ષક રહ્યા છે. તેની સફર કરાવવા બદલ સંપાદક મંડળને હાર્દિક અભિનંદન. કચ્છની વિશિષ્ટ વ્યક્તિઓનો ટૂંકમાં પરિચય પણ મનભાવન છે.**

અંતમાં પાના ૨૨૪ પરની કચ્છના જીવનની નયનરમ્ય તસ્વીરો કાબિલે દાદ છે. ફોટોગ્રાફરના નામ દર્શાવી શકાયા હોત.

પ્રવાસન ક્ષેત્રે પણ કચ્છ પ્રવાસીઓનું ધ્યાન ખેંચી શકે તેવી માહિતી છે.

કચ્છની ગઇકાલ, વિકાસની આજ અને પર્યાવરણના મુદ્દે કચ્છની આવતીકાલ — સ્પષ્ટ અને સુરેખપણે પ્રસ્તુત કરવા બદલ, તંત્રી મંડળને ફરી એકવાર હાર્દિક અભિનંદન.

*લાહિરી શાહ - હૈદ્રાબાદ*

• • • • •

## સોનેરી સંભારણાં

*અવસર આવ્યો છે અમદાવાદને આંગણે*
*એને હીરલે વધાવીએ, એને મોતીડે વધાવીએ....*

આપણા સમાજના પ્રવેશદ્વાર સમાન સંભારણાં અંક ૧-૨ મળ્યા. ખૂબ જ સુંદર છે.

**પ્રવેશદ્વારમાં પ્રવેશતાં આપણને અલૌકિક અનુભૂતિ થાય તેવી જ લાગણી અને આકાંક્ષા અંક ૧-૨ના પાને પાને વરતાય છે.** આપણે જાણે હેરિટેજ વૉકમાં નીકળ્યા હોઈએ તેવો અહેસાસ વીણેલા મોતી સમા સોનેરી સંભારણાં વાંચીને થાય છે.

મરજીવા જેમ મહાસાગરમાં ડૂબકી મારી ઊંડે ઊંડેથી મોતી શોધી લાવે એમજ હાલના તંત્રી મંડળના સભ્યો અથાગ મહેનત કરી એક એક કિંમતી મોતી વીણી વીણીને અંકમાં લેખો, કાવ્યો, વાર્તા તેમજ અન્ય જાણકારી સ્વરૂપે આલેખ્યા છે. જેનો યશ પહેલાં તો લેખકો, કવિઓ અને બુદ્ધિજીવીઓને જાય છે પણ છેકથી મહેનત કરી એક એક અમૂલ્ય કૃતિઓ વાંચકો સુધી પહોંચાડવાનું કામ તો અત્યારનું તંત્રીમંડળ જ કરે છે ને? જેમણે **'મંગલ મંદિર' અંક ૧-૨ ને સુવર્ણ લગડીની જેમ કિંમતી બનાવી દીધા છે.** જો પહેલ આટલી સારી અને સુંદર છે તો સુવર્ણ પર્વ સમા વર્ષની ઊજવણીની તો વાત જ શી કરવી?

*અલકા સંઘવી - મણિનગર, અમદાવાદ*

• • • • •

### "કુદરત - સૃષ્ટિની દૃષ્ટિ"

આપની નિર્ણાયક સમિતિએ મારા નિબંધ - "કુદરત સૃષ્ટિની દૃષ્ટિ"ને બિરદાવી વર્ષની શ્રેષ્ઠ કૃતિ તરીકે બિરદાવી ટ્રોફી એનાયત કરી તે સ્વીકારતાં સહેજે આનંદ થાય જ. સૌનો આભાર.

'મંગલ મંદિર સપ્ટે.-૧૧' અંકમાં મારી કૃતિ 'તરંગને સહારે લક્ષ્ય અંતરાલનું'ને માહિતી વિભાગમાં મૂકી તે એક રીતે યોગ્ય જ છે. કારણ કે આ માહિતી યુગમાં સ્થૂળ માહિતી કે કોઇ ચરમ શિખરે પહોંચવાની ચાવી છેવટે તો માહિતી જ બની રહે છે.

*ડૉ. ગિરીશ વીછીવોરા - માટુંગા, મુંબઈ*

• • • • •

### "ધ આન્સર ટુ કેન્સર"

આપે મોકલાવેલ " ધ આન્સર ટુ કેન્સર" ની બુક નંગ-૩ અમોને મળી ગઇ છે **જે બુક અમોએ અમારા સમાજના દરેક વ્યક્તિ વાંચી- વિચારી શકે એ માટે સમાજના હોલ અને કાર્યાલયમાં રાખેલ છે.** કેન્સરથી બચવા માટેના ઘણા જ ઉપયોગી સૂચનો એમાં બતાવ્યા છે. આ બુક મોકલીને આપના સમાજે લોકહિતનું ઉમદા કાર્ય કરેલ છે. સ્વખર્ચે બુક છપાવનાર અને દરેક શહેરના ક.વી.ઓ. સમાજને તથા અન્ય સમાજના લોકોને આ બુકનો લાભ આપનાર શ્રી હરખચંદ કુંવરજી સાવલાને ખૂબ ખૂબ અભિનંદન. તેઓ લાંબું આરોગ્યપ્રદ દીર્ઘાયુ પામે અને સમાજ ઉપયોગી કાર્ય કરતા રહે એવી મંગલ ભાવના.

*ઝવેરીલાલ કુંવરજી શાહ*
*પ્રમુખશ્રી, ક.વી.ઓ. જૈન સમાજ - વલસાડ*

• • • • •

### "મંગલ મંદિર"

ઘણાં વર્ષો પહેલાં જ્યારે એક "મંગલ મંદિર" હાથ લાગેલું (જો હું ભૂલતો ન હોઉં તો ત્યારે તેના ઉપર રૂા.૧ મૂલ્ય અંકિત જોયેલું) ત્યારથી...જ્યારે પણ તક મળે, મંગલ મંદિર વાંચવાની એક પણ તક જતી કરતો નથી. અમદાવાદ રોકાવાનું હોય ત્યારે "કચ્છી ભવન", શાહીબાગમાં જ રોકાવાનું પસંદ કરીએ છીએ **અને ત્યારે ઉપલબ્ધ બધાજ "મંગલ મંદિર" વાંચવાને એટલી પ્રાથમિકતા અપાય છે કે...રૂમમાંના ટી.વી.ને ખોલવાનું પણ મન નથી થતું.**

ગુજરાતી સાહિત્યનો પહેલેથી જ શોખ રહ્યો છે અને છપાઇ આકર્ષક, સુસ્પષ્ટ હોય તો એની મજા કંઇક ઓર જ છે. મંગલ મંદિર એટલે જ વાંચવાનું થોડું વધારે ગમે છે. 'મંગલ મંદિર' જૂન-૨૦૧૧ના પાના નંબર-૮ ઉપર ગીતા મંદિરના અતિથિ ભવનમાં કોઇપણ કચ્છી પરિવાર માટેની ઉપલબ્ધતા વાંચી આનંદ થયો.

*કે. એસ. ઠક્કર - ઇંદોર*

• • • • •

*વિપરીત સ્થિતિમાં મનુષ્યનો પ્રભાવ કે પૈસો નહિ, તેનો સ્વભાવ અને સંબંધ કામ આપે છે.*

## 'સંભારણાં વિશેષાંક'
## એક અલગારી અજાયબી સમું — ધન્યવાદ

મંગલ મંદિર સંભારણાં વિશેષાંક-૧ વાંચ્યું. ખરેખર! લેખો અને લેખકોની કમાલ અદ્‌ભુત છે. જૂના સંભારણાં વાંચી છાતી ગદગદ થાય છે. નવી પેઢી માટે દીવાદાંડી સમાન છે. ટૂંકમાં 'ગાગરમાં સાગર' સમાન આ અંક વાંચતા કચ્છની જૂની તાસીર યાદ આવી. વાંચકો માટે 'કોલસાની ખાણમાંથી સોનું' કાઢી પીરસેલ છે. જે બદલ લાખ લાખ અભિનંદન.

અગાઉના તંત્રીલેખો ખરેખર દાદ માંગી લે છે. યાદગીરી જાળવી રાખી અને વાચકોને ચરણે ધરેલ. **એટલે મ્યુઝિયમ જોયું.**

'પ્રેરણા'માંથી 'મંગલ મંદિર'નો જન્મ થયો અને સરસ લેખો દ્વારા વાચકોને જ્ઞાન સરિતાનો લાભ મળ્યો.

૧. **'શ્રમણ સંઘ' - રોહિત શાહ**નાં લેખના આધારે સાધુસંતો પોતાની પ્રસિદ્ધિ માટે જિનાલય, ઉપાશ્રયો, પૂજનો, સંઘો, તપસ્યાઓ, તમામ ક્રિયાકાંડો, પત્રિકાઓ, ચાંદીથી તોળાવવું વગેરે બાબતોનો અતિરેક થઈ રહ્યો છે. જે સમાજને નુકસાનકર્તા છે. ધર્મ, સાધુસંતો, ક્રિયાકાંડો જરૂરી છે પણ લક્ષ્મણરેખા ન ઓળંગવી જોઈએ તે વિચારવું રહ્યું. તેના બદલે જમાના અનુસાર અન્નદાન, આવાસ, મેડિકલ અને શિક્ષણ જેવી બાબતો પર સંતોએ વિચારવું રહ્યું. આચાર્યો માટે વિશેષણો બહુ જ અતિશયોક્તિ ભરેલા છે. પ્રવચન કરનાર કેટલા વિશેષણો વાપરે છે તે જરૂરી નથી.

૨. **લાહિરી શાહના 'કચ્છી ચતુર્વિધ સંઘ'** વિશેના લખાણમાં ઉપર મુજબ ટકોર કરી છે તે વાજબી જ છે. શ્રાવકોને લાલચ આપી આકર્ષવા તે ધર્મ વિરુદ્ધ બાબત સમજવી જોઈએ. શ્રાવકો - પોતાની મેળે અને પોતાના માટે કરે તે જ જરૂરી છે. જેમાં દેખાદેખી ન હોવી જોઈએ.

૩. **ગગુભાઈ પુનશીના દેવદ્રવ્ય માટે**ના સૂચનોની સમાજે નોંધ લેવી જરૂરી છે અને દેવદ્રવ્ય સમાજ ઉપયોગી કામમાં લાગે તેવો ઠરાવ સંઘે કરી અને સમાજની પડખે ઊભા રહેવું જરૂરી બને છે. તમામ મહાજનો - સંઘોએ આ બાબતને યુદ્ધના ધોરણે આગળ કરી ફંડનો સમાજલક્ષી ઉપયોગ કરવો જરૂરી છે.

૪. **શ્રીમતી રૂક્ષ્મણીબહેન રાંભિયાએ** લીંબુ, દૂધ અને બદામનો ઉપયોગ સારો જણાવ્યો છે.

૫. **મહેશ સોલંકીનો "પગી" વિશેનો લેખ** જૂના જમાનાની કરતબ દેખાડે છે.

૬. **નર્મદા યોજના : સરદાર સરોવર કેનાલ** કચ્છમાં આવે તે માટે આપશ્રીઓએ નર્મદા નિગમને જાગૃત કરેલ છે અને કચ્છની પ્રજા માટે કંઈક કરી છૂટો છો તે બદલ અભિનંદન.

૭. **શ્રી અમૃતલાલ માલદેએ કચ્છના અસલ સિક્કાની** ઓળખ આપી તેમાં નવી પેઢીને ખૂબજ મજા આવશે અને રાજાઓની સમજ પડશે.

૮. **'કચ્છના કિલ્લાઓ' - બકુલ બક્ષીનો લેખ** અત્યંત રસપ્રદ છે.

૯. **અનિલ કોઠારીએ માંડવી બંદરના સચોટ ઇતિહાસ**નું પાનું ખૂલ્લું મૂકતાં કચ્છમાં થતી આયાત - નિકાસ - સસ્તાઈ - ભાડું વગેરે માહિતીથી આંખો પહોળી થઈ ગઈ.

૧૦. **કચ્છનું અવનવું - ગુલાબચંદ ધારશી રાંભિયા**એ ઘણી અજાયબી લખી છે.

૧૧. વૃક્ષ કચ્છની કાયા પલટી શકે છે. **ઉમરશી ચંદેનો લીલોછમ લેખ** વાંચ્યો. એક વૃક્ષમાંથી રૂપિયા વીસેક લાખ મળી રહે છે.

૧૨. **શ્રી હીરજી પાસુએ ગૌચર જમીનનું આલેખન** કરેલ છે. આ માટે ખાસ આપ સૌને વિનંતી કરું છું કે કચ્છના ગામેગામ ચરિયાણ જમીન અટકાવવા કલેક્ટર અને નરેન્દ્ર મોદીને અરજન્ટ તાકીદ કરો. નહિતર જમીન હડપ થતી જશે અને મફત નગરો ઊભા થતા જશે. તે માટે તલાટી, સરપંચ અને કલેક્ટરને તાકીદ કરવા આપને જણાવું છું.

૧૩. **કારાણીએ લખેલ 'કચ્છ કલાધર'** એકે એક કચ્છીઓએ વાંચવું રહ્યું. જેથી કચ્છનો ઇતિહાસ જાણવા મળશે. કચ્છની કહાની એવી છે કે એનો દુનિયામાં જોટો જડવો મુશ્કેલ છે. ગામેગામ પાળિયાથી કારાણી બાપાએ ઇતિહાસ લખ્યો છે.

૧૪. રામસિંહ માલમે જયકૃષ્ણ ઇંદરજી, શિવજી દેવશી મઢડાવાળા વગેરેએ કચ્છની પ્રજા માટે ઘણું પ્રદાન કરેલ છે, તેને યાદ કરેલ છે. તે માટે ધન્યવાદ. આ રીતે કચ્છને વિશ્વના નકશા ઉપર લાવી દીધેલ છે.

૧૫. કલકત્તામાં હુગલી નદી ઉપર પુલ બાંધનાર જગમાલ ચૌહાણની કોઈને ખબર પણ નહીં હોય. કેશવજી બુધ્ધભટ્ટી જેવી અનેક વ્યક્તિઓની જાણકારીઓ મંગલ મંદિરે આપી છે. ક્રિકેટમાં જામ રણજીને ક્લીન બોલ્ડ કરી સોનાનું ઇનામ ઈસ્માઈલ સીદીએ મેળવ્યું. નાની ખાખરના વિનય મેકોની વિશ્વના પાંચ વૈજ્ઞાનિકોમાંના એક છે તે કોઈને ખબર હતી?

ખરેખર કહેવાનું મન થાય છે કે, આલમની અજાયબી જેવા લેખો અને જાણકારી 'મંગલ મંદિર'માં છપાય છે તે બદલ લાખ લાખ અભિનંદન.

***હીરાલાલ વી. ઉનડોઠવાલા - મુંબઈ***

● ● ● ● ●

## "મંગલ મંદિર" — ૪૦૦મો અંક

"મંગલ મંદિર"ના ૪૦૦મા અંકમાં સરસ મજાના કવરપેજ તથા માહિતીસભર લેખો અને અન્ય વિગત સાથે કચ્છ જિલ્લાની વિગતો જાણવા જેવી આપી છે. તે માટે મારા હાર્દિક અભિનંદન સાથે ધન્યવાદ પાઠવું છું.

***મણિલાલ કે. છેડા - મુંબઈ***

● ● ● ● ●

*સંતોષ પોતાની સાથે હૃદયની ઉદારતા અને સમજદારી લાવે છે.*

## 'સંભારણાં વિશેષાંક'

'મંગલ મંદિર'ના ઓક્ટોબર/નવેમ્બર-૨૦૧૧ના 'સંભારણાં' અંકો એટલા સરસ બન્યા છે કે જેમણે જેમણે એ માટે મહેનત કરી હોય તે સૌને અંતરના ધન્યવાદ. **કયા કયા લખાણના** વખાણ કરવા? પસંદ પડેલા ઘણાબધા લેખો વિશે લખવા બેસું તો એક આખો અંક બની જાય! અત્રે તો મારે માત્ર એક જ લેખની વિશેષ તારીફ કરવી છે.

મંગલ મંદિરના માસ મે-૧૯૯૩ના અંકમાંથી લીધેલ ધીમતી (આ ધીમતી શબ્દ મેં ઇરાદાપૂર્વક વાપરેલ છે. શ્રીમતીની જગ્યાએ શ્રી એટલે લક્ષ્મી અને ધી એટલે બુદ્ધિ) હંસાબહેન ખુશાલ રાંભિયાનો સંભારણાં અંક-૨ ના પાના નંબર-૩૦૮ પર છપાયેલો લેખ ઉત્તમ લેખ છે.

ઘણા બધા જૈન ભાઈ-બહેનો જૂની પરંપરાથી ચાલી આવેલી બિનજરૂરી અને નિરર્થક રૂઢિઓને માત્ર તે પ્રાચીન છે એટલા એકમાત્ર કારણસર વળગી રહે છે. તેઓ પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ કરતા નથી.

જેને આપણી શિલ્પ - સ્થાપત્ય કળામાં થોડોક પણ રસ હોય તેણે આપણા પ્રાચીન તેમજ મધ્યકાલીન મંદિર - દેરાસરોમાં કોતરાયેલી મૂર્તિઓના વસ્ત્રો, આભૂષણો તેમજ અંગભંગિઓનું ઝીણવટથી નિરીક્ષણ કરવું જોઈએ. આથી ધીમતી હંસાબહેનની વાત તેમને તરત સમજાઈ જશે. થોડો પરિશ્રમ લેવાની જરૂર છે.

હંસાબહેને ઈસ્લામિક આક્રમણ થકી થયેલી અસરની વાત કરેલી છે ત્યારે એક અન્ય વાતની પણ નોંધ લેવા જેવી છે. દક્ષિણ ભારતમાંથી આવેલી માતૃપૂજાનો ઉત્તરના આર્યોએ જ્યારે સ્વીકાર કરી લીધો અને ગ્રીકોના આગમન પછી મૂર્તિઓ બનવાની શરૂઆત થઈ ત્યારે જે જે દેવીઓની મૂર્તિઓ બની તેને માત્ર બે જ હાથ છે અને હાથમાં શસ્ત્ર નથી. પરંતુ ઈસ્લામિક આક્રમણો શરૂ થયા બાદ જે જે દેવીઓની મૂર્તિઓ બની તેને આઠ હાથ આપવામાં આવેલ છે અને હાથમાં શસ્ત્રો આપવામાં આવેલ છે.

આમ ઈસ્લામિક આક્રમણો પહેલાંની દેવી મૂર્તિઓ સૌમ્ય સ્વરૂપા છે જ્યારે ઇસ્લામિક આક્રમણો પછી જે દેવી મૂર્તિઓ બની તે ઉગ્ર સ્વરૂપા છે.

વેદમાં સૂર્યના એક સહાયક દેવ તરીકે વિષ્ણુનું નામ છે. વેદમાં શંકર-મહાદેવજી બિલકુલ નથી. આપણે વિષ્ણુને ચતુર્ભુજ બનાવ્યા અને હાથમાં ચક્ર - ગદા વગેરે આપ્યા. મહાદેવજી આવ્યા ત્યારે તેમના હાથમાં અતિ શક્તિશાળી ત્રિશુલ આપ્યું. બ્રહ્માના ચાર મુખ બનાવ્યા. કાર્તિકેયને છ મુખ આપ્યા. જગદંબા માતાજીઓને આઠ હાથ અને શસ્ત્રો આપ્યા. આટઆટલી મહેનત કરી પરંતુ વિદેશી આક્રમણકારો પર એની કશી જ અસર પડી ન હતી. આ તમામ સર્વસમર્થ દેવી દેવતાઓમાંથી કોઈએ હિંદુસ્તાનની ગરીબ અને લાચાર પ્રજાની રક્ષા અર્થે પોતાના એક પણ હાથ કે હથિયારનો આજ દિવસ સુધી ક્યારેય ઉપયોગ કર્યો નથી. આ તમામ સર્વશક્તિમાન દેવી દેવતાઓને વધુમાં વધુ લાડ કોઈએ લડાવ્યા હોય તો તે માત્ર હિંદુસ્તાનની પ્રજાએ. પરંતુ પરિણામ શૂન્ય. ભક્તો ક્ષમા કરે, પણ આ કઠોર વાસ્તવિક્તા છે. મારી વાતથી મિત્રો નારાજ ન થશો. અગણિત કૂકડાઓ, દેવીઓને ધરાવ્યા, અગણિત બોકડાઓ (બકરા) ધરાવ્યા, સેંકડો પાડાઓ ધરાવ્યા, પણ પરિણામ? શૂન્ય.

ઉપરાંત ભારે આશ્ચર્યની વાત તો એ છે કે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ગણપતિ, સૂર્ય, ઇન્દ્ર તથા અન્ય તમામ દેવો કોઈ બલિ માંગતા નથી અને તેમને કોઈનો બલિ ધરાવવામાં આવતો નથી. તમામ બલિ માત્ર માતાજીઓને જ ચડાવવામાં આવે છે. એની પાછળ કયું રહસ્ય હશે?

મને તો આ વાતનો ખુલાસો ખુદ 'દેવી ભાગવત' માંથી પણ મળેલ નથી.

કોઈ જાણકાર આ વિષયમાં પ્રકાશ પાડે એવી અપેક્ષા છે.

*લોક સાહિત્યમાં એક સરસ કટાક્ષ - દૂહો છે :*

***'સબળાથી સૌ કોઈ બીએ, નબળાને જ નડાય,***
***વાઘ તણો માંગે નહીં, ભોગ ભવાની માય!'***

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

• • • • •

## "દીપોત્સવી અંક : સંભારણાં વિશેષાંક"

'મંગલ મંદિર'નો બે ભાગમાં પ્રકાશિત થયેલ દીપોત્સવી અંક મળ્યો. પ્રણાલિકાગત, ચીલો ચાતરીને, સમાજના માસિક મુખપત્રના **દીપોત્સવી અંકને સંભારણાં વિશેષાંક તરીકે, બે ભાગમાં પ્રકાશિત કરવાની પહેલ બદલ હાર્દિક અભિનંદન**. આકર્ષક રંગીન કવર પેઈજ, સુઘડ - સુરેખ - સ્વચ્છ પ્રિન્ટિંગ, મંગલ મંદિરની પ્રણાલિકા સુપેરે જળવાઈ છે, જે બદલ પણ અભિનંદન.

વિશેષાંકમાં, મારા ત્રણ લખાણોને પણ સ્થાન આપ્યું છે. તે માટે આપનો આભારી છું. બર્મા (હાલનું મ્યાનમાર) નકશા સાથે એક વિસ્તૃત લખાણ અગાઉ પ્રકાશિત કરેલ, તેનો પણ સમાવેશ કર્યો હોત તો મારો આનંદ અનેકગણો વધી જાત. શ્રી નાનાલાલ વસાનો લેખ વાંચીને ઘણી બધી જૂની સ્મૃતિઓ તાજી થઈ.

**અગાઉના તંત્રી લેખો અને અન્ય લેખકોના મનનીય લખાણો વિશે લખવામાં મારો પનો ટૂંકો પડે.** મંગલ મંદિરનો આ દીપોત્સવી અંક, કાયમ માટે સાચવી રાખવા જેવો છે એટલું તો જરૂરથી કહી શકું.

સંપાદકશ્રી તથા તેમના સહ સંપાદકો અને અન્ય સહ કાર્યકરોને હાર્દિક અભિનંદન અને વધારે પ્રગતિ માટે પ્રાર્થના.

***લાહિરી શાહ - હૈદ્રાબાદ***

• • • • •

*જે ગઈકાલ આપણા હતા તે આજે આપણા નથી, તો તેનો હરખ-શોક શા માટે?*

### સમાજ અને સેવાકીય કામગીરી

આપના સમાજ દ્વારા 'મંગલ મંદિર' નિયમિત રીતે અને સરસ રીતે પ્રગટ થાય છે. તે માટે અભિનંદન. કચ્છના પ્રશ્નો ઉપર ઘણું ધ્યાન આપો છો તેમજ કચ્છના વિશે વિવિધ લેખો દ્વારા સારી માહિતી પ્રકાશિત કરો છો.

આપના સમાજ દ્વારા શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ મધ્યે તબીબી સારવાર અર્થે કચ્છથી આવતા દર્દીઓ તેમજ તેમના સગાંસંબંધીઓને રહેવા માટે ખાસ સગવડ કરો છો તેમજ શ્રી જલારામ અન્નક્ષેત્ર યોજના હેઠળ વિના મૂલ્યે દરરોજ નાસ્તો તેમજ બંને સમય ભોજનની વ્યવસ્થા કરો છો, તે ખરેખર ઉત્તમ માનવસેવાની કામગીરી છે. આ માટે ખાસ ધન્યવાદ ઘટે છે. આ ભવ્ય યોજનાથી અમને પ્રેરણા થતાં ફૂલ નહીં તો ફૂલની પાંખડીરૂપે અનુદાન આપ્યું છે (રૂા. ૫,૦૦૦/-) અને અત્રે બીજાઓને પણ આ માનવ સેવાકીય કામમાં અનુદાન આપવા ભલામણ કરું છું.

આપનો સમાજ જુદી જુદી સમિતિઓની રચના થતાં તેમના કાર્યકર્તાઓ દ્વારા વિવિધ કાર્યક્ષેત્રમાં સુંદર રીતે કામગીરી કરી રહ્યા છો. તેની વિગતથી પ્રેરણા મેળવીને મેં પણ એક સહયોગ વિમા યોજના તૈયાર કરી છે. સમાજમાં અગર તે યોજના અમલમાં મૂકાય તો ઘણી જ લાભદાયક થઈ શકે છે. પરંતુ તે યોજના રજિસ્ટર્ડ થાય તો જ ઉપયોગી થાય.

*મેઘજી ભાણજી શાહ - નાગપુર*
*મો. ૭૫૮૮૭ ૪૪૩૩૩*

• • • • •

### સાત્વિક વાંચન સામગ્રી

ગયા માસમાં અમદાવાદ આવેલો, ત્યારે મને 'મંગલ મંદિર'નો અષાઢી બીજ વિશેષાંક વાંચવા મળ્યો. તે અંક ખૂબ જ ગમ્યો. તંત્રીલેખ અને વિવિધતાભર્યા તમામ લેખો અને માહિતી જોતાં ખૂબ જ ખુશી થઈ. જે સુવાક્યો આપ્યા છે તે પણ ઘણાંજ સરસ છે. **આવી સરસ અને સાત્વિક વાંચન સામગ્રીઓ આપવા બદલ અભિનંદન.** ફરી જ્યારે અમદાવાદ આવીશ ત્યારે અગાઉના અંકો વાંચવા માટે કોશિશ કરીશ **તેમજ તેનું લવાજમ પણ તાત્કાલિક મોકલાવીશ.**

*ભાનુમતી અનુપચંદ ઝાટકિયા - મુંબઈ*
*મો. ૯૨૨૪૭૯૦૨૩૩*

## એક જ વાર પસાર થવાનું છે

*ભાગદોડ ભરી આ દુનિયામાંથી*
*મારે એક જ વાર પસાર થવાનું છે, ત્યારે*
*ક્યાંક કોઈનું આંસુ લૂછી શકું,*
*ક્યાંક કોઈ સ્મિત વેરી શકું,*
*ક્યાંક કોઈનું દર્દ પી શકું,*
*કોઈની સામે લંબાવું હમદર્દીનો હાથ*
*કરી લઉં બધું આ બનતી ત્વરાએ*
*ફરી કદી આ રસ્તે આવવાનું ન યે થાય.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ

સપ્ટેમ્બર ૨૦૦૬થી દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા હોય છે. નકરો વ્યક્તિ દીઠ ફક્ત રૂા. ૫૦/- છે.

આ યોજના હૈદ્રાબાદ-સિકંદ્રાબાદમાં અતિ લોકપ્રિય સાબિત થઇ છે તથા આઠ દિવસ અગાઉ સંપૂર્ણ બસ આરક્ષિત થઇ જાય છે. બહારગામથી આવનાર યાત્રિકોને આ યોજના ઘણીજ સગવડતા ભરી પુરવાર થઇ છે. પ્રત્યેક બસમાં લગભગ ૮ થી ૧૦ યાત્રાળુ બહારગામનાં હોય છે. આ યાત્રામાં ઘણીવાર જૈનેતર પણ જોડાય છે તથા જૈન ધર્મની અનુમોદના થાય છે. યાત્રા દરમ્યાન અનેકવિધ ધાર્મિક અનુષ્ઠાન તથા સેવાનાં કાર્યો થાય છે. આ યોજનાનું કાર્યક્ષેત્ર વિસ્તારી શ્રી કુલપાકજી તીર્થ સાથે સાથે બીજી અનેક તીર્થ યાત્રાઓનું આયોજન નિયમિત કરવું, એ શ્રી સંઘનું લક્ષ્ય છે.

શ્રી સંઘનું કાર્ય અવિરત તથા સુચારુ ઢંગથી પાર પડે તે માટે આજીવન સભ્યપદ, સંકલ્પ અનુદાન પત્ર, કાયમી સંઘપતિ જેવી યોજનાઓ અમલમાં છે.

સંઘ દ્વારા આયોજિત નિબંધ સ્પર્ધા ''મારી સો કરોડ સંપત્તિની ફાળવણી''ના વિજેતાઓને અગાઉ જાહેર કર્યા મુજબના પારિતોષિકથી ગત માસના એક કાર્યક્રમમાં નવાજવામા આવ્યા હતા અને ઉપસ્થિત વિજેતાઓને કાચીગુડાથી શ્રી કુલપાકજીની યાત્રા શ્રી સંઘ તરફથી કરાવવામાં આવી હતી.

*હંસકુમાર સાયલા - સંચાલક*

## સાહિત્ય કલા પુરસ્કાર - ૨૦૧૧

ડૉ. વિશન નાગડાની એક યાદી અનુસાર મુંબઇ ખાતે શ્રીમતી તારામતી વિશનજી ગાલા સાહિત્ય દ્વારા તાજેતરમાં આયોજિત એક કાર્યક્રમમાં નીચે પ્રમાણે વર્ષ - ૨૦૧૧ના પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા.

૧. શ્રી બિપિન ધોળકિયા - કચ્છી સિવાયની અન્ય (ગુજરાતી) ભાષામાં આજીવન પ્રદાન માટે.

૨. શ્રી બાબુલાલ ગોર- વર્ષ ૨૦૧૦ ના ઉત્તમ કચ્છી પુસ્તક ''અખરે જો ઉજારો' માટે

૩. શ્રી વિપુલ શાહ - નાટ્ય અને ફિલ્મ ક્ષેત્રે આજીવન પ્રદાન માટે.

૪. શ્રી મહમદ ઇબ્રાહીમ શેખ (મમી ઉસ્તાદ) - આજીવન શરણાઇ વાદન માટે કલા-સંસ્કૃતિ પારિતોષિક

૫. શ્રી જયેશ આશર - સંગીત ક્ષેત્રે આજીવન પ્રદાન માટે.

## શ્રી કચ્છ વાગડ લોહાણા સમાજ - અમદાવાદ દ્વારા નવરાતની નવલી ઉજવણી

નવરાત્રીની રાત્રીઓમાં કોઇપણ સ્થળે ગુજરાતીઓને રાસ-ગરબાના તાલે ઘુમતા કોઇ રોકી શકે એમ નથી. આજના આધુનિક તાંત્રિક યુગમાં નવરાત્રીના ગરબાની તાસીર બદલાઇ જાય તેમાં નવાઇ જેવું કાંઇ નથી. તે અર્થમાં જોઇએ તો નવરાત્રી એટલે આજના યુવાનો અને યુવતીઓ માટે જરા હટકે મોજ મસ્તી સાથે માતાજીની આરાધના. કેટલાક પ્રૌઢો પણ યુવાનીના દિવસો યાદ કરીને હજી પણ યુવાન હોવાના અહેસાસ સાથે માતાજીની પૂજન-અર્ચના કરતા જોવા મળે છે. **આ પ્રકારના માહોલ વચ્ચે અમદાવાદમાં શ્રી કચ્છ વાગડ લોહાણા સમાજ દ્વારા નવરાત્રી મહોત્સવનું સુંદર આયોજન થયું હતું.**

''ઢોલી તારો ઢોલ બાજે...'' રાસ-ગરબાના જુદા જુદા સ્ટેપ. રાસ-ગરબાને અનુરૂપ પારંપરિક વસ્ત્ર પરિધાન શ્રી વાગડ લોહાણા સમાજ દ્વારા નવરાત્રીના આયોજનમાં મોટી સંખ્યામાં ગુજરાતીઓએ ઓરકેસ્ટ્રાના સૂરના તાલે સુંદર રીતે રાસ-ગરબા રમીને મહોત્સવને યાદગાર બનાવ્યો હતો. સર્કલમાં ખેલૈયાઓને પારંપરિક પોશાક સાથે એક લયથી ગરબે ઘૂમતા જોવાનો નજારો અદ્ભુત હતો. માતાજીના ગરબાનું મહાત્મ્ય ફેશન અને ફિલ્મી ધૂનોએ લઇ લીધું હોવા છતાં અહીં પારંપરિક સ્પર્શ પણ અનુભવાતો હતો. રાસ-ગરબાની સાથે ખાણીપીણીની મજા પણ અનેરી હતી.

શ્રી કચ્છ વાગડ લોહાણા સમાજના નવદીપ હોલ ખાતે તા. ૫-૧૦-૨૦૧૧ના યોજાયેલા નવરાત્રી પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદના પ્રમુખશ્રી અશોકભાઇ મહેતા, ઉપપ્રમુખશ્રી કાંતિભાઇ સાવલા તથા માનદ્ મંત્રીશ્રી પ્રતાપભાઇ દંડ સહિત શ્રી કચ્છી સમાજના ઉપપ્રમુખ શ્રી ધીરજભાઇ સોનપુરા, માનદ્મંત્રી શ્રી અતુલભાઇ સોની, શ્રી જગદીશભાઇ ઠક્કર વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને નવરાત્રી આયોજનને બિરદાવેલ હતું.

## અબોલ જીવોને બચાવવા સંગીન કામગીરી

ગીતાબહેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ - અમદાવાદના સંચાલક શ્રી બચુભાઇ રાંભિયાની આગેવાની હેઠળ **એક જાપતો ગોઠવીને સાબરકાંઠામાં બે ટ્રકોનો પીછો કરી કતલખાનામાં લઇ જવાતા ૧૧૮ અબોલ જીવોને બચાવીને ઇડરની પાંજરાપોળમાં આશ્રય અપાવવાની સુંદર કામગીરી કરી હતી.** ઉપરોક્ત સંખ્યા સાથે ઓક્ટોબર માસનાં એક સપ્તાહ દરમિયાન કુલ ૧૪૩ અબોલ જીવોને બચાવ્યા હતા, તેમ સંસ્થાની એક યાદીમાં જણાવ્યું છે.

*માણસને પૈસાથી મપાય નહીં, પણ ઘણી વખત*
*પૈસા દ્વારા જ માણસ કેટલો નાનો છે એ જાણી શકાય છે.*

*આપણે બધા ''સ્વકેન્દ્રિત'' જ હોઈએ છીએ. માત્ર આપણા 'પરિઘો' અલગ અલગ હોય છે.*

# કચ્છનું વિશેષ ગૌરવ




કચ્છ જિલ્લાના વતની હોય તેવા કડવા પાટીદારો વિશ્વના ખૂણે ખૂણે વસવાટ કરે છે. તે સમાજનાં ભાઈ બહેનોને વૈચારિક ક્રાંતિના માધ્યમથી એક તાંતણે બાંધી રાખવાના કાર્યની અસરકારકતા તેમજ નિઃસ્વાર્થભાવનાના આશયથી, ઓલ ઈન્ડિયા કચ્છ કડવા પાટીદાર યુથ સોસાયટી દ્વારા છેલ્લા ૩૦ વર્ષથી પ્રકાશિત થતા ''પાટીદાર સંદેશ'' નામના સમાચાર પત્રને ભારતીય ટપાલ વિભાગે તાજેતરમાં સુરત ખાતે યોજાયેલા એક ભવ્ય સમારંભમાં સંસદસભ્યશ્રી અને ભારત સરકારના આઈ.ટી. કમિટીનાં સદસ્યા શ્રીમતી દર્શનાબહેનના હસ્તે ''પાટીદાર સંદેશ'' સમાચાર પત્ર માટે વિશેષ કવરનું વિમોચન કરવામાં આવ્યું હતું. કોઈપણ જ્ઞાતિના સામાજિક મુખપત્ર માટે આ એક અત્યંત ગૌરવરૂપ ગણી શકાય તેવી વિરલ સિદ્ધિ છે.

## મંગલ મંદિર - પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ

*માસ ઓગસ્ટ-૨૦૧૧ના અંકના પ્રશ્નોના જવાબ નીચે મુજબ છે.*

૧. શ્રી મદનસિંહજીને. નોર્વે ખાતે (પાના : ૭૦)

૨. લેડી પ્રેમલીલા ઠાકરશીના હસ્તે. જેનું ઉદ્‌ઘાટન રાષ્ટ્રીય પ્રતિભા કમલાદેવી ચટ્ટોપાધ્યાયે કર્યું. સ્થળ ભુજમાં જૈન વંડા ખાતે. (પાના : ૮૬)

૩. રાવ લખપતજી. (૧૭૫૨થી ૧૭૬૧) ખિતાબ 'મિર્ઝા મહારાવ) (૧) શિલ્પકામ, (૨) મીનાકામ, (૩) તોપ બનાવવાનું કારખાનું. (પાના : ૧૩૦)

૪. વડાપ્રધાન શ્રી લાલ બહાદુર શાસ્ત્રીએ. ૩૦ ડિસેમ્બર, ૧૯૬૫ના દિવસે. સીમા સુરક્ષા માટે અર્ધ લશ્કરી દળની સ્થાપના કરી. (પાના : ૧૫૩)

૫. શ્રી ફૂલશંકરભાઈ પટ્ટણી. જૂનું અખબાર 'જય કચ્છ') (પાના : ૧૮૬)

૬. ભીયાં કક્કલના બલિદાનથી કચ્છમાં જાડેજા રાજવંશ શરૂ થઈ શક્યો. તેણે રાવ હમીરજીના બે પુત્રો ખેંગારજી અને સાહેબજીને બચાવવા પોતાના છ પુત્રોના બલિદાન આપ્યા. (પાના : ૧૩૦)

૭. 'શ્રૃજન' સંસ્થા ગઈકાલ અને આજના ભરતકામના નમૂનાઓનું એક મ્યુઝિયમ બનાવી રહી છે. ત્યાં રિસોર્સ સેન્ટર પણ હશે અને દુનિયાભરના કારીગરો સાથે કલાનું આદાન પ્રદાન થશે. ગૃહ ઉદ્યોગનું ભવિષ્ય ઉજ્જવળ રહે તે માટે કારીગરે ક્વોલિટી ડાઉન ન થાય તેનો ખાસ ખ્યાલ રાખવાનો રહેશે. (પાના : ૪૭)

*ઓગસ્ટ-૨૦૧૧ના અંકના પ્રશ્નોના બધા સાચા જવાબ આપનારની યાદી.*

૧. શ્રી જિતેન્દ્ર ઠાકરશી શાહ - ભુજ, કચ્છ
૨. જ્યોતિબહેન લક્ષ્મીચંદ શાહ - અમદાવાદ
૩. શ્રીમતી નયનાબહેન એ. ગાલા - અમદાવાદ
૪. શ્રીમતી અલકા સંઘવી - અમદાવાદ
૫. શ્રી અમરકુમાર ઉમરશી રાંભિયા - નડિયાદ
૬. શ્રીમતી મીનાક્ષીબહેન એ. માંકડ - અમદાવાદ
૭. શ્રીમતી કલ્પના એસ. ગાલા - અમદાવાદ
૮. શ્રીમતી વર્ષાબહેન આર. પારેખ - અમદાવાદ
૯. શ્રીમતી જ્યોત્સનાબહેન એ. શાહ - અમદાવાદ
૧૦. શ્રીમતી દક્ષાબહેન ડી. શાહ - અમદાવાદ
૧૧. શ્રીમતી મીનાક્ષીબહેન રજનીભાઈ પારેખ - અમદાવાદ
૧૨. શ્રી પ્રતાપભાઈ નારાણજી દંડ - અમદાવાદ

*જુલાઈ-૨૦૧૧ના અંકના પ્રશ્નોના બધા સાચા જવાબ આપનાર, પાછળથી આવેલ વાચકમિત્રોના નામ નીચે મુજબ છે.*

૧. શ્રી અમરકુમાર ઉમરશી રાંભિયા - નડિયાદ
૨. શ્રી નવીનચંદ્ર શામજી લાલકા - ગદગ
૩. અવની અમિત કોરડિયા - અમદાવાદ
૪. શ્રી જયચંદભાઈ માણેકજી લોડાયા - મુંબઈ

★ **માસ સપ્ટેમ્બર-૨૦૧૧ના અંકના પ્રશ્નો :**

૧. આવનારા દિવસોમાં કચ્છ એના વિકાસના પરિણામે ઉજ્જવળ ભાવિ તરફ ડગ માંડશે. સ્થાનિક લોકો ત્યારે એ મીઠા ફળ મેળવવા શું પ્રયત્ન કરશે?

૨. શ્રી કચ્છી જૈન સેવા સમાજની અત્યારની ઈમારતના પાયામાં વર્ષો પહેલા લેવાયેલા બે મહત્ત્વના નિર્ણય છે, જેના આધારે સમાજ અત્યાર સુધી અડીખમ ઊભો છે અને પ્રગતિ કરી રહેલ છે. તારીખ સાથે એ બે નિર્ણયો કયા છે તે જણાવો.

૩. કોઈપણ સંસ્થાની સફળતાના પાંચ પગથિયાં છે. કયા?

૪. આપણે ચિલ્લાવી ચિલ્લાવીને બરાડા પાડીને કહીએ છીએ કે 'મેરા ભારત મહાન.' ત્યારે લેખકશ્રી આના માટે શું કટાક્ષ કરે છે?

૫. કચ્છની ખાદી પ્રવૃત્તિના સ્થાપક કોણ? એમનું જન્મ સ્થળ કયું? કઈ સાલમાં, કયા ગામમાં એમણે ચરખામઢીની સ્થાપની કરી?

૬. 'સફળતા માટે સક્રિયતાની સાથે સતર્ક રહેવું જરૂરી છે' આ સુવાક્ય કયા નંબરના પાના પર છે?

૭. 'મંગલ મંદિર' પર મોકલેલ SMS માંથી કોઈ પણ ત્રણ SMS જણાવો.

★ **દીપોત્સવી અંક ઓક્ટોબર/નવેમ્બર 'સંભારણાં વિશેષાંક' ભાગ-૧ તથા ૨ અંકના પ્રશ્નો :**

૧. રોજ ૧૦૧ જેટલી કલમથી વડ પીપળાની ડાળીઓ વાવે નહિં ત્યાં સુધી નહિં જમવાનો નીમ (પ્રતિજ્ઞા) કોણે લીધી હતી?

૨. શ્રી લખપતજીની પ્રેરણા અને રામસિંહ માલમની કલા સાધનાનો સમન્વય એટલે શું રચાયું?

૩. 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'ની રચના કયા મહાપુરુષે રચી?

૪. અમારા બિઝનેસના ત્રણ ગુરુમંત્ર છે : ગુણવત્તા, સારી સર્વિસ અને કિફાયતી દામ. કયા બિઝનેસમેનનો આ મંત્ર છે?

૫. 'ફ્લોરોસિસ' નામનો રોગ શાના વધુ પડતા ઉપયોગથી થાય છે?

૬. સિકંદર માટે મેકોલએ શું લખ્યું છે?

૭. ઝરપરા ગામના પ્રથમ મહિલા સરપંચ કોણ ચૂંટાયા હતા? કઈ સાલમાં?

***સપ્ટેમ્બર-૨૦૧૧ના અંકના ૭ પ્રશ્નો અને ઓક્ટોબર/નવેમ્બર – દીપોત્સવી અંકના બંને ભાગના મળીને ૭ પ્રશ્નો (કુલ ૧૪ પ્રશ્નો)ના જવાબ આપવાના છે. બધા પ્રશ્નો ફરજિયાત છે. જવાબો મોકલવાની છેલ્લી તા. ૨૦-૧૨-૨૦૧૧ છે. બધા ખરા ઉત્તરો જેમના હશે તેમના નામ મંગલ મંદિરના અંકમાં આવશે. (ઘર દીઠ એક જ વ્યક્તિ જવાબ આપે તે ઈચ્છનીય છે.) એક કે બે ભૂલવાળાના નામ આ વિભાગના રજિસ્ટરમાં હશે. દરેક વાચકે ઉત્તર મોકલાવતી વખતે પોતાના સંપર્ક નંબર અવશ્ય લખવા. વાચક વર્ગને કોઈ પ્રશ્ન હોય તો આ વિભાગના સંકલનકર્તાનો ફોન દ્વારા સંપર્ક કરી શકે છે.***

***જવાબો મોકલવાનું સરનામું :*** શ્રી કચ્છી જૈન ભવન, ૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, અમદાવાદ.

*ચંદ્રા મહેન્દ્ર શાહ (ફોન : ૨૬૭૬૦૨૬૬)*

*શ્વાસ જો શરીરને ટકાવે છે તો વિશ્વાસ સંબંધને ટકાવે છે.*

# "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

**ઓક્ટોબર / નવેમ્બર – ૨૦૧૧ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.**

## રિન્યુ થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- બિપિન કુંવરજી ફુરિયા — કાંજુરમાર્ગ, મુંબઈ
- વસંતલાલ ડી. ઝોટા — માટુંગા, મુંબઈ
- એ. બી. જેઠવા — માંડવી, કચ્છ
- શાંતિલાલ ખીમજી દેઢિયા — અકોલા, મહારાષ્ટ્ર
- શરદ એમ. ઝાલા — આદિપુર, કચ્છ
- જયચંદ માણેકજી લોડાયા — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- વિજય બી. છાડવા — ડેલાઈસલ રોડ, મુંબઈ
- લક્ષ્મીચંદ વી. ધરમશી — બીજાપુર (કર્ણાટક)
- કમલ એ. શાહ — કલકત્તા
- જયેન્દ્ર સી. સંઘવી — ભુજ, કચ્છ

### ૩ વર્ષનું લવાજમ

- મુકેશ લાલજી વોરા — ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ
- હરીશ પ્રવીણ ધરમશી — પાલિતાણા

### ૫ વર્ષનું લવાજમ

- જેઠાલાલ ઠાકરશી ગાલા — ગાંધીધામ, કચ્છ
- કલ્યાણજી પી. શાહ — કાંદિવલી (વેસ્ટ), મુંબઈ

### આજીવન લવાજમ

- હરખચંદ હીરજી ગડા — ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ
- ભૂપેન્દ્ર યુ. શાહ — ધમતરી (છત્તીસગઢ)

## નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- ચંદ્રકાંત કે. લાલન — બોરીવલી, મુંબઈ
- અજિત એલ. નાગડા — માટુંગા, મુંબઈ
- ખુશાલભાઈ શાહ — માટુંગા, મુંબઈ
- પ્રવીણ નાનાલાલ શાહ — કાંદિવલી (વેસ્ટ), મુંબઈ
- ચંદ્રકાંત એચ. પાસડ — માટુંગા, મુંબઈ
- અમિત રમણકાંત શાહ — મુંદ્રા, કચ્છ
- મહેન્દ્ર શાંતિલાલ મસાલિયા — વીરમગામ
- રાજેશ જયંતીલાલ મગવાણી — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- વંદના ભદ્રીચંદ દંડ — ડોંબીવલી (વેસ્ટ), મુંબઈ
- શ્રી અચલગચ્છ જૈન સંઘ — હૈદ્રાબાદ
- દિનેશ કલ્યાણજી ગોસર — હૈદ્રાબાદ
- રતિલાલ પી. છેડા — હૈદ્રાબાદ
- મહારાવશ્રી વિજયરાજજી પુસ્તકાલય — ભુજ, કચ્છ
- કરશનજી માવજી એન્ડ સન્સ — સુખપર, કચ્છ
- અશ્વિન વાડીલાલ શેઠ — ગાંધીધામ, કચ્છ
- વિમલ વી. વોરા — ચેન્નાઈ
- નીરલ વી. ગાંધી — ચેન્નાઈ
- સંજય વી. શાહ — ચેન્નાઈ
- ભદ્રેશ પી. શાહ — ચેન્નાઈ
- લક્ષ્મીચંદ સાવલા — બોરીવલી (વેસ્ટ), મુંબઈ
- આણંદજી માણેક ગડા — દાદર, મુંબઈ
- મનોજ ઘનશ્યામ યાદવ — માંડવી, કચ્છ
- અશ્વિન ત્રંબકલાલ પંડ્યા — અંજાર, કચ્છ
- હેમલતા કે. શાહ — ચેન્નાઈ
- રમેશ ટી. ઠક્કર — ગાંધીધામ, કચ્છ
- ચિરાગ શાંતિલાલ મોમાયા — ગાંધીધામ, કચ્છ
- અશોક એસ. દોશી — બોડકદેવ, અમદાવાદ
- શ્રીમતી તારાબહેન કિશોર પંડ્યા — ભુજ, કચ્છ
- હીરાચંદ વેલજી પટેલ — ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ
- દિનેશ હીરજી શાહનંદ — રાયગઢ (મહારાષ્ટ્ર)
- જતીન મણિલાલ નાગડા — ગોરેગાંવ (વેસ્ટ), મુંબઈ
- મધુબહેન મહેતા — અકોલા, મહારાષ્ટ્ર
- મૂલચંદ ડી. શાહ — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- ઈંદુબહેન લક્ષ્મીચંદ ગાલા — ધોબીઘાટ, મુંબઈ
- જયેશ નારાણજી સોની — જલગાંવ (મહારાષ્ટ્ર)
- કરણ સુધીર ભટનાગર — સોલા રોડ, અમદાવાદ
- દિનેશ મણિશંકર જોશી — માંડવી, કચ્છ
- રાજ કિશોર ભીંડે — માંડવી, કચ્છ
- મહેન્દ્ર વીરજી ગડા — ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ
- પ્રીતેશ જાદવજી દેઢિયા — સાયન, મુંબઈ
- શંકરલાલ જીવાજી મારવાડી — ગાંધીધામ, કચ્છ
- અતુલ લાલજી ખોના — ડોંબીવલી (વેસ્ટ), મુંબઈ
- રમીલાબહેન પ્રફુલચંદ્ર શાહ — ભુજ, કચ્છ
- કીર્તિ કાંતિલાલ ઝવેરી — ભુજ, કચ્છ
- સુવિસા જયેન્દ્ર શાહ — માંડવી, કચ્છ
- રમણિકલાલ રાઘવજી મારુ — વેજલપુર, અમદાવાદ
- સુમતિચંદ્ર કરમચંદ મહેતા — બિદડા, કચ્છ
- આણંદજી વીરજી વોરા — ભાયખલ્લા (વેસ્ટ), મુંબઈ
- રમેશ ડી. છેડા — પરેલ, મુંબઈ
- નીતા નવનીત કંસારા — વીસનગર

*ભગવાનની નિષ્કામ ભક્તિ અનેક સિદ્ધિઓથી પણ શ્રેષ્ઠ ફળ આપે છે.*

| ૩ વર્ષનું લવાજમ | |
|---|---|
| ● જીવરાજ ધનજી મારુ | માટુંગા, મુંબઈ |
| ● નવીન ઉમરશી શાહ | રાયપુર (છત્તીસગઢ) |
| ● ઉરેશ જયંતીલાલ કોઠારી | વડોદરા |
| ● કચ્છ નેચર ક્લબ | માધાપર, કચ્છ |
| ● અનિલ નાગજી ગાલા | ગાંધીધામ, કચ્છ |
| ● રવિન્દ્ર ગાંધી | ચેન્નાઈ |
| **૫ વર્ષનું લવાજમ** | |
| ● હિતેન હીરજી ગાલા | માટુંગા, મુંબઈ |
| ● હીરેન લક્ષ્મીચંદ કારાણી | માટુંગા, મુંબઈ |
| ● રમેશ દામજી લોડાયા | ભુજ, કચ્છ |
| ● જયવંતીબહેન શાહ | હૈદ્રાબાદ |
| ● દિલીપ વલ્લભજી ગડા | વડોદરા |
| ● શામજી દેવજી ગાલા | મલાડ (ઈસ્ટ), મુંબઈ |
| ● હર્ષદ ખેતશી ગાંધી | બેંગ્લોર |
| ● કાંતિલાલ કરમશી ગાલા | પરેલ, મુંબઈ |
| **આજીવન** | |
| ● કોમલ સાવલા | માંડવી, કચ્છ |
| ● લાલજી લખમશી દેઢિયા | પૂણે (મહારાષ્ટ્ર) |
| ● અક્ષય અમૃતલાલ ઠક્કર | ભુજ (કચ્છ) |

# સાર સમાચાર

★ અમેરિકાના માજી પ્રમુખ જ્યોર્જ બુશે જણાવ્યું છે કે "લોભ એ સદ્ગુણ છે અને ધનવાનોએ હજુ વધુ ધનવાન થવું જોઈએ."

★ પોરબંદરમાં ગાંધીજીના કીર્તિ મંદિરના તમામ સ્ટાફને છૂટો કરી દેવામાં આવેલ છે અને હવે ગુજરાત સરકાર ત્યાં માસિક ૧૫૦૦/- રૂપિયાના ફિક્સ પગારે માણસો રાખવાની ગોઠવણ કરી રહેલ છે.

★ સાદું નમક વેચનાર - ખરીદનાર સજાને પાત્ર ગણવાનો કાયદો સુપ્રીમ કોર્ટે હવે રદ કરેલ છે.

★ કચ્છમાં ટાટા પાવર પ્રોજેક્ટની જગ્યાએ ૧.૯૨ કરોડના ખર્ચે પાણીના રોકાણ માટેનો બંધારો સરકાર દ્વારા બાંધવામાં આવ્યો હતો. પણ ટાટા કંપનીએ આ બંધારો તોડી નાખીને ત્યાં પાવર પ્રોજેક્ટ બનાવ્યો હોવાનું સી.એ.જી. (કેગ)ના વર્ષ ૨૦૧૦ના રિપોર્ટમાં જણાવેલ છે.

★ અરૂણાચલના રહેવાસીઓ ચીનમાં મુક્તપણે આવી - જઈ શકે છે. પણ ભારતવાસીઓએ અરૂણાચલ જવું હોય તો પરમિટ લેવી પડે છે.

★ ચીન સાથેની સરહદ ઉપર ફરજ બજાવતી હિંદની સેનાને આધુનિક શસ્ત્રોથી સજ્જ બનાવવાની સૈન્યની માંગણીને 'હમણાં ખર્ચ પોસાય તેમ નથી' કહીને નકારવામાં આવી છે.

★ રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ પંચના અધ્યક્ષ અને સંસદસભ્ય શ્રી પી.એસ. પુનિયા, દલિત કોમના હોવાના કારણે ઓરિસ્સાના જગન્નાથ મંદિરમાં તેમને પ્રવેશ આપવાનો ઈનકાર કરવામાં આવ્યો.

★ તામિલનાડુના કોઈમ્બતુર જિલ્લાના મેટ્ટપલયમ ગામના સિદ્ધિ વિનાયકના મંદિરમાં પોતે દસમા ધોરણમાં પાસ થયાની ખુશીમાં પ્રાર્થના કરવા ગયેલા ૧૫ વર્ષની ઉંમરના કે.કે. વીનિત તથા તેની નાની બહેન કે.શ્રુતિ બંનેને દલિત કોમના હોવાથી મંદિરમાં પ્રવેશવા દેવામાં ન આવ્યા. એટલું જ નહીં પણ બંનેને માર મારીને હાંકી કાઢવામાં આવ્યા.

★ છેલ્લા ૧૫ વર્ષમાં રાજસ્થાનમાં ૨૫૦૦થી વધારે સ્ત્રીઓને ડાકણ માનીને મારી નાખવામાં આવેલ છે.

★ યુનાઈટેડ નેશન્સના રજિસ્ટરમાં જગતના કુલ્લે ૨૮૦ ધર્મો નોંધાયેલા છે.

★ સુરત જિલ્લાના એક કાર્યકરે માહિતી મેળવવાના અધિકારના કાનૂન હેઠળ આદિવાસી વિકાસની રકમના ઉપયોગ અંગેની માહિતી માંગી. જવાબમાં જાણવા મળ્યું કે કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની આદિવાસી કલ્યાણ માટેની ગ્રાન્ટની રકમ મુખ્યમંત્રીની પ્રસિદ્ધિ પાછળ વપરાય છે!

★ ઓગસ્ટ-૨૦૧૦ના મુસ્લિમોનો રમજાન માસ હતો. આ સમય દરમ્યાન ચીનમાં આઝાન (બાંગ) પોકારવા, નમાઝ પઢવા તથા રોજા રાખવા પર સંપૂર્ણ સરકારી પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો હતો. ટૂંકમાં મુસ્લિમોની તમામ ધાર્મિક પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ હતો.

★ સચીન તેન્ડુલકરને જાહેરાતોમાંથી થતી તમામ આવકની રકમને આવકવેરામાં કરમુક્ત આવક ગણવાનો નિર્ણય હિંદના આવકવેરા ખાતાએ લીધો છે.

***સંકલન : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

# કોઇપણ ખાદ્ય ચીજ ખરીદતી વખતે નીચે દર્શાવેલ વિગતો અચૂક તપાસવી

★ **ઉત્પાદક કે પેકરનું નામ તથા સરનામું :** ખાદ્ય ચીજ કયા ઉત્પાદક દ્વારા બનેલ છે તથા ક્યાં બની છે તે જાણી શકાય.

★ **ઉત્પાદન કે પેકિંગ તારીખ :** આના ઉપરથી ખાદ્ય ચીજ કેટલી જૂની છે તેનો ખ્યાલ આવશે. બને ત્યાં સુધી જૂની તારીખવાળો માલ લેવો નહીં.

★ **બેચ/કોડ/લૉટ નંબર :** આના પરથી ખામીવાળી વસ્તુ કયા બેચની છે તે જાણી યોગ્ય પગલાં ભરી શકાય.

★ **વસ્તુ આ તારીખ સુધી સારી રહી શકે (Best Before Use) :** આના ઉપરથી કેટલા સમય સુધી તે માલની ગુણવત્તા યથાવત જળવાઈ રહે છે તે જાણી શકાય. તેથી આ વિગત અચૂક ચકાસવી અને તે મુદત વિત્યા પછીનો માલ ન ખરીદવો.

★ **ખાદ્ય પદાર્થની બનાવટમાં વપરાયેલ ઘટકો :** આથી તમારી પસંદગી મુજબના ઘટકોવાળી વસ્તુ લઈ શકો, ખાસ કરીને પરેજી પાળતા લોકો તથા ડાયાબિટીસ, બ્લડ પ્રેશરની બીમારી કે એલર્જી ધરાવતા લોકો આની ખાસ ચકાસણી કરી યોગ્ય વસ્તુ ઉપયોગમાં લઈ શકે.

★ **નોન વેજિટેરિયન તથા વેજિટેરિયનનું ચિહ્ન :** કોઈપણ ખાદ્ય વસ્તુ ઉપર તે વસ્તુની બનાવટ મુજબ નોન વેજિટેરિયન વસ્તુ માટે બ્રાઉન ગોળ ચિહ્ન તથા વેજિટેરિયન વસ્તુ માટે લીલું ગોળ ચિહ્ન દર્શાવવું ફરજિયાત છે. તે ચકાસી પોતાની પસંદગી મુજબની વસ્તુ લઈ શકાય.

★ કંપની પેક માલ ખરીદતી વખતે પેકેટ કે ટીન યોગ્ય હાલતમાં છે કે કેમ તેની ચકાસણી કર્યા બાદ જ તે પેક કરેલો માલ લેવો. પેકેટ કે ટીન દબાયેલું, ફાટેલું કે જૂનું જણાય તો તે ન ખરીદવું.

★ બિન આરોગ્યપ્રદ વાતાવરણમાં બનાવેલ, રાખેલ કે ઉઘાડી રાખેલ ખાદ્ય વસ્તુઓ ન ખરીદવી. બને ત્યાં સુધી બ્રાંડેડ તેમજ ISI, FPO, Agmark વગેરે ગુણવત્તાની ખાતરીવાળી વસ્તુ ખરીદવી.

# જાણવા જેવું

*સંકલન : સૂરજલાલ મહેતા*

## જોવા લાયક સંગ્રહાલયો

૧. **કચ્છ સંગ્રહાલય :** કચ્છ મ્યુઝિયમને ફર્ગ્યુસન મ્યુઝિયમ તરીકે પણ ઓળખવામાં આવે છે. **ભુજ**માં આ સંગ્રહાલય આવેલું છે અને તે પણ હમીરસર તળાવની પાસે. કચ્છની સંસ્કૃતિની ઝાંખી આ મ્યુઝિયમ કરાવે છે. જ્યારે અંગ્રેજો ભારતમાં શાસન કરતા હતા ત્યારે આ મ્યુઝિયમની રચના કરવામાં આવી હતી. કચ્છના મહારાવ શ્રી ખેંગારજી દ્વારા ૧૮૭૭માં તેની રચના કરી, શરૂઆતમાં આ સંગ્રહાલય એક શાળાના ભાગમાં હતું. તેને ૧૮૮૪માં સંગ્રહાલયમાં ફેરવવામાં આવ્યું. આ ઈમારતની ડિઝાઈન મેક લેલાન્ડે તૈયાર કરી અને જેમ્સ ફર્ગ્યુસને આ ઈમારતના નિર્માણનું કાર્ય હાથ ધરેલ અને તેથી તેને ફર્ગ્યુસન મ્યુઝિયમ પણ કહેવામાં આવતું.

૨. **પ્રાદેશિક સંગ્રહાલય :** ફોક એટલે લોકજન્ય-પ્રાદેશિક મ્યુઝિયમ, પ્રાદેશિક વસ્તુઓનું સંગ્રહાલય. આ મ્યુઝિયમ **ભુજ**માં આવેલું છે. તેને ભારતીય સંસ્કૃતિ દર્શન તરીકે પણ ઓળખવામાં આવે છે. આ વિસ્તારમાં વસતી રબારી, જાટ, આહીર પ્રજા દ્વારા તૈયાર કરવામાં આવતી સરસ મજાની હસ્તકલાની વસ્તુઓનું પ્રદર્શન જોવા મળે છે. આ વિસ્તારમાં જે પ્રકારના ઘર જોવા મળે છે તેના નમૂનાઓનો સંગ્રહ પણ અહીં છે.

૩. **લખોટા સંગ્રહાલય :** એન્ટિક એટલે પ્રાચીન, પુરાતન, દુર્લભ ચીજવસ્તુઓનો સંગ્રહ. આ મ્યુઝિયમને લાખોટા મ્યુઝિયમ તરીકે પણ ઓળખવામાં આવે છે. **જામનગર**માં આવેલા આ સંગ્રહાલયમાં તાંબાની ચીજવસ્તુઓ, સિક્કાઓ, ચિત્રો, શિલ્પો વગેરેને અહીં પ્રદર્શિત કરવામાં આવેલ છે. આ બધી વસ્તુઓની માહિતી મેળવવા માટે લાઈબ્રેરીની સુવિધા પણ આપેલી છે.

૪. **હસ્તકલા સંગ્રહાલય :** આર્ટસ એન્ડ ક્રાફ્ટ મ્યુઝિયમ એટલે હસ્તકળાને લગતી વિવિધ વસ્તુઓનું પ્રદર્શન. આ સંગ્રહાલય **ભાવનગર**માં આવેલું છે. ૧૯૬૩માં આ સંગ્રહાલયની સ્થાપના કરવામાં આવી હતી. ભારતના વિવિધ રાજ્યોમાં પ્રચલિત હસ્તકલા-કારીગરી અને વણાટકામને લગતું અદ્‌ભુત પ્રદર્શન અહીં જોવા મળે છે.

૫. **આર્કિયોલોજિકલ મ્યુઝિયમ :** પુરાતન અવશેષોનું સંગ્રહાલય આ સંગ્રહાલય **લોથલ**માં આવેલું છે. લોથલ હડપ્પન સંસ્કૃતિના અવશેષોને સાચવીને બેઠું છે. ૧૯૫૨થી ૧૯૬૧ દરમિયાન આ વિસ્તારમાં પુરાતત્ત્વ શાખાએ ખોદકામ કરતા આ અવશેષો મળી આવેલ હતા. તેને પ્રદર્શિત કરવા માટે ૧૯૭૬માં આ સંગ્રહાલયની રચના કરવામાં આવી હતી. આ સંગ્રહાલયમાં આભૂષણો-રમકડાં વગેરે ૮૦૦ જેટલી વસ્તુઓ આ મ્યુઝિયમમાં સાચવવામાં આવી છે.

૬. તમે સ્વીમિંગ પુલ અને વોટરપાર્ક તો જોયાં હશે. પરંતુ વિશ્વના સૌથી મોટા સ્વીમિંગ પુલ વિશે વાંચો.

**ચીલીનો સાન આલ્ફાન્સો** સ્વીમિંગ પુલ જાણે માનવસર્જિત વિશાળ તળાવ. ૮ હેક્ટર જમીનમાં પથરાયેલ આ પુલમાં ૨,૪૦,૦૦૦ ઘનમીટર પાણી સમાય છે. આ પાણી પણ એકદમ ચોખ્ખું, ૩૫ મીટરની ઊંડાઇએ પણ તળિયું દેખાય. ૧ કિલોમીટર લાંબા આ સ્વીમિંગ પુલમાં પાણી ભરવા અને ખાલી કરવા માટે કોમ્પ્યુટર વડે ચાલતા પંપ છે અને પાણીનું તાપમાન ૨૬ સેલ્શિયસ ડિગ્રી જળવાઇ રહે તેવી વ્યવસ્થા છે. સૌથી મોટા સ્વીમિંગ પુલ તરીકે ગીનીઝ બુકમાં સ્થાન પામેલ છે. ■

## શબ્દ રમત-૬૪નો ઉકેલ

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સ | ર | સ્વ | તી | | અ | મા | સ | | ર | મ્ય | | સા | હે | બ |
| મ | જા | | ક | | ગ | | ગ | રિ | મા | | પા | ની | | ચ |
| રાં | | ક | મ | જો | ર | | વ | ક્ત | | ઢા | લ | | મો | ર |
| ગ | ભા | ણ | | ક | | હ | ડ | તા | લ | | વ | ડ | | વા |
| ણ | | સ | ક | ર | કં | દ | | | બા | ગ | | બ | રો | ળ |
| | ભ | લું | | | કો | | ગા | લી | ચો | | ગા | રો | | |
| બ | ગી | | મ | સા | ત | | જ | | | સા | મો | | અ | રિ |
| | ર | બ | ર | | રી | ત | ર | સ | મ | | ત | રા | પ | |
| બા | થ | | જી | ર્ણ | | | મૂ | | ગ | મા | ર | | રા | જી |
| | | મા | વો | | ઉ | ના | ળો | | દૂ | | | વ | ઘ | |
| ર | બા | રી | | અ | દા | | | ક | ર | ક | સ | ર | | ગ |
| મ | | ચ | હુ | | સ | ગ | પ | ણ | | દ | | સા | દ | ડ |
| ત | ટ | | મ | ત | | ફૂ | ડ | | સ | ર | હ | દ | | મ |
| વા | | પા | લો | | વ | ર | ત | | રા | | બ | | ર | થ |
| ત | કિ | યો | | ક | ર્ણ | | ર | મ | ણ | | ક | ર | ત | લ |

**ઓગસ્ટ-૨૦૧૧ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૬૩ ના ઉકેલ મોકલાવનારના પાછળથી મળેલ નામ**

| | | | |
|---|---|---|---|
| ૧. | નવીનચંદ્ર શામજી લાલકા | ગદગ | બધા સાચા |
| ૨. | જયચંદ માણેકજી લોડાયા | મુંબઈ | ૧ ભૂલ |


**સપ્ટેમ્બર-૨૦૧૧ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૬૪ ના ઉકેલ મોકલાવનારના મળેલ નામ**

| | | | |
|---|---|---|---|
| ૧. | અરવિંદ જે. ભટ્ટ | અમદાવાદ | ૩ ભૂલ |
| ૨. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | વલસાડ | ૨ ભૂલ |
| ૩. | ચંદ્રા મહેન્દ્ર શાહ | સેટેલાઈટ, અમદાવાદ | બધા સાચા |
| ૪. | રશ્મિકાંત સાવલા | ભુજ | ૨ ભૂલ |
| ૫. | કિશોર જે. શાહ | ભુજ | બધા સાચા |
| ૬. | પ્રતાપ નારાણજી દંડ | અમદાવાદ | બધા સાચા |
| ૭. | સરોજ અનુપ ચંદુરા | સુરત | ૨ ભૂલ |
| ૮. | પ્રિયંક અનુપ ચંદુરા | સુરત | ૩ ભૂલ |

*વિરોધીઓને પણ સન્માન આપતા શીખો.*

## શબ્દ રમત-૬૫

*સંકલન : સૂરજલાલ મહેતા*



શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૧-૧૨-૨૦૧૧)*

### આડી ચાવીઓ

૧. "મંગલ મંદિર"નો દીપોત્સવી અંક એટલે....... થોડામાં ઘણું (૭)
૫. ઉત્સવ નિમિત્તે ઘણાં માણસનું ભેળા થવું (૨)
૭. સમય, વખત (૨)
૮. બધા લોકોનો સમૂહ (૩)
૯. ઘેટાંના વાળ, ઊણું (૨)
૧૦. અડધું માથું દુખવાનો રોગ (૪)
૧૨. રાજાઓનો રાજા, સમ્રાટ (૫)
૧૫. લાંબું જીવતું જળચર પ્રાણી (૩)
૧૬. મંગળ શબ્દ, લક્ષ્મી (૧)
૧૭. નામ-મંત્રનું રટણ (૨)
૧૯. દુનિયા, વિશ્વ (૨)
૨૧. મહોલ્લો, ફળિયું (૨)
૨૨. પાટુ (૨)
૨૪. રાખોડી, ભસ્મ (૨)
૨૬. રૂઢિ અને ધારો, ચાલ (૫)
૩૧. જીતની ખુશાલીનો પોકાર (૬)
૩૨. અંદાજપત્ર (અં) (૩)
૩૩. વનસ્પતિના મૂળનું અથાણું થાય (૪)
૩૫. માણસ (૩)
૩૫એ. અભિમાન (૨)
૩૬. પોચું, કમજોર (૨)
૩૭. મગધ રાજવી, કંસનો સસરો (૪)
૪૧. બાદ કરવાની રીત (૪)
૪૪. એક તેલીબિયું (૨)
૪૬. માલમિલકત, દોલત (૨)
૪૭. સૌરાષ્ટ્રનું એક શહેર (૫)
૪૮. હાથે કાંતેલું-વણેલું કાપડ (૨)
૫૦. પર્વત (૨)
૫૧. આકાશમાં વરાળનો ગોટો (૩)
૫૨. ભુજંગ (૨)
૫૪. લગ્ન સમયે વરની સાથે રહેતો મિત્ર (૪)
૫૫. આંખની કીકી (૩)
૫૬. અગાઉ, પૂર્વે (૩)
૫૮. છોકરાનું ભૂંડું કરે તેવા મા-બાપ (૫)
૬૦. મસ્ત, મનસ્વી (૪)
૬૧. કૃતજ્ઞ (૬)
૬૪. વાયસ (૩)
૬૫. છેડો, અંત (૩)
૬૭. ગર્વ, તોર (૨)
૬૮. બળજોરી, જબરજસ્તી (૪)
૭૦. સુખચેન, આરામ (૩)
૭૨. સાજું-માંદું (૬)
૭૩. પાતળી ભીંત (૩)
૭૪. ડાબું (૨)

### ઊભી ચાવીઓ

૧. વાદળાંની ગર્જના અને વીજળી (૪)
૨. પિસ્તોલ, બંદૂક (અં.) (૨)
૩. લાલાશ (૩)
૪. ઓજાર, ઉપકરણ (૩)
૫. શકુંતલાની માતા, એક અપ્સરા (૩)
૬. માનતા, આખડી (૨)
૭. વારાણસી (૨)
૧૦. હવાપાણી (૪)
૧૧. ઠંડું (૩)
૧૩. આશય, કારણ (૨)
૧૪. મક્કાની જાત્રા (૨)
૧૮. નાસી જવું (૪)
૨૦. નિર્ધન, કંગાલ (૩)
૨૩. વ્યવસ્થા, બંદોબસ્ત (૪)
૨૪. પૂનમની રાત (૨)
૨૫. જંગલી ઘોડો (૪)
૨૭. છોડી દીધેલ (૩)
૨૮. અદાલતી હુકમ મેળવવાની અરજી (૨)
૨૯. જગતની માતા-દુર્ગા (૪)
૩૦. મૃત્યુ પછીનો બીજો લોક (૪)
૩૧. જામીનગીરી (૪)
૩૪. કુટિર, ઝૂંપડી (૨)
૩૮. દશરથ પુત્ર (૨)
૩૯. સંતતિ (૩)
૪૦. આઝાદી પછીનું નવું ભારત (૫)
૪૧. માળી (૪)
૪૨. દુઃખ, પીડા (૩)
૪૩. વેર, અંટસ (૨)
૪૫. લખવું, લખેલું (૩)
૪૯. સૌરાષ્ટ્ર કાંઠે આવેલો ટાપુ (જૂનું પોર્ટુગીઝી સંસ્થાન) (૨)
૫૨. સાથી (૪)
૫૪. નમે નહીં એવું (૪)
૫૬. શાકભાજી, ભાજીપાલો (૪)
૫૭. ખોજાઓના ધર્મગુરુ (૪)
૫૮. હુન્નર, કસબ (૨)
૫૯. ધનવાન, તવંગર (૪)
૬૦. લગોલગ, જોડાજોડ (૪)
૬૨. કામદેવ (૩)
૬૩. નાહવાની જગા (૩)
૬૬. ઋતુ (૩)
૬૯. કિંમત, મૂલ્ય (૨)
૭૧. મદવાળું, મત્ત (૨)

*મનુષ્યની ઈજ્જત ધન વધવાથી નહિ, પણ ધર્મ વધવાથી વધે છે.*

## ઓગસ્ટ-૨૦૧૧ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૨૦નો સાચો ઉકેલ મોકલનારની પાછળથી મળેલ નામાવલિ

૧. લક્ષ્મીચંદ વી. ધરમશી - બીજાપુર
૨. સરોજ અનુપ ચંદુરા - સુરત

## સપ્ટેમ્બર-૨૦૧૧ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૨૧નો સાચો ઉકેલ મોકલનારની નામાવલિ

૧. એ. જે. ભટ્ટ - અમદાવાદ
૨. કિરણ ઉમરશી રાંભિયા - નડિયાદ
૩. કલ્પના નીતિન પાલાણી - અમદાવાદ
૪. મલય કે. શાહ - ભુજ
૫. જિગીષા સંદીપ મહેતા - અમદાવાદ
૬. ખ્યાતિ ચંદ્રકાંત શાહ - અમદાવાદ
૭. યોગિની ચેતન શાહ - અમદાવાદ
૮. કેવલ ચંદ્રકાંત મૈશેરી - અમદાવાદ
૯. અવંતી દેવેશ દંડ - અમદાવાદ
૧૦. ઉષા નીતિન હરિયા - વડોદરા
૧૧. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૧૨. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૧૩. પ્રિયંક અનુપ ચંદુરા - સુરત
૧૪. સરોજ અનુપ ચંદુરા - સુરત
૧૫. જ્યોતિ લક્ષ્મીચંદ શાહ - અમદાવાદ
૧૬. લક્ષ્મીચંદ વી. ધરમશી - બીજાપુર
૧૭. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ
૧૮. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૧૯. શામજી ખેંગાર ફુરિયા - વાંકી

## આપણે શું કરવાનું છે?

ચહેરો આપણને મળેલો છે
***હાવભાવ આપણે ઉમેરવાના છે!***

હૃદય આપણને મળેલું છે
***સદ્‌ભાવ આપણે ઉમેરવાનો છે!***

# સુડોકુ

*રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)*

*સુડોકુ ક્રમાંક-૧૦૨૨ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૨-૧૨-૨૦૧૧ સુધીમાં મોકલી આપવા વિનંતી. સાચા જવાબો મોકલનારના નામ જાન્યુઆરી-૨૦૧૨ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

***શરતો :*** ***૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.***
***૨. ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.***

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

## ક્રમાંક - ૧૦૨૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | ૯ | | | | | ૫ | ૬ |
| ૫ | | ૧ | ૮ | | | ૭ | | |
| ૩ | | | ૨ | ૭ | ૫ | | | |
| ૮ | | ૪ | | | ૯ | | | |
| ૯ | | | ૭ | | ૧ | | | ૫ |
| | | | ૫ | | | ૪ | | ૨ |
| | | | ૪ | ૧ | ૨ | | | ૮ |
| | | ૨ | | | ૮ | ૫ | | ૭ |
| ૬ | ૧ | | | | | ૨ | ૩ | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૪ | | | ૬ | ૧ | | ૩ | |
| ૮ | | | | ૪ | ૨ | ૧ | | ૫ |
| | ૩ | ૯ | | | | | | |
| | | ૪ | ૭ | | | | ૧ | ૬ |
| | | ૭ | ૧ | | ૪ | ૨ | | |
| ૨ | ૮ | | | | ૩ | ૯ | | |
| | | | | | | ૫ | ૮ | |
| ૪ | | ૮ | ૫ | ૧ | | | | ૯ |
| | ૯ | | ૨ | ૩ | | | ૬ | ૧ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૭ | | | | | | ૨ | ૯ |
| | ૧ | | | ૮ | | | ૪ | |
| ૬ | | ૮ | ૪ | | ૫ | ૭ | | |
| ૯ | | | ૭ | | ૧ | | | |
| | ૮ | ૭ | | ૪ | | ૨ | ૯ | |
| | | | ૨ | | ૮ | | | ૪ |
| | | ૨ | ૬ | | ૪ | ૯ | | ૩ |
| | ૬ | | | ૩ | | | ૧ | |
| ૩ | ૪ | | | | | | ૫ | ૨ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૪ | | ૧ | | | | | ૩ |
| | ૭ | ૧ | | | | | ૯ | |
| | | ૯ | ૮ | | | ૧ | ૬ | ૫ |
| | ૮ | ૨ | | ૬ | | | | ૪ |
| | | | ૭ | ૮ | ૨ | | | |
| ૧ | | | | ૩ | | ૫ | ૮ | |
| ૭ | ૩ | ૫ | | | ૮ | ૨ | | |
| | ૧ | | | | | ૯ | ૩ | |
| ૨ | | | | | ૬ | | ૫ | ૧ |

## ઉકેલ : ક્રમાંક - ૧૦૨૧

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૨ | ૧ | ૭ | ૯ | ૬ | ૫ | ૩ | ૪ |
| ૩ | ૪ | ૭ | ૮ | ૫ | ૨ | ૯ | ૬ | ૧ |
| ૬ | ૯ | ૫ | ૩ | ૧ | ૪ | ૮ | ૭ | ૨ |
| ૭ | ૧ | ૩ | ૨ | ૮ | ૫ | ૪ | ૯ | ૬ |
| ૯ | ૬ | ૪ | ૧ | ૭ | ૩ | ૨ | ૮ | ૫ |
| ૫ | ૮ | ૨ | ૬ | ૪ | ૯ | ૭ | ૧ | ૩ |
| ૧ | ૭ | ૬ | ૪ | ૨ | ૮ | ૩ | ૫ | ૯ |
| ૪ | ૫ | ૮ | ૯ | ૩ | ૧ | ૬ | ૨ | ૭ |
| ૨ | ૩ | ૯ | ૫ | ૬ | ૭ | ૧ | ૪ | ૮ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૩ | ૨ | ૭ | ૬ | ૫ | ૧ | ૯ | ૮ |
| ૮ | ૫ | ૭ | ૧ | ૯ | ૨ | ૪ | ૩ | ૬ |
| ૧ | ૬ | ૯ | ૩ | ૪ | ૮ | ૨ | ૫ | ૭ |
| ૯ | ૧ | ૪ | ૮ | ૨ | ૬ | ૩ | ૭ | ૫ |
| ૬ | ૭ | ૮ | ૫ | ૧ | ૩ | ૯ | ૪ | ૨ |
| ૩ | ૨ | ૫ | ૪ | ૭ | ૯ | ૮ | ૬ | ૧ |
| ૨ | ૯ | ૩ | ૬ | ૫ | ૧ | ૭ | ૮ | ૪ |
| ૫ | ૪ | ૧ | ૯ | ૮ | ૭ | ૬ | ૨ | ૩ |
| ૭ | ૮ | ૬ | ૨ | ૩ | ૪ | ૫ | ૧ | ૯ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૫ | ૨ | ૩ | ૬ | ૭ | ૮ | ૯ | ૪ |
| ૬ | ૯ | ૪ | ૫ | ૮ | ૧ | ૨ | ૩ | ૭ |
| ૮ | ૩ | ૭ | ૯ | ૪ | ૨ | ૬ | ૧ | ૫ |
| ૪ | ૮ | ૫ | ૭ | ૧ | ૬ | ૯ | ૨ | ૩ |
| ૩ | ૭ | ૬ | ૮ | ૨ | ૯ | ૫ | ૪ | ૧ |
| ૯ | ૨ | ૧ | ૪ | ૩ | ૫ | ૭ | ૮ | ૬ |
| ૨ | ૪ | ૯ | ૬ | ૫ | ૩ | ૧ | ૭ | ૮ |
| ૭ | ૬ | ૩ | ૧ | ૯ | ૮ | ૪ | ૫ | ૨ |
| ૫ | ૧ | ૮ | ૨ | ૭ | ૪ | ૩ | ૬ | ૯ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૭ | ૬ | ૪ | ૩ | ૮ | ૨ | ૯ | ૫ |
| ૯ | ૫ | ૩ | ૭ | ૨ | ૬ | ૧ | ૮ | ૪ |
| ૮ | ૨ | ૪ | ૧ | ૫ | ૯ | ૭ | ૩ | ૬ |
| ૨ | ૮ | ૭ | ૩ | ૬ | ૪ | ૯ | ૫ | ૧ |
| ૩ | ૯ | ૧ | ૮ | ૭ | ૫ | ૪ | ૬ | ૨ |
| ૪ | ૬ | ૫ | ૯ | ૧ | ૨ | ૮ | ૭ | ૩ |
| ૭ | ૧ | ૨ | ૬ | ૮ | ૩ | ૫ | ૪ | ૯ |
| ૬ | ૪ | ૮ | ૫ | ૯ | ૧ | ૩ | ૨ | ૭ |
| ૫ | ૩ | ૯ | ૨ | ૪ | ૭ | ૬ | ૧ | ૮ |

*પ્રભુ પાસે જીવનભર માંગવા જેવી બે વાત – એક ભૂલ સુધારવા ભેજું આપજો અને ભૂલ સ્વીકારવા કલેજું આપજો.*



**સંકલન : રજનીકાંત ધરમશી પારેખ**
**દિનેશ આર. મહેતા**

★ **ખેડૂતની કોઠાસૂઝ :** કચ્છ વિથોણના ખેડૂત વિનોદકુમાર રામજી નાયાણીએ પોતાની કોઠાસૂઝથી બનાવેલું સ્વયંસંચાલિત યંત્ર ખેતી માટે ખૂબજ ઉપયોગી છે. ટ્રેક્ટર પાછળ જોડાયેલો આ ઓજાર દિવસમાં ૧૦ એકર જેટલી જમીનમાંથી મગફળી ઉખેડવાની ક્ષમતા ધરાવે છે. તે માટે પ્રત્યેક એકરે રૂા. ૪૦૦/- જેટલો જ ખર્ચ થાય છે.

★ **જાદુગર ઝળક્યા :** અમદાવાદ ખાતે તાજેતરમાં પ્રસિદ્ધ જાદુગર કે.લાલ દ્વારા આયોજિત મેજિક કન્વેન્શન-૨૦૧૧માં ભાગ લેનાર કચ્છના ઉગતા જાદુગર પ્રિન્સ વિવેકે જુનિ. સ્પર્ધામાં બીજો નંબર હાંસલ કર્યો હતો.

★ **'કચ્છમિત્ર'ના કટાર લેખક :** તારામતી વિશનજી ગાલા સાહિત્ય પુરસ્કારના પુસ્તક પુરસ્કાર વિજેતા બાબુલાલ એસ. ગોરનું ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશનના ચેરમેન મુકેશભાઈ ઝવેરીના અધ્યક્ષસ્થાને વિશિષ્ટ સન્માન સમારોહનું આયોજન તાજેતરમાં ભુજ ખાતે કરવામાં આવ્યું હતું.

★ **કચ્છ એસ.ટી. પ્રથમ :** કચ્છમાં એસ.ટી. બસમાં મુસાફરી કરતા પ્રવાસીઓ માટે નવી બસો મૂકવામાં આવતા તેનો સીધો આર્થિક ફાયદો એસ.ટી.ને થયો છે. પ્રતિ કિલોમીટર રૂા. ૧૭.૫૨ની આવક સાથે કચ્છ એસ.ટી.એ રાજ્યમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે.

★ **શ્રેષ્ઠ ગ્રામ પંચાયત :** સ્વર્ણિમ વર્ષમાં જાહેર થયેલી શ્રેષ્ઠ ગ્રામ પંચાયતોમાં નખત્રાણા તાલુકાના ૪ ગામ જિલ્લા કક્ષાએ, જ્યારે ૧૧ ગામો તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ જાહેર કરાયા હતા. ગાંધીનગર ખાતે તાજેતરમાં યોજાયેલા કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રીશ્રીના હસ્તે પુરસ્કારના ચેક અર્પણ કરાયા હતા.

★ **જૈન સંઘ લૂંટાયો :** ભચાઉથી ઝારખંડ શેત્રુંજય પર્વતની યાત્રા કરીને પરત ફરી રહેલા ભચાઉ વીસા ઓસવાળ મૂર્તિપૂજક જૈન સંઘની સાત કારને રોકીને તાજેતરમાં લૂંટ કરવામાં આવી હતી. લૂંટારાઓ ૧૭ મોબાઈલ ફોન અને ૪૦ હજારની રોકડ લૂંટીની ગીચ ઝાડીમાં પલાયન થઈ ગયા હતા.

★ **હાઈકોર્ટમાં અધિક જજ :** ગુજરાત ઉચ્ચ ન્યાયાલયના વરિષ્ઠ ધારાશાસ્ત્રી મૂળ માંડવીના નીલયભાઈ બિપિનચંદ્ર અંજારિયાની તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટમાં એડિશનલ જજ તરીકે નિમણૂક કરવામાં આવી છે.

★ **લાલ ચંદન :** મુંદ્રામાં અદાણી બંદરે તાજેતરમાં કસ્ટમ તંત્ર દ્વારા કરોડો રૂપિયાનું રક્ત ચંદન પકડાયા બાદ તપાસ દરમ્યાન આ કિંમતી અને પ્રતિબંધિત કાષ્ટની કરોડો રૂપિયાની કિંમતની વધુ ૩૩ પેટીઓ મળી આવી હતી. સતત બે દિવસ લાલ ચંદન મળતાં વહીવટી તંત્ર વધું ગંભીર બનીને કામે લાગ્યું છે.

★ **ભુજ - દાદર સુપરફાસ્ટ :** ભુજથી અઠવાડિયામાં બે દિવસ દોડનારી ભુજ - દાદર સુપર ફાસ્ટ ટ્રેનને દરરોજ દોડાવવા ગાંધીધામ ચેમ્બર ઑફ કોમર્સ દ્વારા ઉચ્ચ કક્ષાએ તાજેતરમાં રજૂઆત કરવામાં આવી છે.

★ **પરણવા માટે હેલિકોપ્ટર :** કેરા - બળદિયાનો એમ.બી.એ. ડિગ્રી પ્રાપ્ત દુલ્હેરાજા પ્રિયેશે જણાવ્યું છે કે તા. ૫-૧૨-૨૦૧૧ના તે હેલિકોપ્ટરમાં પરણવા જશે. તેના માતા-પિતા આ અવનવી અને કદાચ કચ્છમાં પ્રથમ વખત જોડાનારી જાનની તૈયારીઓમાં મશગૂલ છે.

★ **ભારાસર બેંક લૂંટ :** ભુજ તાલુકાના ગામે રિવોલ્વરના નાળચે અને ફિલ્મી ઢબે બેંક ઑફ ઈન્ડિયાની શાખામાં બિંદાસ્ત લૂંટ કરનાર અજાણ્યા લૂંટારુઓ વિશે હજુ કોઈ જ ચોક્કસ કડી ન મળતાં તેમનાં અને કાયદાના રક્ષકો વચ્ચેનું અંતર વધવા લાગ્યું છે. ઉલ્લેખનીય છે કે કચ્છ ભારાપરમાં ભરબપોરે રિવોલ્વરના નાળચે એક બેંકમાંથી સાડા બાર લાખ રૂપિયાની લૂંટ થઈ હતી.

★ **કચ્છમાં થર્મલ પાવર પ્લાન્ટ :** ભયાવહ ભૂકંપ બાદ કચ્છ વિકાસની પાંખ ઉપર સવાર થઈને ઊડી રહ્યું છે. રેલવેના ડીઝલ એન્જિન દ્વારા વધુ વસ્તુઓની આયાત-નિકાસ થઈ શકે અને મુસાફર ટ્રેનો પણ વધુ ઝડપી બને તેવા ઉદ્દેશ્યથી એન.ટી.પી.સી.ના સહયોગથી રેલવે લાખો મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવા થર્મલ પાવર પ્લાન્ટ કચ્છ જિલ્લામાં સ્થાપવાનું વિચારી રહ્યું હોવાના હેવાલ સાંપડી રહ્યા છે. અગર આ પ્રોજેક્ટ કચ્છમાં આવે તો કચ્છ વિકાસમાં વધુ એક ડગ આગળ માંડી શકે તેમ છે.

★ **દબાણો હટાવાયા :** કચ્છવાસીઓને નવા વર્ષની ભેટ આપતા હોય તેમ ભુજ અને અંજારમાં તાજેતરમાં મહેસૂલ તંત્રે લાંબા સમયથી જેની જરૂર હતી તે દબાણ હટાવ ઝુંબેશનો પ્રારંભ કર્યો હતો. ભુજમાં કોટકી રોડથી પ્રાગપર તળાવ સુધીના ૪૦૦થી વધુ દબાણો પૈકી ૩૯ પાકાં દબાણો તોડી પાડવામાં આવ્યા હતા. જ્યારે ઐતિહાસિક અંજારમાં ટ્રાફિક સમસ્યા સર્જતા અને કરોડોની કિંમત ધરાવતા પ્લોટ ખાલી કરાવાયા હતા.

★ **રાપરમાં સહાય :** રાપર તાલુકાના ગરીબ વર્ગને ગરીબીની ખપ્પરમાંથી મુક્ત કરવા તાજેતરમાં યોજાયેલા ગરીબ કલ્યાણ

*નિઃસ્વાર્થ ભાવથી કરાયેલું દાન સર્વશ્રેષ્ઠ દાન છે.*

મેળામાં અનેક યોજનાઓ સાથે જળ સંચય અને કિસાન ક્રેડિટ કાર્ડ સહિત કૃષિલક્ષીને મહત્ત્વ આપી કાયમી રોજગારીની વ્યવસ્થા ઊભી કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજયમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં રાપર તાલુકાના ૬૭૦૦ લાભાર્થીઓને ૫ કરોડ ૨૬ લાખની આર્થિક સહાયનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

★ **શ્રી રવજીભાઈ ગાલા :** કાપડના છૂટક વેપારીઓનું મહામંડળ ફેડરેશન ઑફ મુંબઈ રિટેઈલ ક્લોથ ડિલર્સ એસોસિએશન્સ છે. જેના ૧૬૦૦થી વધુ સભ્ય છે. ૧૦૦થી વધુ વેપારી સંસ્થાઓ તેની સાથે સંકળાયેલી છે. તેમાં મોટાભાગના કચ્છ અને વાગડના છે. ૬૦ વર્ષ જૂની આ મહાસંસ્થાના પ્રમુખ રવજીભાઈ ગાલા (લાકડિયા) મોટા વેપારી છે. તે સાથે સમાજસેવી છે. વેપારીઓના પ્રશ્નો સાંભળવા અને ઉકેલવા માટે તેઓશ્રી ચોવીસે કલાક તત્પર રહે છે.

★ **સ્થાપના દિનની ઉજવણી :** ભુજ શહેરનો ૪૬૪મો સ્થાપના દિન ૨૯-૧૧-૨૦૧૧ના હતો. આ અવસરે ખીલીપૂજન, પાંચનાકા અને છઠ્ઠીબારીને આસોપાલવ, રેલી, પ્રતિમાઓને હારારોપણ અને ભુજ દર્શન સહિતના વિવિધ કાર્યક્રમો સામાજિક સંસ્થાઓ દ્વારા યોજાયા હતા.

★ **શસ્ત્રક્રિયાનું ભવિષ્ય – નેવિગેશન :** નેવિગેશનની મદદથી હાડકાંની સારવાર બલકે ઘૂંટણ બદલવાની શસ્ત્રક્રિયા વગેરેમાં ખૂબજ ઝીણવટભર્યું છતાં સચોટ કામ થઈ શકે છે. આ રીતે, નેવિગેશન એ હાડકાંની શસ્ત્રક્રિયાનું ભવિષ્ય છે. એવી લાગણી જર્મનીના નિષ્ણાત તબીબે ગાંધીધામ ખાતે તાજેતરમાં એક હોસ્પિટલમાં ઘૂંટણ બદલવાની શસ્ત્રક્રિયા માટેના મશીનના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં જણાવ્યું હતું.

આ પ્રક્રિયામાં એક ઈન્ફ્રા રેડ ધરાવતું સાધન દર્દીના શરીરમાં મૂકાય છે, જે દર્દીના હાડકાંની સ્થિતિનો ડેટા ડિજિટલ કેમેરાની મદદથી કોમ્પ્યુટરને મોકલાવે છે. હાડકાંરોગ નિષ્ણાત ત્યારબાદ હાડકાંની સ્થિતિ, તેમાં શું કરી શકાય, કેવી રીતે કરી શકાય તેનું સચોટ માર્ગદર્શન તથા આંકડાકીય વિગતો એન્જિનિયરિંગની જેમજ રજૂ કરે છે. જેની મદદથી તબીબ શસ્ત્રક્રિયા પાર પાડે છે.

★ **ગાંધીધામ રેલવેનો વિક્રમ :** રાજયની સાથોસાથ દેશમાં પણ મીઠાના ઉત્પાદનમાં અવ્વલ એવા ગાંધીધામ - કંડલા વિસ્તારમાં રેક ન મળવાની ફરિયાદો વચ્ચે પણ ઐતિહાસિક ૪૦૬ રેકમાં ગયા વર્ષ કરતાં આ વર્ષે ૮.૨૬ મિલિયન ટન મીઠાનું વધુ લોડિંગ કરવામાં આવ્યું હતું.

★ **પાણીની મુખ્ય લાઈન પર મકાનો :** ભુજ શહેરમાં હમીરસર તળાવના મુખ્ય આવક્ષેત્ર જેવા બદામી છેલા પર વહીવટીતંત્રે તાજેતરમાં દબાણો દૂર કર્યા પછી કાર્યવાહી સ્થગિત થઈ છે. બીજી તરફ ભુજના કોલોની વિસ્તાર માટેની મુખ્ય પાણીની લાઈન પર પાકાં મકાનો બંધાઈ ગયાની વિગતોથી તંત્ર ચોંકી ઊઠ્યું છે.

★ **ક્રિકેટ ટીમમાં કચ્છી :** કચ્છના પ્રતિભાશાળી ક્રિકેટર નકુલ અયાચીની રાષ્ટ્રીય સ્પર્ધા માટે નેશનલ સી.કે. નાયડુ અન્ડર-૨૨ માટે સૌરાષ્ટ્ર ટીમમાં તાજેતરમાં પસંદગી થઈ હતી.

★ **ટ્રાવેલ્સ કંપનીનો વિવાદ :** ભુજથી દક્ષિણ ભારત માટે જલારામ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ કંપની મારફથ પ્રવાસ ગોઠવ્યા પછી તેમાં જનારા પ્રવાસીઓએ નાણા ભર્યા બાદ તાજેતરમાં પ્રવાસ રદ કરાવ્યો હતો. પણ નિયમ મુજબ રકમ પરત નહીં કરાતા વિવાદ જાગ્યો હતો.

★ **બે નવી ટ્રેનો :** ગત રેલવે બજેટમાં કચ્છને ફાળવાયેલી બે નવી ટ્રેનો મુંબઈની ત્રીજી ટ્રેન ભુજ - દાદર અને લાંબા અંતરની ગાંધીધામ - પુરી ટ્રેનને તાજેતરમાં ભુજ અને ગાંધીધામ સ્ટેશનથી લીલી ઝંડી આપીને શરૂઆત થઈ હતી.

★ **જજના ઘેર તસ્કરી :** ભુજમાં તસ્કરો ન્યાયાધીશોની વસાહતમાં તાજેતરમાં બિન્ધાસ્ત રીતે ઘૂસીને સિવિલ જજ એસ.એમ. પાધ્યા તથા અધિક સિવિલ જજ એમ.યુ. કુરમાનીના બંધ મકાનોમાંથી ૧.૦૪ લાખની માલમતા તફડાવી ગયા હતા.

★ **કંડલા એરપોર્ટ :** પૂર્વ કચ્છના કંડલા એરપોર્ટને વિકસાવવા વધુ ૨૮૨ એકર જમીન ફાળવવા રાપર વિભાગના ધારાસભ્ય શ્રી બાબુભાઈ મેઘજી શાહે કેન્દ્રિય નાગરિક ઉડ્ડયનમંત્રી તથા ગુજરાતના મુખ્યમંત્રીને તાજેતરમાં પત્ર પાઠવીને ભારપૂર્વકનો અનુરોધ કર્યો છે.

★ **બારકોડેડ કાર્ડ :** રાજયભરમાં રેશનકાર્ડ ધારકોનાં કાર્ડ બદલીને બહુહેતુક અદ્યતન બારકોડેડ રેશનકાર્ડ કચ્છ જિલ્લામાં આપવાની કામગીરીએ તાજેતરમાં વેગ પકડ્યો છે. સૌથી મોટા એવા સરહદી કચ્છ જિલ્લામાં અંદાજે ૬૦ ટકા જેટલી કામગીરી સંપન્ન થઈ છે. કચ્છનાં દસ તાલુકાઓમાં ૫૦થી ૫૫ કોમ્પ્યુટર ઓપરેટર્સ આ કામગીરી પાર પાડવા ખાનગી રાહે કાર્યરત છે.


★ **વૃક્ષો વાવવા અને ચરિયાણ જમીન :** કોટિવૃક્ષ અભિયાન ભુજ અને મુંબઈના સંગઠને કચ્છ જિલ્લાના તમામ પાંજરાપોળ સંસ્થાઓને જેટલા પશુ તેટલા વૃક્ષો ઉગાડવાનું એક અભિયાન શરૂ કરવાની દરખાસ્ત કરી છે. તે માટે શ્રી હીરાલાલ વેલજી ઊનડોઠવાલા તથા કચ્છ જિલ્લા પાંજરાપોળ સંગઠનના શ્રી હરખચંદ પ્રેમજી સોનીએ કચ્છના ૧૦ તાલુકાઓનો પ્રવાસ ખેડીને તાજેતરમાં એક સર્વે રિપોર્ટ તૈયાર કરેલ છે. તે ઉપરાંત અનેક સ્થાને ચરિયાણ જમીનોનો ભોગ લેવાતાં પશુઓને ચરાવવા માટે જમીન ઓછી થતી જાય છે. કચ્છની તમામ લાગતી વળગતી સંસ્થાઓ આ પ્રશ્નની સરકારશ્રીમાં યોગ્ય રીતે રજૂઆત કરવા યુદ્ધના ધોરણે કાર્યવાહી કરે તો જમીન બચી શકશે, તેમ શ્રી ઊનડોઠવાલાએ જણાવ્યું હતું. ■

*પ્રગતિની છલાંગ મારવા આશા, ધીરજથી ધ્યાન ધરો.*

## લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | |
|---|---|---|---|
| |  |  | |
| (૧) ઉમેદવારનું નામ : | **રાહુલ** | **મયૂર** | **રીંકુકુમાર** |
| (૨) પિતાશ્રીનું નામ : | મહેન્દ્રભાઈ | અજિતભાઈ | અમૃતલાલ |
| (3) માતાશ્રીનું નામ : | સરોજબહેન | | ભગવતીબહેન |
| (૪) અટક : | વીરા | નાગડા | શાહ |
| (૫) જ્ઞાતિ : | કચ્છી વીસા ઓસવાળ | કચ્છી વીસા ઓસવાળ | ગૂર્જર વીસા શ્રીમાળી |
| (૬) સંપ્રદાય : | જૈન | જૈન | સ્થાનકવાસી જૈન |
| (૭) મૂળ વતન : | દેવપુર | ચાંગડાઈ | માંડવી |
| (૮) જન્મ તારીખ : | ૧૯-૦૮-૧૯૮૮ | ૨૮-૧૧-૧૯૮૩ | ૧૨-૦૭-૧૯૮૧ |
| (૯) ઉંમર વર્ષ : | ૨૩ | ૨૮ | ૩૦ |
| (૧૦) ઊંચાઈ : | ૫'૬" | ૫'૧૦" | ૫'૪" |
| (૧૧) વજન : | — | ૭૫ કિ.ગ્રા. | |
| (૧૨) દેખાવ : | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ |
| (૧૩) અભ્યાસ : | P.U.C. 2nd | Bach. in Engineering | B.Com. |
| (૧૪) નોકરી ધંધો (પોતાનો) : | | નોકરી – સોફ્ટવેર કન્સલ્ટન્ટ | દલાલી |
| (૧૫) ઉમેદવારની વાર્ષિક આવક : | | | |
| (૧૬) નોકરી ધંધો (પિતાજીનો) : | ધંધો | | |
| (૧૭) સરનામું : | સર્વોદય હાઉસિંગ સોસાયટી, પ્લોટ નં.-૮ ગદગ-૫૮૨ ૧૦૧. | ડોંબીવલી | ૨, નવકાર ડુપ્લેક્ષ, જૈન દેરાસરની સામે, શાંતિનગર, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩. |
| (૧૮) ફોન નંબર : | ૦૮૩૭૨-૨૩૬૪૮૮ | | ૨૭૫૫૦૮૧૦ |
| (૧૯) મોબાઈલ નંબર : | ૦૯૪૪૮ ૩૫૬૪૮૮ | ૯૮૧૯૧૯૭૯૫૭ | |
| (૨૦) ભાઈ – બહેન : | ૨ બહેનો | | ૧ – ૧ |
| (૨૧) કુંડળીમાં માનો છો? : | હા. | | |

# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | | |
|---|---|---|---|---|
| |  |  |  |  |
| (૧) | **અંકિતા** | **ધારા** | **મેહલ** | **ફોરમ** |
| (૨) | મહેશકુમાર | નયનભાઈ | નવીનચંદ | મહેશ |
| (3) | હર્ષાબહેન | વર્ષાબહેન | અરુણાબહેન | કુસુમ |
| (૪) | કોઠારી | શાહ | હરિયા | શાહ |
| (૫) | વીસા દેરાવાસી | દેરાવાસી | કચ્છી વીસા ઓસવાળ | કચ્છી વીસા ઓસવાળ |
| (૬) | જૈન | જૈન બત્રીસી | જૈન | દેરાવાસી |
| (૭) | સુરેન્દ્રનગર | કુબડવાલ | શેરડી | બાડા |
| (૮) | ૨૬-૦૧-૧૯૮૮ | ૨-૦૬-૧૯૮૮ | ૨૨-૧૨-૧૯૮૬ | ૧-૮-૧૯૮૨ |
| (૯) | ૨૩ | ૨૩ | ૨૫ | ૨૯ |
| (૧૦) | ૫'૨" | ૫'૨" | ૫'૧" | ૫'૪" |
| (૧૧) | | ૪૬ કિ.ગ્રા. | ૪૩ કિ.ગ્રા. | ૫૮ કિ.ગ્રા. |
| (૧૨) | ગોરો | ઘઉંવર્ણ | ગોરો | ગોરો |
| (૧૩) | M.Com. | M.Sc. | M.B.A. (Finance) | M.Sc. (Biotechnology) |
| (૧૪) | | | | |
| (૧૫) | | | | |
| (૧૬) | R.T.O. એજન્ટ | નોકરી | | બિઝનેસ |
| (૧૭) | બી-૫, અમર એપાર્ટમેન્ટ,<br>ડીવાઈન લાઈફ સ્કૂલ સામે,<br>વાસણા,<br>અમદાવાદ. | જી-૧૦૪, આમ્રપાલી ફ્લેટ્સ,<br>અંકુર જૈન દેરાસરની સામે,<br>નારણપુરા,<br>અમદાવાદ. | હરિયા નિવાસ,<br>૩-૪-૧૪૨/૯/૧, લીંગમપલ્લી,<br>બરકતપુરા,<br>હૈદ્રાબાદ-૫૦૦ ૦૨૭. | ૩૦૧, હવેલી દર્શન,<br>૫૯, ઊર્મિ સોસાયટી,<br>પ્રોડક્ટિવિટી રોડ, અલકાપુરી,<br>વડોદરા-૩૯૦ ૦૦૭. |
| (૧૮) | ૦૭૯-૨૬૬૩૮૭૯૮ | ૨૭૪૩૪૦૮૦ | ૦૪૦-૬૬૮૩૭૦૯૯ | ૦૨૬૫-૨૩૫૫૫૦૭ |
| (૧૯) | ૯૮૨૫૬ ૪૭૯૩૬ | | ૦૯૮૮૫૦ ૩૧૨૩૨ | ૯૮૯૮૪૬૨૬૫૨ |
| (૨૦) | ૧ – ૧ | ૦ – ૧ | ૧ – ૧ | ૧ – ૦ |
| (૨૧) | | હા. મંગળ છે. | | |

# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી


| | | | |
|---|---|---|---|
| |  |  |  |
| (૧) ઉમેદવારનું નામ : | **સેજલ** | **અંકિતા** | **ડૉ. રીના** |
| (૨) પિતાશ્રીનું નામ : | રાજેન્દ્રકુમાર | રાજેન્દ્રકુમાર | ગિરીશચંદ્ર |
| (3) માતાશ્રીનું નામ : | કામિનીબહેન | કામિનીબહેન | સરોજબહેન |
| (૪) અટક : | પટવા | પટવા | મહેતા |
| (૫) જ્ઞાતિ : | જૈન | જૈન | જૈન |
| (૬) સંપ્રદાય : | વીસા પોરવાડ | વીસા પોરવાડ | શ્વેતાંબર |
| (૭) મૂળ વતન : | | | હોલારાના - વાસણા |
| (૮) જન્મ તારીખ : | ૧૯-૧૧-૭૭ | ૬-૭-૮૩ | ૧૩-૧૦-૧૯૬૯ |
| (૯) ઉંમર વર્ષ : | ૩૪ | ૨૮ | ૪૨ |
| (૧૦) ઊંચાઈ : | ૫'૩" | ૫'૩" | ૫'૩" |
| (૧૧) વજન : | ૫૭ | | ૫૬ કિ.ગ્રા. |
| (૧૨) દેખાવ : | ગોરો | ગોરો | ગોરો |
| (૧૩) અભ્યાસ : | B.A. (Sociology) | M.B.A. | B.D.S., M.D.S. |
| | | | લેક્ચરર - નડિયાદ કોલેજ |
| (૧૪) નોકરી ધંધો (પોતાનો) : | | | પ્રાઈવેટ પ્રેક્ટિસ |
| (૧૫) ઉમેદવારની વાર્ષિક આવક : | | | |
| (૧૬) નોકરી ધંધો (પિતાજીનો) : | સ્ટોક બ્રોકર | સ્ટોક બ્રોકર | ઈન્કમટેક્ષ ઓફિસર |
| (૧૭) સરનામું : | ૫, માદ્રી ફ્લેટ, હરિપાર્કની પાછળ, ઘરડાઘર નજીક, અંકુર, નારાણપુરા, અમદાવાદ-૧૩. | ૫, માદ્રી ફ્લેટ, હરિપાર્કની પાછળ, ઘરડાઘર નજીક, અંકુર, નારાણપુરા, અમદાવાદ-૧૩. | ૮૧, કેશવનગર સોસાયટી, ગાંધી આશ્રમ પોસ્ટ ઓફિસ નજીક, અમદાવાદ-૩૮૦ ૦૨૭. |
| (૧૮) ફોન નંબર : | ૨૭૪૭૭૩૫૨ | ૨૭૪૭૭૩૫૨ | ૨૭૫૫૯૭૭૪ |
| (૧૯) મોબાઈલ નંબર : | ૯૮૨૮૧ ૦૫૦૪૦ | ૯૮૨૮૧ ૦૫૦૪૦ | |
| (૨૦) ભાઈ – બહેન : | ૧ – ૨ | ૧ – ૨ | ૧ – ૦ |
| (૨૧) કુંડળીમાં માનો છો? : | | | |

# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | | |
|---|---|---|---|---|
| | | |  |  |
| (૧) | **જિગર** | **કૌશિક** | **રવિ** | **મીનળ** |
| (૨) | ઈન્દ્રજિત | અનંતરાય | મહેન્દ્ર | નીતિનભાઈ |
| (3) | હંસાબહેન | ઈન્દુબહેન | ગીતાબહેન | વનિતાબહેન |
| (૪) | વોરા | પારેખ | હરિયા | ફુરિયા |
| (૫) | ગૂર્જર | વીસા શ્રીમાળી | કચ્છી વીસા ઓસવાળ | કચ્છી વીસા ઓસવાળ |
| (૬) | જૈન | દેરાવાસી જૈન | જૈન | જૈન |
| (૭) | પત્રી | | શેરડી | નાંગલપુર |
| (૮) | ૪-૧૨-૧૯૭૮ | ૦૧-૧૦-૧૯૮૦ | ૨૬-૧૨-૧૯૮૬ | ૫-૪-૧૯૮૨ |
| (૯) | ૩૩ | ૩૧ | ૨૫ | ૨૯ |
| (૧૦) | ૬'૦" | ૫'૬" | ૫'૧૧" | ૫'૩" |
| (૧૧) | | | ૮૫ કિ.ગ્રા. | ૪૩ કિ.ગ્રા. |
| (૧૨) | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ગોરો |
| (૧૩) | B.Com.<br>કોમ્પ્યુટર કોર્સ | B.Com. | S.S.C. | M.Com., B.Ed. |
| (૧૪) | જ્વેલરી ડિઝાઈનિંગ | મેનેજર - રિલાયન્સ માર્ટ | રિયલ એસ્ટેટ ડેવલોપર | |
| (૧૫) | | | | |
| (૧૬) | | ઓફિસર - નીલમબાગ પેલેસ, ભાવનગર | રિયલ એસ્ટેટ ડેવલોપર | ડોક્ટર |
| (૧૭) | ૪૦, કોર્નર વ્યુ,<br>ગોખલે રોડ, નોર્થ સચિન હોટલ<br>ઉપર, દાદર (વેસ્ટ),<br>મુંબઈ-૪૦૦ ૦૨૮. | ૯૫૦૧, સહજ સોલીએટર<br>એ.પી.એમ.સી. માર્કેટ નજીક,<br>વાસણા,<br>અમદાવાદ. | એચ-૩, ગૌતમ એપાર્ટમેન્ટ,<br>ગુંજન સિનેમા નજીક,<br>જી.આઈ.ડી.સી.<br>વાપી-૩૯૬ ૧૯૫. | પ્લોટ નં.-૬૨૮, વોર્ડ-૧૨/સી,<br>લીલાશાહ સર્કલ,<br>ગાંધીધામ,<br>કચ્છ. |
| (૧૮) | ૦૨૨-૨૪૪૬૬૧૪૩ | | ૦૨૬૦-૨૪૩૦૩૫૪ | ૦૨૮૩૬-૨૩૦૪૭૭ |
| (૧૯) | | ૯૪૨૭૯ ૩૯૬૪૨ | | |
| (૨૦) | ૦ – ૧ | ૦ – ૨ | ૦ – ૨ | ૧ – ૨ |
| (૨૧) | | | | |

# ભેળસેળ ચકાસવાની સાદી રીત

| અનું. | ખાદ્ય પદાર્થ | ભેળસેળનો પ્રકાર | ભેળસેળ અંગેની પરખ |
|---|---|---|---|
| ૧. | રૂપેરી વરખ (મીઠાઇ, પાન, પાન ચટણી) | એલ્યુમિનિયમની વરખ | હાઈડ્રોક્લોરિક એસીડમાં એલ્યુમિનિયમની વરખ ઓગળી જશે જ્યારે ચાંદીની વરખ નહીં ઓગળે. |
| ૨. | ચાની ભૂકી | વપરાયેલી ચાના ડુચાને સૂકવી કૃત્રિમ રંગોથી રંગી ચામાં કરાતી ભેળસેળ | ભીના ફિલ્ટર પેપર ઉપર આવી શંકાસ્પદ ભૂકી છાંટો. થોડીવારમાં ફિલ્ટર પેપર ઉપર પીળા, ગુલાબી, લાલ, ભુરા ડાઘા દેખાશે. |
| ૩. | મરચાંની ભૂકી | લાકડાંનો વહેર, અખાદ્ય રંગ | ખાંડેલા મરચાંને પાણીમાં નાખવાથી વહેર તરશે તેમજ પાણી રંગીન થશે. |
| ૪. | દૂધ | સ્ટાર્ચ | થોડા દૂધમાં ૪ થી ૫ ટીપાં ટિંક્ચર ઓફ આયોડિન નાખો, સ્ટાર્ચ હશે તો બ્લ્યુ રંગ થશે. |
| ૫. | ઘી-માખણ | વનસ્પતિ | એક ચમચી ભરી સાકર, હાઇડ્રોક્લોરિક એસિડ (૧૦ ml)માં ઓગાળો, તેમાં ૧૦ ml ગરમ કરેલું ઘી ઉમેરો. મિશ્રણને હલાવો જો રંગ લાલ થાય તો ઘી-માખણ નકલી સમજવા. |
| ૬. | કોપરેલ | ખનીજ તેલ (મિનરલ ઓઇલ) | તેને ફ્રીઝમાં મૂકવા છતાં પણ જો તે જામે નહીં તો તે કોપરેલ શુદ્ધ નથી. |
| ૭. | મરી | ખનીજ તેલ (મિનરલ ઓઇલ) કેરોસિન | મરી ચળકતાં કાળા લાગે તથા હાથ ઉપર ઘસવાથી હાથમાં કેરોસિનની વાસ આવે. |
| ૮. | કઠોળ, દાળ | કૃત્રિમ રંગ | કઠોળ, દાળ પાણીમાં નાખવાથી પાણી રંગીન થઇ જશે. |
| ૯. | દળેલી ખાંડ | ધોવાનો સોડા, ચોક, સોજી | જો તેમાં ધોવાનો સોડા કે ચોક હશે તો તેમાં હાઇડ્રોક્લોરિક એસિડ નાંખતાં તેમાં ઊભરો આવશે. જ્યારે સોજી હશે તો તેમાં ૪ થી ૫ ટીપાં ટિંક્ચર ઓફ આયોડિન નાંખતા બ્લ્યુ રંગ થશે. |
| ૧૦. | ચા | ઝીણી લોખંડની કણીઓ | લોહચુંબક પસાર કરતાં લોખંડની રજકણો ચોંટી જશે. |
| ૧૧. | રંગવાળી મીઠાઇ, શરબત, આઇસ્ક્રીમ | મેટાનીલ યલો જેવા પ્રતિબંધિત કોલટાર કલરનો ઉપયોગ | ખાદ્ય ચીજ ઉપર હાઇડ્રોક્લોરિક એસિડ નાખવાથી એનો રંગ ભૂરો-જાંબૂડિયો બની જશે. |
| ૧૨. | રાઈ | કોલસાની ભૂકી | હાથમાં મસળતાં કાળો રંગ હાથ ઉપર લાગશે. |
| ૧૩. | ખાદ્ય તેલ | દિવેલ | થોડાક તેલને કસનળીમાં લઇ પેટ્રોલિયમ ઇથરમાં ઓગાળો અને કસનળીને બરફ અને મીઠાનાં મિશ્રણમાં મુકતાં જો પાંચ મિનિટમાં તે ડહોળું થાય તો તેમાં દિવેલ છે તેમ જાણી શકાય. |




## સરનામા ફેરફાર

- **અજય ચંદુલાલ મહેતા**
  એ-૨૦૩, અબજીબાપા ફ્લેટ, રેડિયો મીરચી ટાવરની સામે,
  ઈન્દ્રપ્રસ્થ ટાવરની ગલીમાં, સેટેલાઈટ,
  અમદાવાદ-૩૮૦ ૦૧૫.
- **સંજય શાંતિલાલ છેડા**
  ડી/૭૦૩, સત્યમ સ્કાય લેન્ડ,
  ટોરેન્ટ પાવર સામે, નારાણપુરા,
  અમદાવાદ-૩૮૦ ૦૧૩.
- **નરેન્દ્ર હીરાચંદ દંડ**
  ૧૦૮, સ્મૃતિ વિહાર સોસાયટી,
  પી.ડી. પંડ્યા કૉલેજ રોડ, સ્મૃતિ મંદિર પાછળ,
  ઘોડાસર, અમદાવાદ-૩૮૦ ૦૫૦.
- **જયંતીલાલ જગજીવન સંઘવી**
  ૧૦૦૨, રાજ ગાર્ડન, વિકાસ ગૃહ રોડ,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
- **વીરેન્દ્ર દામજી છેડા**
  ૧૧, અલકા એપાર્ટમેન્ટ, રાવજીભાઈ ટાવર પાછળ,
  દુર્ગા સ્કૂલની ગલીમાં, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.
- **હેમંત સત્યેન્દ્ર શાહ**
  ૧, સુકૃત ફ્લેટ, ૧લો માળ, વસંતકુંજ સોસાયટી,
  કલ્યાણજી આણંદજી પેઢી સામે, પાલડી,
  અમદાવાદ-૩૮૦ ૦૦૭.
- **કાંતિલાલ રતનશી સાયા**
  "આશીર્વાદ સાયબર કાફે", દુકાન નં.-૧૨,
  ગોવિંદવાડી શોપિંગ સેન્ટર, ગોવિંદવાડીની બાજુમાં,
  ઈસનપુર, અમદાવાદ-૩૮૨ ૪૪૩.
- **હસમુખ ખીમજી મોતા**
  યુ/૧૦૪, વીનસ પાર્ક લેન્ડ, વેજલપુર પોલીસ ચોકી પાસે,
  જીવરાજ પાર્ક, વેજલપુર, અમદાવાદ-૩૮૦ ૦૫૧.

## ટેલિફોન નંબરમાં ફેરફાર

- **મણિલાલ કુંવરજી ગોસર**
  મોબાઈલ : ૯૪૦૯૧ ૧૩૯૭૭

## સગપણ

- **તા. ૧-૧૦-૨૦૧૧**
  **ચિ. દીપેન ગિરીશ હીરજીભાઈ દેઢિયા (શેરડી) અમદાવાદ**
  **ચિ. નેહલ વીરેન્દ્ર લાલજીભાઈ સાવલા (મોટા આસંબિયા) મુંબઈ**

## અવસાન નોંધ

- **વિમલાબહેન કલ્યાણજી રવજી છેડા** (નાની ખાખર - અમદાવાદ) તા. ૨-૧૧-૨૦૧૧ના રોજ અરિહંત શરણ થયા છે. (ચક્ષુદાન કર્યું છે.)
- **નાનબાઈ મોરારજી સાવલા** (તુંબડી - અમદાવાદ) તા. ૮-૧૧-૨૦૧૧ના રોજ અરિહંત શરણ થયા છે.
- **રવિલાલ પ્રાગજીભાઈ મહેતા** (લલિયાણા - વાગડ – અમદાવાદ) તા. ૧૪-૧૧-૨૦૧૧ના રોજ અરિહંત શરણ થયા છે.

*સદ્‌ગતોના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.*

## સંગીતા ગડા – કુદરતી નજારાના ચિત્રો

સંગીતા ગડા – આ કચ્છી ચિત્રકારને કુદરત સાથે ગજબનો પ્રેમ છે. આહ્‌લાદક કુદરતી નજારાને ચિત્રનું સ્વરૂપ આપવાનું એમને બેહદ ગમે છે.

ચિત્રકાર સંગીતા ગડા (શાહ) એ વૉટર કલર ચિત્રો ઉપરાંત હમણાં હમણાં એક્રેલિક ચિત્રો બનાવવાનું પણ શરૂ કર્યું છે અને એ માધ્યમમાં પણ એમણે કુદરતી થીમની જ પસંદગી કરી છે.

સંગીતા ગડાના ચિત્ર પ્રદર્શનો અત્યાર સુધી માત્ર ગુજરાતમાં જ યોજાતાં આવ્યાં છે. **પણ દિવાળી પૂર્વે પહેલી વાર મુંબઇમાં ચિત્રરસિકોને એમની કલા જોવાની તક મળી.**

સંગીતા ગડા કહે છે : 'મને હંમેશાં હરિયાળું અને કુદરતી વાતાવરણ ગમતું આવ્યું છે. જ્યારે પણ આવાં સ્થળે જાઉં ત્યારે એને ચિત્રનું સ્વરૂપ આપવાનું પસંદ કરું છું.'

કુદરતી સ્થળે ચિત્ર બનાવવાની તક હાથમાંથી સરી ન જાય એ માટે એક જરૂરી કિટ સંગીતા ગડા હંમેશાં પોતાની સાથે જ રાખે છે.

ત્રણ દિવસના કેમ્પ દરમિયાન સંગીતા ગડાએ 'ગુહાગર બીચ'નાં દસેક લાઇવ જલરંગી ચિત્ર બનાવ્યા. એક ચિત્ર બનાવતાં એમને આશરે ત્રણ કલાકનો સમય લાગે.

કુદરતી સ્થળ ઉપરાંત હેરિટેજ સાઈટનાં લાઈવ ચિત્ર પણ એમણે બનાવ્યાં છે. એમાં અમદાવાદનું જાણીતું હઠીસિંહ દેરાસર, હમ્પીનું લોટસ મંદિર, ચાંપાનેરની પૌરાણિક સાઈટ પણ આવી જાય. ■

*સજ્જનોની મહાનતા તેમના અંતઃકરણમાં હોય છે, લોકોની પ્રશંસામાં નહિ.*

## શ્રી કચ્છી વીસા ઓસવાળ સમાજનું ગૌરવ




**શ્રીમતી દીપ્તિ નીલેશ છાડવા**
**(ગામ બાડા - કચ્છ) હાલે વડોદરા**

ગુજરાતી ઇ-ટી.વી. ચેનલ દ્વારા રજૂ થતા રસોઇ ગૃહની વાનગી સંબંધી એક કાર્યક્રમના ઉપક્રમે પ્રતિ વર્ષની જેમ તા. ૮-૧૦-૨૦૧૧ ના રોજ અમદાવાદમાં ઠાકોરભાઇ દેસાઇ હોલમાં અંદાજે ૮૫૦ પ્રેક્ષકોની ઉપસ્થિતિમાં સ્થળ પર વાનગી તૈયાર કરવાના અંતિમ ત્રણ સ્પર્ધકોના એક રાઉન્ડનું આયોજન થયું હતું. **જેમાં કચ્છી જૈન મહિલા શ્રીમતી દીપ્તિ નીલેશ છાડવા પ્રથમ ક્રમાંકે રહેતાં તેમને 'રસોઇની મહારાણી-૫'નો ખિતાબ, પુરસ્કાર અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.** આ સ્પર્ધાની શરૂઆતમાં કુલ ૮૦૦ મહિલાઓએ ભાગ લીધો હતો. તેનાં પ્રથમ રાઉન્ડમાં ૨૪ અને ત્યારબાદના અંતિમ રાઉન્ડમાં ત્રણ સ્પર્ધકો હરીફાઇમાં હતા.

અંતિમ રાઉન્ડમાં આયોજકો દ્વારા આપવામાં આવેલ શાકભાજી અને દૂધની વસ્તુઓમાંથી ૭૫ ટકા ફરજિયાત વાપરીને શ્રીમતી છાડવાએ સ્થળ પર મર્યાદિત સમયમાં 'સિમેલર ઇન્ડિયના' તૈયાર કર્યું હતું. નિર્ણાયકોના નિર્ણય મુજબ તે વાનગીને પ્રથમ ક્રમાંક જાહેર થતાં, શ્રીમતી છાડવાને 'રસોઈની મહારાણી-૫'નો ખિતાબ મળ્યો હતો.

વ્યક્તિ વિકાસની સંસ્થા 'જે.સી.આઇ. બરોડા મેટ્રોપોલિટન' સંસ્થામાં શ્રીમતી છાડવા સતત ત્રણ વર્ષ સારી કામગીરી કરવા બદલનો ઍવૉર્ડ મેળવી ચૂક્યા છે. અને હાલે 'સહેલી' સામયિકના એડિટર પદે કાર્યરત છે.

– *દિનેશ મહેતા*

## અભિનંદન

માસ સપ્ટેમ્બર-૨૦૧૧ દરમિયાન પુના ખાતે જૈન ડોક્ટર્સના એક સંમેલનનું આયોજન થયું હતું. જેમાં ૩૦૦૦થી વધુ ડોક્ટરોએ ભાગ લઇ જીવદયા, શાકાહાર, જૈન ધર્મ અને તબીબી વિજ્ઞાન જેવા વિષયો પર જ્ઞાનગોષ્ઠિ કરી હતી.

અમદાવાદ સમાજના **શ્રી જશવંતકુમાર જયંતીલાલ કોઠારી**ને તેમની "શ્રમણ આરોગ્યમ"ની ઉચ્ચત્તમ સેવાઓને બિરદાવીને આ સંમેલનમાં "એક્સલન્સ ઍવૉર્ડ" પ્રદાન કરવામાં આવેલ.

## માંડવીના જૈન શ્રેષ્ઠી અશોકચંદ્ર શાહનું નિધન

કચ્છ માંડવીના શતાયુ જૈન શ્રેષ્ઠી અને મોટા ગજાના દાતા **શ્રી અશોકચંદ્ર નાનચંદ શાહ**નું તા. ૨૦-૧૦-૨૦૧૧ના અમદાવાદ ખાતે ટૂંકી બીમારી બાદ ૧૦૧ વર્ષની વયે અવસાન થયું છે.

સદ્ગત માંડવી અને બિદડા સર્વોદય હોસ્પિટલમાં એક દાતા તેમજ પ્રેરક તરીકે જાણીતા હતા. તેમના એક પુત્ર રમેશ શાહ, તેમની પ્રેરણાથી દર વર્ષે બિદડા હોસ્પિટલમાં તબીબી શિબિરો યોજતા રહ્યા છે.

## ભુજ – કચ્છના સિદ્ધહસ્ત લેખક રસિક મહેતાનું અવસાન

ગુજરાતી ભાષામાં દોઢસોથી વધુ ઐતિહાસિક, પૌરાણિક અને સામાજિક નવલકથાઓની ભેટ આપનાર મૂળ ભુજ કચ્છના વતની સાહિત્યકાર **શ્રી રસિક મહેતા**નું ૮૨ વર્ષની વયે વડોદરામાં અવસાન થયું છે.

સ્વતંત્રતા પૂર્વેના કાળમાં શરદબાબુ અને ટાગોરના સાહિત્યના ઊંડા પ્રભાવ હેઠળ તેમણે ૧૮ વર્ષની વયથી પત્રકારત્વમાં ડગ માંડ્યા હતા. તેમણે ચિત્રભારત રાષ્ટ્રવાણી અને ચેતમછંદર જેવા સામયિકોમાં અનેક લેખ લખી પત્રકારત્વને સમૃદ્ધ કર્યુ હતું. તેમની રજવાડી યુગના કાવાદાવાઓ અને રાજમહેલના છળકપટને જાહેર કરતી ઐતિહાસિક નવલકથાઓની રંગમોલ શ્રેણી અત્યંત લોકપ્રિય થઇ હતી. તેમના એક અન્ય પુસ્તક ઋતુબહારને ગુજરાત સરકાર દ્વારા પ્રથમ પારતોષિક એનાયત થયું હતું. તે ઉપરાંત, સાહિત્ય રત્ન, કચ્છ ગૌરવ ઍવૉર્ડથી પણ તેઓ સન્માનિત થયા હતા.

## કવિ 'ઉશનસ્'નું નિધન

ગુજરાતી સાહિત્યમાં કવિ તરીકે અગ્રક્રમે સ્થાન પામેલા **શ્રી નટવરભાઈ કુબેરદાસ પંડ્યા,** જેઓ **'ઉશનસ્'**ના ઉપનામથી સર્વત્ર જાણીતા હતા, તેમનું તા. ૬-૧૧-૨૦૧૧ના રોજ વલસાડ મધ્યે ૯૨ વર્ષની વયે નિધન થયું છે.

ગુજરાતી કવિતાઓને ઉચ્ચ સ્થાને લઈ જવામાં એમનું પ્રદાન મહત્ત્વનું રહ્યું છે. તેમની 'સોનેટ' રચનાથી તેઓ વધારે પ્રખ્યાત થયેલા છે. તેમણે અનેક કાવ્યસંગ્રહો પ્રકાશિત કરીને ગુજરાતી ભાષાની ભવ્યતાના દર્શન કરાવ્યા છે. તેમનાં "પ્રસૂન" કાવ્યસંગ્રહ, 'સદમાતાનો ખાંચો' - સ્મરણકથા જાણીતા છે.

સાહિત્ય ક્ષેત્રે તેમના અમૂલ્ય પ્રદાનના કારણે નરસિંહ મહેતા ઍવૉર્ડ, રણજીતરામ સુવર્ણ ચંદ્રક અને રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ગૌરવ ઍવૉર્ડથી તેઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

★ મુંબઈ ખાતે 'મંગલ મંદિર'નું લવાજમ અને જાહેરાત માટે કામગીરી સંભાળનાર અને કચ્છી સાહિત્ય જગતના પ્રસિદ્ધ કવિ *શ્રી રશ્મિન્ ખોના*ના સુપુત્ર **યોગેશ રતિલાલ ખોના** (ગામ : તેરા, કચ્છ) ગુરુવાર, તા. ૨૪-૧૧-૨૦૧૧ના રોજ મુંબઈ મધ્યે અરિહંત શરણ થયા છે.

*વાણી સંયમનો પહેલો નિયમ છે કે વગર કારણે અને વધુ પડતું બોલવું નહિ.*

## નૂતન વર્ષ મિલન સમારંભ (વર્ષ ૨૦૬૮)

ઝગમગતા દીપકનો 'દિવાળી પર્વ' આનંદ અને ઉમંગભેર ઉજવીને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિવારજનો નવા વર્ષની હાર્દિક શુભકામનાની અભ્યર્થના સાથે ગુરુવાર, તા. ૨૭-૧૦-૨૦૧૧ના સાંજના ૫ વાગે શ્રી કચ્છી જૈન ભવનમાં મળ્યા હતા.

વિશિષ્ટતા રૂપે આ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન કોઈપણ પ્રકારના પ્રવચન કે રજૂઆત વિના માત્ર નૂતન વર્ષના અભિનંદન પાઠવવા અને મનપસંદ ભોજન આઈટમ એજન્ડામાં હતા. આ રીતે, આહલાદિત અને મુક્ત માહોલમાં, **નૂતન વર્ષ દરેકના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિની બહાર લાવે તેવી લાગણી વ્યક્ત કરવા પરસ્પર મળીને વાતચીત કરવાની ઉત્તમ તક સૌએ ઝડપી લીધી હતી.** આ કારણે આનંદની મહેફિલ જેવું વાતાવરણ ઊભું થયું હતું. આ કાર્યક્રમમાં સમાજના હોદ્દેદારો, શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પદાધિકારીઓ, સંસ્થા અને મેડિકલ સેન્ટરના ડૉક્ટર્સ, સ્ટાફ સહિત લગભગ ૪૦૦ વ્યક્તિઓ ઉપસ્થિત હતી.

*— દિનેશ મહેતા*

## મેડિકલ સેન્ટર - નિદાન કેમ્પ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત મેડિકલ સેન્ટર દ્વારા તા. ૧૩-૧૧-૨૦૧૧ના રોજ હાડકાના રોગ-તકલીફ ફિઝિયોથેરાપી અને પેઇન મેનેજમેન્ટ સંબંધિત નિદાનના એક નિઃશુલ્ક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ઓર્થોપેડિક વિભાગમાં ડૉ. ભાવિક શાહ, ડૉ. રાજેશ પરીખ અને ડૉ. જિગર શાહે તથા પેઇન મેનેજમેન્ટ વિભાગમાં ડૉ. હેમાક્ષી અંબાણીએ તેમજ ફિઝિયોથેરાપી વિભાગમાં ડૉ. શચી શાહ અને ડૉ. શાલ્વી દોશીએ દર્દીઓને તપાસીને જરૂરી દવા, એક્ષ-રે અને ફિઝિયોથેરાપી ટ્રીટમેન્ટ લખી આપી હતી.

નિદાન કેમ્પમાં હાડકાં તથા મણકાંની તકલીફ, સાંધા તથા ગાદીના દુઃખાવા, સાઇટિકા અને શરીરના અવયવોનાં દુઃખાવા તેમજ તકલીફવાળા લગભગ ૭૫ દર્દીઓની નિઃશુલ્ક ચકાસણી કરવામાં આવી હતી. કેમ્પમાં જરૂરિયાતવાળા દર્દીઓને એક માસ સુધી ફિઝિયોથેરાપી ટ્રીટમેન્ટ ૫૦ ટકાના દરે આપવામાં આવશે.

કેમ્પના સમય દરમિયાન ટ્રસ્ટી શ્રી હીરજીભાઇ શાહ, તબીબી સેવા સમિતિના શ્રી દિનેશભાઇ મહેતા તેમજ શ્રી અશ્વિનભાઇ સાવલા ઉપસ્થિત હતા. ડૉ. દક્ષાબહેન અને શ્રી પીન્ટુભાઇએ અન્ય સ્ટાફ વર્ગ સાથે કેમ્પનું સંચાલન કર્યું હતું.

**મેડિકલ સેન્ટર દ્વારા ઇ.એન.ટી., ઓડિયોગ્રામ તથા ડેન્ટલ સંબંધિત કેમ્પનું આયોજન તા. ૧૧-૧૨-૨૦૧૧ ના થશે. તેનો લાભ લેનાર ઇચ્છુક વ્યક્તિઓએ પોતાના નામ મેડિકલ સેન્ટરમાં નોંધાવવા જરૂરી છે.**

*કાંતિલાલ વેલજી સાવલા - કન્વીનર*

## દિવાળી દરમ્યાન બનાવેલ વિવિધ વાનગીઓનું વિતરણ

ગયા વર્ષની જેમ, આ વર્ષે પણ સમાજ દ્વારા જાત દેખરેખ હેઠળ બનાવવામાં આવેલ શુદ્ધ અને સાત્ત્વિક મીઠાઈ, ફરસાણ અને ડ્રાયફ્રૂટનું કિફાયતી દરે વિતરણ થયું હતું. કોર્પોરેટ કંપનીઓ, સમાજ અને શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સભ્યો, મેડિકલ સેન્ટરના ડૉક્ટર્સ તથા સ્ટાફ દ્વારા આ વિતરણનો સારા પ્રમાણમાં લાભ ઉઠાવવામાં આવ્યો હતો. જે પરિવારજનો હાલે ગૃહઉદ્યોગ ચલાવી રહ્યા છે તેઓએ પણ આ વિભાગમાં પોતાની બનાવેલ આઈટમોનું વેચાણ કર્યું હતું. સારી રીતે તૈયાર થયેલ અમુક માલની યોગ્ય જાળવણીની ક્ષતિને ક્ષમ્ય ગણીને એકંદરે સારું વિતરણ થયું હતું.

શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રી પંકજ રસિકલાલ શાહ, શ્રી પરાશર વ્યાસ, કિન્નરીબહેન શાહ, શ્રી કિરણભાઈ શાહ, શ્રી કિશોરભાઈ ઠક્કર વગેરેની ખૂબ મહેનત અને સહકારથી આ યોજનાનું કામ સફળ થયું હતું.

*માનદ્ મંત્રી*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

# વસતિ પત્રક - ૨૦૧૨

## ખાસ સૂચના

અગાઉ જણાવેલ વિગત મુજબ વર્ષ ૨૦૧૨માં એટલે કે આઠ વર્ષ બાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેનાં સભ્ય પરિવારજનોની સુધારા-વધારા સહિતની વિગત સાથેનું નવું વસતિ પત્રક-૨૦૧૨ તૈયાર કરી રહ્યું છે.

**સમાજના દરેક સભ્યોએ પોતાની સંપૂર્ણ વિગત નક્કી કરેલા પત્રકમાં લખીને સમાજ કાર્યાલયમાં તાત્કાલિક મોકલાવી આપવા ફરીને વિનંતી છે.**

મંગલ મંદિર - માસ સપ્ટેમ્બર, ૨૦૧૧ના અંકમાં વિગત સંબંધિત પત્રક તેમજ જાહેરાતના દર આપેલા છે. વસતિ પત્રકમાં આપેલ જાહેરાત લાંબા સમય સુધી દરેકના વંચાણમાં રહેશે. **તેથી સૂચિત વસતિ પત્રકમાં જાહેરાત આપીને સહકાર આપવા દરેક સભ્યોને નમ્ર અપીલ છે.**

| | |
|---|---|
| **સૂરજલાલ મહેતા** | **પ્રતાપ નારાણજી દંડ** |
| કન્વીનર, વસતિપત્રક સમિતિ | માનદ્ મંત્રી |
| શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદ | શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદ |

*બુદ્ધિશાળી વ્યક્તિ અવસરની રાહ જોતી નથી, પરંતુ તે અવસર ઊભો કરે છે.*

# સામૂહિક પ્રાર્થના — ભક્તિ સંગીતનો કાર્યક્રમ

અગાઉના વર્ષોની પ્રણાલી મુજબ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તેનાં સભ્ય પરિવારોને ત્યાં તા. ૧-૧-૨૦૧૧થી તા. ૩૧-૧૨-૨૦૧૧ દરમ્યાન મૃત્યુ પામેલ સ્વજનોને સામૂહિક રીતે શ્રદ્ધાંજલિ અર્પવા, એક ભક્તિ સંગીતનો કાર્યક્રમ શ્રી કચ્છી જૈન ભવન ખાતે રવિવાર, તા. ૮-૧-૨૦૧૨ના સવારે ૯.૩૦ કલાકે યોજવામાં આવેલ છે.

સમાજના દરેક સભ્ય પરિવારને વિનંતી કે આ "સ્મરણાંજલિ સભા"માં આપણા સમાજ પરિવારના વર્ષ દરમ્યાન અવસાન પામેલા આત્મીયજનોને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરવા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે.

## કાર્યક્રમની વિગત

- ★ **કાર્યક્રમ : સામૂહિક પ્રાર્થના, ભક્તિ સંગીતના સ્વરૂપે**
- ★ **તારીખ : રવિવાર, તા. ૮-૧-૨૦૧૨**
- ★ **સમય : સવારના ૯.૩૦થી ૧૧.૩૦**
- ★ **સ્થળ : શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાલા) સાંસ્કૃતિક કેન્દ્ર, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.**

## વર્ષ દરમ્યાન અવસાન પામેલ આપ્તજનોની યાદી

| ક્રમ | અવસાન તારીખ | નામ | કચ્છમાં ગામ | ઉં.વર્ષ |
|---|---|---|---|---|
| ૧. | બુધવાર, તા. ૯-૨-૨૦૧૧ | કનકલાલ સાકરચંદ દેવશી મહેતા | ભુજપુર | ૮૨ |
| ૨. | રવિવાર, તા. ૧૩-૩-૨૦૧૧ | રમાબહેન મોહનલાલ શાહ | ભુજ | ૭૯ |
| ૩. | સોમવાર, તા. ૧૪-૩-૨૦૧૧ | ચુનીલાલ દેવચંદ સંઘવી | મુંદ્રા | ૮૮ |
| ૪. | શુક્રવાર, તા. ૧-૪-૨૦૧૧ | રજનીકાંત લક્ષ્મીચંદ રાજપાલ શાહ | માંડવી | ૬૨ |
| ૫. | રવિવાર, તા. ૩-૪-૨૦૧૧ | ચેતના મુકેશ મુળજી ચાંપશી સાવલા | નાની તુંબડી | ૪૯ |
| ૬. | શનિવાર, તા. ૧૬-૪-૨૦૧૧ | રામજી લખમશી ગોગરી | ગુંદાલા | ૭૮ |
| ૭. | બુધવાર, તા. ૪-૫-૨૦૧૧ | અનિલ હેમરાજ શાહ (મોતા) | સુથરી | ૫૮ |
| ૮. | ગુરુવાર, તા. ૫-૫-૨૦૧૧ | તારાબહેન રમણલાલ લધાભાઈ લોડાયા | મંજલ | ૭૩ |
| ૯. | મંગળવાર, તા. ૨૪-૫-૨૦૧૧ | ખમાવંતીબહેન વર્ધમાન દેવશી છેડા | સુજાપુર (અબડાસા) | ૬૫ |
| ૧૦. | બુધવાર, તા. ૧૫-૬-૨૦૧૧ | કંચનબહેન કાંતિલાલ અચલજી વોરા | ભુવડ | ૮૯ |
| ૧૧. | શુક્રવાર, તા. ૧૭-૬-૨૦૧૧ | ચંચળબહેન ઉગરચંદ પોપટલાલ ગઢેચા | ફતેહગઢ | ૬૭ |
| ૧૨. | મંગળવાર, તા. ૧૭-૭-૨૦૧૧ | જયંતીલાલ વેલજી બેચર મહેતા | દુધઈ | ૭૬ |
| ૧૩. | શનિવાર, તા. ૬-૮-૨૦૧૧ | હીરજી અબજી વોરા | કીડિયાનગર | ૮૪ |
| ૧૪. | બુધવાર, તા. ૨-૧૧-૨૦૧૧ | વિમળાબહેન કલ્યાણજી રવજી છેડા | નાની ખાખર | ૭૭ |
| ૧૫. | મંગળવાર, તા. ૮-૧૧-૨૦૧૧ | નાનબાઈ મોરારજી સાવલા | તુંબડી | ૮૪ |
| ૧૬. | સોમવાર, તા. ૧૪-૧૧-૨૦૧૧ | રવિલાલ પ્રાગજી મહેતા | લલિયાણા (વાગડ) | ૭૯ |

★ **નોંધ : (૧)** ઉપરોક્ત લિસ્ટમાં કોઈ નામોનો સમાવેશ કરવાનો બાકી રહી ગયેલ હોય તો સત્વરે સમાજમાં જાણ કરવા વિનંતી. **(૨)** દરેક સ્વર્ગસ્થના પરિવારે અવસાન પામેલ વ્યક્તિની મોટી સાઈઝનો એક ફોટો શનિવાર, તા. ૭-૧-૨૦૧૨ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવનમાં પહોંચાડવાનો રહેશે અને કાર્યક્રમ બાદ તે ફોટો પરત લઈ જવાનો રહેશે. **(૩)** સમાજના સર્વે સભ્ય પરિવારજનો તથા સ્વર્ગસ્થના આત્મીયજનોએ કાર્યક્રમના દિવસે સવારના ૯.૧૫ કલાક સુધીમાં પોતાનું સ્થાન ગ્રહણ કરવાનું રહેશે. કાર્યક્રમ બરાબર ૯.૩૦ કલાકે શરૂ કરી દેવામાં આવશે. ત્યારબાદ કાર્યક્રમમાં ખલેલ ન થાય, તે જોવા આગ્રહભરી વિનંતી છે. **(૪)** શક્ય હોય તો નાના બાળકોને સાથે નહીં રાખવા વિનંતી. **(૫)** કાર્યક્રમનું સૌજન્ય રૂા. ૧૧,૦૦૦/- રાખવામાં આવેલ છે. સૌજન્યદાતા એકથી વધારે લઈ શકાશે. સમગ્ર કાર્યક્રમનું સૌજન્ય પણ આવકાર્ય છે. **(૬)** શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની મહિલા ઉત્કર્ષ સમિતિ, શ્રી કચ્છી મહિલા સમાજ તથા અન્ય ઘટક મહિલા મંડળની બહેનોને શક્ય હોય તો સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*જ્યાં રૂપિયાની જરૂર હોય છે ત્યાં પરમાર્થ હોતો નથી, પણ રૂપિયાની ગુલામી હોય છે.*

## યુનિક આઈડેન્ટીફિકેશન નંબર (આધાર)



ભારત સરકારે પાંચ વર્ષથી ઉપરની દરેક ભારતીય મૂળની વ્યક્તિ માટે યુનિક આઇડેન્ટીફિકેશન નંબર (આધાર) પ્રાપ્ત કરી લેવા માટે ખાસ જાહેરાત કરી છે.

યુનિક નંબર ભારતીય મૂળના નાગરિક માટે સમગ્ર રીતે અતિ મહત્ત્વનો ગણાશે. ભવિષ્યમાં તેના ઉપયોગનો અન્ય કોઇ વિકલ્પ રહેશે નહીં. પ્રાપ્ત સમાચાર અનુસાર કોઇપણ પ્રોપર્ટી રજિસ્ટ્રેશન, બેન્ક ખાતા વગેરે માટે ‘આધાર’ નંબર ફરજિયાત થઈ જશે.

ઉપરોક્ત વિષયની અગત્યતા સમજીને સમાજના ટ્રસ્ટી અને માનદ્ ખજાનચી શ્રી ચંદ્રકાંત દામજી શાહે (કે.ડી. શાહ) સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયાના અધિકારી શ્રી નકુલ માણેકજી દંડના સહયોગથી યુનિક આઇડેન્ટીફિકેશન ઓથોરિટી ઓફ ઇન્ડિયા (આધાર) અમદાવાદનાં અધિકારીઓનો સંપર્ક કરીને આ પ્રકારના નંબર આપવા સંબંધીની વ્યવસ્થા શ્રી કચ્છી જૈન ભવન ખાતે તા. ૧૪-૧૦-૨૦૧૧થી તા. ૨૫-૧૦-૨૦૧૧ દરમિયાન કરી હતી. સમાજની ૬૦૦ વ્યક્તિઓ સહિત કુલ ૧૫૦૦ લોકોએ યુનિક નંબર અર્થે જરૂરી વિગત સાથે નોંધ કરાવેલ હતી.

ઉપરોક્ત કાર્યવાહીમાં સહયોગ આપનાર સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયાના અધિકારી શ્રી નકુલ દંડ અને શ્રી સુમિતભાઇનો ખાસ આભાર માનવામાં આવ્યો હતો.

## લાઇબ્રેરી સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ‘લાઈબ્રેરી સમિતિ’ સમાજના સભ્યોની વાંચન-ભૂખને પ્રોત્સાહિત કરે એ હેતુથી સમાજના સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન એક ઉત્તમ યોજના સાથે આપશ્રી સમક્ષ ઉપસ્થિત થાય છે.

**શ્રી કચ્છી જૈન ભવન પરની સમાજની લાઇબ્રેરીની વિવિધ વિષયો પરની અમૂલ્ય બુક્સનું વાંચન જેઓ નિયમિતપણે કરવા માંગતા હશે તેમને દર પંદર દિવસે માંગ્યા મુજબની બુક્સ તેમના ઘરે મોકલી આપવામાં આવશે અને વાંચી લીધેલ બુક્સ પરત લઇ જવામાં આવશે. આ પ્રકારની સંપૂર્ણ વ્યવસ્થા સમાજ તરફથી વિનામૂલ્યે ગોઠવવામાં આવશે.**

સમાજના સભ્ય પરિવારમાંથી જેઓ પણ “સુવર્ણ જયંતી વર્ષ” દરમ્યાન આ યોજનાનો લાભ લેવા ઇચ્છતા હોય, તેઓએ વહેલી તકે સમાજના ધારાધોરણ મુજબ (માત્ર રૂા. ૧૦૦/-ની ડિપોઝિટથી) સભ્ય બનીને આ યોજનામાં જોડાવા માટે પોતાનું નામ નોંધાવી દેવા અપીલ કરવામાં આવે છે.

અમને આશા છે કે ઉમદા વાંચનથી સમાજના સભ્યોને તેમનું મન, તંદુરસ્તપણે જાળવી રાખવામાં આ યોજના આકર્ષક બની રહેશે અને પરિવારજનોમાં વાંચનવૃત્તિ વિસ્તારશે. આ પ્રયોગ સફળ થશે તો ‘લાઇબ્રેરી સમિતિ’એ કરેલ મહેનત અને સૂચિત ખર્ચનું અનેક ઘણું વળતર પ્રાપ્ત થયાનો અનેરો અનુભવ થશે અને તે દિશામાં આગળ વધવા પ્રોત્સાહન મળશે.

**આ યોજના તા. ૧૪ એપ્રિલ, ૨૦૧૨ થી તા. ૧૩ એપ્રિલ, ૨૦૧૩ સુધીના સુવર્ણજયંતી વર્ષ દરમ્યાન અમલી રહેશે.**

**આપશ્રીને વહેલી તકે આ યોજનામાં જોડાવાનું અમારું ભાવભર્યું નિમંત્રણ છે.**

**મનુભાઈ શાહ**
**કન્વીનર, લાઇબ્રેરી સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## પરિપક્વતા એટલે...

- ક્રોધ ઉપર કાબૂ. કોઈપણ પ્રકારની તોડફોડ અથવા હિંસા વિના મતભેદ દૂર કરવાની ક્ષમતા.
- લાંબાગાળાના ફાયદા માટે વર્તમાનનો ક્ષણિક આનંદ જતો કરવાની ધૈર્યભરી સમજદારી.
- સાતત્ય, વિરોધી વાતાવરણ વચ્ચે પણ અવિરત કાર્યરત રહીને લક્ષ્ય સુધી પહોંચવાની ક્ષમતા.
- વિખવાદ, હતાશા, પ્રતિકૂળતા અથવા પરાજયનો ફરિયાદ કર્યા વિના સામનો કરવાની તાકાત.
- દૃઢ નિર્ણયશક્તિ અને લીધેલો નિર્ણય પાળવાની સજ્જતા.
- વિનમ્રતા — ‘હું ખોટો છું’ તેમ કહેવાની તૈયારી અને ‘મેં તને કહ્યું હતું ને!’ એમ ક્યારે ન કહેવું તેની સમજ.
- વિશ્વસનીયતા, શ્રદ્ધેયતા, કટોકટીની ક્ષણે અડીખમ ઊભા રહેવાની અડગતા.
- પોતાની જાત સાથે સંવાદિતા સાધીને જીવવાની કલા.

*કારકિર્દીના વળાંકે વધુ વિકલ્પો ખુલ્લા રાખો.*

## તબીબી વીમા અંગે....

ગયા વરસે નવી પદ્ધતિ મુજબ લેવાયેલ સભ્ય પરિવારોના તબીબી વીમાની મુદત આ મહિને, **એટલે ડિસેમ્બર આખરે પૂરી થાય છે. એટલે જે પરિવારોએ વીમા ચાલુ રાખવા હોય તેઓએ પોલિસી રિન્યુ કરાવવાની રહેશે.**

આ માટે કંપની દરેક વીમા ધારક પરિવારને યાદી મોકલશે અને એમાં જરૂરી સૂચનાઓ પણ આપવામાં આવશે. એ મુજબ ફોર્મ ભરીને પોલિસી રિન્યુ કરાવવાની રહેશે અને ફોર્મ તથા ચેક સમાજમાં જમા કરાવવાના રહેશે.

**ખાસ સૂચના :** ફોર્મ તથા ચેક તા. ૧૫-૧૨-૨૦૧૧ સુધી જમા કરાવી દેવા અને **ચેકમાં કોઈ રકમ ભરવી નહીં.** રકમની ગણતરી કરીને આપણા એજન્ટ ભરી દેશે.

વર્ષ ૨૦૧૧ દરમ્યાન જે નવા સભ્ય થયા છે એ પરિવારોને જો તબીબી વીમા લેવા હોય તો તેઓ સમાજમાંથી ફોર્મ મેળવીને ભરી શકશે અને ચેક આપી શકશે.

આ બાબતે વધારે વિગતની આવશ્યક્તા હોય તો સંપર્ક કરશોઃ

મેનેજરશ્રી પરાશર વ્યાસ

**વીમા એજન્ટ શ્રી નૃપેન શાહ (મો. ૯૮૨૪૦ ૫૬૬૮૮)**

કન્વીનર શ્રી મગનલાલ સંઘવી તથા સભ્ય શ્રી રજનીભાઈ પારેખ (સોમ તથા ગુરુવાર : સાંજે ૪ થી ૬.)

ખાસ જણાવવાનું કે સમાજ આ કામ સેવાભાવે કરે છે. દાવાના નિકાલ સહિત દરેક બાબતનો આધાર વીમા કંપનીના નિયમોને અધીન રહેશે. સમાજની નાણાકીય કે અન્ય કોઈ જવાબદારી રહેશે નહીં.

***મગનલાલ સંઘવી***
***કન્વીનર - સમાજ સુરક્ષા સમિતિ***

## તબીબી વીમા – નવા સભ્યો માટે

- **વીમા કંપનીની નવી શરતો :**

૧. નવા સભ્યો ૪૫ વર્ષની વય મર્યાદા સુધી કોઈપણ જાતની તબીબી તપાસ વગર દાખલ થઈ શકશે.

૨. **૪૬થી ૫૫ વર્ષના સભ્યો**

(એ) ફોર્મ ભરીને આપવાનું. (પ્રીમિયમની રકમ વગર)

(બી) ફોર્મ કંપની દ્વારા મંજૂર થાય તો તેઓના ડૉક્ટર પાસે તબીબી તપાસ કરાવીને રિપોર્ટ આપવાનો છે.

(સી) રિપોર્ટના આધારે કંપની વીમો મંજૂર અથવા નામંજૂર કરશે. મંજૂર કર્યેથી પ્રીમિયમ ભરી શકાશે. તપાસનો ખર્ચ વીમા ધારકે ભોગવવાનો રહેશે.

૩. **વીમાની રકમ વધારવા બાબત :**

(એ) ૪૫ વર્ષની ઉપર સુધી ગમે તેટલી રકમ વધારી શકાશે.

(બી) ૪૬થી ૬૦ વર્ષ સુધીના કિસ્સામાં કંપની મંજૂર કરે તોજ અને તેટલી રકમ જ વધારી શકાશે.

(સી) ૬૦ વર્ષથી ઉપરની વ્યક્તિ વીમાની રકમમાં કોઈ જ વધારો કરી શકશે નહીં.

***કન્વીનર - સામાજિક સુરક્ષા સમિતિ***

*સ્વપ્નમાં મેં જોયું કે જીવન તો આનંદમય છે.*
*જાગીને જોયું તો જાણ્યું કે જીવન તો સેવા છે.*
*હું કાર્યરત થયો અને મળી ગયો તાળો.*
*સેવામાં જ તો છે આનંદ!*

***– રવીન્દ્રનાથ ટાગોર***

## શરદોત્સવ

***શ્રી ગૂર્જર પરિવારના સૌજન્યથી આયોજિત ગત શરદોત્સવ દાંડિયા હરીફાઈમાં વિજેતાઓ નીચે મુજબ છે.***

| વય ગ્રૂપ | યુવક / પુરુષ | યુવતી / સ્ત્રી |
|---|---|---|
| ૧૨ વર્ષ સુધી | કેત મૂલચંદ મારુ | ધ્રુવી નીતિન શાહ |
| ૧૩થી ૨૫ | સુમિત વોરા | ઈશા એન. શાહ |
| ૨૬થી ૫૦ | જિજ્ઞેશ શાહ | જશ્મીબહેન કે. મોમાયા |
| ૫૧થી ઉપર | વિજયભાઈ છાડવા | લક્ષ્મીબહેન મહેશભાઈ |

*શ્રેષ્ઠ જોડી-૧* : મનીષભાઈ વિજયભાઈ છાડવા અને શ્રીમતી ઈલાબહેન મનીષભાઈ છાડવા

*શ્રેષ્ઠ - વ્યક્તિગત* : મૌલી વોરા

*નિર્ણાયકો* : શ્રી સંદીપ ઝવેરી અને ધ્વનિ એમ. ઠક્કર.

***સૌને અભિનંદન સાથે ધન્યવાદ.***

***કન્વીનર - યુવા વિકાસ સમિતિ***

*ધર્મને આચરણ સાથે જોડશો તો જ એ સાર્થક થશે.*

# યુવા વિકાસ સમિતિ
## વિવિધ સ્પર્ધાઓનું આયોજન

## યુવા વિકાસ સમિતિ યોજે છે.....

### ૧. શ્રીમતી મંજુલાબહેન હરખચંદ સાવલા કાવ્ય હરીફાઈ ૨૦૧૧-૧૨

આ કાવ્ય હરીફાઈમાં ભાગ લેવા ઈચ્છુક શ્રી કચ્છી જૈન સેવા સમાજના સભ્ય પરિવારના સભ્યોએ પોતાની મૌલિક કૃતિ (કે જે અગાઉ ક્યાંય પ્રકાશિત થયેલ ન હોય) તા. ૩૧-૧-૨૦૧૨ સુધીમાં વ્યવસ્થિત રીતે લખીને બંધ કવરમાં, ઉપર "કાવ્ય હરીફાઈ" - યુવા વિકાસ સમિતિ લખીને, શ્રી કચ્છી જૈન ભવન ઉપર પહોંચાડવાની રહેશે.

### ૨. શ્રીમતી મંજુલાબહેન હરખચંદ સાવલા વાર્તા હરીફાઈ ૨૦૧૧-૧૨

આ વાર્તા હરીફાઈમાં ભાગ લેવા ઈચ્છુક શ્રી કચ્છી જૈન સેવા સમાજના સભ્ય પરિવારના સભ્યોએ પોતાની મૌલિક કૃતિ (કે જે અગાઉ ક્યાંય પ્રકાશિત થયેલ ન હોય) અને વધુમાં વધુ ૪૦૦ શબ્દોમાં પાનાની એક બાજુએ વ્યવસ્થિત રીતે લખીને તા. ૩૧-૧-૨૦૧૨ સુધી બંધ કવરમાં, ઉપર "વાર્તા હરીફાઈ" - યુવા વિકાસ સમિતિ લખીને, શ્રી કચ્છી જૈન ભવન ઉપર પહોંચાડવાની રહેશે.

**ઉપરોક્ત બંને હરીફાઈ માટેના નિયમો :**

૧. સ્પર્ધકે પોતાનું નામ, સરનામું, ફોન નંબર સ્પષ્ટ રીતે લખવા.
૨. બંને હરીફાઈની કૃતિઓ અલગ અલગ કવરમાં મોકલવી.
૩. કવર ઉપર કન્વીનરશ્રી, યુવા વિકાસ સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, પાલડી, અમદાવાદ લખવું.
૪. નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

### ૩. શ્રીમતી પ્રભાબહેન શાંતિલાલ સાવલા જનરલ નોલેજ હરીફાઈ (ક્વીઝ કોન્ટેસ્ટ)

રવિવાર, તા. ૨૯-૧-૨૦૧૨ના સવારે ૯.૩૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે સમાજના સભ્ય પરિવારના ૧૫થી ૫૫ વર્ષ સુધીના શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો માટે સામાન્ય જ્ઞાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

સ્પર્ધામાં ભાગ લેવા માટે જરૂરી માહિતી આપવાની અંતિમ તારીખ ૨૫-૧-૨૦૧૨ છે.

### ૪. "સુજાકો" સંગીત હરીફાઈ (નૃત્ય) - ૨૦૧૨

રવિવાર, તા. ૮-૧-૨૦૧૨ના બપોરે ૨.૩૦થી ૬.૦૦ કલાક દરમ્યાન શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે સુજાકો સંગીત હરીફાઈ (નૃત્ય)નું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારના ૧૫થી ૫૫ વર્ષના સભ્યો માટે છે.

આ સ્પર્ધામાં સોલો ડાન્સ અથવા ડ્યુએટ ડાન્સ રજૂ કરી શકાશે. ગ્રૂપ ડાન્સની એન્ટ્રી સ્વીકારાશે નહીં.

સ્પર્ધકોને પોતાની રજૂઆત કરવા ૪ (ચાર) મિનિટનો સમય આપવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેવા માટે જરૂરી માહિતી આપવાની અંતિમ તારીખ ૩૧-૧૨-૨૦૧૧ છે.

### ૫. શ્રી ગૂર્જર પરિવાર સંગીત હરીફાઈ (વાદ્ય) - ૨૦૧૨

રવિવાર, તા. ૮-૧-૨૦૧૨ના બપોરે ૨.૩૦થી ૬.૦૦ કલાકે ગૂર્જર પરિવાર સંગીત હરીફાઈ (વાદ્ય)નું આયોજન શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારના ૧૫થી ૫૫ વર્ષ સુધીના સભ્યો માટે છે.

સ્પર્ધકોને પોતાની રજૂઆત માટે ૩ (ત્રણ) મિનિટનો સમય આપવામાં આવશે.

સ્પર્ધામાં ભાગ લેવા માટે જરૂરી માહિતી આપવાની અંતિમ તા. ૩૧-૧૨-૨૦૧૧ છે.

### ૬. શ્રીમતી તરુબહેન નરેન્દ્રભાઈ છગનલાલ શાહ સંગીત હરીફાઈ (કંઠ્ય)

રવિવાર, તા. ૮-૧-૨૦૧૨ના બપોરે ૨.૩૦થી ૬.૦૦ કલાક દરમ્યાન શ્રીમતી તરુબહેન નરેન્દ્રભાઈ છગનલાલ શાહ સંગીત હરીફાઈ (કંઠ્ય)નું આયોજન શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારના ૧૫થી ૫૫ વર્ષ સુધીના સભ્યો માટે છે.

સ્પર્ધકોએ પોતાના ગીતનો પ્રકાર જણાવવાનો રહેશે. (દા.ત. ગુજરાતી, હિંદી, ફિલ્મી અથવા નોન ફિલ્મી વગેરે) સ્તવન માટેની એન્ટ્રી સ્વિકારાશે નહીં. સ્પર્ધકોને પોતાની રજૂઆત કરવા માટે ૪ (ચાર) મિનિટનો સમય આપવામાં આવશે.

સ્પર્ધામાં ભાગ લેવા માટે જરૂરી માહિતી આપવાની અંતિમ તા. ૩૧-૧૨-૨૦૧૧ છે.

● **ઉપરોક્ત દરેક સ્પર્ધાઓ માટે સર્વ સામાન્ય નિયમો :**

૧. કોઈપણ સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે પોતાના નામ, ફોન નંબર, ઉંમર વગેરે માહિતી શ્રી કચ્છી જૈન ભવન, પાલડી (ફોન : ૨૬૫૮૧૫૦૧, ૨૬૫૭૮૮૯૨) પર દરેક સ્પર્ધામાં જણાવેલ તારીખ સુધીમાં અચૂક આપવાની રહેશે.
૨. દરેક સ્પર્ધાનું સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.
૩. સ્પર્ધકોએ પ્રત્યેક સ્પર્ધા પ્રમાણે અલગથી નોંધ કરાવવાની રહેશે.
૪. પ્રત્યેક સ્પર્ધાઓના અન્ય નિયમો સ્પર્ધાના સમયે જણાવવામાં આવશે.
૫. સ્પર્ધાઓના નિર્ણાયકોના નિર્ણય આખરી ગણાશે.
૬. ઉપરોક્ત કોઈપણ સ્પર્ધાના સમય, તારીખ વગેરેમાં જરૂરી ફેરફાર યુવા વિકાસ સમિતિ કરી શકશે.
૭. સ્પર્ધામાં જરૂરત મુજબની ગીતની કેસેટ જાતે લાવવાની રહેશે. તેમાં માત્ર સ્પર્ધકનું એક જ ગીત હોવું જોઈએ. તે રીતે નૃત્ય માટેના જરૂરી પોષાક વગેરે સામગ્રીની વ્યવસ્થા સ્પર્ધકોએ જાતે કરવાની રહેશે. તે રીતે વાદ્ય હરીફાઈમાં વાદ્ય સાધનની વ્યવસ્થા જાતે કરવાની રહેશે.
૮. સ્પર્ધામાં રજૂઆત નિયત સમય મર્યાદામાં કરવાની રહેશે. વધારે સમય લેનાર સ્પર્ધકને માઈનસ માર્કસ આપવામાં આવશે.

*નવીન લાલકા, કન્વીનર - યુવા વિકાસ સમિતિ*

## વિશિષ્ટ ક્ષેત્રના પ્રદાન માટે સન્માન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વારા તેના ૪૮મા વાર્ષિક સ્નેહ મિલન સમારંભ, સામૂહિક ક્ષમાપના તથા સ્વામિવાત્સલ્ય જમણનાં કાર્યક્રમ દરમિયાન એક પ્રણાલી અનુસાર વર્ષ દરમિયાન વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર નીચે જણાવેલ સભ્ય પરિવારજનોની વ્યક્તિઓનું શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ દ્વારા ઉચિત જાહેર સન્માન કરીને અભિનંદન આપવામાં આવ્યા હતા.

★ ભરત નાટ્યમ અને આરંગેત્રલ નૃત્ય કલા સાધના માટે : રિધ્ધિ વિજય દેઢિયા

★ ભરત નાટ્યમ્ સાથે એમ.એ.ની ઉપાધિ પ્રાપ્ત કરનાર : કિન્નરી પરેશકુમાર સંઘવી

★ આઈ.આઈ.ટી. - મુંબઈમાં ટેકફેસ્ટ-૨૦૧૧માં દ્વિતીય ક્રમાંક મેળવનાર : સૌમિલ પંકજ ગોગરી

★ રોબોટિક કાર રેસના પ્રોજેક્ટનું આયોજન : મિલન યતીનકુમાર સંઘવી

ઉપરોક્ત ક્ષેત્રમાં અન્ય જેમને ઇનામો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા તેમના નામ નીચે મુજબ છે.

હેત્વી પીયૂષ પારેખ, આર્ષ કિરણ શાહ, ભાવના ભરત મહેતા, કેશવી કિરીટ નંદુ, પ્રતીક રાજેન્દ્ર મહેતા, નેહા, માનસી નિમેષ સંઘવી, મરીચા દક્ષેશ સંઘવી અને પૃથ્વી શાહ.

*— કન્વીનર*

## શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદના ૧૮ થી ૨૫ વર્ષના યુવાવર્ગ માટે તા. ૯-૧૦-૨૦૧૧ના રોજ શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં શ્રી નંદક પંડ્યાએ 'યુવાવર્ગના વિકાસ માટે — ઉત્કંઠા એક ચાવીરૂપ'ની વાર્તાઓ તેમજ તે વિષયે ઓડિયો - વીડિયો દ્વારા રજૂઆત કરીને યુવાનોને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. **આ કાર્યક્રમમાં યુવાવર્ગના ૩૦ સભ્યોએ હર્ષભેર ભાગ લઇને જણાવ્યું હતું કે, આ વર્કશોપના કારણે તેમને ઘણી ઉપયોગી જાણકારી મળેલ છે.**

વર્કશોપ દરમિયાન લાંબા સમય સુધી વાર્તાલાપનો દોર ચાલુ રહ્યો હતો. જે કાર્યક્રમની સફળતાના નિર્દેશરૂપ હતો.

*- કન્વીનર*

## એપ્ટીટ્યુડ (કુશાગ્રતા) ટેસ્ટ

અગાઉના વર્ષની જેમ સમાજના ધોરણ ૯-૧૦-૧૧-૧૨ માં ભણતા બાળકોના એપ્ટીટ્યુડ (કુશાગ્રતા કૌશલ્ય) ટેસ્ટ આ વર્ષે પણ શિક્ષણ અને ઇતર ડેવલપમેન્ટ સમિતિ દ્વારા રવિવાર દિનાંક ૧૮-૧૨-૨૦૧૧ના રોજ સવારે ૧૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન પર લેવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ધોરણ ૯ થી ૧૨ મા અભ્યાસ કરતા કોઈપણ બાળકોએ અગાઉ આ પ્રકારની ટેસ્ટ કરાવેલ ના હોય તો રૂા. ૧૦૦/- ડિપોઝિટ સાથે પોતાના નામ તાત્કાલિક નોંધાવવા વિનંતી છે. ડિપોઝિટની રકમ પાછળથી પરત કરવામાં આવશે.

**સામાન્ય રીતે આ ટેસ્ટનો ખર્ચ અંદાજે રૂા. ૧૫૦૦/- જેવો થતો હોય છે, જે સંપૂર્ણ ખર્ચ સમાજ ભોગવશે.** આ અગાઉ સમાજના લગભગ ૭૫ બાળકોએ આ યોજનાનો લાભ લીધેલ છે.

**બાળકોના ઘડતર અને વિકાસ માટે આ પ્રકારના ટેસ્ટની ખૂબ જ આવશ્યકતા છે. તેનાં પરિણામથી બાળકો અને તેમના વાલીઓને અમૂલ્ય અને ખૂબજ ઉપયોગી માર્ગદર્શન મળેલ છે, તેવી પ્રતિક્રિયા અગાઉની ટેસ્ટ બાદ પ્રાપ્ત થઇ છે.**

વધુ માહિતી માટે સંપર્ક : ૨૬૫૮૧૫૦૧

*કન્વીનર, શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ*

## વૈયાવચ્ચ ખાતામાં દાન

*વૈયાવચ્ચ ખાતામાં નીચે મુજબ દાનની રકમ પ્રાપ્ત થઈ છે.*

| | |
|---|---|
| રૂા. ૧૫,૦૦૦/- | શ્રી સ્વામિવાત્સલ્ય અને વાર્ષિક સ્નેહ મિલન કાર્યક્રમના સમયે સમિતિએ કન્વીનરશ્રીના નેજા હેઠળ એકઠી કરેલ રકમ. |
| રૂા. ૫,૦૦૦/- | શ્રીમતી મંજુલાબહેન દિનેશભાઈ શાહ (ભુજ - અમદાવાદ) |
| રૂા. ૧૫,૦૦૦/- | શ્રી નવરંગપુરા જૈન મૂર્તિ સંઘ, નવરંગપુરા, અમદાવાદ. |
| રૂા. ૧૧,૦૦૦/- | શ્રી મૂલચંદભાઈ એન્ડ સન્સ (વીરમગામ - અમદાવાદ) |

સર્વે દાતાશ્રીઓનો આભાર સાથે ધન્યવાદ.

*પદમશી સી. ડાઘા - કન્વીનર, વૈયાવચ્ચ સમિતિ*

## આત્મવિશ્વાસ

★ તમે જો માનતા હો કે તમે હારશો — તો તમે હારી જવાના.

★ તમે જો માનતા હો કે તમારામાં હિંમત નથી — તો તમે કાયર જ રહેવાના.

★ તમને જીતવું તો ગમે જ, પણ તમે એવું વિચારતા હો કે તમે જીતી નહિ શકો — તો ખાતરી રાખો કે તમે નહિ જ જીતો.

★ સફળતાનો પાયો છે આત્મવિશ્વાસ.

★ જિંદગીની દોડ જીતનાર હંમેશાં શક્તિશાળી જ હોય એવું જરૂરી નથી.


★ જેણે જીતવાનો સંકલ્પ કરી આરંભ કર્યો તે જ જીતે છે.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વયસ્કજનોનો દુબઈ પ્રવાસ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વયસ્ક સમિતિના કેટલાક સભ્યોએ તા. ૧૫-૧૦-૨૦૧૧ના સવારે ૫.૩૦ કલાકે દુબઈના પ્રવાસે જવા પ્રસ્થાન કર્યું હતું અને ત્યાંના સ્થાનિક સમય પ્રમાણે ૧૧.૦૦ કલાકે પહોંચ્યા હતા. ત્યાંકને ડોલ્ફિન હોટલમાં મુકામ કર્યો હતો અને ખાવાપીવાની વ્યવસ્થા હોટલ રંગોલીમાં હતી. દરરોજ મનભાવતી વાનગીઓ દરેકની ઈચ્છા મુજબ પીરસાતી હતી. કાર્યક્રમની શરૂઆત સીટી સેન્ટરની વિઝિટથી થઈ અને મસ્તીભરી સંધ્યા ક્રુઝમાં પસાર કરી. જમવાની સાથે સાથે ક્રુઝમાં ત્રણ કલાક સુધી ભ્રમણ કરવાનો આનંદ સૌએ માણ્યો. દુબઈના સુંદર રસ્તા, નિયમબદ્ધ રડાર દ્વારા ટ્રાફિક વ્યવસ્થા, કોઈ સ્થળે કામચોરી નહીં. ત્યાંના પ્રમુખ દ્વારા લેવાતા નિર્ણયો એ જ કાયદો છે. કાયદા પાલનમાં પણ બધા સરખા. કોઈ અપવાદ નહીં. બીજો દિવસ દુબઈ દર્શનનો હતો.

૧૯૭૧માં શેખ જહીદે બાકીના ૬ રાજ્યોના શેખને સાથે રાખીને એક એકમની સ્થાપના કરી છે. જેમાં અબુધાબી, દુબઈ અને શારજહાં વિકાસ પામેલા રાજ્ય વિસ્તાર છે.

તેલનો ભંડાર એવા દુબઈનો સૌથી વિશાળ મોલ લગભગ ૮૯ લાખ સ્ક્વેર મીટરનો છે. આ સૂકા પ્રદેશમાં જ્યાં અનાજ, પાણી જેવી જીવનની પ્રાથમિકતાની અછત હોવા છતાં આટલી બધી સમૃદ્ધિ કેવી રીતે મેળવી હશે તે એક પ્રશ્નાર્થ જેવું છે. ત્યાં બીચની સામે એક પાંચતારક, ૩૨૧ મીટરની ઊંચાઈ ધરાવતી હોટલ છે. જેમાં ૩૯૨ કમરા છે. તેની સામે વિશ્વનો સૌથી ઊંચો ૧૬૦ માળવાળો ટાવર નિહાળીને સૌ સ્તબ્ધ થઈ ગયા. તે હોટલના ૧૨૪મા માળે હોટલ ખલિફામાં અમે સૌ ગયા હતા. બપોરે ચા-પાણીનો કાર્યક્રમ માંડવીના શ્રી ગુલાબચંદભાઈ સાથે હતો. તેમની સાથે મુલાકાતમાં દુબઈની માહિતી પ્રાપ્ત કરી હતી. ત્યારબાદ અમિરાત મૉલમાં પહોંચ્યા.



*વિદેશ પ્રવાસની માહિતી આપતા*
*શ્રી રજનીભાઈ પારેખ તથા શ્રીમતી ફાલ્ગુનીબહેન શાહ*



*વિદેશ પ્રવાસની શુભેચ્છા પાઠવતા પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા*



*વિદેશ પ્રવાસની શુભેચ્છા પાઠવતા*
*ઉપપ્રમુખ શ્રી મનુભાઈ શાહ*

ત્રીજા દિવસે દુબઈથી અબુધાબી પહોંચ્યા. ત્યાં વિશ્વની બીજા ક્રમાંકની એટલે ૨૨,૦૦૦ સ્કવેર મીટરવાળી મસ્જિદની મુલાકાત લીધી. તે મસ્જિદમાં ૯૬ થાંભલા અને ૮૨ ડૉમ છે. જેના ગુંબજમાં સોનાથી કામગીરી થયેલી છે. આ મસ્જિદમાં સાત હજાર લોકો એક સાથે નમાજ પઢી શકે છે. સ્ત્રીવર્ગ માટે નમાજનો અલાયદો હોલ છે. ત્યાંથી અમદાવાદના 'વિશાલા' જેવા હેરિટેજ વિલેજની મુલાકાતે ગયા હતા. સાંજે દુબઈ પરત આવીને રાત્રિના મીના બજારમાં ખરીદી કરવા સૌ ગયા. ત્યાં સોનાની ચીજ વસ્તુઓની મોટા પ્રમાણમાં ખરીદી થાય છે. તેની બીજી તરફ ગોલ્ડ માર્કેટ આવેલી છે. પ્રવાસના આખરી દિવસે સૌ ત્યાંકને ખરીદી અર્થે ઊપડી ગયા હતા.

સાંજે ૫ કલાકે અમદાવાદ પરત આવવા દુબઈ એરપોર્ટ ગયા. દોહા થઈને સૌ મોજમસ્તીમાં ડૂબીને આનંદપૂર્વક અમદાવાદ પરત આવ્યા હતા.

નોંધનીય છે કે આરબ રાજ્યમાં ગુજરાતીઓ સન્માનીય રીતે રહે છે. દુબઈમાં વાણિયા સ્ટ્રીટ,

*સફળતાનો સ્વાદ માણવો હોય તો મહેનત કરવી પડે.*

વાણિયા ચોક નામવાળા વિસ્તારો પણ છે.

સમગ્ર પ્રવાસ શ્રી રજનીભાઈ પારેખ અને શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહના સહયોગથી ખૂબજ વ્યવસ્થિત અને આનંદમય રહ્યો હતો.

★ ★ ★



*ત્વરિત કાવ્ય દ્વારા શુભેચ્છા પાઠવતા શ્રી નવીન લાલકા*

ઉપરોક્ત પ્રવાસ બાદ વિદેશ પ્રવાસના પ્રવાસીઓને આવકારવાનો તેમજ પ્રવાસ દરમિયાનના ફોટા સાથે ત્યાંના અનુભવો અને સંભારણાની રજૂઆત કરવા તા. ૨૩-૧૦-૨૦૧૧ના શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે એક કાર્યક્રમનું આયોજન થયું હતું. દુબઈનો પ્રવાસ માણતા હોઈએ તેવી સમગ્ર રજૂઆત મોટાભાગના પ્રવાસીઓ દ્વારા થતાં અન્ય શ્રોતાજનોને માહિતીપૂર્ણ વર્ણનથી ખુશી થઈ.

પ્રવાસ દરમ્યાન સારી સગવડ સાચવનાર "રિયા ટ્રાવેલ્સ"નો આભાર માનવામાં આવ્યો હતો. તે રીતે પ્રવાસ માટે ખૂબજ મહેનત ઉઠાવનાર શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહ અને શ્રી રજનીભાઈ પારેખનું શાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સૌજન્ય પ્રવાસીઓ તરફથી પ્રાપ્ત થયું હતું.

★ ★ ★

વયસ્ક સમિતિના સભ્યો દુબઈના પ્રવાસે ગયા ત્યારે તેઓને શુભેચ્છા ફેરવેલ આપવાની સાથે સંગીત સંધ્યાનો એક કાર્યક્રમ શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે તા. ૧૩-૧૦-૨૦૧૧ના યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું સૌજન્ય પ્રદાન કરનાર શ્રી શાંતિભાઈ સાવલા, શ્રીમતી પ્રભાબહેન સાવલાનું શાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવ્યું હતું. તેમજ અન્ય એક શુભચિંતકનો ખાસ આભાર માનવામાં આવ્યો હતો. શ્રી નવીન લાલકાએ પોતાની કાવ્ય રચના દ્વારા પ્રવાસીઓને શુભેચ્છા પાઠવી હતી.

***કન્વીનર - વયસ્ક સમિતિ***

## ઇડર યાત્રા અને પિકનિક

તા. ૨૦-૧૧-૨૦૧૧ના વયસ્ક સમિતિ તરફથી ઈડર યાત્રા તેમજ પિકનિકનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.

સૌપ્રથમ વહેલી સવારે ૬.૩૦ કલાકે પાલડી ભવનથી રવાના થઈ સ્તવનોની ધૂનનું રટણ કરતા મહુડી પહોંચ્યા હતા. ત્યાં દર્શન અને નવકારશીનો લાભ લઈને પોળોનાં જંગલમાં પહોંચ્યા હતા.

જંગલ વિસ્તારમાં પ્રવેશ કરતાંની સાથે જ નૈસર્ગિક વાતાવરણ જેમાં ચારેકોર ઊંચા ઊંચા વૃક્ષોની વચ્ચેથી પ્રસરી રહેલાં સૂર્યના કિરણોથી સર્જાયેલ દૃશ્ય ખૂબજ રમણીય હતું.

જંગલના છેવાડે આવેલા હિરણવાવ પર પર્વતોની કોતરોની હારમાળા વચ્ચે ડેમને જોઈ સૌ પ્રફુલ્લિત થયા હતા.

આજ વનમાં આશરે ૧૪૦૦ વર્ષ જૂના ખંડિત થયેલા અને હવે હેરિટેજ તરીકે સચવાયેલા જૈન દેરાસરોને જોઈને જૈન ધર્મનો ફેલાવો અને તેની સંસ્કૃતિનો ખ્યાલ આવ્યો. ત્યારબાદ ઇડર તરફ પ્રયાણ થયું હતું.

ઈડરિયા ગઢ ઉપર જીપ દ્વારા સૌએ સાંપ્રતિ રાજાના સમયમાં બનેલ શાંતિનાથ ભગવાનના મંદિરમાં દર્શન કરીને ઈડરિયા ગઢની જાણકારી મેળવેલ હતી. ત્યારબાદ, રાણી સતીના તળાવમાં આવેલ જલ મંદિરમાં આવેલ પ્રભુ મહાવીરની પ્રભાવિત મૂર્તિનાં દર્શન કરી સૌ પાવન થયા.

સાંજે જૈન સ્તવનોની હાઉસી રમીને અમદાવાદ તરફ પ્રયાણ કર્યું. શ્રી કચ્છી જૈન ભવન પર આવીને સૌએ ડિનરને માન આપ્યું હતું.

***રજનીભાઈ પારેખ - કન્વીનર, વયસ્ક સમિતિ***

## મોડાં કેમ આવ્યાં?

એક શહેરમાં આર્થિક રીતે સુખી, સંસ્કારી અને જુવાન દંપતી રહેતું હતું. પતિનું નામ મનોજ અને પત્નીનું નામ સરલા હતું. તેમના ઘરમાં બીજું કોઇ માણસ ન હતું. પતિ-પત્ની શિક્ષિત અને સમજદાર હતાં. કેવું તેમનું પ્રસન્ન દાંપત્ય!

એક વાર તેમણે વર્તમાનપત્રમાં જાહેરાત આપી કે એક વયોવૃદ્ધ બહેન જોઇએ છે. એ જાહેરાત વાંચી એક દિવસ એક બહેન તેમને ઘેર આવ્યાં. પતિ-પત્નીએ અંતરના ઉમળકાથી તેમનું સ્વાગત કર્યું. એવામાં એ બહેને પ્રશ્ન કર્યોઃ "બોલો, આ ઘરમાં રહીને મારે શું શું કામો કરવાનાં છે?" મનોજે કહ્યું :'અમારા ઘરમાં રસોઇનું કામ મહારાજ કરે છે. વાસણ માંજવાનું અને કપડાં ધોવાનું કામ નોકરાણી કરે છે. એટલે બીજું તો ખાસ કંઇ કામ નથી.'

'તો પછી તમે જાહેરાત આપીને મને કેમ બોલાવી?' એ બહેને પૂછ્યું.

મનોજે કહ્યું : 'બહેન! અમારા ઘરમાં કોઇ વૃદ્ધજન નથી. રોજ સવારે અમે પતિ-પત્ની બહાર ફરવા જઇએ છીએ અને ગમે ત્યારે ઘેર પાછાં આવીએ છીએ. એવે સમયે અમને 'મોડાં કેમ આવ્યાં?' એવું હક્કથી પૂછનાર કોઇ નથી. એટલે એ કામ તમારે કરવાનું છે.'

'બેટા! એ કામ હું કરીશ.' એ બહેને હસતાં હસતાં કહ્યું. તેમના મુખે 'બેટા' શબ્દ સાંભળીને મનોજ અને સરલા ખુશ ખુશ થઇ ગયાં.

એ દંપતીની વૃદ્ધજન પ્રત્યેની ઉદાત્ત ભાવના કેવી પ્રેરક છે!

***સંકલન : કનૈયાલાલ ઠક્કર - ઇંદોર***

## મહિલા ઉત્કર્ષ સમિતિ

સમિતિના નેજા હેઠળ ખાદ્યપદાર્થોમાં ભેળસેળની જાણકારી આપતો કાર્યક્રમ ૫-૧૦-૨૦૧૧ના યોજાઇ ગયો.

વિષય સંબંધિત નિષ્ણાત શ્રી અતુલભાઇ સોનીએ ડેમોન્સ્ટ્રેશન સાથે ભેળસેળ અંગેની વિસ્તૃત માહિતી આપી હતી. **તેઓશ્રી અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં ખાદ્ય પદાર્થ ચકાસવાની લેબોરેટરી વિભાગમાં મુખ્ય અધિકારી અને કેન્દ્ર સરકારના સાર્વજનિક વિશ્લેષક છે.** ઉપરાંત શ્રી કચ્છી સમાજ - અમદાવાદ સંસ્થામાં માનદ્‌મંત્રી તરીકે સેવા આપી રહ્યા છે.

છેક ખેતરથી જમવાની થાળી સુધી અનાજમાં અનેક તબક્કે ભેળસેળ થવાની ભરપૂર શક્યતાઓ રહેલી છે. એક સામાન્ય વ્યક્તિ આ બધું કેવી રીતે જાણીને તેની ગુણવત્તા ઓળખી શકે વગેરે પ્રશ્નોનું નિરાકરણ કરીને તેની વિગતવાર રજૂઆત કરી હતી. ઉપસ્થિત બહેનોને ખોરાક ભેળસેળ નિવારણ અંગે માર્ગદર્શન પત્રિકા આપવામાં આવી હતી.

સમયસર આવનાર બહેનોએ એક મિનિટ રમતનો આનંદ માણ્યો હતો અને વિજેતા બહેનોને ઇનામો અપાયા હતા. કાર્યક્રમ દરમિયાન સંસ્થાના પ્રમુખ શ્રી અશોકભાઇ મહેતા અને ટ્રસ્ટી શ્રી હીરજીભાઇ શાહે હાજરી આપીને શ્રી અતુલભાઇ સોનીનું બહુમાન કર્યુ હતું. આભારવિધિ બાદ અલ્પાહારને ન્યાય આપવામાં આવ્યો હતો. તેમજ કાર્યક્રમની સફળતા બદલ સૌએ આનંદ વ્યક્ત કર્યો હતો.

★ ★ ★ ★ ★

*તારા દુ:ખને ખંખેરી નાખ,*
*તારા સુખને વિખેરી નાખ.*

### લીલાબહેનની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ

બુધવાર, તા. ૧૬-૧૧-૨૦૧૧ના શ્રીમતી લીલાબહેન નવીનચંદ્ર વેરશી હરિયાની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે ભક્તિ સંગીતનો એક કાર્યક્રમ મહિલા ઉત્કર્ષ સમિતિના ઉપક્રમે શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે યોજાઈ ગયો.

ભક્તિ સંગીત માટે શ્રી કિરીટભાઈ જોશી અને એમની ટીમને આમંત્રાયા હતા. ભક્તિ સંગીતનો આનંદ લેતા સૌ ભક્તિમય બની ગયા હતા.

આ કાર્યક્રમની શરૂઆત નવકાર મંત્રથી કરાઈ હતી. ત્યારબાદ બહેનોને ધાર્મિક ગેમ્સ રમાડીને ઈનામો પણ અપાયા હતા.

ઉપરોક્ત કાર્યક્રમના સૌજન્યદાતા શ્રી નવીનચંદ્ર હરિયા હતા.

સમિતિના આમંત્રણથી ટ્રસ્ટીગણ અને કારોબારી સભ્યો પણ ઉપરોક્ત કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

લીલાબહેનનાં સ્ત્રી વિકાસનાં કાર્યો અને વિચારોને વેગ આપતી મહિલા ઉત્કર્ષ સમિતિએ ટ્રસ્ટી ગણ, કારોબારી સભ્યો, લીલાબહેનના પરિવારજનો અને હાજર સૌ સભ્ય બહેનોનો આભાર માન્યો હતો.

*સુલુ જલદીપ શાહ - કન્વીનર*

## “સંકલ્પ”

### શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

**“સંકલ્પ”ની વર્ષ ૨૦૧૧-૧૨ની નવી કમિટીની રચના**

તા. ૨૫-૯-૨૦૧૧ના ‘સંકલ્પ’ની સામાન્ય સભા શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ઉપર મળેલ હતી. તેમાં સર્વસંમતિથી નીચે મુજબની નવી કારોબારીની રચના કરવામાં આવેલ હતી તથા આગામી વર્ષના નવા કાર્યક્રમો માટે ડોનેશન બાબતની વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ હતી. ત્યારબાદ નવનિયુક્ત કારોબારી સમિતિની મિટિંગ મળેલ હતી. જેમાં વર્ષ ૨૦૧૧-૧૨નાં હોદ્દેદારોની વરણી કરવામાં આવેલ હતી. શ્રીમતી શીલ્પિબહેન પ્રકાશભાઈ શાહ તથા ડૉ. કેતન ઈન્દ્રજિતભાઈ શાહે સલાહકાર સમિતિનાં સભ્યો તરીકે સ્વેચ્છાએ પોતાના નામ પાછા ખેંચેલ. બંને સભ્યોએ આપેલ સાથ-સહકારનો ‘સંકલ્પ’ ખૂબ ખૂબ આભાર માને છે.

સંપૂર્ણ કારોબારી તથા હોદ્દેદારોની વિગત નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| *પ્રમુખ* | : | પંકજ કાંતિભાઈ શાહ |
| *ઉપપ્રમુખ* | : | પીયૂષ હીરજીભાઈ સાવલા |
| *મંત્રી* | : | સંજય કીર્તિભાઈ સંઘવી |
| *સહમંત્રી* | : | આશિષ ચંદ્રકાંત લોડાયા |
| *ખજાનચી* | : | નીતિન ભોગીલાલ શાહ |
| *સહ ખજાનચી* | : | જિનય ભરતભાઈ શાહ |
| *કલ્ચરલ સમિતિ* | : | કૃપાલી ભરતભાઈ શાહ<br>જયદીપ દિનેશભાઈ મૈશેરી<br>કવિતા સતરા |
| *સ્પોર્ટ્સ સમિતિ* | : | પારસ કિશોરભાઈ શાહ<br>અમી નીતિનકુમાર શાહ<br>તેજસ લોડાયા<br>ભાવેશ દંડ |
| *કારોબારી સભ્યો* | : | ધારિણી ચંદ્રકાંત લોડાયા<br>દર્શન નરેન્દ્રભાઈ કોઠારી<br>ચૈતન્ય બચુભાઈ રાંભિયા<br>નિખિલ નવીનભાઈ શાહ |

## ગૃહ ઉદ્યોગ સમિતિ

સમિતિ તરફથી આગામી સીઝનમાં બારેમાસ ભરવા માટેના ઉત્તમ ગુણવત્તાવાળા ચોખા કિફાયતી ભાવે પૂરા પાડવામાં આવશે. રસ ધરાવનાર વ્યક્તિએ નમૂના જોઈને તે પ્રમાણે ડિપોઝિટની રકમ ભરી પોતાનો ઓર્ડર સમાજમાં શ્રી ભાવેશ ગડા પાસે નોંધાવવા વિનંતી છે. ચોખાની હોમ ડિલિવરી કરવામાં આવશે.

*કન્વીનર - ગૃહ ઉદ્યોગ સમિતિ*

*દુન્યવી કાર્યો કરવાની સાથે ભક્તિને જીવનમાં વણો.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## ઓક્ટોબર / નવેમ્બર - ૨૦૧૧

- **તા. ૧૫થી ૧૭-૧૦-૨૦૧૧**

☆ આ દરમ્યાન શ્રી પ્રતાપભાઈ દંડે કચ્છના નિરોણા, નખત્રાણા, ગઢશીશા, માંડવી વગેરે ગામોની મુલાકાત લઈને શ્રી કચ્છી વિશ્રામગૃહ - અમદાવાદમાં તૈયાર થતા મ્યુઝિયમ માટે લોગાન આર્ટ કચ્છી ભરતકામના નમૂના અને એન્ટિક વસ્તુઓનું કલેક્શન કરેલ હતું.

- **તા. ૨૮-૧૦થી ૩-૧૧-૨૦૧૧**

☆ આ દરમ્યાન ભુજ મ્યુઝિયમના ક્યુરેટર શ્રી સદાશિવન સાહેબની સાથે રહીને શ્રી પ્રતાપભાઈ દંડે શ્રી કચ્છી વિશ્રામગૃહ - અમદાવાદ ખાતે તૈયાર થતા મ્યુઝિયમની ગતિવિધિ વધારી હતી.

- **તા. ૧૧-૧૧-૧૧**

☆ ટ્રસ્ટ મંડળની મિટિંગ મળી હતી. તેમાં સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાનના કાર્યક્રમ અંગે ચર્ચા કરવામાં આવી હતી. તેમજ સમાજના નવા વસતિપત્રક માટે શ્રી સૂરજલાલ મહેતાના કન્વીનરપણા હેઠળ એક સમિતિની રચના કરવામાં આવી હતી. નવા સભ્યપદ માટે આવેલ દરખાસ્તને મંજૂરી આપવામાં આવી હતી. આવાસ યોજનામાં ખાલી પડેલ બે ફ્લેટની ફાળવણી અંગે નિર્ણય લેવામાં આવેલ હતો.

- **તા. ૧૪-૧૧-૧૧**

☆ સાધર્મિક સમિતિની મિટિંગમાં સર્વશ્રી આણંદજીભાઈ વીરા, પદમશી ડાઘા, કે.ડી. શાહ, રમણિકભાઈ ગોસર, હીરજી પાસુ શાહ અને રજનીભાઈ પારેખે હાજર રહીને સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન સાધર્મિક સહાય મેળવનાર કુટુંબના અતિ તેજસ્વી બાળકના ઉચ્ચ શિક્ષણ માટે યોગ્ય સહાય આપવા બાબતની ચર્ચા વિચારણા કરી હતી.

☆ વૈયાવચ્ચ સમિતિની મિટિંગ મળી હતી. તેમાં સર્વશ્રી પદમશીભાઈ ડાઘા, રમણિકભાઈ ગોસર, હીરજીભાઈ શાહ, કે.ડી. શાહ અને રજનીભાઈ પારેખ હાજર હતા. સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે તે સમયે અમદાવાદમાં ચાતુર્માસ કરી રહેલા ગુરુ ભગવંતોના બોડી ચેક-અપનો એક કેમ્પ માસ જુલાઈ-ઓગસ્ટ, ૨૦૧૨ દરમ્યાન યોજવા સમાજની મેડિકલ સમિતિને દરખાસ્ત મોકલવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

- **તા. ૧૫-૧૧-૧૧**

☆ સામાજિક સુરક્ષા સમિતિના સભ્ય શ્રી મગનભાઈ સંઘવી અને શ્રી રજનીભાઈ પારેખે ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરન્સના એજન્ટ શ્રી નૃપેન શાહ સાથે મિટિંગ કરીને સમાજના સભ્યો માટે અકસ્માત વીમો વધતાં ડિસએબિલિટી વીમા બાબત ચર્ચા વિચારણા કર્યા બાદ તેમને યોગ્ય રકમનો ચેક આપવામાં આવ્યો હતો.

- **તા. ૧૭-૧૧-૧૧**

☆ સમાજ સુરક્ષાની મિટિંગ મળી હતી. તેમાં શ્રી મગનભાઈ સંઘવી, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી રમણિકભાઈ ગોસર હાજર રહ્યા હતા. મેડીક્લેઈમ માટે આવેલી ફાઈલોને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું.

☆ તબીબી સેવા સમિતિની એક મિટિંગ મળી હતી. જેમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સુવર્ણ જયંતીના વર્ષ દરમ્યાન દર્દીઓને તેમજ સમાજના સભ્યોને સેન્ટરમાં જુદા જુદા પ્રકારની રાહત આપવી, મહિલાઓને વિના મૂલ્યે કેન્સર માટેનો પેપ્સ સ્મીઅર ટેસ્ટ અને કૉપર ટી મૂકવાનું નક્કી થયું હતું. સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન શક્ય વિવિધ પ્રકારના તબીબી કેમ્પનું આયોજન કરવાનું તેમજ બપોરના સમયમાં રાહતના દરે અમુક વિભાગની વધારાની ઓ.પી.ડી. ચાલુ કરવા સંબંધિત નિર્ણય થયા હતા. તે ઉપરાંત અમુક ઓ.પી.ડી.ની કામગીરી કોમ્પ્યુટરાઈઝ્ડ કરવી વગેરે બાબતોની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. કન્વીનર શ્રી કાંતિલાલભાઈ સાવલા, ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા, ડૉ. હિતેન્દ્રભાઈ શાહ, શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી કે.આર. શાહ, શ્રી દિનેશ મહેતા, શ્રી નરેન્દ્રભાઈ ખોના, ડૉ. દક્ષાબહેન તથા શ્રી પીન્ટુભાઈ મિટિંગમાં ઉપસ્થિત હતા. ■

### સ્વરાજ ક્યારે સુખમાં પરિણમે?

"જ્યારે આપણને સ્વતંત્રતા આપવામાં આવશે કે તરત ચૂંટણીઓ અને તેના ભ્રષ્ટાચારો, અન્યાય અને ધનની શક્તિ અને સીતમખોરી, અને વહીવટની બિનકાર્યક્ષમતા જીવનને નરક બનાવી દેશે. લોકો જૂના શાસનને પસ્તાવા સાથે યાદ કરશે કારણકે તેમાં આજની સરખામણીમાં ન્યાય હતો અને શાસન કાર્યક્ષમ, શાંત, ઠીક ઠીક અંશે પ્રામાણિક હતું.

સ્વતંત્રતાનો લાભ એટલો જ થશે કે એક પ્રજા તરીકે આપણે અપમાન અને ગુલામીમાંથી મુક્ત થઈશું.

આશા માત્ર સર્વવ્યાપી શિક્ષણમાં જ રહેલી છે, જેના વડે નાગરિકોમાં બાળપણથી જ સારી વર્તણૂક, ઈશ્વરનો ભય અને પ્રેમ વિકસાવી શકાશે.

આપણે આમાં સફળ થઈશું તો જ સ્વરાજ સુખમાં પરિણમશે. નહીં તો તે દળી નાખે તેવા અન્યાયો અને ધનની સીતમખોરીમાં જ પરિણમશે. જો દરેક જણ ન્યાયી અને ઈશ્વરથી ડરનારૂં હોય અને બીજાને ચાહવાનું સુખ સમજતું હોય તો દુનિયા કેવી સુંદર હોત! છતાં આ આદર્શ અંતે ચરિતાર્થ થવાની વ્યવહારુ આશા બીજા કોઈ દેશ કરતાં ભારતમાં વધુ છે.

*– ચક્રવર્તી રાજગોપાલાચારી*
*(જેલ ડાયરીમાંથી, તા. ૨૪-૧-૧૯૨૨)*

*લગભગ તમામ ચીજવસ્તુ ઘટેલી કિંમતે ખરીદી શકાય છે પણ સંતોષ ઘટેલી કિંમતે મળતો નથી.*